# દૃષ્ટિનાં નિધાન



: પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ

Mob. : 09722833143

ॐ

॥ પરમાત્મને નમઃ ॥

# દૃષ્ટિનાં નિધાન

(૧) પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં હૃદયોદ્‌ગાર

(૨) પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત

(૩) આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃત

: સંકલનકાર :

શ્રી નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ

શ્રી ઉમેદરાય બેચરદાસ મોદી, સોનગઢ

: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર**

**સોનગઢ**

Mob. : 09722833143

# ઉપોદ્‌ઘાત

દૃષ્ટિનાં નિધાન—પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગારોના આ સંકલનમાં આત્માના સર્વસ્વભૂત ત્રિકાળી-સ્વભાવનું રહસ્ય તેઓશ્રીએ સરળ ભાષામાં ખુલ્લું કર્યું છે. એક એક ઉદ્‌ગારમાં ગાગરમાં સાગરવત્ સમસ્ત જિનાગમનો સાર ભરી દીધો છે. યથાર્થ રીતે સમજવામાં આવે તો અનંત સંસારને પરિત કરવા માટે પૂજ્ય ગુરુદેવશ્રીનો એક ઉદ્‌ગાર જ પર્યાપ્ત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવતાં હતાં કે સંતોની વાણી મરેલાને પણ જીવંત કરી દ્યે એવી જોરદાર હોય છે. તેઓશ્રીના પ્રત્યેક ઉદ્‌ગારમાં આ સત્યનું દર્શન થાય છે. અનાદિથી મોહવડે મૃતકવત્ થઈ ગયેલા જીવને તેઓશ્રીના હૃદયોદ્‌ગારનું અમૃતપાન સજીવન કરે છે અને આત્માના અદ્‌ભુત નિધાન તરફ વાળીને અમર બનાવે છે.

અધ્યાત્મમાં પુનરુક્તિને ગુણ માનવામાં આવ્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના અનેક ઉદ્‌ગારોમાં સમાનતા લાગવા છતાં, પ્રત્યેક ઉદ્‌ગારમાં ફેરવી-ફેરવીને આત્માના ત્રિકાળી-સ્વભાવને જ તેઓશ્રીએ ઘૂંટાવ્યો છે. કોઈપણ રીતે નિજ સ્વરૂપને ભૂલેલા જીવને પોતાનું અસલી સ્વરૂપ કેમ ગમ્ય થાય એ લક્ષપૂર્વક વારંવાર એની એ જ વાત થોડી ભાષાંતરથી સમજાવી છે. માટે અહીં પુનરુક્તિ દોષ સમજવાયોગ્ય નથી.

'આત્મા સ્વભાવથી ત્રિકાળ મુક્ત છે, જન્મ-મરણથી રહિત છે અને રાગ-દ્વેષથી પણ રહિત છે તથા જ્ઞાન આદિ અનંત-અનંત શક્તિથી સહિત છે.' આવા શુદ્ધ સ્વરૂપને પ્રત્યેક ઉદ્‌ગારમાં બતાવવા છતાં સાથે-સાથે પર્યાયમાં અનાદિથી જીવની કેવી ભયંકર સ્થિતિ તથા મોહવડે કેવી-કેવી રીતે જીવ ઠગાઈ રહ્યો છે અને કેવા-કેવા ભીષણ દુઃખો જીવ અનાદિથી ભોગવી રહ્યો છે એ વાત પણ અનેક ઉદ્‌ગારોમાં સ્પષ્ટ બતાવી છે જેથી જીવ દૃષ્ટિના વિષયના બહાને પણ શુષ્ક થવા જાય તો તેઓશ્રીની વાણીના વજ્ર પ્રહારો તેને શુષ્કતામાં જતાં રોકે છે.

જે જીવ પોતાના આત્માને પ્રાપ્ત કરવા માગે છે તેને દૃષ્ટિના વિષયનું જ્ઞાન કરાવવાની સાથે-સાથે, તેને સંસારથી અંતરમાં કેટલો વૈરાગ્ય હોય, કષાયોમાં કેવી ઉપશમતા થઈ હોય તથા વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુની કેવી ભક્તિ હોય તેનું જ્ઞાન પણ અનેક ઉદ્‌ગારોમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ કરાવ્યું છે. આથી, મુમુક્ષુ જીવે તત્ત્વના અંતર પરિણમન માટે પાત્રતારૂપ વૈરાગ્ય, ઉપશમ, ભક્તિ આદિ ભાવોની ઉપેક્ષા નહીં કરતાં, તેનું પણ પોતાના જીવનમાં અનુસંધાન કરવાનું છે, તે વાત નિરંતર સ્મરણમાં રાખવાની છે.

આ સંકલનના બીજા વિભાગમાં પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચામૃતનું સંકલન કરવામાં આવ્યું છે. તેઓશ્રીએ પણ આત્માના ત્રિકાળી દ્રવ્યસ્વભાવને ઊંડાણથી સમજાવવાની સાથે-સાથે મોક્ષાર્થી જીવોને આત્મસ્વરૂપને બતાવનારા દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે કેવી ઉત્કૃષ્ટ ભક્તિ-અર્પણતા હોય છે તે પ્રત્યેક વચનામૃતમાં બતાવીને સાધક-જીવનમાં નિશ્ચય-

વ્યવહારનો કેવો સુમેળ હોય છે તે વિસ્તારથી બતાવ્યું છે. પ્રત્યેક વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે તેઓશ્રીને જે ભક્તિ-અર્પણતાના ભાવો ઊછળ્યા છે તેનો વિચાર જ મોક્ષાર્થીને ભક્તિમાર્ગનું રહસ્ય સમજાવે છે અને નિશ્ચયના એકાંતમાં દોડ્યા જતાં જીવને પાછો વાળીને અનેકાંતમાર્ગનું સ્વરૂપ સમજાવે છે.

મોક્ષમાર્થીને અંતરમાં પોતાનો આત્મા જ સર્વસ્વ હોવા છતાં બહારમાં વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુ સર્વસ્વ ભાસે છે. મોક્ષર્થીને આ જગતમાં વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુથી ઉત્તમ અન્ય કોઈ પદાર્થ ભાસતો નથી. આત્મસાધક જ્યાં સુધી પૂર્ણતા ન પામે ત્યાં સુધી દેવ-શાસ્ત્ર-ગુરુને પોતાની સાથે ને સાથે જ રાખે છે. જેમ જિનમંદિરમાં જિનદેવની સ્થાપના કરવામાં આવે છે, તેમ સાધકના હૃદયમાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ નિરંતર બિરાજમાન છે અને તેથી જ સાધક જીવ સંસારમાં ક્યાંય પણ નહિ ફસાતા, નિર્વિઘ્નપણે નિર્વાણ સુધી પહોંચી જાય છે. એ બધો દેવ-શાસ્ત્ર-ગુરુનો જ પ્રતાપ છે. સાધકની અધ્યાત્મ સાધનાની સાથે ભક્તિની ગંગાનો પ્રવાહ જે નિરંતર વહી રહ્યો છે તેનો સ્પષ્ટ ચિતાર પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતમાં જોવામાં આવે છે.

મુમુક્ષુ જીવને આત્માની કેવી તીવ્ર લગની લાગી હોય, શુભાશુભભાવો આવવા છતાં તેની કેટલી ઊંડી ખટક હોય, અનાદિના અજાણ્યા પંથને લઈને માર્ગ પામવા પહેલાં મુમુક્ષુને કેટલીક મુંઝવણ થવા છતાં તેમાંથી કેવી રીતે માર્ગ કાઢી લઈને આગળ વધવું, મુમુક્ષુ-જીવનમાં દેવ-શાસ્ત્ર-ગુરુની કેવી ભક્તિ-અર્પણતા હોય વગેરેનું વર્ણન કરીને પૂજ્ય બહેનશ્રીએ મુમુક્ષુ જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે.

આ સંકલનના ત્રીજા વિભાગમાં સમીપ સમયજ્ઞવર્તી આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃત આપવામાં આવ્યા છે. ગૃહસ્થાશ્રમમાં રહીને આત્માર્થ કેવી રીતે સાધવો તે વિષયમાં તેઓશ્રીએ આત્માર્થપોષક અગત્યનું માર્ગદર્શન આપ્યું છે તથા સત્સમાગમનો અસાધારણ મહિમા અનેક વચનામૃતમાં ગાયો છે, તે અત્યંત યોગ્ય છે. અનાદિના અજાણ્યા આત્મપંથે જવામાં સત્પુરુષનો સાક્ષાત્ યોગ જ એક આધાર છે. અનેક વચનામૃતમાં તેઓશ્રીએ પાત્રતા-વર્ધક બોધ આપ્યો છે, જે મુમુક્ષુ-જીવનના એક પાયા સમાન છે. તેની ઉપર પણ તેઓશ્રીએ વજન આપ્યું છે. એકંદરે તેઓશ્રીનાં વચનામૃતનું ઊંડું મંથન આત્માર્થની સિદ્ધિ આપે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ તો વર્તમાનકાળમાં અધ્યાત્મનો યુગ સર્જીને મોક્ષાર્થી જીવો ઉપર અનંત-અનંત ઉપકાર કર્યો છે. પૂજ્ય બહેનશ્રીનાં ભક્તિમય આધ્યાત્મિક જીવનથી ઉપકૃત થઈને મુમુક્ષુ સમાજ તેઓશ્રીનો અત્યંત ઋણી છે. શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃતથી પણ મુમુક્ષુ સમાજ અત્યંત પ્રભાવિત છે. ત્રણેય મહાપુરુષોને અત્યંત ભક્તિભાવે કોટિ-કોટિ વંદન કરીએ છીએ.

આ સંકલનમાં અમારાથી જાણતાં-અજાણતાં કંઈ પણ ભૂલ થઈ ગઈ હોય તો તે બદલ ત્રણે મહાપુરુષો પાસે અંતઃકરણથી ક્ષમા માગીએ છીએ. મુમુક્ષુ પાઠકોને અમારી ભૂલ સુધારીને વાંચવા અમારી નમ્ર વિનંતી છે.

**—સંકલનકાર**

❀

# પ્રકાશકીય નિવેદન

અનંત-અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૮મી જન્મજયંતી પ્રસંગે, સ્વ. શ્રી મનસુખભાઈ દેસાઈના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી 'દૃષ્ટિના નિધાન' પુસ્તક પ્રકાશિત થયું હતું, તે વાંચીને અમને ખૂબ પ્રમોદ થયો. મુમુક્ષુ સમાજમાં આ પુસ્તક ખૂબ જ પ્રિય થઈ પડ્યું છે. આ પુસ્તકની ઘણી બધી આવૃત્તિઓ રાજકોટ, અમદાવાદ, દિલ્હી આદિ વિવિધ મંડળો તરફથી પ્રકાશિત થઈ ચૂકી છે.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનાં તથા આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીનાં અમૂલ્ય રત્નોને 'દૃષ્ટિનાં નિધાન' પુસ્તકરૂપે સુંદર સંકલન કરી આપનાર સ્વ. શ્રી નાગરભાઈ મોદી તથા શ્રી ઉમેદભાઈ મોદીનો તથા આ પુસ્તકને સમયસર પ્રકાશિત કરવામાં ઘણો સહકાર આપનાર જિતુભાઈ મોદી (હાલમાં નિવૃત્ત સંપાદક ગુજરાતી આત્મધર્મ) અને દીપકભાઈ દેસાઈનો પણ આભાર માનીએ છીએ.

ભગવાન મહાવીરના નિર્વાણમહોત્સવ પ્રસંગે આ પુસ્તકની પી.ડી.એફ. (ડિઝીટલ આવૃત્તિ) પ્રકાશિત કરતાં **શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર** અતિ હર્ષ અનુભવે છે. આ પુસ્તક વીતરાગવાણી પરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી સ્વાધ્યાય કરી શકો છો.

આ પુસ્તકના પઠનથી જ્ઞાની પુરુષોએ કહેલા વચનોને હૃદયંગમ કરી મુમુક્ષુઓ આત્મહિતની સાધના કરી શીઘ્ર અવિનાશી સુખ પ્રાપ્ત કરે એ ભાવના સાથે...

**—શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ**

---

## અનુક્રમણિકા

(૧) પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર પૃષ્ઠ ૧ થી ૫૯

(૨) પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત પૃષ્ઠ ૬૧ થી ૮૭

(૩) આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃત પૃષ્ઠ ૮૯ થી ૧૧૨

# અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
## (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ ક્હાન ! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે.

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે—તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો !

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય–'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'–ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે– 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮મા મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળ્યા – 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના

અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઇન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે—'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહા વીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઇન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧મા ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫મા વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬મા વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ

'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭મા દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ—ઐસા હમે લગતા હૈ'—અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩) થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય

ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે....! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩મા બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩મા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે "....ભગવાન કુંદકુંદની વાણી સમજીને મહારાજશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે....."

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતા તેમણે લખેલ કે કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા

માનતે હૈં. એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના આવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮મા નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦મા સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)મા–એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)મા–એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે "સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુઝે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા." ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં. બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '.....આપકી વાણીમેં તીર્થંકરોંકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત

થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામાં આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં—વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપરીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં CD યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહના પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ—રાજધાની દિલ્હીમાં—વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા/છે. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગ્રતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડૉ. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ટોડરમલ સ્મારક ભવનનું ઈ.સ. ૧૯૬૭મા નિર્માણ થયું જેનું ઉદ્ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. નવા પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવીરસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર

૧૯૬૩મા ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે—પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો ! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ ઓહોહો....! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી ! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમો આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગરનિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય—ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા જ દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં—સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતા ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યાં સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં—એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસ્રષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧મા વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ.....શરમ..... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ.....ભૂલી જાઓ.... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન—સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતાં કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ

જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો !!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યૂઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી—નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારેય બે ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાના માટે બનેલો આહાર—ઉદ્દિષ્ટ ભોજન—પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ—વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫મા રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય—ચાહે તે પોતાનો શિષ્ય ભલે હોય તોપણ—તેની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટિની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત

સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વપ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું હતું. "સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે"—એ "ક્રમબદ્ધપર્યાય"ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ "ક્રમબદ્ધપર્યાય" શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.


"તું પરમાત્મા છો—એમ નક્કી કર ! તું પરમાત્મા છો—એમ નક્કી કર !"—એવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનાર સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો !

હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,<br>
આ દાસના જીવનશિલ્પી તને નમું હું.

—સંકલનકાર


પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય
સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ॐ

परमात्मने नमः ।

# દૃષ્ટિનાં નિધાન

● વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતાં હતાં કે 'તું પરમાત્મા છો એમ નક્કી કર! તું પરમાત્મા છો એમ નક્કી કર!' ભગવાન! તમે પરમાત્મા છો એટલું તો અમને નક્કી કરવા દ્યો! —કે એ નક્કી ક્યારે થશે? —કે જ્યારે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે આ પરમાત્મા છે એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચયનું નક્કી થયા વિના વ્યવહાર નક્કી થશે નહિ. ૧.

● અહો! બધા જીવો વીતરાગમૂર્તિ છે. જેવા છો તેવા થાવ. બીજાને મારવા એ તો ક્યાંય રહી ગયું, બીજાનો તિરસ્કાર કરવો એ પણ ક્યાંય રહી ગયું, પણ બધા જીવો સુખી થાવ; અમારી નિંદા કરીને પણ સુખી થાવ, અમે જેવા છીએ તેવા જાણીને પણ સુખી થાવ, ગમે તેમ પણ સુખી થાવ! પ્રભુનો પ્રેમ તો લાવ, ભાઈ! તારે પ્રભુ થવું છેને! ૨.

● માર ધડાક પહેલેથી! તું પામર છો કે પ્રભુ છો? તારે શું સ્વીકારવું છે? પામરપણું સ્વીકારે પામરપણું કદી નહિ જાય! પ્રભુપણે સ્વીકાર્યેથી પામરપણું ઊભું નહિ રહે! ભગવાન આત્મા હું પોતે, 'દ્રવ્યે પરમેશ્વર સ્વરૂપ જ છું' એમ જ્યાં પરમેશ્વરસ્વરૂપનો વિશ્વાસ આવ્યો તો તું વીતરાગ થયા વિના રહીશ જ નહિ. ૩

● અહો! હું જ તીર્થંકર છું, હું જ જિનવર છું, મારામાં જ જિનવર થવાના બીજડાં પડ્યા છે. પરમાત્માનો એટલો ઉલ્લાસ... કે જાણે પરમાત્માને મળવા જતો હોય! પરમાત્મા બોલાવતા હોય કે આવો... આવો... ચૈતન્યધામમાં આવો! આહાહાહા! ચૈતન્યનો એટલો આહ્‌લાદ અને પ્રહ્‌લાદ હોય! ચૈતન્યમાં એકલો આહ્‌લાદ જ ભર્યો છે. એનો મહિમા, માહાત્મ્ય, ઉલ્લાસ, ઉમંગ અસંખ્ય પ્રદેશે આવવો જોઈએ. ૪.

● અરે ભાઈ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે! આવું પરમાત્મપણું સાંભળતા એને અંદરથી ઉલ્લાસ

ઉછળવો જોઈએ, એની લગની લાગવી જોઈએ, એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ છે તે પ્રગટ થયા વિના કેમ રહે? જરૂર પ્રગટ થાય જ! ૫.

● હે ભવ્ય! તું શરીરને ન જો! રાગને ન જો! એક સમયની પર્યાયને ન જો! તારી પાસે તારો પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે તેને જો! અરે ભગવાન! તું પૂર્ણાનંદસ્વરૂપ સમીપમાં જ પડ્યો છે, તે દૂર કેમ રહી શકે? —એમ દિગંબર સંતોની વાણી મારફાડ કરતી–ઝબકારા કરતી આવે છે કે તારી સમીપ પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે તેને તું આજે જ દેખ! આજે જ સ્વીકાર કર ને હા પાડ! હા પાડતાં હાલત થઈ જાય તેવો તું પૂર્ણાનંદનો નાથ છો. ૬.

● ભાઈ! તું વિશ્વાસ લાવ! –કે મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય એવી અદ્‌ભુત વસ્તુ હું છું. હું વર્તમાનમાં પરમાત્મા જ છું, મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી.—એમ વિશ્વાસ આવતાં ફેર છૂટી જશે ને પર્યાયમાં પરમાત્મા પ્રગટ થઈ જશે. ૭.

● શાસ્ત્રોનાં શબ્દો વિના હૈયા ઉકેલ થઈ જવો જોઈએ. ઉપાડ મૂળમાંથી આવવો જોઈએ. બીજું ઓછું સમજાતું હોય તેનું કાંઈ નહીં. અન્ય સર્વ વિકલ્પો છૂટી જાય અને અદ્ધરથી આત્મા સંબંધી જ વિચારો ચાલ્યા કરે અને વળગ્યા જ રહે. આખી સત્તાનું જ્ઞાનમાં ઘોલન ચાલે છે. પ્રયોગ તો એણે જ કરવો પડે છે. વિશ્વાસ આવવો જોઈએ. બીજી-બીજી ચિંતાઓ હોય તો આ ક્યાંથી ચાલે? આનો અભ્યાસ વારંવાર જોઈએ. ૮.

● અરે પ્રભુ! તું સ્વભાવે પરમેશ્વર છો. તારી વિરુદ્ધની વાતો કરતાં શરમ આવે છે! અનાદર નથી આવતો! ક્યાં તારી શુદ્ધતા અને ક્યાં આ વિકારી ભાવ–મિથ્યાત્વ–સંસાર! અરે! ક્યાં લીંબડાનાં અવતાર! નિગોદમાં અવતાર! અરે! તું ભગવાન સ્વરૂપ! ભગવાન તું ક્યાં ગયો? તારો વિરોધ નથી, પ્રભુ! તારાથી વિરુદ્ધભાવનો વિરોધ છે. જેની મા ખાનદાનની દીકરી, જેની આંખ ઊંચી ન થાય, એનો દીકરો વેશ્યામાં જાય! એમ, આ પરિણતિ પ્રભુની જે પોતાના સ્વરૂપને છોડી વિકારમાં જાય, પ્રભુ! શરમ આવે છે! ૯.

● ખરેખર તો આવો અવસર મળ્યો છે એમાં પોતે પોતાનું કરી લેવા જેવું છે. દુનિયાની આલોચના કરવા જશે તો પોતાનું ખોશે! પોતે પોતાની ભૂલ ટાળવાની છે. વસ્તુસ્વરૂપ સમજીને ભૂલ ટાળે તો ભગવાન થઈ જાય. ૧૦.

● આહાહા! આખી દુનિયા ભૂલાઈ જાય એવું તારું પરમાત્મતત્ત્વ છે. અરેરે! ત્રણ લોકનો નાથ થઈને રાગમાં રોળાઈ ગયો! રાગમાં તો દુઃખની જ્વાળા સળગે છે, ત્યાંથી દૃષ્ટિ છોડી દે અને જ્યાં સુખનો સાગર ભર્યો છે ત્યાં તારી દૃષ્ટિ જોડી દે! રાગને તું ભૂલી જા! તારા

પરમાત્મતત્ત્વને પર્યાય સ્વીકારે છે, પણ એ પર્યાયરૂપ હું છું એ પણ ભૂલી જા! અવિનાશી ભગવાન પાસે ક્ષણિક પર્યાયના મૂલ્ય શા! પર્યાયને ભૂલવાની વાત છે ત્યાં રાગ ને દેહની વાત ક્યાં રહી? આહાહા! એકવાર તો મડદાં ઊભા થઈ જાય એવી વાત છે એટલે કે સાંભળતાં જ ઊછળીને અંતરમાં જાય એવી વાત છે. ૧૧.

● આહાહા! ત્રણલોકના નાથ જાણે સામે ઊભા હોય ને કહેતાં હોય કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ જ કરે નહિ એમ, ફાટ... ફાટ... પ્યાલાની જેમ બે દ્રવ્યોની ભિન્નતા બતાવે છે. અહો! આવી વીતરાગની વાતો સાંભળનારા લોકો ભાગ્યશાળી છે. સાક્ષાત્ ભગવાન કહેતાં હોય તેમ સંતો શાસ્ત્ર દ્વારા કહે છે. ૧૨.

● જેમ કૂતરાને કાનમાં કીડા પડે ને તેનું લક્ષ વારંવાર ત્યાં જ ગયા કરે, તેમ જેને આત્મા પ્રાપ્ત કરવો છે, તેનું લક્ષ વારંવાર આત્માની સન્મુખ ગયા કરે, આત્માની ધૂનમાં ચાલ્યા કરે. બીજી ધૂન તો અનંતકાળથી ચડી ગઈ છે તો એકવાર આત્માની ધૂન તો જગાડ! અને છ માસ તો પ્રયત્ન કર! વારંવાર અંતર્મુખનો પ્રયત્ન કર તો જરૂર તને આત્માની પ્રાપ્તિ થશે. ૧૩.

● એકવાર પરને માટે તો મરી જવું જોઈએ. પરમાં મારો કાંઈ અધિકાર જ નથી. અરે ભાઈ! તું રાગને ને રજકણને કરી શકતો નથી એવો જ્ઞાતાદૃષ્ટા પદાર્થ છો. એવા જ્ઞાતાદૃષ્ટા સ્વભાવની દૃષ્ટિ કર. ચારે બાજુથી ઉપયોગને સંકેલીને એક આત્મામાં જ જા. ૧૪.

● ભગવાન જિનેન્દ્ર સર્વજ્ઞની દિવ્યધ્વનિ આવી તેમાં સિંહનાદ આવ્યો! શું આવ્યો? કે હે જીવ! તું સચ્ચિદાનંદ પરમાત્મસ્વરૂપ છો. પ્રભુ! તું પોતે પરમાત્મસ્વરૂપ મારી જાતનો જ છો. બકરાનાં ટોળામાં સિંહ ભળી ગયો હોય તેમ શુભાશુભભાવમાં ભગવાન ભળી ગયો છે, તેને ભગવાન સર્વજ્ઞનો સિંહનાદ આવ્યો કે તું મારી જાતનો ભગવાનસ્વરૂપ છો તેમ જાણ! ૧૫.

● ભાઈ! તારા માહાત્મ્યની શી વાત! જેનું સ્મરણ થતાં જ આનંદ આવે એના અનુભવના આનંદની શી વાત! અહો! મારી તાકાત તે કેટલી? જેમાં નજરું નાખતાં નિધાન ખુલી જાય એ તે વસ્તુ કેવી! રાગને રાખવાનો તો મારો સ્વભાવ નહિ, પણ અલ્પજ્ઞતાને પણ હું રાખી શકું નહિ—એમ એને પ્રતીતિ આવતાં 'હું સર્વજ્ઞ થઈશ અને અલ્પજ્ઞ નહિ રહી શકું' એમ એને ભરોસો આવી જાય છે. ૧૬.

● ભાઈ! તું પંચમકાળે ભરતક્ષેત્રે ને ગરીબ ઘરે જન્મ્યો છો એથી અમારે આજીવિકા આદિનું શું કરવું એમ ન જો! તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો! જે ક્ષેત્રે અને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો! મુનિરાજને ખબર નહિ હોય કે બધા

જીવો સંસારી છે? ભાઈ! સંસારી અને સિદ્ધ એ તો પર્યાયની અપેક્ષાથી છે, સ્વભાવે તો એ સંસારી જીવો પણ સિદ્ધ સમાન શુદ્ધ જ છે. ૧૭.

● હું લાયક નથી... લાયક નથી—એમ એના નકારે વાત અટકી છે; પણ એને અંદરથી એમ આવવું જોઈએ કે આ ક્ષણે જ પરમાત્મા થવાને લાયક છું. એવો અંદરથી વિશ્વાસ આવવો જોઈએ. આ વાતની જે હા પાડે છે, અંદરથી હકાર આવે છે, તે જીવને રાગથી છૂટો પડવાની શરૂઆત થઈ ગઈ છે, છૂટો પડતો જાય છે એટલે નૈગમનયે છૂટો પડી ગયો તેમ શાસ્ત્રમાં કહ્યું છે. ૧૮.

● જેમ છોકરો રોતો હોય તેને તેનો બાપ કહે કે ભાઈ! તું રો નહિ, જો તારો પેંડો આખો એવો ને એવો જ છે, જો ખુશી થા! તેમ આચાર્યદેવ ભવ્યને કહે છે કે હે આત્મા! તું પ્રસન્ન થા! ખુશી થા! જો તારો આત્મા ત્રણે કાળે એવો ને એવો શુદ્ધ જ છે. દેહાદિ કે રાગાદિ આત્માને અડ્યા જ નથી–સ્પર્શ્યા જ નથી. રાગાદિ તો ઉપર-ઉપર લોટે છે. માટે, ભાઈ! તું ખુશી થા ને પ્રસન્ન થઈને જો! તારો આત્મા શુદ્ધ ચૈતન્યઘન જ છે. ૧૯.

● જીવ આત્માના ગુણ ગાતાં-ગાતાં ભગવાન થઈ જાય છે. કોઈ ક્રિયાકાંડ કરતાં-કરતાં ભગવાન થવાતું નથી, પણ ગુણી એવા ભગવાનના ગુણ ગાતાં-ગાતાં, મહિમા કરતાં-કરતાં ભગવાન થઈ જાય છે. અનત ગુણોનો મહિમા કરતાં-કરતાં જીવો કેવળી થઈ ગયા. અનંત ગુણરત્નોનાં ઓરડાં ખુલ્લા થઈ ગયા. ભાઈ! તું પામર નથી પણ ભગવાન છો, એના સ્વરૂપના ગુણગાન કર. ૨૦.

● પાણી પીવાથી તૃષા મટે છે, ખોરાક ખાવાથી ભૂખ મટે છે, દવા પીવાથી રોગ મટે છે—એમ સંસારમાં બધી ચીજોનો જીવ વિશ્વાસ કરે છે. એ વિશ્વાસના બળે તે તે ચીજો મેળવવા લક્ષ જાય છે; તેમ, આત્માનો વિશ્વાસ આવવો જોઈએ કે હું પોતે જ જ્ઞાનાનંદસ્વરૂપ છું, હું પોતે જ પરમાત્મસ્વરૂપ છું અને રાગાદિ સ્વરૂપે નથી. એવું અંતરથી વિશ્વાસનું બળ આવવું જોઈએ. પોતાની પરમેશ્વરતાનો વિશ્વાસ... વિશ્વાસ... એ વિશ્વાસનું જોર એને અંતર્મુખ લઈ જાય છે. ૨૧.

● જિજ્ઞાસુને પહેલાં એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય. મોળી-પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી સમૃદ્ધ પોતે છે તેને જોવો. 'તું જ દેવાધિદેવ છો' તેમ લેવું. ૨૨.

● આનંદનો નાથ એવા શુદ્ધાત્માની પ્રેમથી વાત સાંભળે છે તેને ભાવી નિર્વાણનું ભાજન કહ્યું છે. એને સાંભળતા 'દેહથી ભિન્ન છું, કર્મથી ભિન્ન છું, રાગથી ભિન્ન છું ને પોતાથી પરિપૂર્ણ છું' એ વાત એને બેસવી જોઈએ, હકાર આવવો જોઈએ. આમાં કાંઈ

મુંઝાવા જેવું નથી. સાંભળીને હા પાડતાં—હકાર આવતાં અંદર સંસ્કાર પડતાં જાય છે. ૨૩.

● સિદ્ધનગરમાં અનંતા સિદ્ધો બિરાજે છે. તેઓએ પહેલાં બહારથી નજર સંકેલીને અંદરનો વિસ્તાર કર્યો હતો. તું પણ બહારથી સંકેલો કરી નાખ. હું તો પૂરણ અભેદ પરમાત્મા જ છું, મારે ને પરમાત્માને કાંઈ ફેર નથી—એમ ફેર કાઢી નાખનારને ફેર છૂટી જશે. આહાહા! દિગંબર સંતોની કથન-શૈલી અલૌકિક છે. ૨૪.

● શરીરના એક-એક તસુમાં ૯૬-૯૬ રોગ છે, એ શરીર ક્ષણમાં દગો દેશે, ક્ષણમાં છૂટી જશે. કાંઈક સગવડતા હોય ત્યાં ઘુસી જાય છે, પણ ભાઈ! તારે ક્યાંક જવું છે ત્યાં કોનો મહેમાન થઈશ? કોણ તારું ઓળખીતું હશે? એનો વિચાર કરીને તારું તો કાંઈક કરી લે! શરીર સારું હોય ત્યાં સુધી આંખ ઉઘડે નહિ ને ક્ષણમાં દેહ છૂટતાં અજાણ્યા સ્થાને હાલ્યો જઈશ! નાની-નાની ઉંમરના પણ ચાલ્યા જાય છે. માટે, તારુ કાંઈક કરી લે! શાસ્ત્રમાં કહ્યું છે કે વૃદ્ધાવસ્થા જ્યાં સુધી ન આવે, શરીરમાં વ્યાધિ જ્યાં સુધી ન આવે અને ઈન્દ્રિયો જ્યાં સુધી ઢીલી ન પડે ત્યાં સુધીમાં આત્મહિત કરી લેજે. ૨૫.

● આહાહા! પ્રભુ તું પૂરો છો, તારા પ્રભુત્વ આદિ એક-એક ગુણ પૂરણ છે. તારી શક્તિની શું વાત કરવી! તું કોઈ ગુણે અધૂરો નથી, પૂરેપૂરો છો. તારે કોના આધારની જરૂર છે? આહાહા! એને આવી ધૂન ચડવી જોઈએ. પહેલાં આવા સ્વભાવનો વિશ્વાસ આવવો જોઈએ, પછી દૃષ્ટિ અને અનુભવ થાય. ૨૬.

● યોગીન્દ્રદેવ કહે છે કે અરે જીવ! હવે તારે ક્યાં સુધી સંસારમાં ભટકવું છે? હજું તું થાક્યો નથી? હવે તો આત્મામાં આવીને આત્મિક આનંદને ભોગવ! આહાહા! જેમ પાણીના ધોરીયા વહેતાં હોય, તેમ આ ધર્મના ધોરીયા વહે છે. પીતાં આવડે તો પી, ભાઈ! સારા કાળે તો કાલનો કઠીયારો હોય તે આજે કેવળજ્ઞાન પામે એવો તે કાળ હતો. જેમ પુણ્યશાળીને પગલે-પગલે નિધાન નીકળે, તેમ આત્મપિપાસુને પર્યાયે-પર્યાયે આત્મામાંથી આનંદના નિધાન મળે છે. ૨૭.

● જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીશે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યાં જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડ્યો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઊતરી જાય છે, એને પ્રતિકૂળતા નડતી જ નથીને! અને સ્વર્ગની અનુકૂળતામાં પડ્યો હોય તો પણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઊતરી જાય છે; અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે! મારે આમ છે ને તેમ છે—તેમ કરી-કરીને અનંત કાળ ગુમાવ્યો! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઊતરી જાને, ભાઈ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી. ૨૮.

● અરે આત્માઓ! તમે સાધારણ છો એમ ન માનો! જેને પૂર્ણ દશા પ્રગટી ગઈ છે એવા સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે અરે જીવો! તમે મારી નાતના ને જાતના પૂર્ણ પ્રભુ છો, તેને તમે ઊણો કે હીણો ન માનો; અંતરમાં પૂરણ પ્રભુ છો એમ માનો! ૨૯.

● આખા સિદ્ધાંતનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ જવું તે છે. શ્રીમદે કહ્યું છેને, "ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર" જ્ઞાનીના એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે. અહો! ભાગ્યશાળી હશે તેને આ તત્ત્વનો રસ આવશે અને તત્ત્વના સંસ્કાર ઊંડા ઉતરશે. ૩૦.

● ભાઈ! એકવાર હરખ તો લાવ કે અહો! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે, જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. "અરેરે! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો! હવે મારું શું થશે?" એમ ડર નહિ, મુંઝા નહિ, હતાશ થા નહિ. એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ. સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ. ૩૧.

● ક્રમબદ્ધ માનનારો આનંદની દૃષ્ટિપૂર્વક રાગને દુઃખરૂપ જાણે છે, તેને રાગની મીઠાશ ઊડી ગઈ છે. જેને રાગમાં મીઠાશ પડી છે અને પહેલાં અજ્ઞાનમાં રાગને ટાળવાની ચિંતા હતી તે પણ ક્રમબદ્ધ-ક્રમબદ્ધ કરીને મટી ગઈ છે, તેને તો મિથ્યાત્વની પુષ્ટિ વધી છે— મિથ્યાત્વને તીવ્ર કર્યું છે. 'રાગ મારો નથી' એમ કહે અને આનંદસ્વરૂપની પુષ્ટિ નથી તો તેણે તો મિથ્યાત્વને વધાર્યું છે. ભાઈ! આ તો કાચા પારા જેવું વીતરાગનું સૂક્ષ્મ રહસ્ય છે. અંતરથી પચાવે તો વીતરાગતાની પુષ્ટિ થાય અને તેનું રહસ્ય ન સમજે તો મિથ્યાત્વને પુષ્ટ કરે. ૩૨.

● જેમ માટીના કોરા વાસણમાં પાણીનાં ટીપાં પડતાં પાણી ચૂસાઈ જાય છે, પાણી દેખાતું નથી, પણ વધુ પાણી પડતાં પાણી બહાર દેખાય છે; તેમ આ પરમાત્મતત્ત્વની વાત સાંભળતાં-સાંભળતાં હું જ્ઞાયક છું... જ્ઞાયક છું... એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે તો મિથ્યાત્વભાવનો રસ મંદ પડતો જાય છે. હજુ ભૂમિકા મિથ્યાત્વની છે, પણ મિથ્યાત્વનો અભાવ થવાના સંસ્કાર પડતા જાય છે. શુભભાવથી મિથ્યાત્વનો રસ ભવી-અભવીને અનંતીવાર મંદ પડ્યો છે, પણ આ જ્ઞાયકના સંસ્કારથી મિથ્યાત્વભાવનો અભાવ થવાના સંસ્કાર પડે પછી એકદમ સ્વભાવનો આશ્રય લેતાં સ્વાનુભવ થતાં મિથ્યાત્વનો અભાવ થાય છે. ૩૩.

● મને બહારનું કાંઈક જોઈએ તેમ માનનાર ભિખારી છે. મને મારો આત્મા જ જોઈએ તેમ માનનાર બાદશાહ છે. આત્મા અચિંત્ય શક્તિનો ધણી છે. જે ક્ષણે જાગે તે જ ક્ષણે જાગતી જ્યોત આનંદસ્વરૂપ અનુભવમાં આવી શકે છે. ૩૪.

● પશુની વિષ્ટાના પોદળા (છાણ) મળતાં ગરીબ સ્ત્રીઓ ખુશી-ખુશી થઈ જાય છે અને ધન-વૈભવ મળતાં શેઠીયાઓ ખુશી-ખુશી થઈ જાય છે, પણ વિષ્ટાના પોદળા અને ધનાદિમાં કાંઈ જ ફેર નથી. એકવાર આત્માના નિધાનને દેખે તો બાહરના નિધાનોની નિર્મૂલ્યતા ભાસે. ૩૫.

● આત્મા જ્યાં અંદરથી ઊછળ્યો પછી મન મોળું પડે તોપણ ઊછળવું બંધ ન પડે, ઇન્દ્રિયો શિથિલ થાય તોપણ ઊછળવું બંધ ન પડે, શરીર મોળું પડે તોપણ ઊછળવું બંધ ન પડે. આત્મા જ્યાં મધ્યબિંદુમાંથી ઊછળ્યો પછી તેને રોકવા જગતનો કોઈ પદાર્થ સમર્થ નથી. ૩૬.

● ચક્રવર્તીને પોતાની વિશાળ સંપત્તિ છોડવી પણ સહેલી છે અને ભિખારીને પોતાનું એક શકોરું પણ છોડવું મુશ્કેલ લાગે છે. આત્મસ્વરૂપ સમજાય ત્યારે ચક્રવર્તીની સંપત્તિ અને શકોરું બન્ને સમાન પુદ્‌ગલો ભાસે છે. ૩૭.

● તીર્થંકર, ચક્રવર્તી અને બળદેવ જેવા પુણ્યના ધણી કે જેમની સેવા દેવો કરતાં હતાં તથા કોઈ વાતની કમી ન હતી, લોકો જેમને ભગવાન સમાન માનતા હતાં એવા પુણ્ય અને વૈભવો હોવા છતાં ''મારે એ કાંઈ જોઈતું નથી''—એમ સર્વની ઉપેક્ષા કરીને એક આત્માને સાધવા વનજંગલમાં ચાલી નીકળ્યા! આહાહા! એમને એ આત્મા કેવો આશ્ચર્યકારી અને વિસ્મયકારી લાગ્યો હશે! ૩૮.

● જેમ જમીન જરાક ખોદતાં ચરુની ખાણ નજરે પડે તો કેટલો ખુશી થઈ જાય! બે તસુને અંતરે અંદર ચરુ હોય તો જ્યાં ઉપલું પડ ઉખેડતાં એકલા હીરા જ નજરે પડે છે, તેમ રાગ સાથેની એકતા તોડીને જોવે તો આત્મામાં એકલા હીરા જ ભર્યા છે. જેમ ચરુ જોતાં ખુશી થાય છે, તેમ આ આત્મામાં ચૈતન્યહીરાની ખાણ જોતાં આનંદ-આનંદ થઈ જાય છે. ૩૯.

● સિંહ ચારેકોર ફરતાં હોય ને જેમ ઊંઘ ન આવે, હથિયારબંધ પોલીસ પોતાને મારવા માટે ફરતી હોય ને જેમ ઊંઘ ન આવે, તેમ તત્ત્વ નિર્ણય ન કરે ત્યાં સુધી એને (આત્માર્થીને) સુખેથી ઊંઘ પણ ન આવે. ૪૦.

● ભાઈ! આ સત્ય સમજ્યા વિના ત્રણકાળ, ત્રણલોકમાં ક્યાંય તારા આરા આવવાના નથી! ચાહે મહાવ્રત પાળ, ચાહે ભક્તિ કરીને મરી જા, ચાહે કરોડો મંદિર બંધાવ, ચાહે ટકોરા વગાડ, પણ તારો આરો આવવાનો નથી. મિથ્યાશ્રદ્ધામાં અનંતા નિગોદના અને નરકના ભવ કરવાની તાકાત છે. ૪૧.

● અમારો ચૈતન્ય ઉપયોગ હણાતો જ નથી. હણાય તેને ઉપયોગ જ કહેતા નથી. પણ પ્રભુ! કેવળજ્ઞાન નથીને? કેવળજ્ઞાનનું કામેય શું છે? કેવળજ્ઞાનની ખાણ હાથમાં આવી છે તેને કેવળજ્ઞાન આવશે જ! ૪૨.

● અહો! એકવાર દેહ છૂટવાના ટાણાનો વિચાર તો કરે, તો એને ખબર પડે કે અરે! આ તે શું રમત છે! ઓલો (આત્મા) પરમેશ્વર અને સલવાણો આમાં (શરીરમાં)! ૪૩.

● બહારથી મરી જાય એને માટે આ ધર્મ છે. બહારથી મારું જીવન નથી. રાગથી અને પરથી જીવન ઈ તો મારું મરણ છે. જે પરથી અને રાગથી મરી જાય તેને માટે આ ધર્મ છે. ૪૪.

● આ તો અંતરમાંથી આવેલી વાતુ છે અને એમ જ છે. કુંદકુંદ આચાર્ય અને સીમંધર ભગવાનના ભેટા પ્રત્યક્ષ થઈને આવેલી વાતું છે. અદ્ધરો-અદ્ધરની વાતુ નથી. એ આ વાતુ ક્રોડો ને અબજો રૂપિયા દેતાં મળે એવી નથી. ચક્રવર્તીના રાજ્ય ડુલે તોપણ મળે એવી નથી. ૪૫.

● કેટલાકને એમ થાય કે આ ગજા ઉપરાંતની વાત છે! અરે ગજા ઉપરાંતની શું! એક સમયમાં કેવળજ્ઞાન લ્યે એટલું એનું ગજું છે. આ તો હાથી ઉપર ફૂલ મૂકવા જેવી હળવી વાત છે. ૪૬.

● કર્મનો ઉદય ભવિષ્યમાં કેવો આવશે એમ નહીં જો! પણ હું ભવિષ્યમાં એવો આવીશ (થઈશ) કે પુરુષાર્થ લાગુ પડી ગયો તો ક્ષણમાં કેવળજ્ઞાન લાવીશ! ૪૭.

● જેના જન્મ-મરણની ગાંઠ ગળી નથી એણે જીવનમાં કાંઈ જ કર્યું નથી અને જેણે ગૃહસ્થાશ્રમમાં પણ જન્મ-મરણની ગાંઠ ગાળી નાખી એણે બધું કરી લીધું છે. સિદ્ધ ભગવાન એના હાથમાં આવી ગયા છે. ૪૮.

● અનુભવ તત્કાળ કરનારની સંખ્યા ભલે થોડી હોય, પણ એની શ્રદ્ધા દૃઢ કરીને પક્ષ પાકો કરનાર અને એનું જ ઘૂંટણ કરીને અલ્પકાળમાં કામ કરનાર જીવો થોડા જ કેમ કહેવાય? એ તો ઘણા હોય! ૪૯.

● છ ખંડનો ધણી ચક્રવર્તી વિચારે છે કે અહો! આનંદનું કારણ હું પોતે એક છું અને આ બધાં દુઃખના કારણો—નિમિત્તો છે—એમ વૈરાગ્ય થતાં, જંટીયા ખેંચતી રાણીઓને કહે છે કે અરે! હવે અમને તમારા બધાં પ્રત્યેનો રાગ બળી ગયો છે. અમારા આનંદનું કારણ અમારી પાસે છે, એ આનંદને ખોલવા અમે ચાલી નીકળીએ છીએ. અમે આનંદના ભમરા આનંદની પરાગ લેવા અંદરમાં જઈએ છીએ. અમારા આનંદની છોળુંની છલક અમારા અંતરમાંથી આવે છે. એણે અંદરમાં કાંઈક જોયું હશેને કે જેની પાસે આ બધું સડેલાં તરણા સમાન લાગે છે! ૫૦.

● સ્વના લક્ષનો માર્ગ અલૌકિક છે. આ તો વીતરાગનો માર્ગ છે. વીતરાગ કહે છે કે

તું મારી સામું ન જો. આ વીતરાગ સિવાય બીજો કોણ કહી શકે? ૫૧.

● અગ્નિના અંગારામાં પડ્યો પણ ડગ્યો ડગે નહિ એવો આત્મા છે. અહો! અમને અગ્નિ અડી જ નથી. અગ્નિમાં પડ્યો પણ ધર્મી જીવ આનંદને વેદે છે. ૫૨.

● મિથ્યાત્વ, અવિરતિ આદિ પાંચ ભાવો બંધનું કારણ છે, તે નાશ થાય ત્યારે મુક્તિ થાય એમ નહીં, પણ એના અભાવરૂપ મુક્તસ્વરૂપ જ સ્વભાવ છે. ૫૩.

● એક બાજુ ભ્રમણા છે અને એક બાજુ ભગવાન છે. ૫૪.

● વસ્તુ છૂટી છે! બસ એને દૃષ્ટિમાં છૂટી પાડવી. પછી ગમે ત્યાં હોય તોપણ છૂટીને છૂટી જ છે. એ જ મોક્ષનો માર્ગ છે, દુઃખથી છૂટવાનો બીજો માર્ગ નથી. બીજી વાત રહેવા દે, ભાઈ! ૫૫.

● અતીન્દ્રિય આનંદની જેને લાલચ લાગી છે, ઈ સ્થિરતા માટે વૃત્તિઓને સંકેલે છે. આત્માના અતીન્દ્રિય આનંદની જેને લાલચ લાગી છે, તે જ આનંદની લાલચથી આત્મામાં ખેંચાય છે. પહેલાં દૃષ્ટિમાં આત્મામાં આનંદની લાલચ લાગી છે. હઠથી કાંઈ કરવાનું નથી, પરંતુ અતીન્દ્રિય આનંદની લાલચને લઈને આત્મામાં સ્થિરતા કરે છે. ૫૬.

● અરે! એને કોઈ દી એની દયા આવી નથી. એની દયા એણે કોઈ દી કરી નથી. દયા ક્યારે કરી કહેવાય?–કે સ્વભાવભાવ તે મારો અને વિભાવભાવ તે મારો નહિં. જેવો સ્વભાવ છે, એવો એને રાખે ત્યારે એણે એની દયા કરી કહેવાય. ૫૭.

● બાવળના ઝાડ નીચે બેઠેલાં મુનિ જેને શરીર ઉપર કપડું નથી, ઊની-ઊની હવા લાગે છે, પણ અંદરમાં આનંદની ઝણઝણાટી વાગી રહી છે, એ સુખી છે. બીજાને એમ લાગે આ બાવો છે, પણ ઈ બાવો નથી, બાદશાહ છે. ચક્રવર્તી હોય તો પણ ઈ દુઃખીયો છે, બાદશાહ નથી. ૫૮.

● આખી દુનિયા ગમે તેમ હો, પણ મારો ભગવાન તો મારી પાસે જ છે. મારે તો સદાય લાભ જ છે, અલાભની વાત જ મારે નથી. ૫૯.

● મારે (નિશ્ચયથી) અર્હંત આદિનું શરણ લેવાનું નથી, પરંતુ આત્માનું શરણ લેતાં તેમાં ઈ બધા આવી જાય છે. માટે, આત્મા જ શરણરૂપ છે. અર્હંત એટલે વીતરાગી પર્યાય, સિદ્ધ એટલે વીતરાગી પર્યાય, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એટલે વીતરાગી પર્યાય—એ બધી વીતરાગી પર્યાયો મારા આત્મામાં જ પડેલી છે. તેથી, મારે બીજે ક્યાંય નજર કરવાની નથી, મારે ઊંચે આંખ કરીને બીજે ક્યાંય જોવાનું નથી. મારો આત્મા જ મને શરણરૂપ છે. ૬૦.

● મોટો ભગવાન અંદરમાં પડ્યો છે ઈ મને દુઃખનો નાશ કરવાના સમયે શરણરૂપ છે. દૃષ્ટિને સંકેલીને અંદરમાં મૂકવાની છે. ૬૧.

● યોગ્યતા, કાળલબ્ધિ, ક્રમબદ્ધ આદિ બધાનું જ્ઞાન દ્રવ્યદૃષ્ટિ કરતાં સાચું થાય છે. રુચિ રાખે પરમાં અને ક્રમબદ્ધ ને કાળલબ્ધિ ઉપર નાખે ઈ ન ચાલે. પોપાબાઈનું રાજ નથી. ૬૨.

● આ વાત સમજવામાં અનંતો પુરુષાર્થ જોઈએ, ઘણી અંદરમાં પાત્રતા જોઈએ, બધેથી સુખબુદ્ધિ ઊડી જવી જોઈએ, એની પાત્રતા ઘણી જોઈએ, એની પર્યાયમાં ઘણી યોગ્યતા જોઈએ. શ્રીમદ્ કહે છે કે તું તારા દોષથી દુઃખી થઈ રહ્યો છે. તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું ને પોતાને ભૂલી જવું. ૬૩.

● એકનો એક જુવાન દીકરો મરી જાય અને એને કેવો ઘા લાગી જાય છે! એમ એને ઘા લાગવો જોઈએ. રાગ અને સંયોગની આડમાં તું પોતે મરી જાય છે એનો તને ઘા લાગે છે કાંઈ? ૬૪.

● ત્રણલોકના નાથ! તારે બીજાનો આશ્રય લેવો પડે ઈ તો તને કલંક છે. ૬૫.

● બાદશાહ ત્રણલોકનો નાથ ઊંઘમાં પડ્યો છે એને જગાડવાની આ વાત છે. જાગ રે જાગ! તને ચોર લૂંટી જાય છે. જાગ રે... જાગ! આ જગાડનારી વાત સાંભળવા મળે ઈ પણ મહાભાગ્યશાળી છે. ૬૬.

● અરે! એક વાળો શરીરમાં નીકળતાં પીડાનો પાર રહેતો નથી તો આ મારું શરીર, મારું ઘર, મારી સ્ત્રી, પુત્ર, મિત્ર, આ મારું ધન, આબરૂ એમ અનેક મારા એટલે કે ધનવાળો, શરીરવાળો, સ્ત્રી-પુત્ર-મિત્રવાળો એમ અનેક વાળાની પીડાનું એને ભાન નથી પણ પીડાય છે. ૬૭.

● જ્ઞાનમાં જેમ-જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે, તેમ-તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતાં જતાં જ્ઞાન-સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. જ્ઞાન જ્યાં સમ્યક્‌પણે પરિણમે છે, ત્યાં મોહ સમૂળ નાશ પામે છે, માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે. જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી. ૬૮.

● તારી હોશિંયારી તો ત્યારે કહેવાય કે ભાઈ! તું પરમેશ્વર છો એમ તારી પરીક્ષા કર. ૬૯.

● બાવળના ઝાડ નીચે બેઠેલા નગ્ન દિગંબર મુનિ શાંત.. શાંત.. શાંતપણે, જેની મુદ્રામાં શાંતિ.. શાંતિ દેખાય છે, તેમને રસ્તા ઉપર ચાલ્યો જતો ચક્રવર્તી હાથી ઉપરથી

ઊતરીને પગમાં પડે છે અને કહે છે કે પ્રભુ! આ અમને મળેલી ઋદ્ધિ અમારે નથી જોઈતી! આપ જે ઋદ્ધિ સાધી રહ્યા છો એ ઋદ્ધિ અમને હજો! ૭૦.

● અહો! મુનિઓ—સંતો જ્યાં મનુષ્યો હોય ત્યાંથી તો ચાલ્યા ગયા, પણ તેનો પગરવ પણ ન હોય એવા એકાંત સ્થાનમાં ચાલ્યા ગયા છે. આત્માનું શોધન કરવા ગયા. આ તો આત્માનું શોધન કરવાનો કાળ છે, પણ પરની અને રાગની શોધમાં આખી જિંદગી ચાલી જાય છે. ૭૧.

● આ લીલફૂગનાં ગોદડાનાં ગોદડા પડ્યાં છે, તેમાં એક રાઈ જેટલી કણીમાં અનંતા ભગવાન પડ્યાં છે. એવા તો કેટલાય દરિયા અને નદીઓ અને આખા લોકમાં ઠાંસી-ઠાંસીને નિગોદના જીવો ભર્યા છે. એ બધાં પણ ભગવાન છે. અહો! એ બધાને મોટા માનવામાં ખરેખર પોતાની—આત્માની મોટપ છે. ૭૨.

● આ ચૈતન્યતત્ત્વ તો કોઈ અગમ્ય વસ્તુ છે. બહારના વૈરાગ્યથી કે જ્ઞાનના ક્ષયોપશમથી મળી જાય એવી વસ્તુ નથી. અંતરમાં અવ્યક્ત છતાં પ્રગટ અચિંત્ય વસ્તુ પડી છે. એના મહાત્મ્ય પ્રત્યે જાય ત્યારે ગમ્ય થાય. એના જન્મ-મરણ ટળી જાય એવી ચીજ છે. ૭૩.

● પરદ્રવ્યને અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે, પરંતુ અધ્યાત્મદૃષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો જ પડ્યો છે એને દેખ! જેમ તેલ, પાણીના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી તેમ, વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, ચૈતન્યદળમાં પેસતો નથી. ૭૪.

● એકવાર અંદરમાં નજર કર કે હું પણ સિદ્ધની જેમ અશરીરી છું, શરીરને સ્પર્શતો જ નથી, અત્યારે જ શરીરથી છૂટો છું.—એમ શ્રદ્ધા નહિ કરે તો જ્યારે શરીરથી છૂટો પડશે ત્યારે એની લાળ શરીરમાં જ લંબાશે. ૭૫.

● એક બાજુ એક સમયની ભૂલ છે અને એક બાજુ ત્રિકાળી આખો ભગવાન છે. વસ્તુમાં અનંત-અનંત ગુણનું મહાન અસ્તિત્વ પડ્યું છે, તેની દૃષ્ટિ કરતાં વિકલ્પ તૂટી જાય છે; પરંતુ વિકલ્પને તોડવા જતાં તો મિથ્યાત્વ થાય છે. ૭૬.

● ભગવાન આત્મા દુઃખની દશામાં આવ્યો છે, પણ દુઃખને ટાળવાનું સામર્થ્ય રાખીને દુઃખની દશામાં આવ્યો છે. જ્યારે એની શક્તિ—સામર્થ્યનું ભાન કરે ત્યારે દુઃખની દશાથી છૂટે છે. ૭૭.

● દયા-દાન-પૂજા-ભક્તિ, શાસ્ત્ર વાંચવા, સાંભળવા આદિના શુભભાવો અને ધંધા, સ્ત્રી-પુત્ર, ખાવા-પીવા આદિના અશુભભાવો—તે બધા ભાવોથી આત્મા ત્રણેકાળ રહિત હોવા છતાં, એનાથી સહિત માનવો એ જ સંસારમાં રખડવાનું—નરક-નિગોદનું મહાબીજ છે. ૭૮.

● દરિયાની મધ્યમાં વડવાગ્નિ હોય છે, પણ દરિયો એને ભિન્નપણે રાખે છે, દરિયો પોતાને ચૂસવા ન દ્યે! તેમ ચૈતન્યદરિયો રાગાદિને ભિન્ન રાખે છે, એકરૂપ થવા દેતો નથી. ૭૯.

● પાંચ પદ શરણરૂપ છે એટલે કે પાંચ પદરૂપ પોતાનો આત્મા જ શરણરૂપ છે. કહ્યું છેને કે વર્તમાનમાં સિદ્ધદશા તો નથી, તો સિદ્ધનું ધ્યાન કેમ હોય? જૂઠમૂઠ છે? અરે! અંદરમાં શક્તિરૂપ સિદ્ધસ્વભાવ તો વર્તમાનમાં મૌજુદ છે અને તેથી તેનું ધ્યાન કરતાં પ્રત્યક્ષ શાન્તિનું વેદન આવે છે. આત્મા સ્વભાવે ત્રિકાળ સિદ્ધસ્વરૂપ જ છે. ૮૦.

● વર્તમાન-વર્તમાન વર્તતી ચાલુ કાળની જ્ઞાનપર્યાય તે ત્રિકાળી જ્ઞાયકનો જ એક અંશ છે, તેને અંતરમાં વાળતાં ''ચૈતન્યહીરો'' જ્ઞાનમાં આવે છે. અવયવ દ્વારા અવયવી ખ્યાલમાં આવે છે. જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળીને જોવે તો તારો ચૈતન્યસૂર્ય તને ખ્યાલમાં આવશે, તેનો પ્રકાશ તને દેખાશે. ૮૧.

● અરે! એને રૂદન પણ આવ્યા નહિ કે મને મારો વિરહ! ૮૨.

● ઈન્દ્રિયના વિષયમાં જે આનંદ માને છે ઈ તો ઝેરના પ્યાલા પીવે છે. ૮૩.

● સાકરમાં એકલું ગળપણ જ ભર્યું છે, તેમ આત્મામાં એકલો આનંદ જ ભર્યો છે. એનો એક ક્ષણ વિશ્વાસ કરે તો આનંદનું ઝરમર-ઝરમર ઝરણું ઝરે છે, વરસાદ વરસે છે, એને સુપ્રભાત કહે છે. (નૂતનવર્ષના પરોઢીયે) ૮૪.

● દેહ તો રોગની મૂર્તિ છે, ભગવાન આત્મા આનંદની મૂર્તિ છે. મૃતક દેહમાં ભગવાન અમૃતનો સાગર મૂર્છાણો છે. ભાઈ! એકવાર તું તને જો! બીજાને જોવામાં અંધ થઈ જા અને તને જોવામાં હજાર આંખોથી તને જો. ૮૫.

● પર્યાયનો ફેર ભાંગવા માટે દ્રવ્ય-ગુણમાં ફેર નથી એવી દૃષ્ટિ કરતાં પર્યાયનો ફેર ભાંગીને પરમાત્મા થાય છે. ૮૬.

● છેલ્લા સ્વયંભૂરમણસમુદ્રના તળીયે એકલા રત્નો જ ભર્યા છે, રેતી નથી; તેમ, ભગવાન આત્માના તળમાં—સત્ત્વમાં એકલા ચૈતન્યશક્તિઓરૂપે રત્નો જ ભર્યા છે, એના તળમાં રેતી અર્થાત્ રાગાદિ નથી. ૮૭

● બાપુ! આ તો પચાવીને પરિણમાવવાની વાત છે. વાદવિવાદની વાત નથી. વાદ-વિવાદમાં મૌન થઈ જવું પડે. શાસ્ત્રમાં આમ લખ્યું છે ને તેમ લખ્યું છે... આ તો વીતરાગતા ઊભી કરવાની વાત છે. ૮૮.

● અહો! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે! ચારે તરફ ગુણો જ ભરેલા છે, અવગુણ એક પણ નથી. 'ઓહો! આ હું!'—એમ આવા આત્માના દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી! ૮૯.

● ક્યાંય વિરોધ જેવું હોય ત્યાં જવું ન જોઈએ અને કદાચ જવાનું થઈ જાય તો મૌન રહેવું જોઈએ. આ અંતરનો માર્ગ તો એવો છે કે સહન કરી લેવું જોઈએ. વિરોધમાં પડવું નહિ. પોતાનો ગોળ પોતે ચોરીથી અર્થાત્ છૂપી રીતે ખાઈ લેવો જોઈએ. ફંફેરો કરવા જેવો કાળ નથી. પોતાનું સંભાળી લેવા જેવું છે. વાદવિવાદમાં ઊતરવા જેવું નથી. ૯૦.

● અહો! આનંદનો દરિયો પોતાના અંતરમાં ઊછળે છે, તેને તો જીવ દેખતો નથી ને તરણાં જેવા તુચ્છ વિકારને જ દેખે છે! અરે જીવો! આમ અંતરમાં નજર કરીને દરિયાને દેખો! ચૈતન્યસમુદ્રમાં ડૂબકી મારો! ૯૧.

● ભગવાનની મૂર્તિની જેમ ભગવાનના આગમનું બહુમાન જોઈએ. આગમ એ મુનિઓનો અક્ષરદેહ છે. ૯૨.

● શ્રીમદ્ રાજચંદ્ર તો કહે કે મુમુક્ષુઓને આજીવિકા પૂરતું મળતું હોય તો વિશેષ પ્રવૃત્તિ ન કરવી; આ તો રોટલા મળતાં હોય તોય માથે પોટલાં બાંધે! અરેરે! જવું છે ક્યાં? જીવન થોડું ને આ શું કરો છો, ભાઈ! આવો મનુષ્યભવ મળ્યો છે ને આવા સત્ સમજવાના ટાણા છે તો ચાર-છ-આઠ કલાક વાંચન, શ્રવણ, મનન, સત્સમાગમ કરીને તારા આત્માનું કાંઈ હિત કર ને માનવભવ સફળ કર. ૯૩.

● આ શરીરના ચાળા જુઓ, નિરોગ શરીર ક્ષણમાં રોગરૂપે પરિણમી જાય છે. શરીરના રજકણો જે કાળે જેમ થવાના હોય તેમ થવાના જ, એમાં કોણ ફેરફાર કરી શકે? શરીરના પરમાણુને કેમ રહેવું એનું તારે કામ શું છે? તારે કેમ રહેવું તેનું તું સંભાળને! ૯૪.

● શાસ્ત્રમાં શુભરાગને અશુચિ કહ્યો છે. આહાહા! શરીરની અશુચિ તો ક્યાંય રહી ગઈ, અહીં તો શુભરાગનો વ્યવહાર તેને પણ અશુચિ કહે છે. ૯૫.

● અરે પ્રભુ! તારું કદી મરણ જ થતું નથી ને કેમ ડરે છે? અતીન્દ્રિય આનંદમાં જા! પ્રભુ! તારે શરીર જ નથી ને રોગથી કેમ ડરે છે? જન્મ, જરા ને રોગરહિત ભગવાન આત્મા છે ત્યાં જા! —એમ જિનવર, જિનવાણી અને ગુરુ કહે છે. તું જન્મ, જરા, મરણરહિત પ્રભુ

છો, ત્યાં દૃષ્ટિ દે! તારે જન્મ, જરા, મરણરહિત થવું હોય તો જન્મ, જરા, મરણરહિત ભગવાન અંદર બિરાજે છે ત્યાં જા! ત્યાં દૃષ્ટિ દઈને ઠર! ૯૬.

● સ્વસમય અને પરસમય સાથે વાદવિવાદ કરવાયોગ્ય નથી. તું તારા આત્માનો અનુભવ કર. પરની સાથે વિવાદમાં પડવા જેવું નથી. નિધાન પામીને નિજ વતનમાં જઈ ભોગવવા કહ્યું છે. માટે, પોતાની નિધિ પામી પોતે એકલા ભોગવવા જેવું છે. ૯૭.

● જ્યારે સ્ત્રીનો ધણી મરી જાય ને બાઈ રાંડે છે, ત્યારે દુનિયા તે સ્ત્રીને દુઃખાણી કહે છે; પણ ખરેખર તે સ્ત્રી દુઃખાણી નથી, પણ તેને આત્માનું કરવા નિવૃત્તિ મળી છે. અહીં દુઃખાણી એટલે દુઃખિયા એને કહે છે કે જે રાગમાં અને પુણ્ય-પાપના ભાવમાં એકતા માની આનંદકંદ સ્વભાવ છે તેને ભૂલી ગયો છે તે ખરેખર દુઃખાણો એટલે દુઃખીયો છે. જગતથી ભગવાનનો માર્ગ જુદો છે. ૯૮.

● આત્માને સદાય ઊર્ધ્વ એટલે મુખ્ય રાખવો. ગમે તે પ્રસંગ આવે પણ દ્રવ્યસ્વભાવને મુખ્ય રાખવો. શુભાશુભપરિણામ આવે ભલે, પણ કાયમ દ્રવ્યસ્વભાવનું ધ્યેય રાખવું. આત્માને મુખ્ય રાખતાં જે દશા થાય તે નિર્મળદશાને સાધન કહેવાય છે ને તેનું સાધ્ય કેવળજ્ઞાન કરવું તે છે ને તેનું ધ્યેય પૂર્ણ આત્મા છે. કષાયની મંદતા કે જ્ઞાનના ઉઘાડની મુખ્યતા હશે તેની દૃષ્ટિ સંયોગ ઉપર જશે. આત્માની ઊર્ધ્વતાની રુચિ ને જિજ્ઞાસા હોય તેનો પ્રયાસ થયા વિના રહે જ નહિ. આત્માના અનુભવ પહેલાં પણ સાચી જિજ્ઞાસા હોય તેને અવ્યક્તપણે આત્માની ઊર્ધ્વતા હોય. હજુ આત્મા જાણવામાં આવ્યો નથી, પણ અવ્યક્તપણે ઊર્ધ્વતા થાય અને અનુભવમાં આવે ત્યારે વ્યક્ત—પ્રગટ ઊર્ધ્વતા થાય. ૯૯.

● અરે ભાઈ! તારામાં કઈ ઋદ્ધિની ખામી છે કે પર સામે ઝાંવા નાખે છો? તારી સામે અનંતી ઋદ્ધિવાળો પ્રભુ બિરાજે છે તેની સામે નજર નાખતો નથી ને પર સામે નજર નાંખીને પુણ્ય-પાપના દુઃખને અનુભવે છે! દયા-દાન-ભક્તિ આદિના શુભવ્યવહારમાં વિસ્મયતા કરે છો એ વિસ્મયતા છોડીને તારી સામે વિસ્મયકારી ચૈતન્યપ્રભુ બિરાજે છે તેની સામું જો. તારી પ્રભુતાની વિસ્મયતા કરીને એમાં ઠર. તારા એ આનંદના બાગમાં વિહાર કર, અન્ય દ્રવ્યમાં વિહાર ન કર. ૧૦૦.

● લક્ષ્મણને શક્તિ વાગતાં રાત્રિના રામચંદ્ર આદિ વિશલ્યાની કેટલી ઝંખનાથી રાહ જોવે છે કે ક્યારે વિશલ્યા આવે! ક્યારે આવે! તેમ, આ મરેલા ચૈતન્યને જાગૃત કરવા જ્ઞાનના સ્વભાવને જેમ છે તેમ જાણવાની ઊંડી ઝંખના જાગવી જોઈએ. ૧૦૧.

● મૃતક્-કલેવરમાં મૂર્છાએલો એવો અમૃત—આનંદસ્વરૂપ આત્મા પોતા તરફ નજર

પણ કરતો નથી. પોતા તરફ નજર કરતાં, સુખરૂપ અમૃતથી ભરેલો પૂર્ણ સમુદ્ર તેને નિહાળતાં, જોતાં, અવલોકતાં, દેખતાં, માનતાં અને તેમાં સ્થિર થતાં તૃપ્ત થાય તેવી ચીજ પોતે જ છે. ૧૦૨.

● આત્મા જેવડો ને જેટલો મહાન પદાર્થ છે એવડો મહાન માનવો તે જ આત્માની દયા પાળવારૂપ સમાધિ છે અને એવા મહાન આત્માને રાગાદિ જેવડો માનવો કે મતિજ્ઞાન આદિ ચાર અલ્પજ્ઞ પર્યાય જેવડો માનવો તે આત્માની હિંસા છે. ૧૦૩.

● અરે! આવા ચમત્કારી સ્વભાવની વાત સ્વના લક્ષે સાંભળે તો મિથ્યાત્વના ભૂક્કા ઊડી જાય એવી આ વાત છે. ૧૦૪.

● દુષ્કર લાગે તોપણ એ સિવાય ચાર ગતિના રઝળપાટ નહીં ટળે, બાપુ! જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે તેના પર અનાદિનું લક્ષ છે, પણ તેની સમીપમાં જે પરમ પુરુષ નિકટ બિરાજે છે, જે સર્વોત્કૃષ્ટ પ્રભુ છે, તેનું લક્ષ કદી કર્યું નથી. તેથી હવે એ પર્યાયને ત્યાં અંતરમાં વાળ, ભાઈ! ૧૦૫.

● નરકના નારકીને સ્વર્ગના સુખની ગંધ નથી, સ્વર્ગના દેવને નરકના દુઃખની ગંધ નથી, રાગમાં ધર્મની ગંધ નથી, પરમાણુમાં પીડાની ગંધ નથી, સૂર્યમાં અંધકારની ગંધ નથી અને સુખસ્વભાવમાં સંસારદુઃખની ગંધ નથી! ૧૦૬.

● શ્રોતા :—શુદ્ધનિશ્ચયનો પક્ષ તો કરવોને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પક્ષ કરવો એટલે શું? અનુભવમાં જતાં પહેલાં એવો પક્ષ આવે છે કે "હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ છું, પુણ્ય-પાપ ભાવ તે હું નહિ"—એવો વિકલ્પસહિત નિર્ણય પહેલાં આવે છે, પણ એ મૂળ પરમાર્થ વસ્તુ નથી. પહેલાં શુદ્ધનિશ્ચયનો પક્ષ આવે છે, હોય છે, પણ અંદર સ્વાનુભવથી નિર્ણય કરવો એ મૂળ વસ્તુ છે. ૧૦૭.

● ક્યાંય રોકાઈશ નહીં. વિકલ્પની કોઈ પણ ખટક રહ્યા કરશે ત્યાં સુધી અંદર નહીં જઈ શકે. 'હમણાં યુવાન છે માટે રળી લઈએ' એ રહેવા દે, બાપુ! મોત માથે નગારા વગાડે છે. પછી કરીશ, પછી કરીશ એમ રહેવા દે! અંદરમાં કોઈ પણ વિકલ્પ રહેશે કે આ કરું.. આ કરું.. એમ વાયદા કરીશ તો અંદરમાં જઈ શકીશ નહીં. ૧૦૮.

● બહારમાં હોંશુ ન કરીશ, ભાઈ! એ બધું તો ક્ષણભંગુર છે ને અનંતવાર મળ્યું છે. બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને 'અનંતગુણનો પિંડ આત્મા એ મારું સર્વસ્વ છે' એમ માન. ભગવાન પૂર્ણાનંદનો નાથ ચૈતન્યની ઝળહળ જ્યોત છે, તેનું પરિણમન થાય તે જીવનું જીવન છે. પુણ્ય-પાપ ને તેના ફળમાં સર્વસ્વ માને છે તે અસાધ્ય—બેશુદ્ધ થઈ ગયો

છે. માટે, હવે બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માન. ૧૦૯.

● **શ્રોતા :—**આપ બહુ સૂક્ષ્મતામાં ને બહુ ઊંડાણમાં લઈ જાવ છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—**વસ્તુ જ એવા સ્વભાવવાળી છે. પર્યાય ઉપર-ઉપર છે અને દ્રવ્ય ઊંડુ-ઊંડુ છે. અનંત-અનંત ઊંડપ છે. ક્ષેત્રથી નહિ, પણ ભાવથી અનંત-અનંત સામર્થ્યરૂપ ઊંડપ છે. ત્યાં જ્ઞાન પર્યાયને ધીરજથી લઈ જતાં ભગવાનનો ભેટો થાય છે. ૧૧૦.

● એ જ્ઞાનની દિવ્યતા છે, એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે કે જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે; તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે, તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે? વસ્તુ સત્‌ છેને! વિદ્યમાન છેને! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણને! આહાહા! જેની હયાતી નથી તેને હયાત જાણે, તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હયાત જ છે, તેને જાણને! ભાઈ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન, આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે, તેને જાણ. ૧૧૧.

● ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમના મંથનનો સાર છે. આ વાત અહીંથી (પૂજ્ય ગુરુદેવશ્રીથી) બહાર આવી છે, એ પહેલાં આ વાત હિંદુસ્તાનમાં ક્યાંય ન હતી. ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. જે કાળે જે થવાનું છે, તે જ થશે. તેને ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરે છે. આના સંસ્કાર પાડ્યા હશે તે સ્વર્ગમાં જશે ને ત્યાંથી સમકિત પામશે. ૧૧૨.

● જેની સત્તાનો કદી વિરહ નથી, જેની સત્તાની કદી અપૂર્ણતા થઈ નથી, જેની સત્તા કોઈથી દબાઈ નથી એવી જે ત્રિકાળ નિરાવરણ વસ્તુ છે તેની ઉપર નજરબંધી થવી જોઈએ! દ્રવ્ય ઉપર દૃષ્ટિની નજરબંધી થવી જોઈએ! 'મારે મારા સિવાય બીજા કોઈનો આશ્રય નથી' એમ ધ્રુવ ઉપર નજરબંધી થઈ જવી જોઈએ. ૧૧૩.

● ચૈતન્યના લક્ષ વગર જે કાંઈ કર્યું તે બધું સત્યથી વિપરીત હોય. સમ્યગ્જ્ઞાનની કસોટી ઉપર ચડાવતાં તેની એકેય વાત સાચી ન નીકળે. માટે, જેને આત્મામાં અપૂર્વ ધર્મ કરવો હોય તેણે પોતાની માનેલી પૂર્વની બધીયે વાતો અક્ષરે-અક્ષર ખોટી હતી એમ સમજીને જ્ઞાનનું આખુંય વલણ બદલાવી નાખવું પડે; પણ જો પોતાની પૂર્વની વાતને ઊભી રાખે અને પૂર્વની માનેલી વાતો સાથે આ વાતને મેળવવા જાય તો અનાદિના જે ગોટા ચાલ્યા આવ્યા છે તે નીકળશે નહીં અને આ નવું અપૂર્વ સત્ય તેને સમજાશે નહિ. ૧૧૪.

● **શ્રોતા :—**આપ જે વાત સમજાવો છો તે વાત તો બરાબર સાચી જ છે, પણ તેનાથી સમાજને શું લાભ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—જુઓ ભાઈ! પહેલી વાત તો એ છે કે પોતે પોતાનું જોવાનું છે. સમાજનું ગમે તે થાય, તેની ચિંતા છોડીને પોતે પોતાનું સંભાળવું. મધદરિયે ડૂબકા ખાતો હોય ત્યારે સમાજની કે કુટુંબની ચિંતા કરવા નથી રોકાતો, પણ હું દરિયામાંથી ડૂબતો કેમ બચું?—તે માટે જ ઉપાય કરે છે; તેમ સંસાર-સમુદ્રમાં રખડતાં માંડ-માંડ મનુષ્યભવ મળ્યો છે, ત્યારે મારા આત્માનું હિત કેમ થાય? મારો આત્મા સંસાર-ભ્રમણથી કેમ છૂટે?– એ જ જોવાનું છે. પારકી ચિંતામાં રોકાય તો આત્મહિત ચુકાય જાય છે. આ વાત તો પોતાનું હિત કરવાની છે. દરેક જીવ સ્વતંત્ર છે. તેથી સમાજના બીજા જીવોનું હિત થાય તો જ પોતાનું હિત થઈ શકે એવું કાંઈ પરાધીનપણું નથી. માટે, હે જીવ! તું તારા હિતનો ઉપાય કર. ૧૧૫.

● જેને સાચી શ્રદ્ધા પ્રગટે તેનું આખું અંતર ફરી જાય, હૃદય-પલટો થાય, અંતરમાં ઉથલપાથલ થઈ જાય, આંધળામાંથી દેખતો થાય, અંતરની જ્યોત જાગે, તેની દશાની દિશા આખી ફરી જાય! જેને અંતરપલટો થાય તેણે કોઈને પૂછવા જવું ન પડે, તેનું અંતર બેધડક પડકાર મારતું સાક્ષી આપે કે અમે હવે પ્રભુના માર્ગમાં ભળ્યા છીએ, સિદ્ધના સંદેશા આવી ચૂક્યા છે! હવે ટૂંકા કાળે સિદ્ધ થયે છૂટકો! તેમાં બીજું કાંઈ થાય નહિ, ફેર પડે નહિ. ૧૧૬.

● હજારો વર્ષના શાસ્ત્ર-ભણતર કરતાં એક ક્ષણનો સ્વાનુભવ વધી જાય છે. જેને ભવસમુદ્રથી તરવું હોય તેણે સ્વાનુભવની વિદ્યા શીખવા જેવી છે. ૧૧૭.

● "હું શુદ્ધ છું, રાગ પણ મારું સ્વરૂપ નથી"—એમ એકલી અધ્યાત્મની વાત આવે તે સાંભળવી સારી લાગે અને વૈરાગ્ય ભાવનાઓના શ્રવણ ચિંતનમાં ઉત્સાહ ન આવે તો તે શુષ્ક છે. અંતરસ્વભાવ તરફના જ્ઞાન સાથે વૈરાગ્યભાવનાઓ પણ હોય છે. અંતરનો શુદ્ધસ્વભાવ જેને રુચિમાં આવ્યો તેને પર્યાયમાં રાગ ઘટતાં વૈરાગ્યભાવનાઓ આવે છે. ૧૧૮.

● બાહ્યક્રિયાથી નિર્જરા નથી. પંચમ ગુણસ્થાનવાળો શ્રાવક એક માસના ઉપવાસ કરે તે વખતે જે નિર્જરા થાય છે, તેના કરતાં મુનિને નિદ્રા વખતે કે આહાર વખતે નિર્જરા વિશેષ છે. માટે, અકષાયપરિણામ પ્રમાણે નિર્જરા થાય છે, બાહ્ય પ્રવૃત્તિ ઉપર તેનો આધાર નથી. ૧૧૯.

● આત્માની શ્રદ્ધામાં સાત તત્ત્વની શ્રદ્ધા આવી જાય છે, પણ તે છળથી કોઈ સામાન્યપણે સ્વ-પરને જાણી અથવા આત્માને જાણી કૃતકૃત્યપણું માને તો એ ભ્રમ છે. પુણ્ય-પાપ, દયા-દાનાદિ વિકાર હેય છે એ જાણ્યા વિના આત્માનું જ્ઞાન સાચું થતું નથી. બંધના ફળને હિતકર માને તે બંધને હિતકર માને છે. આમ, કોઈ જીવ માત્ર આત્માને સામાન્યપણે જાણે ને કહે કે મારું કાર્ય પુરું થઈ ગયું તો તે ભ્રમણા છે. ૧૨૦.

● અહો! મહાન સંત મુનિશ્વરોએ જંગલમાં રહીને આત્મસ્વભાવના અમૃત વહેતાં મૂક્યા છે. આચાર્યદેવો ધર્મના સ્તંભ છે, જેમણે પવિત્ર ધર્મને ટકાવી રાખ્યો છે. ગજબ કામ કર્યું છે. સાધકદશામાં સ્વરૂપની શાંતિ વેદતાં પરિષહોને જીતીને પરમ સત્‌ને જીવંત રાખ્યું છે. આચાર્યદેવના કથનમાં કેવળજ્ઞાનના ભણકાર વાગી રહ્યાં છે. આવા મહાન શાસ્ત્રોની રચના કરીને ઘણા જીવો ઉપર અમાપ ઉપકાર કર્યો છે. રચના તો જુઓ! પદે-પદે કેટલું ગંભીર રહસ્ય છે! આ તો સત્યની જાહેરાત છે. આના સંસ્કાર અપૂર્વ ચીજ છે અને આ સમજણ તો મુક્તિને વરવાના શ્રીફળ છે. સમજે તેનો મોક્ષ જ છે. ૧૨૧.

● ભગવાન તો કહે છે કે જેને ચૈતન્ય આત્માનું ભાન નથી, પૂર્ણાનંદનો નાથ અંદરમાં બિરાજે છે તેની જેને શ્રદ્ધા નથી, એ બધા ચાલતાં મડદાં છે અને તેના વ્રત-તપ આદિ બધું મૂર્ખાઈ ભરેલા છે અને જેને પૂર્ણાનંદ ભગવાનની શ્રદ્ધા છે, જ્ઞાન છે, ભાન છે એ સંસારમાં રહ્યાં પણ ચાલતાં સિદ્ધ છે. ૧૨૨.

● આ લોક આખો ભગવાનના સમૂહથી ભરેલો ગોદામ છે. દરેક જીવ સ્વભાવે ભગવાન છે. દેહદેવળમાં ભગવાન જિનેન્દ્રદેવ બિરાજે છે. ૧૨૩.

● અહો! સમ્યગ્દર્શન થતાં આત્માના પ્રદેશે-પ્રદેશે આનંદનો જન્મ થાય છે, અસંખ્ય પ્રદેશો આનંદથી ઊછળે છે. આનંદનું જન્મધામ નિજ પરમાત્મતત્ત્વ તે જ સમ્યગ્દર્શનનું કારણ છે. ૧૨૪.

● આત્મા સમજવા માટે જેને અંતરમાં ખરેખરી ધગશ અને તાલાવેલી જાગે તેને અંતરમાં સમજણનો માર્ગ થયા વિના રહે જ નહીં. પોતાની ધગશના બળે અંતરમાં માર્ગ કરીને તે આત્મસ્વરૂપને પામે જ. ૧૨૫.

● અનંતા પ્રતિકૂળ દ્રવ્યો આવી પડે તેનાથી આત્મા હલ્યો હલે નહિ, તીવ્રમાં તીવ્ર આકરા અશુભ પરિણામો થાય, તેનાથી પણ ધ્રુવ આત્મા હલ્યો હલે નહિ અને એક સમયની પર્યાયથી પણ આત્મા હલ્યો હલે નહિ! એવા અગાધ સામર્થ્યવાળો ધ્રુવ આત્મા છે, તેને લક્ષમાં લેવાથી ભવભ્રમણ છૂટે એવું છે. ૧૨૬.

● રાગથી જુદો છું.. રાગથી જુદો છું.. સ્વભાવથી એકમેક છું.. સ્વભાવથી એકમેક છું.. એવા સંસ્કાર તો પાડ! એવા દૃઢ સંસ્કાર વડે ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ૧૨૭.

● ભાઈ! તને પ્રાપ્ત કરવા માટે તારી શ્રુતજ્ઞાનની પર્યાય જ બસ છે. બીજું 'આ કરું ને તે કરું' તે વાત જ નથી. આ તો સહેલીસટ વાત છે. અંતરના પ્રેમ દ્વારા એ જ્ઞાનને અંતરમાં વાળતાં એ પર્યાયને દ્રવ્યનું આલંબન મળે છે ને આનંદના સ્રોત વહે છે. ૧૨૮.

● દેવ-શાસ્ત્ર-ગુરુ એમ કહે છે કે ભાઈ! તારી મહિમા તને આવે તેમાં અમારી મહિમા આવી જાય છે. તારી તને મહિમા આવતી નથી તો તને અમારી પણ ખરેખર મહિમા આવી નથી, અમને તેં ઓળખ્યા નથી. ૧૨૯.

● ભાઈ! તું પોતે જ ભગવાન છો, દેહદેવળમાં બિરાજતો પરમાત્મા છો. ભગવાન તે જ હું અને હું તે જ ભગવાન—એવી દૃષ્ટિ થયા વિના કોઈને સમ્યગ્દર્શન ત્રણકાળ, ત્રણ લોકમાં થાય નહીં. ૧૩૦.

● જીવની દયા પાળવાના ભાવને લોકો જૈનના સંસ્કાર માને છે, પણ તે જૈનના સાચા સંસ્કાર નથી; જૈનના સાચા સંસ્કાર તો રાગથી ભિન્ન ચૈતન્યને માનવો તે જૈનના સાચા સંસ્કાર કહેવાય. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, એહી વચનસે સમજલે જિન પ્રવચનકા મર્મ.' ૧૩૧.

● જો તું તારા ચૈતન્યભાવની કિંમત કરીશ તો પરની કિંમત ઊડી જશે. પછી ભલે ઈન્દ્રના ઈન્દ્રાસન કે ચક્રવર્તીના રાજ્ય હોય તોપણ તેની કિંમત ઊડી જશે. ૧૩૨.

● માખી જેવું પ્રાણી ફટકડી ઉપર ચોંટે નહિ અને સાકર ઉપર બેસે તો મીઠાશના લીધે પાંખ તુટે તોપણ ઉખડે નહિ, તેમ જ્ઞાનીને ચૈતન્યના આનંદના સ્વાદની મીઠાશ આગળ ઈન્દ્ર કે ચક્રવર્તીના ભોગ પણ દુર્ગંધમય સડેલા મડદાં જેવાં લાગે છે. તેથી, વિષયોને આકુળતાના કારણ જાણી ફટકડીની જેમ વિષય-ભોગમાં ચોંટતા નથી ને સાકરની મીઠાશની જેમ અતીન્દ્રિય આનંદમાંથી જ્ઞાની ઉખડતા નથી. ૧૩૩.

● બીજાના દુઃખો સાંભળીને ઘણી વખત સાંભળનારાઓને અરેરાટી થઈ જાય છે, પણ તે અરેરાટ (વૈરાગ્ય) સાચો નથી. જીવને દુઃખ અપ્રિય છે એટલે દુઃખની વાત સાંભળવામાં આવતાં ઉદાસીન ભાવ આવી જાય છે, પણ આ ઉપરથી એમ ન સમજવું કે તેને સંસારથી ખરો અરેરાટ થયો છે; તેને તો ચક્રવર્તીની ઋદ્ધિ સાંભળી હર્ષ થાય છે. સંસારથી સાચા વિરક્તભાવવાળાને તો ચક્રવર્તીની ઋદ્ધિનું વર્ણન કે નારકીના દુઃખનું વર્ણન બન્નેમાં સંસારનું દુઃખ સરખું જ લાગે છે, બંને તરફ સરખો જ ઉદાસીન ભાવ હોય છે. ૧૩૪.

● અન્યાયથી ઉપાર્જન કરેલી લક્ષ્મી, બળાત્કારથી લાવેલી સ્ત્રી સમાન લાંબો વખત ટકશે નહિ. ધણીના ગુણપ્રેમથી આકર્ષાયેલી સ્ત્રી કાયમ રહેશે તેમ, ન્યાયથી ઉપાર્જિત લક્ષ્મી લાંબો વખત ટકી રહેશે. નીતિ તે કપડાં સમાન છે અને ધર્મ તે દાગીના સમાન છે. કપડાં વિના દાગીના શોભતા નથી, તેમ નીતિ વિના ધર્મ શોભા પામતો નથી. ૧૩૫.

● જે કાંઈ દુષ્કર છે, અઘરું છે, તે મંદવીર્યવાળાને માટે છે—નિર્બળને માટે છે; વીરને

માટે કંઈ જ દુષ્કર કે અઘરું નથી. ૧૩૬.

● સ્વવીર્યનો ઉલ્લાસ જો સબંધ એવો કાઢ કે જેવું છે એવું સ્વરૂપ પ્રગટ કર્યે જ છૂટકો! આત્માનું સ્વરૂપ પ્રગટ કરવામાં એક સમયમાત્રનો પણ પ્રમાદ ન કર. આહાહા! આ અવસર વારંવાર નહીં મળે, માટે જલ્દી પહોંચી વળ. ૧૩૭.

● અનંતકાળ થયા જીવ કષાયના વેગથી દોડી રહ્યો છે, પણ તેને હજુ થાક લાગતો નથી. જો થાક લાગે તો તેને મુંઝવણ થાય અને મુંઝવણ થાય તો તેની મુંઝવણ ટળે. ૧૩૮.

● અનંતવાર જીવે છ, છ મહિનાના ઉપવાસ કર્યા, ચામડાં ઊતરડીને ખાર છાંટ્યા છતાં આંખનો ખૂણો લાલ કર્યો નહિ, અરે! મનથી પણ ક્રોધ કર્યો નહીં, છતાં જે નિરાલંબનભાવ સમજવો જોઈએ તે રહી ગયો. ૧૩૯.

● અજ્ઞાનીઓ જીવવાને લક્ષે જીવી રહ્યા છે એટલે તેને મરણ ગમતું નથી. મરણ આવ્યે પણ તેને જીવવાનું લક્ષ રહ્યા કરે છે. જ્ઞાનીઓ તો મરવાના લક્ષે જ જીવે છે, એટલે આગળથી અજમાયશ અને અખતરા તૈયાર કરી રાખેલ છે; પછી તે મરણને આનંદથી વધાવી લે છે, તેને મરણનાં છેલ્લાં ટાણા બહુ મહોત્સવનાં હોય છે; તેથી આનંદથી દેહને છોડે છે. જીવવાના ભાવે તો અનંત વખત જીવ્યો, પણ મરવાના ભાવે કોઈ વખતે જીવ્યો નથી. મરવાના ભાવે જીવે તો ફરી તેને જન્મ લેવો જ ન પડે. ૧૪૦.

● જેને જ્યાં પ્રેમ લાગે છે ત્યાં તે ઝુકી જાય છે, ખપી જાય છે. જેને મનુષ્યપણે આત્મા આત્મા થઈ ગયું છે તેને આત્મા પ્રગટ્યે જ છૂટકો. જેણે આત્માને જાણ્યો છે, તેણે આત્મભાવ મોઢા આગળ કર્યો છે, તેને બીજું કાંઈ ત્રણકાળમાં મોઢા આગળ (મુખ્ય) થાય એમ નથી, તેને હવે કોઈ ચૌદ બ્રહ્માંડમાં વિઘ્ન કરનાર નથી. જેણે પોતાનું આત્મજીવન પહેલું કર્યું છે તેને હવે ત્રણે કાળમાં તે જીવન જ પહેલું (મુખ્ય) રહેવાનું છે. ૧૪૧.

● જેણે અતીન્દ્રિય આનંદ અનુભવ્યો છે, તેને વગર આહારે પણ અલૌકિક આનંદ આવે છે, તેને દેહ અને સંસાર મૂકવો તે તો રમતની વાત છે. ૧૪૨.

● પંચપરમેષ્ઠીના પ્રેમ કરતાં આ શરીર ઉપર પણ જો પ્રેમ વધી જાય તો તે અનંતાનુબંધીનો લોભ છે. ૧૪૩.

● જ્ઞાની કહે છે કે 'પછી કરીશું, પછી કરીશું' એવો અભ્યાસ (વાયદો) જેણે કરી રાખ્યો છે, તેને મરણ વખતે પણ પછી જ રહેવાનું છે; કારણ કે જેણે પછી-પછીનો સિદ્ધાંત કરી રાખ્યો છે તેને પછી-પછીમાં હમણાં કરું એવું નહિ આવે; અને જ્ઞાનીને તો એમ થાય છે કે આ શરીર છૂટવાના સમયે ઘણું જોર પડશે, તો તેમાં જેટલું જોર છે તેટલું જોર આત્માનું

પણ તેની સામે જોઈશે. માટે, જ્ઞાનીને એમ થાય કે મારા ભાવને આ ક્ષણે તૈયાર કરું, આ પળે તૈયાર કરું! 'આ પળે કરું' એવો જેણે અભ્યાસ પાડી રાખ્યો છે તેને મરણ વખતે 'આ પળ જ' આવી જશે. ૧૪૪.

● દેવ, ગુરુ ને ધર્મની જે ભાવના છે તે ભાવનાને કાળ ન હોય; કારણ કે પરમાત્મપદને જેમ કાળ ન હોય તેમ તેની ભાવનાને પણ કાળ ન હોય. ભાવના ભાવતાં એમ ન થઈ જાય કે હું ઘણાં વર્ષોથી ભાવના ભાવું છું, છતાં ફળ કેમ દેખાતું નથી! એવી આકુળતા ન હોય. આકુળતા છે તે તો કષાય છે ને જ્યાં આવી આકુળતા થાય ત્યાં તો આત્મભાવ દૂર થતો જાય છે. વળી આકુળતા છે તે પોતાની ભાવનાને મોળી પાડી દે છે તથા તેમાં સંદેહ થઈ જાય છે, તેથી પોતાની સાચી ભાવનાને પણ ખોટી કરી નાખે છે, માટે ભાવનાને કાળ ન હોય. ભાવના તે પણ વસ્તુસ્વરૂપ છે. જો તારી સાચી ભાવના હશે તો તારો આત્મભાવ તને મળશે જ. જેટલું કારણ આપે તેટલું કાર્ય અવશ્ય મળે જ. ૧૪૫.

● અંતર્ગતના પ્રમાણથી જેને વસ્તુ મનાણી હોય—પોષાણી હોય, તેને પછી ઈન્દ્ર ઊતરીને ડગાવવા આવે તો પણ તે ડગે નહીં. ૧૪૬

● સંસારપ્રેમના લક્ષે બાજુમાંથી વાજાં વાગતાં નીકળે તેનો પણ ખ્યાલ રહેતો નથી, તો આત્માના લક્ષે જગત આખું ભૂલી જવાય તેમાં આશ્ચર્ય શું!! ૧૪૭.

● આકુળતાવાળા સુખથી પણ શરીરનો વ્યાધિ ભૂલી જવાય છે તો અનાકુળતાવાળા સુખથી જગત કેમ ન ભૂલાય? અર્થાત્ આત્માના સાચા સુખ વડે સંસારનાં ગમે તેવાં ઘોર દુઃખો પણ ભૂલી જવાય છે. ૧૪૮.

● એક વસ્તુના એક પડખાનું પણ જેને યથાર્થજ્ઞાન થાય તેને બધાં પડખાનું જ્ઞાન યથાર્થ થઈ જાય છે. સમ્યગ્દર્શનસહિતનું મતિશ્રુતજ્ઞાન તે કેવળજ્ઞાનનો અંશ છે, કેવળજ્ઞાનનો નમૂનો છે, કેવળજ્ઞાનનો કટકો છે. ૧૪૯.

● રોજ રોટલા ખાવા છતાં અરુચિ થતી નથી, તેમ જ્ઞાનને ફરી-ફરીને કહેતાં, સાંભળતાં અરુચિ ન થવી જોઈએ. ૧૫૦.

● આજ્ઞા બે પ્રકારે છે—દ્રવ્ય આજ્ઞા અને ભાવ આજ્ઞા. દ્રવ્ય આજ્ઞા માને તો પુણ્યબંધ થાય છે. ભાવ આજ્ઞા સમજવી બહુ મોંઘી છે. ભાવ આજ્ઞા સમયમાત્ર સમજાય તો ભવભ્રમણ ટળી જાય. ૧૫૧.

● અંતરના આત્મધર્મની રીત તો ચક્રવર્તી તથા ભિખારી બંનેને સરખી હોય છે. મરણ અને ધરમની રીત તો સર્વને એક જ પ્રકારે હોય છે. ૧૫૨.

● જગતનો પ્રેમ ઘટાડ્યા સિવાય પરમેષ્ઠીના હૃદયમાં શું છે? તેના કાળજામાં શું છે?—તે સમજાય નહીં. માટે, પરમેષ્ઠીનું સ્વરૂપ જાણવા જગતનો પ્રેમ ઘટાડવો. ૧૫૩.

● સમયસાર એટલે સર્વજ્ઞની દિવ્યધ્વનિનું વર્તમાન પૂરું રૂપ. બાર અંગ અને ચૌદ પૂર્વનું દોહન સમયસાર છે અને આખા સમયસારનું દોહન ૪૭ શક્તિઓ છે. શક્તિઓનું વર્ણન કરીને આત્માનું પરમાત્મપણું ખોલી નાખ્યું છે. આ શક્તિઓના વર્ણનમાં તો કેવળીના પેટ છે. ભરતક્ષેત્રમાં અજોડ શાસ્ત્ર સમયસાર છે. ૧૫૪.

● ચક્રવર્તીની ખીર ચક્રવર્તી જ પચાવી શકે, વાસુદેવના કેસરીયા લાડુ વાસુદેવ જ પચાવી શકે તેમ, આત્માના અનંત-અનંત આશ્ચર્યકારી સ્વભાવના સામર્થ્યને ધર્માત્મા જ પચાવી શકે, બીજાનું કામ નહિ. ૧૫૫.

● અહો! સમ્યગ્દૃષ્ટિ જીવ છ-છ ખંડના રાજ્યમાં ઊભા હોય છતાં તેના જ્ઞાનમાં જરીયે મચક નથી આવતી કે આ મારા છે અને છન્નું હજાર અપ્સરા જેવી રાણીઓનાં વૃંદમાં ઊભા હોય છતાં જરીયે એમાં સુખબુદ્ધિ થતી નથી. અરે! કોઈ નરકની ભીષણ વેદનામાં પડ્યો હોય તોપણ અતીન્દ્રિય આનંદના વેદનની અધિકતા છૂટતી નથી. એ સમ્યગ્દર્શનનું શું માહાત્મ્ય છે, તે જગતને બાહ્યદૃષ્ટિથી કળવું કઠણ છે. ૧૫૬.

● અહો! ભાવલિંગી મુનિ એટલે તો ચાલતા પરમેશ્વર, જે અંદરમાં આનંદકંદને ઝૂલે ઝૂલતાં હોય ને પંચમહાવ્રતનો રાગ ઊઠે એને ઝેર જાણતા હોય! અહો! જેના દર્શન અહોભાગ્ય થાય. જે આનંદની ખેડ કરી રહ્યાં છે, એ ધન્યદશા અલૌકિક છે. ગણધરના નમસ્કાર જેને પહોંચે એ દશાની શું વાત! ૧૫૭.

● દર્શનમોહ મંદ કર્યા વિના વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ અને દર્શનમોહનો અભાવ કર્યા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી. ૧૫૮.

● એક ગામમાં દુષ્કાળ પડવાથી ગરીબ માણસો ભૂખના માર્યા રાજા પાસે ગયા કે સાહેબ! અમે ભૂખે મરીએ છીએ, અમારી પાસે દાણાં નથી. ત્યારે રાજા કહે છે કે દાણાં ન હોય તો ખાવને ખાજા! ત્યારે ગરીબ માણસો કહે છે કે અમારી પાસે દાણાં પણ નથી તો ખાજા તો ક્યાંથી હોય જ! પરંતુ અહીં તો બધાંની પાસે ખાજા પડ્યા જ છે, નથી એમ અહીં નથી. અહીં તો ભાઈ! તારી અંદર શક્તિમાં અતીન્દ્રિય આનંદના ખાજા અર્થાત્ ખજાના ભર્યા પડ્યા છે, તું નજર કર એટલી વાર છે. ૧૫૯.

● આત્માને માટે કાંઈક એની પાછળ પડવું જોઈએ, આનું આ રટણ કરવું જોઈએ, જાગતાં-ઊંઘતાં એનો પ્રયત્ન જોઈએ, એની રુચિનો પ્રકાર સરખો થવો જોઈએ. અંદરમાં

પરમેશ્વર કેટલો મહાન છે એને જોવાનું કુતૂહલ જાગે તો જોયા વિના ચેન ન પડે. ૧૬૦.

● સર્વજ્ઞો, સંતો, શાસ્ત્રો પોકાર કરીને એમ કહે છે કે પહેલાંમાં પહેલાં આત્માને જાણવો, આત્માને અનુભવવો; એના વિના એક ડગલું પણ આગળ નહિ ચાલે. આત્માનું પરમાર્થસ્વરૂપ બતાવવા સીધી વાત કરી છે કે પહેલાંમાં પહેલાં આત્માને જાણીને અનુભવ કર. સમયસારની ગાથા પમા પણ કહ્યું કે હું કહું છું તેનો અનુભવ કરીને પ્રમાણ કરજે. ૧૬૧.

● સમયસારજી પ્રથમ હાથમાં આવતાં, કુંદકુંદ આચાર્યે મહાવિદેહમાં બિરાજતાં સીમંધર ભગવાનના સાક્ષાત્ દર્શન કરીને અહીં આવીને આ શાસ્ત્ર રચેલ છે, તેથી તેમના આગમ પરમ માન્ય છે—એ ફૂટનોટ વાંચતાં જ એમ થઈ ગયું કે "આ મારા ઘરની જ વાત છે." ૧૬૨.

● એક બાજુ આનંદધામ પ્રભુ અંદરમાં બિરાજે છે ને બીજી બાજુ બહારમાં મૃગજળ જેવા વિષયો છે. તારા હિતને વિચારી જ્યાં રુચે ત્યાં જા! ૧૬૩.

● મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી સાધુ થયો તોપણ તેને હજુ બોજો ઉતર્યો નથી અને સમ્યગ્દૃષ્ટિને છ ખંડના રાજ્યમાં પણ બોજો નથી. રાગના એક અંશમાં લાભબુદ્ધિ છે ત્યાં આખા જગતનો બોજો પડ્યો છે, જરીયે બોજો ઉતર્યો નથી. અંદરમાં પ્રવેશ કરતાં બધો બોજો ઉતરી જાય છે. ૧૬૪.

● અહો! મુનિદશા એટલે સાક્ષાત્ કેવળજ્ઞાનની તળેટી! આનંદના અનુભવના ઝૂલે ઝૂલતાં, હજારો વીંછીના કરડ થવા છતાં કે ૪૮ ગાઉના મોટા અવાજ આદિ થવા છતાં તેની જેને ખબર રહેતી નથી ને આનંદમાં ઊંડા ઉતરી ક્ષણમાં કેવળજ્ઞાન લ્યે એ અદ્ભુત મુનિદશાની શી વાત! ધન્ય દશા છે. ૧૬૫.

● જેમ કોઈને એક વખત આકરી વેદના આવી ગઈ હોય અને ફરી તેવી વેદના થાય તેવું કોઈ ચિહ્ન ખ્યાલમાં આવતાં પણ કંપારી છૂટે ને ત્રાસ-ત્રાસ થઈ જાય તેમ, ચોરાશીના અવતારના દુઃખનું સ્મરણ કરતાં ત્રાસ-ત્રાસ થઈ જાય. ૧૬૬.

● આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ!—એમ નિરાવલંબનપણે કોઈના આધાર વિના અદ્ધરથી વિચારની ધૂન ચાલતાં-ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ હું આ હું! એ ઘોલનનું જોર ચાલતાં-ચાલતાં એ વિકલ્પો પણ છૂટીને અંદરમાં ઉતરી જાય છે. ૧૬૭.

● માથાનો કાપનાર, કંઠનો છેદનાર પોતાનું જેટલું અહિત નથી કરતો તેટલું અહિત પોતાનો ઊંધો અભિપ્રાય કરે છે. જગતને પોતાના ઊંધા અભિપ્રાયની ભયાનકતા ભાસતી નથી. ૧૬૮.

● આત્મા દૈવી શક્તિઓથી ભરેલો દેવ છે. આ આત્મા જ દેવાધિદેવ છે. એના અંતરમાંથી આનંદની લહેજત આવતાં ઇન્દ્રના સુખ ઉકરડાં જેવા લાગે. ૧૬૯.

● દેરાણી-જેઠાણી વિગેરે જુદાં પડવાના હોય તે પહેલાં એક બીજાના વાંકા બોલવા લાગે છે, તે તેના જુદાં પડવાના લક્ષણ છે; તેમ, જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે, તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. આત્મામાં રાગની ગંધ નથી, રાગના જેટલાં વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું, તેમાં દુઃખ-દુઃખ ને દુઃખ છે—ઝેર છે, તેમ પહેલાં જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે. ૧૭૦.

● બહુશ્રુતના હૃદયમાં તીર્થંકરદેવનો વાસ છે! જ્ઞાનીના હૃદયમાં તીર્થંકર વસે છે! તેથી, તીર્થંકર જે કહે છે તે જ વાત તેની વાણીમાં આવે છે. ૧૭૧.

● દિગંબર સંતોના શાસ્ત્ર એટલે ચૈતન્ય ચિંતામણિરત્નને બતાવનારા મોટા પાટડા! પરથી હઠ ને સ્વભાવ-સન્મુખ જા! એટલા માટે શાસ્ત્રો કહ્યાં છે. ૧૭૨.

● જેમ શકરકંદ અગ્નિમાં બફાય જાય છે, તેમ આત્મા વિષયની વાસનામાં બફાઈ જાય છે, પણ એનું એને ભાન નથી, તેથી સુખ લાગે છે. ૧૭૩.

● પોતાની પાછળ વિકરાળ વાઘ ઝપટું મારતો દોડતો આવતો હોય તો પોતે કેવી દોટ મૂકે! એ વિસામો ખાવા ઊભો રહેતો હશે? એમ આ કાળ ઝપટું મારતો ચાલ્યો આવે છે અને અંદર કામ કરવાના ઘણા છે એમ એને લાગવું જોઈએ. ૧૭૪.

● આનંદમાં ઝૂલતાં સંતો કહે છે કે અમે સેંકડો શાસ્ત્ર જોઈને નિર્ણય કર્યો છે કે ચૈતન્યસ્વરૂપમાં તો એકલો જ્ઞાન ને આનંદ જ ભર્યો છે, બીજું કાંઈ એમાં નથી. ૧૭૫.

● બાપુ! તારે બહુ પુરુષાર્થ કરવાનો છે. હરિહરાદિ પણ પાછા પડ્યા, પૂરા પહોંચી શક્યા નહિ. તારે તો શરૂઆત કરવાની છે. તારે પ્રભુને ઘેર પહોંચવાનું છે, તેથી તારે તો બહુ પુરુષાર્થ જોઈશે. ૧૭૬.

● જેવો વસ્તુસ્વભાવ છે તેવું જ્ઞાન કરવું પડશે, એ વિના વસ્તુ જવાબ નહિ આપે. પોપાબાઈનું રાજ્ય નથી. ૧૭૭.

● સત્યની વાત સમજવામાં ટકી રહેવું એ પણ એક પુરુષાર્થ છે. ૧૭૮.

● જેટલા પરમાત્મા થયા તે બધાં અંદરમાંથી નીકળ્યા છે. આત્મા પોતે જ પરમાત્માનો ગર્ભ છે, એમાંથી બધા પરમાત્મા થાય છે. ૧૭૯.

● પાંચસો ધનુષ્યની કાયાવાળા મનુષ્યના પગના અંગૂઠાને એક પાતળા ઝીણા વાળથી બાંધેલ હોય તો તે આટલી મોટી કાયાવાળાને શું બાંધે? તેમ આત્મા અનંત શક્તિનો પિંડ છે, તેના એક ચારિત્રગુણની એક સમયની પર્યાયમાં બંધન છે, એ તે અનંત શક્તિવાળા આત્માને શું બાંધે? ૧૮૦.

● આત્માની શોભા ઉપર જેની દૃષ્ટિ જાય છે એને દુનિયાના બધાં સુખો સડેલાં મિંદડા ને વાંદરાની દુર્ગંધ જેવા દુર્ગંધમય લાગે છે. ૧૮૧.

● ભાઈ! તારી નજર ઠરે એવી કોઈ બાહ્ય ચીજ જગતમાં નથી, તારા માટે નજર ઠરે એવી ચીજ જગતમાં તું એક જ છો. ૧૮૨.

● ભાઈ! તું શરીર સામું ન જો! તારા વિકલ્પ મફતમાં જાય છે ને આત્માનું કાર્ય પણ થતું નથી. શરીર દગો દેશે. ભાઈ! તારા આત્માનું કરવાનું છે તે કરી લે. ૧૮૩.

● પરસત્તાવાળા તત્ત્વોને ગ્રહવાનું અભિમાન, પરસત્તાવાળા તત્ત્વોને ત્યાગવાનું અભિમાન, એ અભિમાન જ મિથ્યાત્વ છે અને તે સાત વ્યસનના પાપ કરતાં પણ મહાન પાપરૂપ છે. ૧૮૪.

● કોઈપણ જીવ પોતાની હયાતી વિના, ક્રોધાદિ થવા કાળે, 'આ ક્રોધાદિ છે' એમ જાણી શકે જ નહિ. પોતાની વિદ્યમાનતામાં જ એ ક્રોધાદિ જણાય છે. રાગાદિને જાણતાં પણ જ્ઞાન.. જ્ઞાન.. એમ મુખ્યપણે જણાવા છતાં 'જ્ઞાન તે હું' એમ ન માનતાં, જ્ઞાનમાં જણાતા 'રાગાદિ તે હું' એમ રાગમાં એકતાબુદ્ધિથી જાણે છે—માને છે, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. ૧૮૫.

● એક સમયનો ભૂલેલો ભગવાન બીજા સમયે ભૂલ ભાંગી ભગવાન થઈ શકે છે. કાલનો કઠિયારો આજે કેવળી થાય એવા પ્રસંગો સારા કાળે નજરે દેખાતા હતા. ૧૮૬.

● આ ચૈતન્ય તો લંગડો છે. હાલતો નથી, ચાલતો નથી, બોલતો નથી, વિકલ્પ કરતો નથી, થાય તેને માત્ર જાણવાના સ્વભાવવાળો જ્ઞાતાદૃષ્ટા જ છે. ૧૮૭.

● તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ. તેમ પર્યાય પાછળ પ્રભુ રે, પ્રભુ કોઈ દેખે નહિ. અહો! એક સમયની પર્યાય પાછળ પરમાત્મા બિરાજે છે. ૧૮૮.

● અરે પ્રભુ! ક્યાંનો તું? અને ક્યાંનું આ હાડપિંજર? અને ક્યાંના આ રાગ-દ્વેષ?

તારે અને એને ખરેખર કાંઈ સંબંધ નથી. ૧૮૯.

● જિનવાણીનું મહાન લક્ષણ તો એ છે કે રાગની અને નિમિત્તની એકદમ ઉપેક્ષા કરાવે, તે જિનવાણીનું લક્ષણ છે. લાખ વાતની આ વાત છે કે આત્મા વીતરાગી સ્વરૂપ છે, જિનસ્વરૂપ છે, તેનો આશ્રય કરવાથી સંસારનો અંત આવે છે. ૧૯૦.

● સાંભળતી વખતે એને આત્માનું સ્વરૂપ સ્પષ્ટ લાગે છે, છતાં પણ એની ભ્રમ જાળ બની રહે છે, એનું કારણ એ છે કે એણે જ્ઞાનનો ઊંડો પાયો નાખ્યો જ નથી. ૧૯૧.

● ત્રણલોકનો નાથ અંદરમાં બિરાજે છે એની એને ખબર નથી ને બહારના પદાર્થોની કિંમત ટાંકવા જતાં તે પોતાના સામર્થ્યની કિંમત ભૂલી ગયો. ૧૯૨.

● પહેલાં ચારિત્રદોષ ટાળવા પ્રયત્ન કરે છે, તે કરતાં પહેલાં દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર, તો અંદરમાં જવાનો માર્ગ નીકળશે. ૧૯૩.

● હાથમાંનું જે હથિયાર પોતાનું જ ગળું કાપે તે હથિયાર શું કામનું? તેમ જે વિદ્યા-જ્ઞાન પોતાના આત્માને સંસારમાં રખડાવે તે વિદ્યા—જ્ઞાન શું કામનું? જે વિદ્યા-જ્ઞાન એને સંસારદુઃખથી મુક્ત કરાવે એ જ સાચી વિદ્યા ને સાચું જ્ઞાન છે. ૧૯૪.

● અજ્ઞાની પોતે પોતાને છેતરે છે ને માને છે કે અમે લાભમાં છીએ. આમ જગત અનાદિથી ઠગાણું છે. ૧૯૫.

● વર્તમાનમાં જરાક એક પ્રતિકૂળતા આવે તો એ એનાથી સહન થતી નથી, પણ ભવિષ્યમાં અનંતી પ્રતિકૂળતાઓ આવે તેવા ભાવોથી છૂટવાની એને દરકાર નથી! ૧૯૬.

● મૂળ ચીજ ધ્રુવવસ્તુ એવી ઝીણી છે કે એ ઝીણી ચીજ તેના હાથમાં આવે એટલે બસ! તેને અમૃતના વરસાદ વરસ્યા. ૧૯૭.

● સ્મશાનમાં ફૂલેલાં મડદાં પડ્યા હોય તેમાં કાળા કાગડાને મજા લાગે છે, તેમ આ રૂષ્ટપુષ્ટ દેખાતા શરીરો ફૂલેલાં મડદાં છે, તેમાં સુખ માને છે તે બધાં કાળા કાગડા સમાન છે. ૧૯૮.

● શાસ્ત્રમાં આવે છે કે આ શરીરમાં ૫,૬૮,૯૯,૫૮૪ રોગો રહેલાં છે. દેહ તો રોગની મૂર્તિ છે. ભગવાન આત્મા આનંદની મૂર્તિ છે. મૃતક દેહમાં ભગવાન અમૃતનો સાગર મૂર્છાણો છે. ભાઈ! એકવાર તું તને જો! બીજાને જોવામાં અંધ થઈ જા ને તને જોવામાં હજાર આંખોથી જો. ૧૯૯.

● આત્મશક્તિમાં—સ્વભાવમાં ભૂલની ગંધ જ નથી અને પર્યાયની ભૂલને અમે જોતાં

નથી. સદોષ દશાને અમે નથી જોતાં, અમે તો પવિત્ર સ્વભાવને જ જોઈએ છીએ. ૨૦૦.

● લાકડાના, લોઢાના, અગ્નિના, જળના, વીજળીના સ્વભાવનો જીવ ભરોંસો કરે છે. દવાની ગોળીનો ભરોંસો કરે છે. જેનાથી પરમાં કાંઈ થતું નથી છતાં તેનો ભરોંસો જીવ કરે છે, તો જેનામાં આશ્ચર્યકારી એક જ્ઞાનશક્તિ છે, એવી-એવી અનંતી શક્તિઓમાં વ્યાપક ભગવાન આત્મા અચિંત્ય શક્તિ સામર્થ્યવાન છે એનો ભરોંસો કરે તો ભવભ્રમણ છૂટી જાય. ૨૦૧.

● હાથમાં લાકડી રાખીને શરીરને અડાડવાથી શરીરના ઠંડા-ઊનાનો ખ્યાલ ન આવે અને વધેલા નખથી પણ શરીરનું ઠંડા-ઊનાપણું ખ્યાલમાં ન આવે, કેમકે તે શરીરનું અંગ નથી; તમે લાકડી સમાન જડ ઈન્દ્રિયોથી કે નખ સમાન શુભરાગથી આત્મા ખ્યાલમાં આવતો નથી, પણ જ્ઞાનનો ક્ષયોપશમ તે આત્માનું અંગ છે, તે જ્ઞાનને આત્મામાં વાળતાં આત્માનું ભાન થાય છે. ૨૦૨.

● બહારના ઝાઝા જ્ઞેયો જોવાની એને એવી ટેવ પડી ગઈ છે કે જેથી એને એકરૂપ સ્વજ્ઞેયમાં આવતાં ભાર લાગે છે, કઠણ લાગે છે. બહારના ઝાઝા જ્ઞેયોમાં એને ભરેલું-ભરેલું લાગે છે અને એકરૂપ જ્ઞેયોમાં (અંદરમાં) જવું તેને ખાલી-ખાલી જેવું લાગે છે, પણ ખરેખર તો બહારના ઝાઝા જ્ઞેયો ખાલીખમ છે, એક સ્વજ્ઞેયમાં જ ભરેલું-ભરેલું છે. અનંતા જ્ઞેયોને જાણવા જતાં એકેયનું સાચું જ્ઞાન થતું નથી. એક સ્વજ્ઞેયને જાણવા જતાં અનંતા જ્ઞેયનું જ્ઞાન સાચું થાય છે. ૨૦૩.

● હે પ્રભુ! આપે ચૈતન્યના અનંતા ખજાના ખોલી નાખ્યા! તો હે પ્રભુ! હવે એવો તે કોણ હોય કે તરણાં સમાન ચક્રવર્તીના રાજને છોડીને ચૈતન્યના ખજાનાને ખોલવા ન નીકળી પડે! ૨૦૪.

● આ આત્મા એ જ જિનવર છે, અનાદિકાળથી જિનવર છે. આહાહા! અનંતા કેવળજ્ઞાનની વેલડી છે. પોતાનો આત્મા જ અમૃતનો કુંભ છે, અમૃતની વેલડી છે, એના પર એકાગ્ર થવાથી પર્યાયમાં જિનવરના દર્શન થાય છે, પરમાત્મા પ્રગટ થાય છે, તેને સમ્યગ્દર્શન કહે છે. ૨૦૫.

● જેણે આત્મા જાણ્યો તેણે કેવળજ્ઞાનીના પેટ ખોલીને જાણ્યા. કેવળજ્ઞાનનો કેવો આનંદ છે ને કેવું સ્વરૂપ છે એનો બધો ખ્યાલ ભાવશ્રુતજ્ઞાનમાં આવી ગયો છે. ૨૦૬.

● સમેટ.. સમેટ.. સમેટ! બહારની દૃષ્ટિ સમેટ. તારી દોલત.. તારા નિધાન તારી અંદરમાં ભર્યા છે, અંદરમાં જો! અંદરમાં જો! અંદરમાં સુધારસ ઝરે છે—ચૂવે છે, ત્યાં દૃષ્ટિને જોડ. ૨૦૭.

● અરે પ્રભુ! તું અમૃતકુંડમાં રહેનારો આત્મા, ચમારકુંડ જેવા મૃતક્ કલેવર ને પુણ્યાદિને "મારા-મારા" કરીને તેમાં મૂર્છાઈ ગયો! ૨૦૮.

● અહો! સમયસાર! એ તો અશરીરી વસ્તુ છે, અશરીરીપણું બતાવે છે, એની ધૂન ચડતાં દેહ ને આત્મા બેય ચોસલા જુદાં પડી જાય છે, જુદાં અનુભવાય છે. ૨૦૯.

● દુનિયામાં લોકો કહે છે કે કાળ-દુકાળ હશે તો મોટાની ઓથે પાર ઊતરશું, તેમ આ અંદરમાં મોટો ભગવાન બિરાજે છે તેની ઓથે (આશ્રયે) સંસારને પાર ઊતરાય છે. ૨૧૦.

● ઓશિયાળા જીવને એમ કહે કે પરથી તને લાભ થશે, ગુરુથી તને લાભ થશે, ભગવાનની ભક્તિથી તને લાભ થશે, તો એ વાત તેને બેસી જાય; પણ 'પોતે પ્રભુત્વ, વિભુત્વ આદિ અનંત શક્તિઓથી ભરેલો ભગવાન છે' એ બેસવું કઠણ પડે! ૨૧૧.

● અરે ચૈતન્ય પ્રભુ! તારી શક્તિના એક ટંકારે તું કેવળજ્ઞાન લે એવી તારી તાકાત! ને તું કહે કે 'મને મારું સ્વરૂપ ન સમજાય', એ કહેતાં તને શરમ નથી આવતી? ૨૧૨.

● દુનિયાને ભૂલીને તારી અતીન્દ્રિય ચૈતન્યગુફામાં ઊતર, તો ત્યાં એકલું સુખ જ ભર્યું છે. તારું સ્વરૂપ સુખનું જ ધામ છે. ૨૧૩.

● જ્ઞાનના અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વ કલેશને ભૂલાવી દે છે. અહો! આ વાત સમજીને પોતે પોતાના અંતરમાં ઊતરવા જેવું છે. પોતે પોતાનું હિત કરવા માટે આ વાત છે. ૨૧૪.

● પરમાંથી સુખ લેવાની બુદ્ધિવાળા દેવ સ્વર્ગમાં પણ દુઃખી છે અને પોતામાંથી જ સુખ લેવાની બુદ્ધિવાળો નારકી નરકમાં પણ સુખી છે. ૨૧૫.

● હે ભવ્ય! તારા ચૈતન્યસ્વભાવની અશાતના ન થાય અને આરાધના થાય તેમ કર. ૨૧૬.

● હું એક અખંડ જ્ઞાયકમૂર્તિ છું, વિકલ્પનો એક અંશ પણ મારો નથી—એવો સ્વાશ્રયભાવ રહે તે મુક્તિનું કારણ છે. ૨૧૭.

● સત્ સ્વરૂપનું સત્ય નિરૂપણ પણ જેને સાંભળવા મળે છે તે મહા ભાગ્યશાળી છે. સત્ શ્રવણ-મનન વિનાનું જીવન ઢોર જેવું છે. ૨૧૮.

● જૈનધર્મમાં ભગવાન મહાવીરે સ્વ અને પરની ભિન્નતાનાં મૂળ મંત્રો આપ્યા છે. સ્વ અને પરની ભિન્નતા ભાસવી તે જ મનુષ્યજીવનની સાર્થકતા છે. ૨૧૯.

● જૈનદર્શન તે વેષ કે સંપ્રદાય નથી. પ્રત્યેક જીવની શક્તિ પરમાત્મસ્વરૂપ છે—એમ બતાવનાર ધર્મને જૈનદર્શન કહો, વિશ્વદર્શન કહો, વસ્તુદર્શન કહો કે આત્મદર્શન કહો, બધું એક છે. ૨૨૦.

● કોટિ-કોટિ સૂર્યના પ્રકાશ કરતાં પણ અનંતગુણો પ્રકાશ જ્ઞાનભાનુનો છે. કોટિ-કોટિ ચંદ્રની શીતળતા કરતાં પણ અનંતગુણી શીતળતા ચૈતન્યચંદ્રની છે. કોટિ-કોટિ સાગરની ગંભીરતા કરતાં પણ અનંતગુણી ગંભીરતા આત્મામાં છે. આકાશના અનંતાનંત પ્રદેશો કરતાં પણ અનંતગુણા ગુણો આત્મામાં છે. ૨૨૧.

● દેહરૂપી દેવળમાં જિનસ્વરૂપ આત્મા બિરાજમાન છે. તેનો વિશ્વાસ કરતાં પર્યાયમાં જિન પ્રગટ થાય છે. ૨૨૨.

● ચક્રવર્તીની સંપદા કરતાં પણ જેનો એક સમય અતિ કિંમતી છે એવો આ અતિ દુર્લભ મનુષ્યભવ અનંતા ભવભ્રમણના અભાવ માટેનો ભવ છે. ૨૨૩.

● અબજપતિ માણસ ખીસ્સામાં પાંચ પચીસ રૂપિયા લઈને શાકભાજી લેવા નીકળ્યો, તેને એટલી જ મૂડીવાળો માને એણે એને ઓળખ્યો જ નથી; તેમ વર્તમાન અલ્પજ્ઞતા અને અલ્પવીર્યવાળો જે આત્માને માને છે એણે આત્માને ઓળખ્યો જ નથી. આત્માની ત્રિકાળી ધ્રુવ સત્તાને સ્વીકારે એણે જ આત્માને ઓળખ્યો છે. ૨૨૪.

● એક પર્યાયમાં બીજા બધાં દ્રવ્યની પર્યાયનો અભાવ છે. એક પર્યાય અને બીજા દ્રવ્યની પર્યાય વચ્ચે અભાવની વજ્રની શીલા પડી છે, ત્યાં એક પર્યાય બીજી પર્યાયને કરે શું? મારું કાંઈ કરે નહીં, હું પરનું કાંઈ કરી શકું નહીં એટલે એને પરની સામું જોવાનું રહ્યું જ ક્યાં? પરની આશા કરવાની રહી જ નહીં. એક પણ વાત યથાર્થ બેસી જાયને, બસ ખલાસ! ૨૨૫.

● વારંવાર આ 'નિર્વિકલ્પ આત્મા, નિર્વિકલ્પ આત્મા' એમ વારંવાર સાંભળે છે, એનો અર્થ જ એ કે ઈ એને રુચે છે. અંદરમાં વિપરીત માન્યતા ઉપર ઘણ પડે છે સંસ્કારના, ઈ નિર્વિકલ્પ થશે જ. શાસ્ત્રમાં કહ્યું છેને! કે સમ્યગ્દર્શનના ધ્યાનથી સમ્યગ્દર્શન થાય છે. ૨૨૬.

● બીજાની સાથે લડવું, જીતવું ને બીજાને બિચારાને પાછા પાડવા એ તો કાયરનું કામ છે. આત્મામાં ઊતરવું એ શૂરવીરતા છે. ૨૨૭.

● સમ્યગ્દર્શન કરવા માટે વારંવાર આની ને આની સ્વાધ્યાય કરવી, મંથન કરવું, વિચાર કરવા. આની ને આની વારંવાર સ્વાધ્યાય કરવાથી નિર્ણય થાય છે અને નિર્ણય થતાં સમ્યગ્દર્શન થાય છે. ૨૨૮.

● સમ્યગ્દર્શન થયું એટલે અનંત-અનંત ક્રોડ રૂપિયાનું દેણું ચુકવાઈ ગયું, માત્ર અડધા રૂપિયાનું દેણું બાકી રહે છે. ૨૨૯.

● અહો! એણે ચૈતન્યને આળ નાખ્યા છે, એથી પરમેશ્વરને પરિભ્રમણ થયું, એની પ્રભુતા હણાઈ ગઈ! ૨૩૦.

● અહો! દેહ, સંસાર અને ભોગથી ચેતતા રહેવા જેવું છે. ૨૩૧.

● બહારની વિપદા એ ખરેખર વિપદા નથી. બહારની સંપદા એ ખરેખર સંપદા નથી. ચૈતન્યનું વિસ્મરણ મોટી વિપદા છે, ચૈતન્યનું સ્મરણ તે જ સાચી સંપદા છે. ૨૩૨.

● એક અજ્ઞાની છોકરીને છાણનું પોશકું મળતાં જે આનંદ થાય છે તેવો આનંદ ધર્માત્માને છ ખંડની ઋદ્ધિ મળતાં પણ અંતરમાં થતો જ નથી અને તે છોકરીના અંતરમાં છાણના પોશકામાં જે મમતા છે તેટલી મમતા ધર્માત્માને છ ખંડની ઋદ્ધિમાં પણ હોતી નથી. આવું તો આશ્ચર્યકારી સ્વરૂપ જ્ઞાની-અજ્ઞાનીની દશાનું છે, તેને ધર્મી જીવ જ કળી શકે છે. ૨૩૩.

● શરીરમાં રહ્યાં, શરીરરહિત અનુભવ કરી લેવો એ જ શાંતિ છે, બીજી કોઈ શાંતિ નથી. ૨૩૪.

● મેં દુકાનના ધંધા છોડ્યા, આ છોડાયું.. આ છોડ્યું.. એ દૃષ્ટિ જ મિથ્યાત્વને પુષ્ટ કરનારી છે. જે છૂટા જ પડ્યા છે, એને છોડું એ દૃષ્ટિ મિથ્યાત્વના આસ્રવને વધારનારી છે. ૨૩૫.

● અહો કેવળજ્ઞાન લેવામાં કેટલી ધીરજ! કેટલી ધીરજ, ક્ષમા અને સમતા હોય, ત્યારે કેવળજ્ઞાન થાય. નીચે પણ કેટલો નિશ્ચિત હોય, કેટલી ધીરજ હોય. દ્રવ્યને પહોંચવામાં કેટલી ધીરજ હોય ત્યારે પહોંચી શકે છે. બહારથી બહેરો, બહારથી મૂંગો અને બહારથી આંધળો થઈ જાય છે. ૨૩૬.

● જિનસ્વરૂપની વાત સાંભળતાં પણ વીરતા જાગે, તો તેની સંભાળ કરતાં કેટલી વીરતા જાગે! મોસાળમાં લગ્ન ને મા પીરસનાર, પછી બાકી શું રહે! તેમ અહીં સત્ય પીરસાય છે. ૨૩૭.

● આત્માના વિકલ્પસહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી રુચે તો વીર્ય ઊછળે, એ ક્યાં ઊછળે છે? સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતી વાર આવ્યો, પણ ખરેખરું માહાત્મ્ય અંદરથી આવવું જોઈએ. બાકી જ એ રહી ગયું છેને! પહેલાં માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે. ૨૩૮.

● બાહ્યની અનુકૂળ સાધન-સામગ્રીથી અંતરમાં સાધન થાય એમ છે જ નહીં. નાક-કાન બંધ કરીને આખા શરીરનું લોચાની જેમ પોટલું બાંધીને ઉપરથી નારકીને ઘણના ઘા મારે તો ધર્મનું સાધન ન થાય એમ છે જ નહીં. એ નારકી અંદરમાં જરા વિચારે ચડતાં અંતરમાં ભેદજ્ઞાન કરી લ્યે છે. બાહ્યની પ્રતિકૂળતા જરાયે નડતી નથી. જરાક શરીર છૂટું હોય તો ઠીક ને બાંધેલ હોય તો ઠીક નહીં એમ છે જ નહીં. ૨૩૯.

● જોડે પ્રભુ બિરાજતા હોય અને એના દુશ્મનની સાથે વાતુ કરે ઈ પ્રભુ ક્યાંથી પ્રસન્ન થશે? શુભાશુભભાવ તો દુશ્મન છે, ઈ ગોઠે છે તો પ્રભુ પ્રસન્ન ક્યાંથી થશે? ૨૪૦.

● વૈરાગ્ય તો તેને કહીયે કે પર તરફથી ખસીને જે અંદરની મહાસત્તા તરફ ઢળ્યો છે. પુણ્ય-પાપથી અને પર્યાયથી પણ ખસીને અંદરમાં જવું તે વૈરાગ્ય છે. જેને રાગમાં રહેવું ગોઠતું નથી, પરદ્રવ્યમાં અટકવું ગમતું નથી અને જે પર્યાય પ્રગટી એટલામાં જ રહેવું પણ જેને ગોઠતું નથી; ધ્રુવ પાટ પડી છે અંદરમાં, એમાં જેને જવું છે એને તો પર્યાયમાં રહેવું પણ ગોઠતું નથી. ૨૪૧.

● કોઈને ફાંસીનો ઓર્ડર થયો હોય અને ફાંસી આપવાની રૂમમાં લઈ જાય અને પછી કેવો ધ્રુજવા માંડે! તેમ સંસારના દુઃખથી જેને ત્રાસ-ત્રાસ થઈ ગયો હોય એને માટે આ વાત છે. ૨૪૨.

● આત્મ-અનુભવ સિવાય બધાં મીંડા છે. લાખ કષાયની મંદતા કરે કે લાખ શાસ્ત્ર ભણે, પણ અનુભવ વિના બધાં મીંડા છે અને કાંઈ ન આવડે છતાં અનુભવ થયો તો બધું આવડે છે. જવાબ દેતાં પણ ન આવડે પણ કેવળજ્ઞાન લેશે. ૨૪૩.

● થોડું પણ સાચું ગ્રહણ કરે તો તેટલામાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત છે અને થોડું પણ વિપરીત ગ્રહણ કરે તો તેટલામાં અનંત નિગોદના ભવ કરવાની તાકાત છે. ૨૪૪.

● જેમ આકાશમાં અગ્નિના ભડકા બળતાં હોય છતાં આકાશને તેની સાથે કાંઈ સંબંધ નથી, તેમ શરીરમાં ગમે તેવા ગુમડાં થાય, ગમે તેવી અવસ્થા થાય તોપણ આકાશ સમાન આત્માને તેની સાથે કાંઈ સંબંધ નથી. ૨૪૫.

● જેમ એક મોટા તપેલામાં આખામાં પાણી ભર્યું હોય તેમાં તેના માપનો જ લાકડાનો દટ્ટો નાખતાં પાણી બધું બહાર નીકળી જાય છે, તેમ આત્મામાં સિદ્ધની સ્થાપના કરતાં આત્મામાંથી બધો વિકાર નીકળી જાય છે. ૨૪૬.

● જેટલી ઉત્તમ, વિશેષમાં વિશેષ મહિમાવાળી ચીજ છે, તે આત્મામાં ન હોય તો બીજા શેમાં હોય? આત્મામાં જ એ બધું ભર્યું છે. આત્મા જ ચંદ્ર, આત્મા જ સૂર્ય છે. આત્મા જ અતીન્દ્રિય જગતચક્ષુ છે.૨૪૭.

● સ્ત્રી, કુટુંબ, પરિવાર વિગેરે તો આત્માના દુશ્મન જે કર્મ એણે ઊભાં કરેલાં કાવત્રા છે, તેને પોતાના માનવા એ જ સંસારનું બીજ છે. પુણ્ય-પાપ અને તેના ફળ એ તો આત્માના વેરી જે કર્મ તેણે ઊભાં કરેલાં કાવત્રા છે. ૨૪૮.

● પાત્ર થવું કઠણ છે. વાતુ કરતાં શીખી ગયો એટલે 'હું સમજી ગયો' એમ માને તો એમ નથી. આ તો બાપુ! સમજવું બહુ દુષ્કર છે. કેટલી પાત્રતા, કેટલી સજ્જનતા, કેટલી લાયકાત હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય. ૨૪૯.

● જેટલા વિકલ્પો ઊઠે ઈ બધામાં કાંઈ માલ નથી, ઈ બધા દુઃખના પંથ છે, 'બધા વિકલ્પો હેરાન કરનારા છે' એમ એને નિર્ણય થાય તો આત્મા તરફ પ્રયત્ન કરે. ૨૫૦.

● અહો! જેના આનંદની એક ક્ષણની લહેજતમાં—લહેરકીમાં ત્રણલોકના સુખ વિષ જેવા લાગે—ઝેર જેવા લાગે, તરણાં જેવા તુચ્છ લાગે એવો ભગવાન આત્મા છે. ૨૫૧.

● જેને કેવળીઓ પણ કહી ન શક્યા એ તે ચીજ કેવી છે એમ જરી અંતરમાં પ્રયત્ન કરીને જોવે તો ખરો!—કે આ ચીજ તે છે શું?—કે જેની જ્ઞાનપર્યાય એક ક્ષણમાં અનંતા કેવળીઓને કળી લ્યે છે અને જેના પેટમાં કેવળજ્ઞાનની અનંતી પર્યાયો પડી છે! ૨૫૨.

● મનુષ્યપર્યાયની એક-એક ક્ષણ મોટા કૌસ્તુભમણિથી પણ કિંમતી છે, એમાં ચોરાશીની ખાણમાંથી નીકળવાનું કરવાનું છે. એક ક્ષણ ક્રોડો અને અબજો રૂપિયાથી પણ અધિક છે. ચક્રવર્તીના છ ખંડના રાજ્યથી પણ એક સમય થોડો મળે છે? એમાં (—મનુષ્ય-પર્યાયમાં) આ એક જ કરવાલાયક છે. ૨૫૩.

● વહાલો દીકરો મરી ગયો હોય પણ એને નજરે ને નજરે તરવર્યા કરે. તેમ સમ્યગ્દષ્ટિને—ધર્મની પ્રથમ ભૂમિકાને પ્રાપ્ત જીવને પોતાનો ચૈતન્ય ભગવાન નજરે તરવર્યા કરે છે. સમ્યગ્દષ્ટિને ચૈતન્ય ઉપર નજરબંધી થઈ છે. ૨૫૪.

● બહારમાં નાપાસ થાય ત્યાં એને હીણપ લાગે છે, પરંતુ અંદરમાં હીણો પોતાને માને છે ઈ હીણપ છે. પૂરણને હીણો માનવો ઈ જ હીણપ છે. ૨૫૫.

● રાગાદિ ને અલ્પજ્ઞતા એ પણ જેમાં નથી એવા શુદ્ધ સ્વરૂપમાત્ર આત્માને જાગીને જો! જાગીને જો, બાપુ! એ વર્ષ બેસતું છે. ૨૫૬.

● પહેલાં તો પોતાને વિકલ્પવાળો માનવો અને પછી વિકલ્પને ટાળવાનો પ્રયત્ન કરવો ઈ જ મોટામાં મોટી વિપરીતતા છે, મિથ્યાત્વ છે. પહેલાં 'વિકલ્પ વિનાનો છું' એવી દૃષ્ટિ કરે પછી વિકલ્પ છૂટે. ૨૫૭.

● જેમ દેહ છે, તે હેય છે પણ છોડ્યો જતો નથી; તેમ રાગ છે તે હેય છે, પરંતુ પુરુષાર્થની નબળાઈથી છોડ્યો જતો નથી. ૨૫૮.

● એને કાળ થોડો છે અને કરવાનું કામ ઘણું છે. ૨૫૯.

● આહાહા! આકરું કામ છે, બાપુ! અંદરમાં વૈરાગ્ય! વૈરાગ્ય! આ બધું વિખેરાઈ જશે. બહારનું તારામાં નથી ને તારે લઈને આવ્યું નથી. તારામાં ભ્રમણા આવી છે, તેનો નાશ કરવાનો આ કાળ છે. ૨૬૦.

● ભગવાન આત્મા જ્ઞાનની લહેરે ઊછળતો, 'પરના કામ અને રાગના કામ મારા જ્ઞાતા-દૃષ્ટાના નહીં'—એમ દૃષ્ટિ કરતાં કેવળજ્ઞાનને કાંઠે આવીને ઊભો છે. ૨૬૧.

● કેવળજ્ઞાન ને કેવળ આનંદ એ આત્માને વ્હાલો છે, પ્રિય છે, ઈષ્ટ છે. કેવળજ્ઞાન થયું એટલે આત્માને એના વ્હાલા મળી ગયા. કેવળજ્ઞાન પ્રિય છે અને એ જેનાથી પ્રગટે એવો આત્મા તે પ્રિયતમ છે. ૨૬૨.

● રાગ હોવા છતાં સાધકના હૃદયમાં સિદ્ધ ભગવાન કોતરાયેલ છે. ૨૬૩.

● દિગંબર સંતોએ વસ્તુ કહી છે, બીજો કહી શકે જ નહીં. અન્ય મતમાં આ વાત હોય જ નહીં, કેવળજ્ઞાનના સાધકોએ કેવળીના પેટ ખોલી નાખ્યા છે. ૨૬૪.

● આપણે આપણું કરવું, શરીરનું થવું હોય તે થાય. ૨૬૫.

● ભારે ટૂંકી વાતમાં સમજાવ્યા મહા સિદ્ધાંત! કુંદકુંદાચાર્ય ચૈતન્યસૂર્ય પાક્યા! જગત પાસે કેવળીના કાળજા ખુલ્લા કર્યાં છે. ૨૬૬.

● આ આત્મા આનંદની મૂર્તિ છે. આત્મામાં અંતરમાં આનંદ જ ભર્યો છે. એની વાત સાંભળવી એ માંગલિક છે! એની વાત સાંભળવા માટે સ્વર્ગમાંથી ઈન્દ્રો નીચે આવે છે. ૨૬૭.

● કાગળ ઉપરના દીવા ખડને બાળે નહીં, તેમ એકલા શાસ્ત્રના જ્ઞાનથી સંસાર બળે નહીં. ૨૬૮.

● અશુભ ઉપયોગ તે સીધો અગ્નિ સમાન બાળનાર છે ને શુભ ઉપયોગ તે ઉષ્ણ ઘી સમાન બાળનાર છે. બંને ઉપયોગ છે તો બાળનાર જ! ૨૬૯.

● ટૂંકમાં તો આવું છે કે તારા ધ્રુવસ્વરૂપમાં આનંદ ભર્યો છે, એમાં દૃષ્ટિ દે. આકુળતા થાય છે, પણ વસ્તુ તો અનાકુળરસ છે, એના તરફ દૃષ્ટિ દે. લાખ વાતની એક વાત છે. બધું કોણ ભણતું'તું! આ વાત છે. ૨૭૦.

● તિર્યંચને સમ્યક્ થાય છે, ત્યાં કોઈએ પૂર્વે 'આત્મા શુદ્ધ છે' એમ સાંભળ્યું હોય છે તે સ્મરણમાં આવતાં પછી વિચારમાં ઊતરે છે અને જેમ વિજળી ઉપરથી નીચે ઊતરી જાય એમ વીર્ય અંતરમાં ઊતરી જાય છે. બસ કરવાનું તો આટલું જ છે. પછી એમાં ઠરવાનું છે. ૨૭૧.

● જેણે આત્મા જાણ્યો તેણે કેવળજ્ઞાનીના પેટ ખોલીને જાણ્યા, ભાવશ્રુત જાણ્યું અને જાણવાનું કાંઈ બાકી જ રહ્યું નથી, આખી દુનિયા જાણી લીધી. ૨૭૨.

● આત્મા વીરનો પુત્ર છે. મોળી વાત કરનારની વાત સાંભળીશ નહીં. 'આ કાળે કેવળજ્ઞાન નથી' એ વાત સાંભળીશ નહીં. કેવળજ્ઞાન કેમ થાય એ રીત જાણી (—ભાન થયું) એટલે કેવળજ્ઞાન થશે જ! ૨૭૩.

● અહો! અનંતકાળમાં આ વાત અમે સાંભળી નથી!—એમ પ્રસન્ન ચિત્તથી જ્ઞાનસ્વભાવની વાત અંદરથી સાંભળે, રુચિની ગુલાંટ મારીને સાંભળે તેને ભવિષ્યમાં મુક્તિ થવાની જ છે. અહો! એને પક્ષ પાકો થઈ ગયો એ ફરશે જ નહીં, તે જરૂર મોક્ષમાં જાય છે. એને તો આ કાળ અને આ યોગ જ વિશેષ ભાસે છે. નવમી ગ્રૈવેયકવાળાએ પ્રસન્નતાથી આ રીતે તત્ત્વની વાત સાંભળી જ નથી, તેને તો પુણ્યમાં દૃષ્ટિ હતી. આ તો અનંતકાળમાં નહીં સાંભળી એવી અપૂર્વતાથી તત્ત્વની વાત સાંભળે છે તેની વાત છે. ૨૭૪.

● સાતમી નરકમાં પડ્યો પણ પોતાની મતિમાં આત્માને વસાવે છે. પંચેન્દ્રિયના ઉત્કૃષ્ટ દુઃખોનું એ સ્થાન છે, છતાં આ દુઃખ તે હું નહીં, સંયોગ તે હું નહીં, વિકલ્પ તે હું નહીં, એક સમયની પર્યાયમાં પણ પર્યાયને વસાવતો નથી, પણ એક સમયની પર્યાયમાં આખા દ્રવ્યને વસાવ્યું. જેણે પોતાની મતિમાં આત્માને વસાવ્યો તેની ગતિમાં તે પરમાત્મા જ થાય છે અને જેણે પોતાની મતિમાં પુણ્ય-પાપ વસાવ્યા તેને ચાર ગતિ જ મળે છે. ૨૭૫.

● રાજાને એક રાણી હોય, કોઈને હજાર હોય, કોઈને ૯૬ હજાર હોય, પણ ત્યાં મર્યાદા આવી ગઈ. ભગવાન આત્માને અનંતી પટ્ટરાણીઓ છે, આ તો એક જ ક્ષેત્રમાં અને કદી જાય નહીં. ઈન્દ્રને કરોડો ઈન્દ્રાણીઓ પણ અમુક કાળ રહીને ચાલી જાય, આ ભગવાન આત્માને તો અનંત પટ્ટરાણી સાદિ અનંતકાળ આનંદનો ભોગ આપે છે. ૨૭૬.

● ભગવાન પૂર્ણાનંદને જેણે દૃષ્ટિમાં તોળ્યો એને હવે બાકી શું રહ્યું અને જેણે વિકલ્પને દૃષ્ટિમાં લીધો એને હવે નુકશાન થવામાં બાકી શું રહ્યું? ૨૭૭.

● કર્મની હયાતી છતાં, વિકારની હયાતી છતાં, અલ્પજ્ઞતાની હયાતી છતાં જેનો દૃષ્ટિમાં નિષેધ થઈ ગયો, છતાને અછતા કર્યા અને ભગવાન પૂર્ણાનંદ પર્યાયમાં અછતો,

અપ્રગટ છતાં શ્રદ્ધા-જ્ઞાનમાં તેને છતો કર્યો, એનું નામ જ અમલ છે (—સમ્યગ્દર્શન છે). ૨૭૮.

● જૈન એટલે અંતરમાં સમાય તે જૈન છે. બહારના જેટલા ઊભરા આવે એ તો બધા પ્રકૃતિના ચાળા છે. વિકલ્પ ઊઠે ઈ પણ બધા પ્રકૃતિના ચાળા છે અને બહારનું જે બધું થાય છે એ તો બધું પુદ્‌ગલ-પરાવર્તન અનુસાર થયા જ કરે છે. ૨૭૯.

● જેણે બહારમાં ક્યાંક રાગમાં, સંયોગમાં, ક્ષેત્રમાં એમ ક્યાંક ને ક્યાંક કોઈ દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં, આ ઠીક છે એમ માનીને ત્યાં વિસામામાં કાળ ગાળ્યો તેણે પોતાના આત્માને ઠગી લીધો છે. ૨૮૦.

● કેવળજ્ઞાન બેસવું એ તે કાંઈ સાધારણ વાત છે! કેવળજ્ઞાનની તૈયારીવાળાને કેવળજ્ઞાન બેસે છે. જેને આત્મા બેઠો અને કેવળજ્ઞાન થયે જ છૂટકો. ૨૮૧.

● પહેલાં સમજણ તો કરે, સ્વભાવનો પક્ષ તો કરે કે રાગ અને નિમિત્ત તરફ ઢળવા જેવું નથી, પણ સ્વભાવ તરફ જ ઢળવા જેવું છે—એમ પાકો નિર્ણય તો કરે. નિર્ણયનો વજ્રનો સ્થંભ તો નાખે. એ વિના એકેય પગલું જવાય તેમ નથી. ૨૮૨.

● જૈનદર્શનનો એક પણ સિદ્ધાંત અંદરથી બેસી જાય એટલે આખું ચક્ર બેસી જાય, એવી જ વસ્તુસ્થિતિ છે. ૨૮૩.

● જે બહારની સગવડતાને સગવડતા માને છે, બહારની અગવડતાને અગવડતા માને છે, તે પ્રગટપણે ભગવાનને (આત્માને) શરીર સ્વરૂપ જ માને છે. ૨૮૪.

● અરે! એમ ન માનવું કે અમે અભણ છીએ, એમ ન માનવું કે અમે સ્ત્રી છીએ, એમ ન માનીશ કે અમે દીન અને હીન છીએ;—એ માન્યતા જ તારા પરમાત્માની વેરી છે. ૨૮૫.

● ધર્મીનું ચિત્ત આત્મા સિવાય બીજે ક્યાંય ચોંટતું નથી, સંસારમાં બધે ઉપર-ઉપરથી નજર કરે છે, પણ ચિત્ત ક્યાંય ચોંટતું નથી. માખીને સાકરના સ્વાદમાં ચિત્ત ચોંટ્યું છે તેથી પાંખને ભીંસ આવે પણ ત્યાંથી ખસતી નથી, તેમ ધર્મીનું ચિત્ત આત્મામાં ચોંટ્યું છે. પ્રતિકૂળતા આવે, બહારની ભીંસ આવે પણ આત્મામાંથી ચિત્ત ખસતું નથી, દુનિયાને ભલે ધર્મી ગાંડા જેવો લાગે, પાગલ લાગે. ૨૮૬.

● હે ભાઈ! તારી એક સમયની પર્યાયનું સામર્થ્ય એટલું છે કે જ્ઞેય ખૂટ્યા પણ તારું જ્ઞાન ખૂટ્યું નથી, તો આખા દરિયાની તો શું વાત! એક અંશની આટલી બેહદતા તો આખા અંશીની તાકાતનું શું કહેવું? ૨૮૭.

● સર્વજ્ઞ-સર્વદર્શી ઈ શબ્દ જ્યાં સામે આવે છેને ત્યાં આહાહા! આખી વસ્તુ સર્વજ્ઞ અને સર્વદર્શી છે ઈ આખી તરવરે છે. ૨૮૮.

● પુણ્યના પરિણામનું કામ સર્વજ્ઞને સોંપાય? ચક્રવર્તીને વાશીદાનું કામ ન સોંપાય, તેમ 'આત્મા સર્વજ્ઞસ્વભાવી છે' એવું ભાન થયું એને પુણ્યના કાર્યમાં કર્તાબુદ્ધિ ન હોય. ૨૮૯.

● પૈસાની મમતા ઈ તો અગ્નિની ભઠ્ઠી સળગે છે. અહીં તો કહે છે કે ઈન્દ્રના ઈન્દ્રાસન હોય તોપણ ઈ અમારે ન જોઈએ, ઈ તો સડેલાં તરણાં છે. અમારે તો અમારો આત્મા જોઈએ. ૨૯૦.

● વિજળી ઉપરથી પડે તોપણ ખ્યાલ ન જાય એવું ધ્યાન કર. જે ચીજ એનામાં નથી એમાં ફેરફાર થતાં એને સખ ન પડે ઈ ધ્યાન ન કરી શકે. નિર્વિકલ્પ ધ્યાનમાં તો વીંછી કરડે તોપણ ખબર ન પડે, શરીરમાં ગમે તેવા કષ્ટો આવે તોપણ એને ખબર ન પડે. ૨૯૧.

● દ્રવ્ય પોતે જ અકારણીય છે, પોતે જ અનંત પુરુષાર્થરૂપ છે. તેના વિશ્વાસની બલિહારી છે. ૨૯૨.

● જેમ કંદોઈને ત્યાં ઊંચેથી તેલના ઊકળતાં કડાયામાં પડેલો સર્પ અર્ધો તો બળી ગયો, પણ તે બળતરાથી બચવા માટે ચૂલામાં ઘુસી જતાં આખો બળી ગયો; તેમ જગતજીવો પુણ્ય-પાપમાં તો બળી જ રહ્યાં છે અને તેમાં એ વિશેષ સુખની લાલસામાં વિશેષ બળાય છે એવા વિષયોમાં ઝંપલાવી સુખ માને છે. ૨૯૩.

● જેને એક પ્રતિકૂળતામાં સમાધાન કરતાં આવડે છે તેને અનંતી પ્રતિકૂળતામાં સમાધાન કરવાની તાકાત છે. 'મારામાં પ્રતિકૂળતા જ નથી, હું તો આનંદકંદ છું' એવી દૃષ્ટિ કરતાં સમાધાન થાય છે. ૨૯૪.

● મુનિઓ જે ઉપદેશ આપે છે તે ખરેખર તો શુદ્ધતાનો પોકાર છે. પોતાને જે શુદ્ધ ચૈતન્યની પ્રિયતા લાગી છે તેની જગતની પાસે પ્રસિદ્ધિ કરે છે. ૨૯૫.

● જેને માથે જનમ-મરણની ડાંગુ તોળાઈ રહી છે અને તે સંયોગોમાં રાજીપો માની રહ્યો છે તે પાગલ છે. ૨૯૬.

● સત્‌ને માટે આખું જગત વેચાઈ જાવ, આખું જગત જાવ, પણ આત્મા જતો ન કરાય. ૨૯૭.

● આત્મા જ્યાં પોતાના સ્વભાવના બળે ચડ્યો, ત્યાં અજ્ઞાનનો રાગ-દ્વેષ, ઊધઈ જેમ

તડકામાં ધાણીની માફક સડસડીને સળગી જાય તેમ, સળગી જાય છે (—ટળી જાય છે)—બળી જાય છે. ૨૯૮.

● સમવસરણ, (જિનમંદિર), જિનબિંબ આદિ વીતરાગતાના સ્મરણના નિમિત્તો છે. આવા જીવો છે એના એવા પુણ્યો છે એ બધું જોતાં, વર્તમાન બુદ્ધિ છૂટી જઈને ત્રિકાળીની બુદ્ધિ થાય છે અને એને માટે આ સમવસરણ જિનમંદિર આદિ નિમિત્તો છે. ૨૯૯.

● મેરુ પર્વત ઉપાડવો સહેલો છે, પરંતુ આ પુરુષાર્થ ઉપાડવો દુર્લભ છે. તેથી જ શાસ્ત્રમાં આ પુરુષાર્થને દુર્લભ કહ્યો છે. સહજ સ્વભાવે સુગમ છે પણ અનાદિ અણ-અભ્યાસને લઈને દુર્લભ છે. ૩૦૦.

● મરણ થવા છતાં જેની કિંમત કરી હશે તે નહીં છૂટે, રાગ-દ્વેષ અને સંયોગની કિંમત કરી હશે તો તે નહીં છૂટે, આત્માની કિંમત કરી હશે તો તે નહીં છૂટે. જેનું મૂલ્ય આવ્યું હશે તે છૂટશે નહીં. ૩૦૧.

● ધન રળવાનો કાળ છે ઈ તો મરવાનો કાળ છે. આ તો કમાવાનો કાળ છે, આત્માના આનંદને કમાવાનો કાળ છે, એને ચૂકીશ નહિ. ૩૦૨.

● અનુકૂળતાવાળા બધાં રતિમાં સળગી રહ્યા છે, પ્રતિકૂળતાવાળા બધાં અરતિમાં સળગી રહ્યા છે, બધાં રાગદ્વેષમાં સળગી રહ્યા છે, દુઃખી છે. ૩૦૨.

● સમ્યગ્દર્શન થાય તેને તો પર્યાયમાં મહા પામરતા ભાસે છે. સમ્યગ્દર્શન થતાં તો નરમાશ.. નરમાશ.. આવી જાય, મને બંધ થતો નથી એવું તેને હોય નહિ. ૩૦૪.

● જેણે જીવનકાળમાં સંયોગ ને વિયોગ સાથે જ ભાવ્યો છે, અનુકૂળતામાં પણ એના વિયોગની ભાવના ભાવી છે, તેને તેના વિયોગકાળે ખેદ નહિ થાય. ૩૦૫.

● દેહ તો તને છોડશે જ, પણ તું દેહને (દૃષ્ટિમાંથી) છોડ એની બલિહારી છે. આ તો શૂરવીરના ખેલ છે. ૩૦૬.

● સમકિતીએ બધાથી આત્માને છૂટો પાડીને છૂટ લીધી છે, અંદર દૃષ્ટિનું વલણ આખું ફેરવી નાખ્યું છે, રાગનું સ્વામિત્વ ટળી ગયું છે, 'હું જ્ઞાનાનંદ છું' એનું સ્વામિત્વ થઈ ગયું છે. સમકિતીના ભરોસે આવ્યો ભગવાન! રાગના અને પરના ભરોસા છૂટી ગયા. આ તો કાંઈ થોડી વાત છે? ૩૦૭.

● આત્મા મહાન પરમેશ્વર પદાર્થ છે. અનંતા કેવળીઓને પોતાના પેટમાં ગળી જાય એવો મહાન પદાર્થ આત્મા છે. પ્રગટમાં ભલે થોડું (—અલ્પજ્ઞતા) હોય, પણ અપ્રગટમાં મહાન શક્તિ પડી છે. પ્રગટ નથી એટલે આટલી મહાન શક્તિ છે એમ એને બેસતું નથી. ૩૦૮.

● વિકલ્પસહિત પહેલાં પાકો નિર્ણય કરે કે રાગથી નહીં, નિમિત્તથી નહીં, ખંડખંડ જ્ઞાનથી નહીં, ગુણ-ગુણીના ભેદથી પણ આત્મા જણાતો નથી—એમ પહેલાં નિર્ણયનો પાકો સ્થંભ તો નાખે! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે, ભલે સ્વસન્મુખ વળવું હજી બાકી છે. વિકલ્પવાળા નિર્ણયમાં પણ 'હું વિકલ્પવાળો નહીં' એમ તો પહેલાં દઢ કરે! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે. વિકલ્પસહિતના નિર્ણયમાં સ્થૂળ વિપરીતતા અને સ્થૂળ કર્તૃત્વ છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યકરૂપે થાય છે. ૩૦૯.

● અહો! પ્રભુપદમાં ખતવવાની ચીજ તેણે રાંકામાં ખતવી નાખી! 'હું અત્યારે જ પૂર્ણ પ્રભુ છું' એમ એકવાર શ્રદ્ધામાં લાવ! પૂર્ણ પ્રભુપણે સ્વીકાર કરતાં એ તો ભગવાનનો દીકરો થઈ ગયો. સમ્યગ્દર્શન થયું એટલે એમાં ગર્ભિતપણે કેવળજ્ઞાન જ આવી ગયું. ૩૧૦.

● કોઈ મનુષ્ય મૂંગો, બહેરો કે આંધળો હોય તેથી તે પંચેન્દ્રિય નથી એમ નથી. એ જાતનો લબ્ધ ઉઘાડ તો તેને હોય છે, પરંતુ ઉપયોગની લાયકાત નથી; તેમ આત્મા વર્તમાન પર્યાયમાં અલ્પજ્ઞ હોવા છતાં શક્તિએ અલ્પજ્ઞ નથી, શક્તિમાં તો પૂરો સર્વજ્ઞ છે. ૩૧૧.

● **શ્રોતા** :—સમ્યગ્દષ્ટિને મોટું પદ આપી દીધું છે?

**પૂજ્ય ગુરુદેવ** :—સમ્યગ્દષ્ટિએ પરમાત્માને તાબે કરી લીધા છે, પરમાત્માને પકડી લીધા છે, કબજે કરી લીધા છે એટલે બાકી શું રહ્યું? રાગનો કબજો છોડી દીધો છે, તેને પોતાના સ્વભાવનો ખજાનો ખુલી ગયો છે, નિધાનની તિજોરી ખુલી ગઈ છે. તેથી જેટલું માંગે એટલું અંદરથી નીકળે છે. માટે, સમ્યગ્દષ્ટિનું પદ મોટું થઈ ગયું છે. ૩૧૨.

● આ બાજુ પરમેશ્વર પડ્યો છે, તેનું અજ્ઞાનીને કાંઈ માહાત્મ્ય આવતું નથી. તેની કોઈ કિંમત દેખાતી નથી અને આ બાજુ એક વિકલ્પ ઊઠે છે ત્યાં તો તેને ઓહોહો! થઈ જાય છે. વિકલ્પનું અસ્તિત્વ અને માહાત્મ્ય આવે છે એ જ મિથ્યાત્વ છે. ૩૧૩.

● **શ્રોતા** :—તત્ત્વનું શ્રવણ—મનન કરવા છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી?

**પૂજ્ય ગુરુદેવ** :—ખરેખર અંતરથી રાગના દુઃખના થાક લાગ્યા નથી એટલે તેને વિસામાનું સ્થાન—શાંતિનું સ્થાન હાથ આવતું નથી. ખરેખર અંદરથી દુઃખના થાક લાગે છે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે. સત્યના શોધવાવાળાને સત્ય મળે નહીં એમ બનતું નથી. ૩૧૪.

● અજ્ઞાનીની ભૂલ હોય તે જાણવી, પણ તેથી તેનો તિરસ્કાર ન હોય, એ પણ ભગવાન આત્મા છેને! ઈ બિચારા અજ્ઞાનથી દુઃખી છે. દુઃખમાં બળ્યા-જળ્યાનો તિરસ્કાર કરવો ઈ ધર્મીનું કામ નથી. ૩૧૫.

● જેમ એક પડખે સૂતા-સૂતા થાક લાગે એટલે પડખું ફેરવે છે, તેમ પરથી મને લાભ થાય, પરથી મને સુખ થાય એવી માન્યતાથી જેને થાક લાગ્યો છે ઈ પડખું ફેરવે છે, આત્માની તરફ વળે છે. ૩૧૬.

● જેમ નાના બાળકને કૂતરો કરડવા આવે ત્યાં તરત તે ત્યાંથી દૂર ભાગીને પોતાના મા-બાપ પાસે દોડી જાય છે અને તેને ચોંટી પડે છે, તેમ પોતાનો આત્મા મહાન છે, ઈ મોટો આધાર છે, એને શરણે જા. ૩૧૭.

● અહો! પોતે ચેતન, જડની પાસે ભીખ માંગે છે, મને સુખ દ્યો; જેમ બાદશાહ વાઘરીને ઘેર ભીખ માગે કે મને ખાવાનું બટકું રોટલો આપો. આત્મા રાગરૂપે તો કોઈ દી થયો નથી, ભેદરૂપ થયો નથી, અનેકરૂપે થયો નથી, એકરૂપતા કદી છોડી નથી, એનામાં ગુણના ને પર્યાયના ભેદ (વિકલ્પ) જેને ખટકે છે, એને રાગથી થાય એ વાત જ ક્યાં છે? વીતરાગી ભગવાન કહે છે કે મારું સાંભળવા બેઠો છો પણ છે તો એ વિકલ્પ, ધ્યાન રાખજે, એમાં ફસાઈ જતો નહીં. ૩૧૮.

● અનીતિથી જેને એક પાઈ પણ લેવાના ભાવ છે તેને અનુકૂળતા હોય તો આખી દુનિયાનું રાજ પચાવવાના ભાવ છે. એક દીવાન રાજના કામ માટે રાતના રાજની મીણબત્તી બાળી કામ કરતો હતો અને જ્યાં પોતાનું કામ કરવાનો વારો આવે ત્યાં તે રાજની મીણબત્તી ઠારીને પોતાના ઘરની મીણબત્તી કરે. પોતાના ઘરના કામ માટે રાજની મીણબત્તી ન વપરાય. (આવું તો લૌકિક નીતિનું સ્વરૂપ છે.) ૩૧૯.

● એક છ મહિના એને રોગ રહે તોપણ રાડ પાડે છે, પણ આ તો અનંતકાળથી મિથ્યાત્વનો રોગ એને લાગુ પડ્યો છે, એની એને રાડ પડતી નથી. આત્મભ્રાંતિસમ રોગ નહીં. ૩૨૦.

● **શ્રોતા** :—આ સ્વરૂપ લક્ષમાં આવવા છતાં પ્રગટ કેમ નહીં થતું હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—પુરુષાર્થ જોઈએ, પુરુષાર્થ જોઈએ. અંદરમાં શક્તિ પડી છે તેનું માહાત્મ્ય આવવું જોઈએ. વસ્તુ તો પ્રગટ જ છે, પર્યાયની અપેક્ષાએ વસ્તુ અપ્રગટ કહેવાય છે. આમ તો વસ્તુ પણ પ્રગટ જ છે, કાંઈ આડું ઢાંકણું નથી. ૩૨૧.

● વારંવાર શિષ્ય ગુરુથી સાંભળ્યા કરે છે ત્યારે ઊભો થાય છે. વારંવાર સાંભળવાથી વારંવાર જ્ઞાનના ખ્યાલમાં માહાત્મ્ય આવ્યા કરે અને તો જ વીર્ય ઊછળે. તેથી જ યોગસારમાં આનું જ શ્રવણ વિગેરે અનેક બોલો કહ્યા છે. ૩૨૨.

● અતીન્દ્રિય નાથને જેણે નાથ્યો—પ્રતીતિમાં લીધો એને અંદરમાં અનંત આનંદ પ્રગટ

થાય છે, આનંદની ધારા વહે છે. જ્ઞાન એકલું ન હોય, સાથે આનંદની ધારા વહે છે. ૩૨૩.

● પરમ અમૃતસ્વરૂપ ભગવાન છે, પણ મૃતક્‌-ક્લેવરમાં મૂર્છિત થઈ ગયો છે, અંદરમાં મૂર્છિત થવાનું હતું પણ બહારમાં મૂર્છિત થઈ ગયો. ૩૨૪.

● ભોગના વિકલ્પો કરતાં અનર્થના વિકલ્પો આત્માને બહુ નુકશાનકર્તા છે. ભોગના વિકલ્પો તો અમુક કાળ જ હોય છે. ૩૨૫.

● અતીન્દ્રિય અમૃતનો સાગર જ આત્મા છે. એકલા અમૃત જ ભર્યાં છે. કેટલાય વિકલ્પોનો ભૂકો કર્યા પછી આની કોર વળી શકે છે. ૩૨૬.

● આની આ વાત બબ્બે-ચચ્ચાર કલાક સુધી સાંભળે છે અને હકાર-હકાર આવે છે, રાગનો નિષેધ આવે છે, આનું આ જ ઘૂંટણ ચાલે છે, એ શું કોઈ ક્રિયા નથી? જડની અને રાગની ક્રિયા એ જ ક્રિયા હશે? એનું (જ્ઞાનનું) માહાત્મ્ય આવતું નથી. આ સત્યનો જ હકાર આવે છે અને રાગનો નિષેધ—નકાર આવે છે એ જ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ છે. ૩૨૭.

● જગતને અજ્ઞાને લૂંટ્યું છેને! એવો કોઈ લૂંટારો જગતમાં નથી, ધોળે દિવસે જગતને લૂંટ્યું છે. ૩૨૮.

● જેમ એક લોખંડના મોટા ગોળામાં એટલું બળ છે કે તે નીચે પડે તો નીચેના પથ્થરના ભૂકા કરી નાખે છે, તેમ આત્મામાં જ્ઞાનબળ, ચારિત્રબળ, વીર્યબળ એમ અનંતબળ છે, તે કર્મનો અને અશુદ્ધતાનો ભૂકો કરી નાખે છે. ૩૨૯.

● જ્ઞાનની વર્તમાન પર્યાય અંદરમાં વળે એનું નામ જાણપણું છે, ધારણા થઈ ગઈ ઈ જાણપણું નથી, આત્મા અનુભવમાં લેવો એનું નામ ખરું જાણપણું છે. ૩૩૦.

● ભગવાનની વાણીમાં ચૈતન્યહીરો સરાણે ચડ્યો છે, ઈ સાંભળવા મળે ઈ પણ હીરાની કણીયું છે. ૩૩૧.

● વિષય-કષાયની રુચિ તો છૂટી નથી અને માત્ર જાણપણું છે ઈ જાણપણાને નામે આત્માને છેતરે છે, ઠગે છે, ઈ જાણપણું જ નથી. સાચું જાણપણું થતાં તો વિષય-કષાયની રુચિ છૂટી જાય. ૩૩૨.

● ખરેખર તો રાગથી વિરક્ત (ભિન્નતા) એને શીલ કહેવાય છે. આવું શીલ નરકમાં પણ વેદનાને ગણતું નથી. આ તો બહુ ધીરજથી સમજવા જેવું છે. જેમ દરિયાના પાણી સળી વડે ઊલેચવા હોય તો કેટલી ધીરજ જોઈએ! ૩૩૩.

● જ્યાં સુધી આત્મામાં સુખ છે એવો ભાસ ન થાય અને પરમાં સુખ નથી એવો ભાસ ન થાય ત્યાં સુધી એને આત્માનો અનાદર વર્તે છે. ૩૩૪.

● હેઠલી વાતના ઠેકાણાં ન હોય તેને ઉપલી વાત આ બેસશે શી રીતે? પાત્રતારૂપ નીચલી વાતનું ઠેકાણું ન હોય તેને ઉપલી વાત અર્થાત્ અધ્યાત્મની અલૌકિક વાત શી રીતે બેસી શકે? ૩૩૫.

● હું વાણીયો છું એમ તો નહીં, પણ હું માણસ છું—એમ માનનારે જીવને મારી નાખ્યો છે. હું અલ્પ જ્ઞાનવાળો છું, હું રાગનો કરનાર છું—એમ માનનારે એના જીવને મારી નાખ્યો છે. એનો અનાદર કરવો ઈ જ એને માર્યો છે. ૩૩૬.

● આ જીવનું અંદર રુચિથી રટણ અને ઘૂંટણ ઈ અંદર આગળ જવાનો રસ્તો છે. સ્વરૂપ પ્રત્યે એને પ્રેમની જરૂર છે. જ્ઞાન ઓછું-વધતું હોય તેનું કાંઈ નહીં. ૩૩૭.

● સ્વર્ગમાં જવાને યોગ્ય પરિણામના પણ હજુ જેને ઠેકાણા નથી, મનુષ્યમાં જવાને યોગ્ય પરિણામના પણ ઠેકાણા નથી અને ધર્મ પામવાને યોગ્ય પરિણામના ઠેકાણા હોય, તેમ બને નહીં. ૩૩૮.

● ત્રણલોકના નાથ સર્વજ્ઞની પાસે પણ હિતની કામના રાખવી એ પણ ભ્રમ છે, બીજા દેવ-દેવલાની તો શું વાત! ૩૩૯.

● અહો! જુઓને, દરેક ક્ષણે ઈ મૃત્યુની નજીક જઈ રહ્યો છે, પણ જો ઈ આત્માની સન્મુખ નહીં જાય તો મૃત્યુના વખતે ઈ મુંઝાઈ જશે. ૩૪૦.

● અરે! એણે કોઈ દી એની દરકાર કરી નથી. બહારમાં અહીંથી મળશે ને અહીંથી મળશે એમ બહારમાં જ ઈ ફાંફાં મારીને, સમ્મેદશિખરમાંથી મળશે ને બીજે ક્યાંકથી મળશે, એવી ભ્રમણામાં ઈ પોતાને ખોઈ બેઠો છે. ૩૪૧.

● બાહ્યવૈભવોમાં સુખ માનવું તે વિષ્ટામાં સૂવું ને તેમાં સુખ માનવા જેવું છે. ૩૪૨.

● આત્મા અને રાગની સંધિ અતિ સૂક્ષ્મ છે, ઘણી જ દુર્લભ છે, દુર્લભ છે તોપણ અશક્ય નથી. જ્ઞાન ઉપયોગને અતિ સૂક્ષ્મ કરતાં–ઝીણો કરતાં લક્ષમાં આવી શકે છે, પંચમહાવ્રતના પરિણામો કે શુક્લલેશ્યાના કષાયની મંદતાના પરિણામો તે અતિ સૂક્ષ્મ કે દુર્લભ નથી, પણ આત્મા અતિ સૂક્ષ્મ છે. તેથી, ઉપયોગ અતિ સૂક્ષ્મ કરવાથી આત્મા જાણવામાં આવે છે. ૩૪૩.

● સર્વ જીવો સાધર્મી છે, કોઈ વિરોધી નથી. સર્વ જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ! કોઈ જીવો અપૂર્ણ ન રહો, કોઈ જીવો અલ્પજ્ઞ ન રહો, કોઈ જીવો વિરોધી ન રહો, કોઈ જીવો વિપરીત દૃષ્ટિવંત ન રહો. બધા જીવો સત્યના માર્ગે આવી જાવ ને સુખી થાવ! કોઈ જીવમાં વિષમતા ન રહો, બધા જીવો પૂર્ણાનંદરૂપ પ્રભુ થઈ જાવ. સમયસાર ગાથા–૩૮ના શ્લોકમાં

અમૃતચંદ્રાચાર્ય કહે છે કે સર્વ જીવો આત્મામાં મગ્ન થાવ! આહાહા! જુઓ, જ્ઞાનીની ભાવના! પોતે પૂર્ણાનંદસ્વરૂપ આત્મામાં મગ્ન થાય છે એટલે સર્વ જીવો પણ પૂર્ણાનંદ સ્વરૂપમાં મગ્ન થઈ સુખાનુભવ કરો, એમ કહે છે. ૩૪૪.

● અરે જીવ! એકવાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ! પર્યાયમાં સંસાર છે, વિકાર છે એ ભૂલી જા ને નિજશક્તિની સન્મુખ જો તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ ને થશે પણ નહિ. લ્યો, આ મોક્ષ! આવા સ્વભાવની દૃષ્ટિથી આત્મા મુક્ત જ છે. માટે, એકવાર બીજું બધુંય લક્ષમાંથી છોડી દે ને આવા ચિદાનંદ સ્વભાવમાં લક્ષને એકાગ્ર કર તો તને મોક્ષની શંકા રહેશે નહિ, અલ્પકાળમાં અવશ્ય મુક્તિ થઈ જશે. ૩૪૫.

● ભાઈ! અત્યારે તો પોતાનું કામ કરી લેવા જેવું છે. અરે! મા, બાપ, ભાઈ, બહેન, સગા, સંબંધી આદિ અનેક કુટુંબીઓ મરીને ક્યાં ગયા હશે? એની કાંઈ ખબર છે? અરે! 'મારે મારા આત્માનું હિત કરી લેવું છે' એમ એને અંદરથી લાગવું જોઈએ. આહાહા! સગા-સંબંધી બધા ચાલ્યા ગયા, તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ બધું ફરી ગયું. શરીરના અનંતા રજકણો ક્યારે, ક્યાં, કેમ થશે એની છે ખબર? માટે જે જાગતા રહેશે તે બચશે. ૩૪૬.

● જ્યારે જુઓ ત્યારે નિગોદનાં એક શરીરમાં રહેલ જીવોના અનંતમાં ભાગે જ મોક્ષે જાય. આહાહા! એ નિગોદમાંથી નીકળીને આવા મનુષ્યના ભવ મળ્યા ને વીતરાગની વાણી મળી એ તો ધન્ય ભાગ્ય! મહા પુણ્યના થોક હોય... મેરુ જેટલા પુણ્યના થોક હોય ત્યારે આવો યોગ મળે છે. હવે કામ કરવું એ એના હાથની વાત છે. ભાઈ! આવા કાળે તું તારું કામ કરી લે. ૩૪૭.

● એક વિચાર આવ્યો કે તીર્થંકર જેવાને માતાના પેટમાં આવવું પડે, સવા નવ માસ પેટમાં સંકોચાઈને રહેવું પડે, જન્મ લેવો પડે! આહાહા! ઇન્દ્રો જેની સેવા કરવા આવે એવા તીર્થંકરોની પણ આ સ્થિતિ! અરેરે સંસાર! આ શું છે? વૈરાગ્ય... વૈરાગ્ય... સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી એવા તીર્થંકરને પણ માતાના પેટમાં રહેવું પડે! આહાહા! સંસારની છેલ્લી સ્થિતિની વાત છે. અરેરે પ્રભુ! આ સંસાર! સંસારની આવી સ્થિતિ વિચારતાં આંખમાંથી આંસુ હાલ્યા જાય! ૩૪૮.

● જેમ ખોરાક લીધા વિના ચાલે નહિ, તેમ હંમેશા શાસ્ત્રસ્વાધ્યાય હોવો જોઈએ. સ્વાધ્યાય એ તો આત્માનો ખોરાક છે. માટે, તેનું રટણ લાગવું જોઈએ, તેનું વ્યસન હોવું જોઈએ. ૩૪૯.

● હે જિજ્ઞાસુ! તું તો નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્યપણું પામીને પંચમ

પરમભાવને બતાવનારી જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે, તો તું પરમાત્મપણે પરિણમી શકે એવો જ છો. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો. માટે, સંદેહ ન કર, નિઃસંદેહ થા. વિશ્વાસ લાવ, પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે. તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તે પણ પરિણમવાને લાયક જ છો. ૩૫૦.

● હું જ્ઞાયક છું.... જ્ઞાયક છું... જ્ઞાયક છું.. એમ અંદરમાં રટણ રાખ્યા કરવું, જ્ઞાયક સન્મુખ ઢળવું, જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી. આહાહા! એ પર્યાયને જ્ઞાયક સન્મુખ વાળવી બહુ કઠણ છે, અનંતો પુરુષાર્થ માગે છે. જ્ઞાયકતળમાં પર્યાય પહોંચી, આહાહા! એની શી વાત! એવો પૂર્ણાનંદ નાથ પ્રભુ! એની પ્રતીતિમાં, એના વિશ્વાસમાં–ભરોંસામાં આવવો જોઈએ કે અહો! એક સમયની પર્યાય પાછળ આવડો મોટો ભગવાન તે હું જ! ૩૫૧.

● ભાઈ! બાપુ! આ ચોરાશીના અવતારમાં રખડતો-રખડતો માંડમાંડ માણસનો ભવ મળ્યો, પણ બાવીશ ત્રેવીશ કલાક તો ખાવામાં, પીવામાં, કમાવવામાં ને બાયડી-છોકરાને રાજી રાખવામાં એકલા પાપમાં જાય ને માંડ એકાદ કલાક કાંઈક સાંભળવામાં જાય. બાકી આખો દિવસ એકલા પાપ, પાપ ને પાપના ધંધા કરે, જેમ એરણની ચોરી કરીને સોયનું દાન દે તેના જેવું છે. એને કાંઈક અંદરથી ચોરાશીના અવતારનો ત્રાસ લાગે તો અંદરમાં વિસામાનું સ્થાન શોધે. ૩૫૨.

● જ્ઞાયકને ભજતાં કોઈ દી કોઈ પાછા પડ્યા છે? પાછા પડે એમ બને જ નહિ, એમ વીરવાણી કહે છે. એકલો ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ છે, એ ભગવાનનું મૂલ્ય છે, એક સમયની પર્યાયનું પણ મૂલ્ય નથી. ત્રિકાળ ભગવાન મૂલ્યવાન છે એના મૂલ્ય છે. જ્ઞાનમાં એના સંસ્કાર નાખ! તેનું ફળ તને આવશે, મુંઝાવા જેવું નથી. ભાઈ! જન્મ-મરણરહિત થવાની વાતો બહુ અલૌકિક છે. ૩૫૩.

● અહો! ભગવાનના વિરહ અહીં પડ્યા ને તત્ત્વની વિપરીત શ્રદ્ધા-આચરણવાળાને રોકનાર કોઈ રહ્યું નહિ. વસ્તુ અંતરની છે ને લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા! ભાઈ! અમે તો વસ્તુનું સ્વરૂપ જે સત્ય છે તે કહીએ છીએ, એથી વિપરીત શ્રદ્ધાવાળાને ન રુચે તો માફ કરજો. ભાઈ! વિપરીત શ્રદ્ધાના ફળ બહુ આકરાં છે. તેથી તો શ્રી કુંદકુંદાચાર્યે કહ્યું છે કે અમારા દુશ્મનને પણ દ્રવ્યલિંગ ન હો! અમારે વ્યક્તિગત કોઈની સાથે વિરોધ નથી. તે બધા પણ દ્રવ્યસ્વભાવે તો પ્રભુ છે. એથી દ્રવ્યે તો તેઓ સાધર્મી છે. તેથી અમને સમભાવ છે. ૩૫૪.

● અહો! આ મનુષ્યપણામાં આવા પરમાત્મસ્વરૂપનો માર્ગ સેવવો, આદર કરવો એ જીવનની કોઈ ધન્ય પળ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક જ છે, એ એને ભાસમાં આવે,

ગમે તેવા પ્રસંગમાં પણ હું જ્ઞાયક... જ્ઞાયક છું.. એમ ભાસમાં આવે, જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે. ૩૫૫.

● ચોરાશીના ભવભ્રમણ છોડાવનારી, ત્રણલોકના નાથની વાણી સાંભળવા આવે તેને દેવ-શાસ્ત્ર-ગુરુનો કેટલો વિનય જોઈએ! સ્વર્ગેથી ઈન્દ્રાદિ દેવો ભગવાનની વાણી કેટલા વિનય, ભક્તિ અને નરમાશથી સાંભળે છે! જિનવાણી સાંભળતી વખતે શાસ્ત્રનો વિનય ને બહુમાન રાખવા જોઈએ. શાસ્ત્રને નીચે મુકાય નહિ, શાસ્ત્રની ઉપર કોણીનો ટેકો દેવાય નહિ, પગ ઉપર પગ ચડાવીને શાસ્ત્ર શ્રવણ કરવા બેસાય નહિ, રૂમાલ કે પાના આદિથી હવા ખવાય નહિ, ઝોલા ખવાય નહિ, પ્રમાદથી બેસાય નહિ વિગેરે વિગેરે કેટલા વિનય-બહુમાન-ભક્તિ હોય ત્યારે તો જિનવાણી-શ્રવણની પાત્રતા છે. વ્યવહાર-પાત્રતા જેમ છે તેમ જાણવી જોઈએ. ૩૫૬.

● મુનિઓ કહે છે કે અરે પ્રભુ! અમને આશ્ચર્ય અને ખેદ થાય છે કે શરીરાદિ પરદ્રવ્યથી તું પ્રત્યક્ષ ભિન્ન છો છતાં તેને મારું માને છો. અરે! શું કરે છો પ્રભુ! ચોરાશીના અવતારમાં રખડતાં માંડ મનુષ્યપણું મળ્યું ને આવો સત્ય સાંભળવાનો યોગ મળ્યો, હવે તો દેહથી ભિન્ન ચૈતન્યપ્રભુનો અનુભવ કર. ૩૫૭.

● જીવે પોતાના સહજ સુખસ્વરૂપ માટે એક ક્ષણ પણ ધીરો થઈને વિચાર કર્યો નથી. જો વિચાર કરે તો વસ્તુ બહુ જ સોંઘી ને સહેલી છે, પણ તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ. આ સંસારનો રસ છૂટી જાય તો આત્મસ્વરૂપ જરૂર પ્રગટે. ૩૫૮.

● શ્રદ્ધા એવી હોય કે રાગને ઘટાડે, જ્ઞાન એવું હોય કે રાગને ઘટાડે, ચારિત્ર એવું હોય કે રાગને ઘટાડે. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ક્રમબદ્ધની શ્રદ્ધા પણ એને કહેવાય કે જે રાગને ઘટાડે. ક્રમબદ્ધની શ્રદ્ધામાં અકર્તાપણું આવે છે. જે થાય તેને કરે શું? જે થાય તેને જાણે છે. જાણનાર રહેતાં, જ્ઞાતા રહેતાં, રાગ ટળતો જાય છે ને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતા વધવી તે જ શાસ્ત્રનું તાત્પર્ય છે. ૩૫૯.

● દરેક આત્મા ભગવાન સ્વરૂપ છે, પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ ચૈતન્ય રસકંદ છે. આહાહા! અત્યારે ચોમાસામાં તો લીલોતરી—ઘાસ ઢગલાબંધ થયા છે, તેના ઉપર વિના કારણ પગ દઈને કચરીને ચાલવું તે ન હોય હો, ભાઈ! એ એક ઝીણી કટકીમાં અસંખ્યાત જીવો છે, તે બધાય ભગવાનસ્વરૂપ છે. ૩૬૦.

● રાગનો અને સંયોગનો અંદર નિષેધ થાય છે તે શ્રદ્ધા-જ્ઞાનનો પર્યાય છે કે નહિ? કલાક, બે કલાક, ચાર કલાક આની આ વાત રગડાય છે, ઘૂંટાય છે, વાંચનમાં, શ્રવણમાં, વિચારમાં આ જ વાત આવ્યા કરે, ચોવીશે કલાક આ દેહના કામ તે મારા નહિ, રાગના કામ

તે મારા નહિ એમ ઘૂંટાયા કરે, એ શ્રદ્ધા-જ્ઞાનમાં કાંઈ આંતરો જ નથી પડ્યો? એ શું જ્ઞાનની ક્રિયા નથી? પણ બાહ્ય ક્રિયાકાંડના આગ્રહવાળાને અંતરના શ્રદ્ધા-જ્ઞાનનું કાંઈ માહાત્મ્ય જ દેખાતું નથી. અરે ભાઈ! આ શ્રદ્ધા-જ્ઞાનનું કાર્ય અંદરમાં સમ્યક્ થતું જાય છે, તે ક્રમે કરીને ફટાક વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વાનુભવરૂપે થઈ જશે. ૩૬૧.

● જે ઘરે ન જવું હોય તેને પણ જાણવું જોઈએ. એ ઘર પોતાનું નથી પણ બીજાનું છે તેમ જાણવું જોઈએ; તેમ પર્યાયનો આશ્રય કરવાનો નથી, તેથી તેનું જ્ઞાન પણ નહિ કરે તો એકાન્ત થઈ જશે, પ્રમાણજ્ઞાન નહિ થાય. પર્યાયનો આશ્રય છોડવાયોગ્ય હોવા છતાં તેનું જેમ છે તેમ જ્ઞાન તો કરવું પડશે, તો જ નિશ્ચયનયનું જ્ઞાન સાચું થશે. ૩૬૨.

● **શ્રોતા** :—કરોડપતિ અને અબજપતિને પુણ્યશાળી ગણવા કે આવા સાચા દેવ-ગુરુ-ધર્મ મળે તેને પુણ્યશાળી ગણવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—સાચા દેવ-ગુરુ-ધર્મનો યોગ મળે એ જ ખરા પુણ્યશાળી છે. કરોડપતિ-અબજોપતિ પુણ્યશાળી નથી, ખરેખર તો પાપશાળી કહેવાય. જે પોતાના પરમાત્મતત્ત્વને અનુભવે તે જ શ્રેષ્ઠ છે અને પોતાના પરમાત્મતત્ત્વને અનુભવવાનું કહેનાર સાચા દેવ-ગુરુનો યોગ મળવો એ જ ખરો પુણ્યોદય છે. ૩૬૩.

● એક બે ઘડી શરીરાદિ મૂર્તિક દ્રવ્યોનો પાડોશી થઈને જ્ઞાયકભાવનો અનુભવ કર. જે રાગ ને પુણ્યને અનુભવ કરે છે એ તો અચેતનનો અનુભવ છે, ચેતનનો અનુભવ નથી. માટે એકવાર મરીને પણ, શરીરાદિનો પાડોશી થઈને, ઘડી બે ઘડી પણ જ્ઞાયકભાવનું લક્ષ કરીશ તો તુરત આત્મા ને રાગની ભિન્નતા થઈ જશે અને જેવું તારું આત્મસ્વરૂપ છે તેવો અનુભવ થશે. ૩૬૪.

● અગ્નિનો ઉષ્ણ સ્વભાવ કાયમ છે, ગોળનો ગળપણ સ્વભાવ કાયમ છે, અફીણનો કડવાશ સ્વભાવ કાયમ છે, સૂર્યનો પ્રકાશ સ્વભાવ કાયમ છે, બરફનો શીતળ સ્વભાવ કાયમ છે, તેમ ભગવાન આત્માનો જ્ઞાયકસ્વભાવ—ચેતનાસ્વભાવ કાયમ છે. જ્ઞાયકસ્વભાવી આત્મા સ્વપરને જાણવા-દેખવા સીવાય બીજું શું કરે? ૩૬૫.

● જીવ જિનવર છે ને જિનવર જીવ છે—એવી દૃષ્ટિ થાય તેને પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે કેટલાક ગઢ ઓળંગીને અંદરમાં જવાય છે. વ્યવહારમાં કેટલાય પ્રકારની લાયકાત હોય, સંસારભાવો જરાય રુચે નહિ, આત્મા... આત્મા...ની ધૂન લાગે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ૩૬૬.

● સૂર્યનો પ્રકાશ ને અંધારું એ બે વસ્તુ તદ્દન જુદાં છે, તેમ સહજાત્મસ્વભાવ તે

એકલો જ્ઞાનસ્વભાવ છે, સૂર્ય સમાન છે ને દયા-દાન આદિના વિકલ્પો તે અંધકાર સમાન છે, તેને જ્ઞાન-સૂર્યથી તદ્દન જુદાઈ છે. સહજાત્મસ્વરૂપ એ સ્વભાવિક છે, અણકરાએલી છે, અકૃત્રિમ છે, એ સ્વભાવને અને રાગને એકતા ત્રણકાળમાં નથી. શું થાય! કેવળીઓના વિરહ પડ્યા, અવધિજ્ઞાની પણ કોઈ રહ્યા નહિ. જગતને ચમત્કાર લાગે તેવું કાંઈ રહ્યું નહિ. સત્યને સ્વીકારવું જગતને કઠણ પડે છે. આવું પરમસત્ય સ્વીકારનાર પણ મહાભાગ્યશાળી છે. ૩૬૭.

● આચાર્યદેવ કરુણા કરીને કહે છે કે હે આંધળા! તને વેપારના ચોપડા આદિ અનેક કળાનું બધું જાણપણું છે અને તારા સુખનું નિધાન તારી વસ્તુનું તને જ્ઞાન નહિ! તું આંધળો છો! તું સ્વયં જ્યોતિરૂપ છો, સુખનું ધામ છો, તેનું તને જ્ઞાન નહિ, ભાન નહિ, શ્રદ્ધા નહિ અને દુ:ખના કારણભૂત બાહ્ય પદાર્થનું જ્ઞાન! આહાહા! કેવી વાત છે! ૩૬૮.

● આહાહા! ક્ષણમાં અનેક પ્રકારના વિચિત્ર રોગો થઈ જાય એવું શરીર છે. ક્યાં શરીર ને ક્યાં આત્મા! એને શેઢે કે સીમાડે મેળ નથી. આહાહા! આવો દુર્લભ મનુષ્યદેહ મળ્યો છે ને આવો વીતરાગનો માર્ગ મહાભાગ્યે મળ્યો છે, તેણે મનનો ઘણો-ઘણો બોજો ઘટાડીને આત્માને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. પાંચ ઈન્દ્રિયના વલણવાળો બોજો ઘટાડીને આત્માને ઓળખવાના વિચારમાં રોકાવું જોઈએ. અંદર અનંત આનંદ આદિ સ્વભાવો ભર્યા છે, એવા સ્વભાવનો મહિમા આવે એને અંદર પુરુષાર્થ ઉપડ્યા વિના રહે જ નહિ. ૩૬૯.

● એકવાર વિચાર આવ્યો હતો કે સરકારી નોકરોને ૫૫-૫૬ વર્ષે નોકરીથી ઉતારી દે છે, તો આ શેઠીયાઓને એવો કોઈ કાયદો નહિ હોય કે ૫૫-૫૬ વર્ષે ધંધાથી છૂટા થઈને પોતાના આત્માનું કાંઈક હિત કરે? આહાહા! રોટલા ખૂટે એમ ન હોય, પાછળ પૈસાનો પાર ન હોય છતાં પણ નિવૃત્તિ લઈને પોતાના આત્માનું કાંઈ હિત કરતાં નથી, તેને મરીને ક્યાં જવું છે? અરે! ૬૦-૭૦ વર્ષ સુધી નવરાં થતાં નથી તો મરીને ક્યાં જવું છે? અરે! મમતાના પરિણામમાં મરીને તિર્યંચ બકરી આદિના પેટે અવતાર થશે! ૩૭૦.

● આત્મા ગમે તેવા સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવા સમર્થ નથી. ગમે તેવા આકરાં પ્રસંગો આવી પડે—દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો આકરો રોગ થઈ ગયો હોય, ક્ષુધા-તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરાં પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા

એવી છે કે તેને કોટિ જીભથી કોટિ વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહિ એવી આકરી નરકની પીડા છે, છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દ્યે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ! તારું તત્ત્વ હાજરાહજૂર છે, તેમાં લક્ષ કરીને પોતાની શાંતિ પ્રગટ કરી શકાય છે. ૩૭૧.

● **શ્રોતા** :—ભૂતકાળના દુઃખોને યાદ શું કામ કરવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—એવા દુઃખો ફરી ન આવે એ માટે યાદ કરી વૈરાગ્ય કરે છે. મુનિરાજ પણ ભૂતકાળના દુઃખોને યાદ કરીને કહે છે કે હું ભૂતકાળના દુઃખોને યાદ કરું છું ત્યાં કાળજામાં ઘા વાગે છે. જુઓ, સમ્યગ્દૃષ્ટિ મુનિ છે, આનંદનું પ્રચુર વેદન છે, છતાં ભૂતકાળનાં દુઃખોને યાદ કરી એવા દુઃખો ફરીને ન આવે એ માટે વૈરાગ્ય વધારે છે. ૩૭૨.

● ભગવાન આનંદનો નાથ ચૈતન્યચક્રવર્તી છે, પણ પોતાને ભૂલી ગયો છે ને ભિખારી થઈને પર પાસે ભીખ માગે છે. પૈસા લાવ, બાયડી લાવ, આબરૂ લાવ, નિરોગતા લાવ— એમ માંગણ થઈને માગ્યા કરે છે, પણ પોતાની જ અંદર આનંદ ભર્યો છ૦ે એની સામું નજર નાખતો નથી, તેથી ચાર ગતિના દુઃખોને ભોગવે છે. શુભરાગ ને અશુભરાગની વાસના તે ઝેર વાસના છે. જ્યાં આનંદનો નાથ છે ત્યાં નજર કરતો નથી ને જ્યાં નથી આનંદ ત્યાં વલખાં મારે છે. ૩૭૩.

● હમણાં તો મોટર, ટ્રેઈન, પ્લેન આદિના અકસ્માતથી કેટલાય માણસો મરી ગયાનું સંભળાય છે. આંખ ખુલે ને સ્વપ્ન ચાલ્યું જાય, તેમ દેહ અને ભવ ક્ષણમાં ચાલ્યો જાય છે. હાર્ટફેઈલ થતાં ક્ષણમાં નાની-નાની ઉંમરમાં ચાલ્યા જાય છે. અરે! આ સં...સા...ર! નરકમાં અનાજનો દાણો ન મળે, પાણીનું બિંદુ ન મળે ને પ્રતિકૂળતાનો પાર નહિ, એવી સ્થિતિમાં અનંતવાર ગયો પણ ત્યાંથી નીકળ્યો ત્યાં બધું ભૂલી ગયો. એનો જરા વિચાર કરે તો એ બધા દુઃખથી છૂટવાનો રસ્તો શોધે. અહા! આવો અનુભવ મળ્યો છે અને આવું સત્ય સમજવાનો જોગ મળ્યો છે એમાં પોતાના આત્માનું હિત કરી લેવા જેવું છે. ૩૭૪.

● આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. જેમ બરફ શીતળતાની મોટી પાટ છે, તેમ આત્મા શીતળતાની મોટી પાટ છે, અનંત-અનંત અતીન્દ્રિય આનંદની મોટી પાટ છે, અનંત સર્વજ્ઞતાની મોટી પાટ છે. આત્મા એટલે અનંતી પ્રભુતાની મોટી પાટ છે, અનંતી વિભુતાની મોટી પાટ છે, એમ અનંત-અનંત ગુણોની પૂર્ણાનંદથી ભરેલી મોટી પાટ છે. વસ્તુ છે તે સદાકાળ એવી ને એવી જ રહી છે, ભલે નરક નિગોદ આદિના અનંતા ભવો કર્યા છતાં વસ્તુ જ્ઞાનાનંદસ્વરૂપ એ તો સદાકાળ એવી ને એવી રહી છે. એનો અંદરમાં વિશ્વાસ આવવો જોઈએ. ૩૭૫.

● આત્મા અજાયબઘર છે. એમાં જ્ઞાન ને આનંદના અનંત ઓરડા ભર્યા છે કે જેમાંથી જ્ઞાન ને આનંદ કાઢ્યા જ કરે તોપણ ખૂટે નહિ એવો અજાયબઘર આત્મા છે, એનો અંતરથી મહિમા...મહિમા આવવો જોઈએ. ૩૭૬.

● **શ્રોતા** :—સમ્યક્-સન્મુખ જીવ તત્ત્વના વિચારમાં રાગને પોતાનો જાણે છે કે પુદ્‌ગલનો જાણે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—સમ્યક્-સન્મુખ જીવ રાગને પોતાનો અપરાધ છે તેમ જાણે છે અને અંદર ઉતરવા માટે 'રાગ તે મારું સ્વરૂપ નથી, રાગ તે હું નથી' તેમ જાણીને તેનું લક્ષ છોડી અંદરમાં ઉતરવાનો પ્રયત્ન કરે છે. ૩૭૭.

● અહીં તત્ત્વની બહુ ઊંચી વાત આવી એટલે હેઠલી વાતનું કાંઈ નહિ એમ ન હોય. પોતાને અંદરથી ઊગવું જોઈએ. કોઈ કહે એટલે નહિ પણ પોતાને દરકાર જોઈએ. જેને ભવિષ્યનું નક્કી નથી તેને તો ત્રાસ થઈ જવો જોઈએ કે અરે! ભવિષ્યમાં હું ક્યાં જઈશ! ૩૭૮.

● (દિનપ્રતિદિન બનતા દેહવિલયના ક્ષણભંગુર પ્રસંગો સાંભળીને વૈરાગ્યભર્યા શબ્દોમાં પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે) હે ભાઈ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. દેહનો સંયોગ તો વિયોગજનિત જ છે. જે સમયે આયુષ્યની સ્થિતિ પૂર્ણ થવાની છે તે સમયે તારા કોટિ ઉપાયો પણ તને બચાવવા સમર્થ નથી. તું લાખ રૂપિયા ખર્ચ કે કરોડ ખર્ચ, ગમે તો વિલાયતનો ડૉક્ટર લાવ, પણ આ બધું છોડીને તારે જવું પડશે. દેહવિલયની આવી નિયત સ્થિતિને જાણીને, તે સ્થિતિ આવી પડે તે પહેલાં જ તું ચેતી જા. તારા આત્માને ૮૪ના ફેરામાંથી બચાવી લે. આંખ મીંચાયા પહેલાં જાગૃત થા. આંખ મીંચાયા પછી ક્યાં જઈશ તેની તને ખબર છે? ત્યાં કોણ તારા ભાવ પૂછનાર હશે? —તો અહીં લોકો આમ કહેશે ને સમાજ તેમ કહેશે એવી મોહની ભ્રમજાળમાં ગુંચવાઈને તારા આત્માને શા માટે ગૂંગળાવી રહ્યો છે? ૩૭૯.

● **શ્રોતા** :—આત્મા પામવા માટે આખો દિવસ શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—આખો દિવસ શાસ્ત્રનો અભ્યાસ કરવો, વિચાર—મનન કરીને તત્ત્વનો નિર્ણય કરવો અને શરીરાદિથી ને રાગથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો. રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં-કરતાં આત્માનો અનુભવ થાય છે. ૩૮૦.

● ભાઈ! તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર કે જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે, તારી મતિ સવળી થઈને આત્મામાં પરિણમી જશે. સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે ને આ ભવમાં કાર્ય ન થયું તો બીજી ગતિમાં સત્ પ્રગટશે. સાતમી નરકના નારકીને વેદનાનો પાર નથી, પણ

અંદરમાંથી પૂર્વ સંસ્કાર જાગૃત થતાં સમ્યગ્દર્શન પામી જાય છે. માટે, સત્‌ના ઊંડા સંસ્કાર અંતરમાં રેડ. ભાઈ! ઊંડાણથી સત્‌ના સંસ્કાર નાખ! ઉપર-ઉપરથી તો સંસ્કાર અનેકવાર નાખ્યા, પણ ઊંડાણથી એકવાર યથાર્થ સંસ્કાર નાખ તો બીજી ગતિમાં પણ સમ્યગ્દર્શન પ્રગટ થશે. ૩૮૧.

● અરે! આખો દી ધંધા ને બાયડી-છોકરાની મમતામાં પાપમાં જીવન ગાળે છે એનું શું થશે? એકલી મમતા.. મમતા.. મમતાના ફળમાં મરીને ઢોરમાં જશે. અહીં વાણીયો કરોડપતિ હોય ને મરીને ભૂંડ થાય ને વિષ્ટા ખાશે! એણે મારું શું થશે એમ નક્કી કરવું જોઈએને કે હું મરીને ક્યાં જઈશ! અહીં તો થોડો કાળ રહેવાનું છે, પછી મારું શું થશે ને ક્યાં જઈશ? એ નક્કી કરવું જોઈએ.

**શ્રોતા** :—ક્યાં જઈશ એ નક્કી થઈ શકે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—હા, શાસ્ત્રથી પરિણામ મેળવે તો નક્કી થઈ શકે છે. ૩૮૨.

● **શ્રોતા** :—વાંચન-શ્રવણ-મનન કરવા છતાં આત્માનો અનુભવ કેમ થતો નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—વાંચન આદિ તો બધું બહિર્મુખ છે ને આત્મવસ્તુ આખી અંતર્મુખ છે, એથી એને અંતર્મુખ થવું જોઈએ. પરને જાણવાનો ઉપયોગ સ્થૂળ છે, તેને સૂક્ષ્મ કરી અંતર્મુખ કરવાનો છે. અંતરમાં ઊંડાણમાં જાય તો અનુભવ થાય. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક છું, ધ્રુવ છું—એવા અંતરમાં સંસ્કાર નાખે તો આત્માનું લક્ષ લઈને અનુભવ થાય. ૩૮૩.

● કાળે વર્ષા પડે, કાળે વૃક્ષો ખીલે, કાળે ચંદ્ર ખીલે, કાળે ઢોર ઘરે આવે, સ્વાતિ-નક્ષત્રના કાળે છીપમાં પાણી પડતાં મોતી પાકે, તેમ ઉત્તમ દેવ-ગુરુના મહાન યોગ કાળે તું આવ્યો ને પૂજ્ય પદાર્થ અનુભવમાં ન આવે એ અજબ તમાસા છે! ૩૮૪.

● અહો! પ્રભુ! તારામાં પ્રભુતા પડી છે, તું પોતે જ પ્રભુ છો. તારા પેટમાં પરમાત્મપણું પડ્યું છે, તેમાંથી સંસાર પ્રસવે એવી તારામાં શક્તિ જ નથી. કેવળી થવાની તારામાં ખાણ પડી છે. ૩૮૫.

● ભાઈ! બાપુ! વ્યવહારનયના કથનો બધા એવા છે કે એમાં તું છેતરાઈ જતો નહીં. નહીં તો અનંતકાળે મળેલો અવસર એળે ચાલ્યો જશે હોં! ૩૮૬.

● ભગવાન સર્વજ્ઞ એમ કહે છે કે તું પહેલી ચોટે અમારી સામે જોવાનું છોડી દે ને ભિન્ન વસ્તુભૂત શુદ્ધ જ્ઞાનમય આત્માને સીધો પ્રાપ્ત કર. સીધો એની સામે જોઈને પ્રાપ્ત કર! આહાહા! ૩૮૭.

● પહેલેથી જ સંસ્કાર નાખવા જોઈએ કે હું સિદ્ધ છું, શુદ્ધ છું, પરમાત્મા છું. ૩૮૮.

● કરુણાથી કહ્યું છે કે અરે મૂઢમતિ! અમે જે પુણ્ય-પાપભાવને અચેતન કહીએ છીએ, જડ કહીએ છીએ, પુદ્‌ગલ કહીએ છીએ, રૂપી કહીએ છીએ, તેને તું આત્મા માને છો તો મોટો અપરાધી છો; જા નરક-નિગોદમાં! જા પુદ્‌ગલની ખાણમાં! ચૈતન્યની ખાણમાં નહીં જવાય. ૩૮૯.

● આચાર્યદેવ કહે છે કે ભાઈ! તારો આત્મા શુદ્ધ જ્ઞાનઘનસ્વરૂપ છે. એવો ને એવો જ છે, એને કાંઈ ખોડ-ખાંપણ આવી જ નથી. ભલે એ નરક-નિગોદમાં રખડ્યો, પણ જરીયે ખોડ આવી જ નથી. માટે, તું ખુશી થા, ખુશી થા. ૩૯૦.

● તારી સમીપમાં પડ્યો (એવો તારો આત્મા) તેની ભાવના કરને! દૂર પડ્યાની ભાવના શું કરે છે! ૩૯૧.

● આત્મામાં પરમેશ્વર થવાનો જ ગુણ છે, પામર થવાનો અને પામર રહેવાનો ગુણ જ નથી. ૩૯૨.

● આ તો અનાદિથી નહીં કરેલું કાર્ય છે. આ તો બહુ જ શાંતિ અને ધીરજનું કાર્ય છે. એક બાજુનો પક્ષઘાત થઈ જવો જોઈએ કે શરીર-વાણી-મન-વિકલ્પ એ મારું જીવન જ નથી. ૩૯૩.

● એકલું દુઃખનું વેદન ઈ આત્મા જ નથી, અણાત્મા છે. આહાહા! સ્ત્રી-પુત્ર આત્મા નહીં, શરીર આત્મા નહીં, પણ પુણ્ય-પાપનું એકલા દુઃખનું વેદન ઈ પણ આત્મા જ નથી, અણાત્મા છે. ૩૯૪.

● **શ્રોતા** :—સાહેબ! અનુભવ થતો નથી તો અમારો શું દોષ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—એ આ પરનો ઉત્સાહ આવે છે એ જ દોષ છે અને પોતાનો ઉત્સાહ નથી આવતો એ જ દોષ છે. પરમાં જ સાવધાની રાખે છે અને પોતામાં સાવધાન થતો નથી એ જ દોષ છે. પરનું માહાત્મ્ય આવે છે અને પોતાના સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી એ જ દોષ છે. લ્યો! સંક્ષેપમાં આ દોષ છે. ૩૯૫.

● અરે! બહારના સંગમાં કોના સાથ સંબંધ અને કોના ખોટા લગાડવા અને કેટલું રહેવું! અરે! વિકારનો સંગ પણ ક્યાં વસ્તુને છે! અસંગ ચૈતન્યને પરનો સંગ નથી અને વિકલ્પનો પણ સંગ નથી. ૩૯૬.

● મારી ચીજ જ્ઞાયકભાવથી કદી છૂટી જ નથી અને રાગને કદી સ્પર્શી જ નથી એવી દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન થાય છે. ૩૯૭.

● જેને ચૈતન્યનું લક્ષ બંધાણું છે એનું જોર ચૈતન્ય તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ

છે, આ જ સ્વભાવ છે—એમ સ્વભાવમાં જ જોર હોવાથી અમે તેને ઓછી ઋદ્ધિવાળો કેમ દેખીએ? મિથ્યાદૃષ્ટિ હોવા છતાં તે સમ્યક્ સન્મુખ થઈ ગયો છે, તે સમ્યક્ લેવાનો જ છે. ૩૯૮.

● કેવળીને જાણીને કેવળીપણું તારું નક્કી કર એમ ભગવાને ઉપદેશ કર્યો છે. સ્વભાવ-સન્મુખ જા, દ્રવ્યની અભિમુખ જા, આ એક જ ભગવાનનો ઉપદેશ છે. ચારે અનુયોગમાં આ એક જ વાત છે. ૩૯૯.

● જેમ લાકડાની અગ્નિમાં ઉપર છારી વળી જાય છે ને અંદર સળગતું હોય છે, અગ્નિ ઉપરની છારીરૂપ રાખ અગ્નિથી જુદી જ છે; તેમ રાગ પણ ચૈતન્યની છારી સમાન હોવાથી ચૈતન્યથી જુદે જુદો જ છે. ઉષ્ણતા અને અગ્નિ એકરૂપ છે, તેમ જ્ઞાન ને આત્મા એકરૂપ છે. ૪૦૦.

● મારા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પરનો અભાવ છે એમ નિર્ણય કરો અને પછી મારા સ્વભાવમાં વિભાવનો પણ અભાવ છે એમ નિર્ણય કરો. ૪૦૧.

● અપના પરમેશ્વરકા જીવકો માહાત્મ્ય આતા નહીં. થોડા મંદ કષાય હો જાય ઉસકા માહાત્મ્ય આતા હૈ, થોડા શાસ્ત્રકા જ્ઞાન હો જાય તો ઉસકો લગતા હૈ મૈં બહોત જાનતા હું, થોડી ભેદવાળી શ્રદ્ધા હો જાય તો ઉસકો લગતા હૈ મેરી શ્રદ્ધા પક્કી હો ગઈ હૈ. અરે ભાઈ! એ પરલક્ષી જ્ઞાનાદિકી કુછ મહિમા નહી હૈ. ઉસકી મહિમા સ્વભાવકી મહિમાકી દૃષ્ટિકો રોકતી હૈ. ૪૦૨.

● ધૂળને જોવી હવે રહેવા દ્યો! જોનારને જુઓ! જોનારને જોવો એ વસ્તુસ્વરૂપ છે, માટે જોનારને જોવો. ૪૦૩.

● ભાઈ! તારા ખીસ્સામાં બધું ભર્યું છે, કાઢીને ખા એટલી જ વાર છે! તારી શક્તિમાં અનંત જ્ઞાનાદિ ભર્યાં પડ્યા છે, કુતૂહલ કર! ૪૦૪.

● હઠવું છે ક્યાં? 'પુણ્ય-પાપરૂપ હું થઈ ગયો છું' એમ એણે માન્યું છે, પણ એ હું નહીં, બસ એટલી વાત છે. માન્યતા જ ફેરવવાની છે. તારી દૃષ્ટિફેરે સંસાર છે અને 'હું પુણ્ય-પાપરૂપ થયો જ નથી' એવી દૃષ્ટિ ને અનુભવ કરવો એ જ મુક્તિ છે. એવો અંતરસ્વીકાર કરવો એ જ મુક્તિ કહો કે મુક્તિના પંથ કહો. ૪૦૫.

● આહાહા! જાતિસ્મરણજ્ઞાનમાં સામાનો પૂર્વદેહ જણાતો નથી, આત્મા જણાતો નથી, છતાં નિર્ણય કરી લ્યે કે આ આત્મા જ સંબંધમાં હતો! આટલી તો જાતિસ્મરણની તાકાત! તો કેવળજ્ઞાનની કેટલી તાકાત હોય!! મતિજ્ઞાનની પર્યાય પણ આટલું નિરાલંબનપણે કામ કરે તો કેવળજ્ઞાનના નિરાલંબનપણાની શું વાત! ૪૦૬.

● અહો! અંતરના અભિપ્રાયની અને મિથ્યા-અભિપ્રાયની શું કિંમત છે એની જગતને ખબર નથી. રાગના કણથી લાભ થાય એમ માન્યું એણે ચૈતન્યને લૂંટી લીધો. ૪૦૭.

● શરીરના નામથી પણ એવો રંગાઈ ગયો છે કે ઘોર નિદ્રામાં પણ એનું નામ લ્યો તો બેઠો થઈ જાય! તેમ આત્મામાં એવો રંગાઈ જાય કે 'ચૈતન્ય જ્ઞાયકજ્યોત છું' સ્વપ્નમાં પણ એ જ વાત આવે. જેને જેની લગની લાગી હોય તેને સ્વપ્ના પણ એ જ આવે. અમે આનંદ ને શુદ્ધ ચૈતન્ય છીએ, પુણ્ય ને પાપ તે અમે નહીં. ૪૦૮.

● અરે! દૃષ્ટિના પંથને નિર્મળ ન કરે અને આવો આત્મા ન તારવે ત્યાં સુધી એનું કલ્યાણ થાય તેમ નથી. ૪૦૯.

● ક્રમબદ્ધના છંછેડાટમાં ક્રમબદ્ધનો છંછેડાટ નથી, પણ અકર્તાપણાનો છંછેડાટ છે. જ્ઞાનસ્વભાવ અકર્તા સિદ્ધ કરીને પુરુષાર્થ કરાવવો છે. ૪૧૦.

● અહો! ૮૦ વર્ષની આયુવાળો ૨૦ વર્ષથી માંડીને ૬૦ વર્ષ સુધી તે ભવની ચિંતા કરે છે, પરંતુ ૮૦ વર્ષ પછીનો જે સમય તેની જરાયે ચિંતા ન કરે તે કેવી ધીઠાઈ! ૮૦ વર્ષ પછીનો જે પહેલો સમય તે આખોય ભવ પણ એ જ આત્માનો છે, કાંઈ બીજા આત્માનો એ ભવ નથી. તડકા-છાયાં વચ્ચે આંતરું નથી, તેમ બે ભવ વચ્ચે આંતરું નથી. માટે, બીજા ભવની તો ચિંતા કર. ૪૧૧.

● આ પૈસાવાળો અને આ સારા નિરોગ શરીરવાળો એમ ન જો, પણ આ કેવળી થઈ ગયા, આ પૂરણ થઈ ગયા અને મારે પર્યાયમાં હજુ અધૂરું છે એમ જોને! ૪૧૨.

● કોઈ દિવસ જોયું નથી એવા રોકેટનો ભરોંસો કરે છે, પણ એક સમયમાં આ બધા પદાર્થોને જાણી લ્યે એવી શક્તિનો ભરોંસો તો લાવ! ૪૧૩.

● પરમાણુ શુદ્ધ થયા પછી પાછો અશુદ્ધ થઈ જાય છે ને જીવ શુદ્ધ થયા પછી શુદ્ધ જ રહે છે એટલે પરમાણુ બંધસ્વભાવી જ છે અને જીવ મોક્ષસ્વભાવી જ છે. પરમાણુમાં શુદ્ધ થવાની યોગ્યતા છે ને જીવમાં બંધ થવાની યોગ્યતા છે. ૪૧૪.

● સઘન વૃક્ષોના વનમાં છાંયા માંગવી નથી પડતી, સ્વયં મળી જાય છે; તેમ આત્મદ્રવ્ય પાસે યાચના કરવી નથી પડતી, પરંતુ પૂર્ણાનંદની સમીપ દૃષ્ટિ પડતાં જ છાયાં સ્વયં મળી જાય છે, માગવી નથી પડતી. હે જિનેન્દ્ર! તું તો વીતરાગ છો તેથી કોઈને કાંઈ આપતો નથી, કોઈથી કાંઈ લેતો નથી, પરંતુ વૃક્ષની છાંયાની જેમ તારું શરણ જે લ્યે છે તેને સ્વયં શરણ મળી જાય છે. આત્મદ્રવ્યની દૃષ્ટિ કરતાં નિઃશંક છે કે આત્મા કૃપા કરે જ! ૪૧૫.

● એને રોગનું ને નિમિત્તનું માહાત્મ્ય આવ્યું છે ને કાં તો એક સમયની પ્રગટ પર્યાયનું

માહાત્મ્ય આવ્યું છે, પણ વસ્તુ આખી અંદર પડી છે એનું માહાત્મ્ય આવતું નથી. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છેને કે જગતને સૃષ્ટિનો ગુપ્ત ચમત્કાર ભાસતો નથી એટલે કે અંદરમાં આખી શક્તિ પડી છે તે ભાસતી નથી. ૪૧૬.

● ઈ નજર કરે કે પરના કાર્ય મારા નહીં, ત્યાં દુઃખ હળવું થઈ જાય છે. ૪૧૭.

● પોતાના ભગવાન સાથે જીવે તકરાર માંડી છે અને સુખને માટે બીજે-બીજે ભટક્યા કરે છે. ૪૧૮.

● આત્મા એટલે જ સમજણનો પિંડ.. જ્ઞાનનો પિંડ.. બસ, આમાં તો સમજવું... સમજવું... સમજવું જ એક આવે છે, બીજું કાંઈ કરવાનું આવતું નથી! —પણ સમજવું એ કરવું નથી? સમજવાનું જ એક કરવાનું છે; પરંતુ સમજવાનું કરવું, જ્ઞાન કરવું એનું એને માહાત્મ્ય આવતું નથી. ૪૧૯.

● અટકવાના સ્થાનો અનેક છે, અંદર આવવાનો માર્ગ એક જ છે. જીવને ક્યાંક ને ક્યાંક મીઠાશ રહી જાય છે. અરે! ચાલની પણ મીઠાશ હોય! હાથી જેવી મલપતી ચાલ હોય તો એનીય મીઠાશ! ઈ તો સ્થૂળ છે, સૂક્ષ્મમાં તો રાગની જ મીઠાશ હોય છે. ધારણાજ્ઞાન થઈ જાય અને સમજાવતાં આવડી જાય તો એની મીઠાશ આવી જાય છે. એમ ક્યાંક નહી ને ક્યાંક અટકી જાય છે. અંદરમાં કોઈ ને કોઈ પણ શલ્ય રહેતું ન હોય તો આત્મા તરફ વળ્યા વિના રહે જ કેમ? ૪૨૦.

● **શ્રોતા** :—આપની વાણી પણ એવી છે કે તત્કાળ મોક્ષ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—મોક્ષ જ છે. દૃષ્ટિ અંદરમાં કરી એટલે મોક્ષ જ છે. અંદરમાં મોક્ષ પડ્યો છે ને દૃષ્ટિ કરી એટલે મોક્ષ જ છે. પછી થોડી વાર લાગે એનું કાંઈ નહીં. ૪૨૧.

● ગુરુ કહે છે કે તારામાં તું સમા; ગુરુની પ્રથમ આ આજ્ઞા છે. પ્રથમ દૃષ્ટિ વીતરાગ, જ્ઞાન વીતરાગ, સ્થિરતા વીતરાગ! ત્રણકાળના તીર્થંકરોનો આ હુકમ છે. ૪૨૨.

● સૌના પરિણામની જવાબદારી સૌના માથે છે. ૪૨૩.

● શરીરને બાદ કરો, પુણ્ય-પાપને બાદ કરો, અલ્પજ્ઞતાને બાદ કરો, તો બાદ કરતાં કરતાં જે બાકી રહી જાય તે આખો આત્મા છે. ૪૨૪.

● અંતર્મુખ અને બહિર્મુખ એ બે જ મોટી વાત છે. આ વાત જૈનશાસન સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ. વસ્તુ આખી અંતર્મુખ પડી છે, તેમાં અંતર્મુખ થવું એ વાત જૈનદર્શન સિવાય બીજે હોઈ શકે નહીં. કારણ કે આ વસ્તુસ્થિતિ છે. તેથી, જ્યાં વસ્તુસ્થિતિ હોય ત્યાં જ આ વાત હોય. ૪૨૫.

● મોટાને ઉત્સંગ બેઠાને શી ચિંતા, સેવક થયા નિશ્ચિંતા! અરે! મા-બાપના ખોળે બાળક બેઠું હોય એને પણ ચિંતા ન થાય તો ભગવાનને ખોળે બેઠા એને ભવ હોય ઈ બને જ નહીં. જેને ભગવાન બેઠા અને હું પણ ભગવાન છું એમ પ્રતીતિ આવી તેને ભવ હોય જ નહીં. ૪૨૬.

● અહો! શરીરને માથે પ્રહાર પડતાં હોય અને અંદર આત્મામાં શાંતિનું વેદન ચાલતું હોય છે. દુનિયા દેખે કે દુઃખી છે, જ્ઞાની દેખે કે સુખી છે. ૪૨૭.

● સમ્યગ્દર્શન એટલે તો ભાઈ! આખો પરમાત્મા દૃષ્ટિમાં બેસી ગયો. ૪૨૮.

● આ તો એવી વાત છે કે સાદિ-અનંત આનંદ-આનંદ થઈ જાય અને સંસાર અનાદિ-સાંત થઈ જાય છે. એનું ફળ મહાન છે તો એનું કારણ પણ મહાન છે તો એનો આધાર પણ મહાન છે—એમ એને પ્રથમ નિઃશંકપણે ભાસવું જોઈએ. પછી અંતરમાં પ્રયોગ થાય. ૪૨૯.

● સત્ જેવું છે એવું જ્ઞાનમાં ન આવે તો તે જવાબ નહીં આપે, સમ્યક્ જ્ઞાન નહીં થાય, દૃષ્ટિ નહીં થાય, અનુભવ નહીં થાય. શ્રીમંતને કોઈ ભિખારી કહે તો તે જવાબ નહીં આપે, તેમ સત્ જેવું છે તેવું કબૂલશે નહીં તો સત્ જવાબ નહીં આપે. ૪૩૦.

● એકલા શાસ્ત્ર-અભ્યાસમાં જ જે લાગી રહ્યો છે તેને સ્વભાવમાં આવવા શાસ્ત્રાભ્યાસનો નિષેધ કર્યો છે, પણ તે સાંભળીને કોઈ અનપઢ સ્વભાવમાં તો જઈ શકતો નથી અને શાસ્ત્રાભ્યાસમાં પ્રવર્તતો નથી તો તે તો નિશ્ચયાભાસી છે. ૪૩૧.

● જેમ તેલ પાણીનાં પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી, તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, ચૈતન્યના દળમાં પેસતો નથી. ૪૩૨.

● પૃથક્ વસ્તુને પૃથક્ કરવાની તારી તાકાત નથી તો તું નપુંસક છો. પૃથક્ તો છે જ પરંતુ પૃથક્ માન્યું નથી. માટે, પૃથક્ માનવામાં વીર્ય જોઈએ છે. ૪૩૩.

● વિષ્ટાના ટોપલામાં રતન પડ્યું હોય તોપણ તે રતન જ છે, તેમ શરીર ગમે તેવું ઢોરનું હોય, વ્યંતરી દેવીનું હોય પણ અંદરમાં ચૈતન્ય રતનનું ભાન થયું છે એને એમ ઉલ્લાસ આવી જાય છે કે અહો! આવો, ભગવાન મારી પાસે છે અને હું ક્યાં જોવા જાવ! એમ ઉલ્લાસમાં અંદર ડોલી જાય છે. ૪૩૪.

● જેને ખરેખર એમ લાગે કે મારું જીવન નિષ્ફળ ગયું, એ તો સફળતાનો માર્ગ લ્યે છે. ૪૩૫.

● સ્વભાવનું માહાત્મ્ય કરવા આ વાત કહેવામાં આવે છે. મારા અંતરમાં આનંદ ભર્યો છે—ભગવાન કહે છે અને મને ભાસે છે. આ રાગ તો કૃત્રિમ અને દુઃખરૂપ છે. માટે,

આનંદ-સ્વભાવ ઉપર દૃષ્ટિ કર તો સમાધાન અને શાંતિ થશે. ૪૩૬.

● **શ્રોતા** :—આમાં (તત્ત્વ-અભ્યાસમાં) કમાણી શું થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—આમાં કમાણી એ થાય કે ઈ પોતે ત્રણલોકનો નાથ થાય, કેવળજ્ઞાનનો બાદશાહ થાય, ઈ કમાણી છે. અરે! શ્રદ્ધા-જ્ઞાન થયા ત્યાં જ ઈ કેવળજ્ઞાનનો બાદશાહ થઈ ગયો. ૪૩૭.

● મિથ્યાત્વ એ જ સંસાર છે અને સમ્યક્ એ જ મુક્તિ છે. "અનુભવનો એટલો મહિમા છે કે એક આત્માનો અનુભવ થયો એટલે ૧૨ અંગની ભણતરની ખટક રહી નહિ, પંચમહાવ્રતની ગણતરી રહી નહિ, વ્યવહારશ્રદ્ધાની અપેક્ષા રહી નહિ." ૪૩૮.

● જેણે દૃષ્ટિમાં મુક્તિધામ જોયું છે, રાગથી અને સંયોગથી પૃથક્ ચૈતન્યગોળો જોયો છે, તે મડદાંને જેમ પોલીશ લાકડાથી બાળે પણ પ્રીતિ નથી, એમ જ્ઞાની રાગના ભાવથી મરી ગયા છે, એક સચેતન-જ્ઞાનજ્યોતિથી જીવન છે, સાક્ષાત્ જ્યોતિ અનાદિ-અનંત એનાથી જીવન છે. ૪૩૯.

● જેને 'હું દુઃખી છું' એમ લાગે ઈ સુખ પ્રાપ્ત કરવા તરફ વલણ કરે. પર પદાર્થમાં ઠીકપણું ને અઠીકપણું લાગવું એ જ દુઃખનું લક્ષણ છે. પોતાની શાંતિ માટે પરનો આશ્રય લેવો પડે એ જ દુઃખ છે. ૪૪૦.

● જેવો ભગવાનનો સ્વભાવ છે એવો જ મારો સ્વભાવ છે, પણ અહો! એને ભરોંસાની સરાણે ચડાવવો, શ્રદ્ધામાં લેવો, એના અસ્તિત્વમાં 'આ હું છું' એમ પ્રતીતિ કરવી! અહો! એ નિર્વિકલ્પદૃષ્ટિ વિના થાય જ નહીં. ૪૪૧.

● વિકારની કિંમત છૂટી જાય અને સ્વભાવની કિંમત વધી જાય એટલે વિકાર મંદ થઈ જાય, પાંગળો થઈ જાય, વિકારની કેડ તૂટી ગઈ. વિકારની રુચિ ગઈ અને સ્વભાવની કિંમત આવી પછી અસ્થિરતાનો રાગ રહે છે. સ્થિરતા થયે તે પણ છૂટી જાય છે. ૪૪૨.

● **શ્રોતા** :—કેવી રીતે સાંભળવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—એ.. આત્માને રાગથી જરા મોકળો કરીને સાંભળવું. 'હું સિદ્ધ છું' એવું લક્ષ પ્રથમ કરીને સાંભળવું. આ તો ભાઈ! પરમેશ્વરની વાતુ છે. પરમેશ્વર કેમ થવાય એની વાતુ છે. ૪૪૩.

● નિમિત્તમાં મધુરપણું તેને લાગે કે જેને ઉપાદાનમાં મધુરપણું પ્રગટ્યું છે. આત્માના રસનો રસિક જીવ છે તેને ભગવાનની વાણી મીઠી લાગે છે. જે આત્મામાંથી કમાણી કરીને આવ્યો છે એને વાણીમાં પણ મીઠાસ લાગે છે. ૪૪૪.

● અહો! ક્ષણમાં મરી જવું અને મમતાનો પાર નહિ! ૪૪૫.

● લાખ શાસ્ત્ર અને ચારે અનુયોગમાં એક જ વાત કરી છે કે તારી બહિર્મોહદૃષ્ટિ જ તને અંતર્મુખ થવામાં વિઘ્નરૂપ છે.

ઉપાય પણ એક છે, વિઘ્ન કરનાર પણ એક જ છે, આત્મજ્ઞાન એક જ ઉપાય છે અને બહિર્મોહદૃષ્ટિ એક જ વિઘ્નરૂપ છે. ૪૪૬.

● ધીરો થા, ભાઈ! ધીરો થા. વીતરાગના ઘરની દૃષ્ટિ પામવી બહુ અલૌકિક વાત છે. એ દૃષ્ટિ થઈ એટલે તો એની મુક્તિ થઈ ગઈ. ૪૪૭.

● પોતાનો ચૈતન્ય ભગવાન જિનસ્વરૂપ છે, તેની અંતરદૃષ્ટિ કરી અંતરદર્શન કરતાં નિધત અને નિકાચિત કર્મના ભૂકા થઈ જાય છે, ત્યારે ભગવાનના દર્શનથી કર્મના ભૂકા વ્યવહારથી કહેવામાં આવે છે. ૪૪૮.

● અંતરમાં દૃષ્ટિ લગાવવી એ જ આત્માનો ખોરાક. શ્રદ્ધા-જ્ઞાનનો વારંવાર અભ્યાસ કરવો એ જ આત્માનો ખોરાક છે. ૪૪૯.

● હે ભાઈ! સત્‌ને સમજ્યા વિના તને કોઈ શરણ નહિ થાય. આંખ મીંચાણી ત્યાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધું અજાણ્યું... અજાણ્યું થઈ પડશે. અંદરના જાણીતાને જેણે જાણીતો કર્યો હશે તે જ્યાં જશે ત્યાં જાણીતો જ રહેશે. ૪૫૦.

● મિથ્યાત્વ એ જ મોટામાં મોટો કષાય છે, તત્ત્વનિર્ણય કરતાં-કરતાં તે મંદ થતું જાય છે. નિર્ણય પૂરો થઈ ગયો એટલે તેનો અભાવ થઈ જશે. ૪૫૧.

● દેહ-દેવળમાં સિદ્ધ પરમાત્મા હું પોતે જ બિરાજું છું. ૪૫૨.

● બધી વાત કરીને કહેવું છે એક જ કે દ્રવ્ય સન્મુખ થા, પહેલાં રુચિથી અને પછી પુરુષાર્થથી; આ બધી એની ટીકા છે. ૪૫૩.

● જાદુગર છોકરીના બે કટકા કરીને જીવતી કરવાની વાત ચાલતાં પૂજ્યશ્રીએ કહ્યું કે અરે! એમાં શું હતું? વિદ્યા આદિથી મોટું સૈન્ય ઊભું કરે, મારી નાખે, જીવતું કરી નાખે, પણ એમાં આત્માને શું લાભ? એ... રાગથી જ્ઞાનની ભિન્નતાના કટકા કરી દે તો એ ખરો કહેવાય. ૪૫૪.

● પોતાની ભૂમિકાને યોગ્ય થતાં વિકારી ભાવોને જે છોડવા માગે છે, તે પોતાની વર્તમાન ભૂમિકાને સમજી શક્યો નથી, માટે તેનું જ્ઞાન મિથ્યા છે; અને જેને વર્તતા વિકારી ભાવોનો નિષેધ આવતો નથી, પરંતુ મીઠાશ વેદાય છે તો એ પણ વસ્તુસ્વરૂપ સમજ્યો નથી,

તેથી તેનું જ્ઞાન મિથ્યા છે. જ્ઞાનીને તો રાગને રાખવાની ભાવના હોતી નથી અને રાગને ટાળવાની આકુળતા હોતી નથી. ૪૫૫.

● શ્રીમદ્ જેવા પણ ઈડરના પહાડ ઉપર બેસી શ્લોકોની સ્વાધ્યાય કરતાં. કોઈ કહે કે 'પણ નિર્વિકલ્પ થઈ જાયને! સ્વાધ્યાય તો શુભ રાગ છે!' તો એ સ્વછંદી છે, તે મિથ્યાત્વમાં નિર્વિકલ્પ થઈ ગયો છે. ૪૫૬.

● સર્વજ્ઞની વાણીએ પણ હું પૂરો ન પડું એવો એ તે હું કોણ? એનું જેને માહાત્મ્ય આવ્યું છે અને એ માહાત્મ્યનું ભાસવું એ જ એને કરવાનું કર્તવ્ય છે. ૪૫૭.

● પૂર્વે જે રામચંદ્ર આદિ મહાપુરુષો થયા અને તીર્થંકરો થયા તે બધા કેવળજ્ઞાન થયા પહેલાં મુનિ અવસ્થા કે ગૃહસ્થાશ્રમમાં વસ્તુનું સ્તવન વારંવાર કરતાં હતા કે વસ્તુ આવી અચિંત્ય છે, પર્યાયનું આવું અચિંત્ય સામર્થ્ય છે, પરમાણુની તાકાત આટલી છે, તેની પર્યાયની તાકાત આટલી છે—એમ વસ્તુનું ચિંતવન-સ્તવન કરતાં હતા અને ભગવાનનું પણ સ્તવન કરતાં હતા. ૪૫૮.

● આ કાંઈ આલી-દુઆલીનો મારગ નથી, પણ તીર્થંકર અને ચક્રવર્તીઓ પણ જે માર્ગે વિચરે છે એવો મહાન મારગ છે. જેના ફળમાં સાદિ-અનંતની શાંતિ થઈ જાય એવો પરમ સત્ય મારગ છે. ૪૫૯.

● મારે મારા ગુણ-પર્યાયની જરૂર છે અને બીજાની જરૂર નથી, એનું નામ વૈરાગ્ય છે અને પોતામાં જે છે એની અપેક્ષા અને પોતામાં જે નથી તે બધાની ઉપેક્ષા એવા પોતાના અસ્તિત્વનું ભાન થવું તે જ્ઞાન છે. ૪૬૦.

● આખો ચિદાનંદ ડુંગર સમ્મેદ્શિખર અહીં અંદરમાં પડ્યો છે, એની ઉપર અંતરમુખ થઈને અનંતા તીર્થંકરો મુક્તિ પામ્યા છે. ૪૬૧.

● દેવોને જેમ કંઠમાંથી અમૃત ઝરતું હોવાથી ભોજનની ઈચ્છા ઉપજતી નથી, તેમ ધર્મીને અંતરમાંથી અમૃતરસ ઝરતો હોવાથી રાગનો રસ ટળી ગયો છે. ૪૬૨.

● મારું તત્ત્વ સદાય મને અનુકૂળ જ છે. જેટલી ચૈતન્ય-કલ્પવૃક્ષની એકાગ્રતા કરું એટલું મળે જ છે. મારે બીજાની જરૂર નથી. ૪૬૩.

● વસ્તુમાં રાગ-દ્વેષ ને મિથ્યાશ્રદ્ધાની ગંધ જ નથી. શક્તિમાં તો એકલું સિદ્ધપદ જ પડ્યું છે. એની દૃષ્ટિ થતાં, પર્યાયમાં એનું જ એનલાર્જ થાય છે. ૪૬૪.

● જેમ શરીર, સ્ત્રી આદિ પરદ્રવ્ય વિના ચાલે નહિ એમ લઈને બેઠો છે, એમ એકવાર આમ તો લે કે મારે મારા આત્માની દૃષ્ટિ વિના એક ડગલું નહિ ચાલે એમ લે! મારા દ્રવ્ય વિના મારે એક ક્ષણ પણ ન ચાલે એમ લે! ૪૬૫.

● સ્વભાવ અને રાગ સાથે એણે ગાંઠ બાંધી છે, એ ગાંઠને એક ક્ષણ પણ એ તોડે તો રાગથી જુદો પરમાત્મા એને હાથમાં આવે છે. ૪૬૬.

● ત્રાજવે મેરુ ન તોળાય એમ કહે છે, પણ અહીં તો ત્રાજવે મેરુ તોળાય છે. શ્રદ્ધાએ મોટા પહાડને—ચૈતન્યને તોળ્યો છે. ૪૬૭.

● પરથી એકત્વ જ અનાદિનો એક જ રોગ છે અને એનું જ એને દુઃખ છે. પરથી વિભક્ત—ભેદવિજ્ઞાન એ એક જ ઉપાય છે. બસ, આખા સમયસારમાં પહેલેથી ઠેઠ સુધી આ એક જ વાત છે. ૪૬૮.

● ભાઈ! બાપુ! તારી પરમેશ્વરતાનો આધાર તારું દ્રવ્ય છે. તારે પરમેશ્વર થવું હોય તો તારી પરમેશ્વરતા તારા અંતરમાં ગોત. ૪૬૯.

● અરે જીવ! અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં તે ઘણાં દુઃખ સહન કર્યાં, નરકાદિના ઘોરમાં ઘોર દુઃખોથી પણ તું સોંસરવટ નીકળી ગયો, પણ વિરાધકભાવે. એકવાર જો આરાધકભાવે બધા દુઃખોથી સોંસરવટ નીકળી જા એટલે કે ગમે તેવી પ્રતિકૂળતા આવે તોપણ આરાધકભાવથી તું ડગે નહિ, તો ફરીને આ સંસારનું કોઈ દુઃખ તને ન આવે ને તારું સુખધામ તને પ્રાપ્ત થાય. ૪૭૦.

● મારી ચૈતન્યસ્વરૂપ ચીજ તો અનાદિથી એવી ને એવી છે. મારા ધામમાં કોઈએ પ્રવેશ કર્યો જ નથી. રાગ રાગમાં રહ્યો છે, ઉપર-ઉપર રહ્યો છે, મારા સ્વરૂપમાં એ કોઈનો પ્રવેશ થયો જ નથી, મારું કાંઈ ખોવાણું નથી, મારું કાંઈ ઓછું થયું નથી.—આમ જાણીને હે ભાઈ! તું પ્રસન્ન થા, પ્રસન્ન થા. ૪૭૧.

● જેની દૃષ્ટિમાં ચૈતન્યધામ પડ્યું છે, જેની દૃષ્ટિ ક્ષયોપશમના એક અંશનો પણ વિશ્વાસ કરતી નથી, જેની દૃષ્ટિમાં રાગ અને નિમિત્તનો વિશ્વાસ પણ ઊડી ગયો છે, એવા સમકિતીને દ્રવ્યપ્રત્યયો ઉદયમાં આવવા છતાં બંધન નથી; તેની દૃષ્ટિમાં તો ચૈતન્યધામ પડ્યું છે. ૪૭૨.

● **શ્રોતા** :—આ આત્મા ભગવાનની જાતનો જ છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—ઈ ભગવાન જ છે, ભગવાનની જાતનો શું? ભગવાન જ છે.

**શ્રોતા** :—સાહેબ! આપે તો ભગવાન બનાવી દીધો!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :—બનાવ્યો નથી, ઈ ભગવાન જ છે. ભગવાન છે એમ બતાવ્યો છે. ૪૭૩.

● પરમાત્માના ઘરમાં પેસવું છે અને હું તો પામર... પામર... પામર... એ બે વાતમાં મેળ નથી. પહેલી ચોટમાં 'હું સિદ્ધ છું' એવું લક્ષમાં લેતો નથી તેને જિજ્ઞાસુ જ કહેતાં નથી. ૪૭૪.

● પર્યાય જો દૃશ્ય હે ઉસકો અદૃશ્ય કરકે ઔર ગુણ-ભેદ જો દૃશ્ય હે ઉસકો અદૃશ્ય કરકે ઔર દ્રવ્યકો દૃશ્ય કરકે પૂર્વે અનંતા તીર્થંકરોને સમ્યગ્દર્શન પાયા હે, યહ એક હી માર્ગ હે. ૪૭૫.

● રોગના કાળે રોગ થયા વિના રહેશે જ નહિ. ઈન્દ્ર ઉપરથી ઊતરે તોપણ થયા વિના રહેશે નહિ, લે! અને રાગને કાળે રાગ પણ થયા વિના રહેશે નહિ, લે! હવે તારે નજર ક્યાં કરવી છે? સ્વભાવ ઉપર નજર નાખવી એ જ સંતોષ અને શાંતિનો ઉપાય છે. ૪૭૬.

● ભેંસ આદિ ઢોર ઘાસ આદિ ખાઈને પછી નિરાંતે ઓગાળે છે, તેમ તત્ત્વની વાત સાંભળવામાં આવે તેનું મંથન કરીને, ગોઠવણી કરી-કરીને, જ્યાં સુધી ભાવ ન ભાસે ત્યાં સુધી એને ઓગાળવું જોઈએ. પર્યાયનો ભરોંસો અને પછી ત્રિકાળ સત્‌નો ભરોંસો આવવો જોઈએ. ૪૭૭.

● આ વાત તો મહાભાગ્યશાળી પુણ્યવંત, જેને અલ્પકાળમાં અનંત-અનંત સુખના ધણી થવું છે, તેને માટે છે. ૪૭૮.

● કોઈ પહેલાં પૂજા-ભક્તિ કરતો હોય અને પછી આવું સાંભળીને તત્ત્વવિચારમાં રહેતો હોય તો તેને કોઈ કહે કે આને સાંભળવાનું ફળ શું? —તો કહે છે કે ભાઈ! પૂજાદિ કરતાં તો તત્ત્વવિચારમાં વિશેષ કષાયમંદતા છે, એમાં ભ્રષ્ટતા નથી. તારી દૃષ્ટિ ઊંધી છે. તારી સાથે પૂજાદિમાં ઊભેલો દેખાય નહિ એટલે ભ્રષ્ટ છે તેમ નથી, તેમાં તો શુભભાવ ઘણો જ ઊંચો છે. મોક્ષમાર્ગ—પ્રકાશકમાં પણ આ વાત કરી છે. ૪૭૯.

● **શ્રોતા** :—રુચિ થાય અને અહીં સમ્યગ્દર્શન ન થાય તો બીજા ભવમાં સમ્યગ્દર્શન થાય એવું કાંઈ ખરું?

● **પૂજ્ય ગુરુદેવશ્રી** :—રુચિ થાય એને થાય જ... થાય જ... થાય... થાય ને થાય જ. યથાર્થ રુચિ અને લક્ષ થાય એને સમ્યગ્દર્શન ન થાય તેમ ત્રણકાળમાં બને જ નહીં. વીર્યમાં હીણપ—હત્‌-ઉત્સાહ ન આવવો જોઈએ. વીર્યમાં ઉત્સાહ—નિઃશંકતા આવવી જોઈએ. કાર્ય થશે જ એમ થવું જોઈએ. ૪૮૦.

❀



પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

# પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત

● દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા અપાર છે. અંતરમાં શુદ્ધાત્માનો મહિમા લાવીને ધ્યેય એનું જ રાખવું, નિરંતર એનું જ ભેદજ્ઞાન કરવાનો પ્રયાસ કરવો. એ જ કરવાનું છે. જેમ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે, પણ લાલપીળા ફૂલની છાયામાં તે લાલપીળો દેખાય છે, તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો (લાલપીળો) થયો નથી; તેમ ચૈતન્યપદાર્થ સ્વભાવે નિર્મળ છે, પણ તેની પરિણતિમાં ક્લેશની કાલિમાને લઈને અનેક જાતનાં વિભાવો દેખાય છે, તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો થઈ ગયો નથી, અંતરમાં દૃષ્ટિ કરે તો શુદ્ધ છે. માટે શુદ્ધાત્મા પર દૃષ્ટિ કરી, એની જ લગની, એની જ ધૂન અને એનું જ દિવસ ને રાત ક્ષણે-ક્ષણે ભેદજ્ઞાન કરવાનું કે 'આ જે વિભાવો છે તે મારો સ્વભાવ નથી, હું તેમનાથી જુદો—ન્યારો ચૈતન્યમય છું.' એની જ લગની લગાતાર લાગે તો એ નિર્વિકલ્પ તત્ત્વ—સ્વાનુભૂતિ પ્રાપ્ત થયા વગર રહે જ નહિ. ૧

● જિનવરસ્વામી મળ્યા પણ પોતે તેમને ઓળખ્યા નથી, માટે 'જિનવરસ્વામી મળ્યા નથી' એમ શાસ્ત્રમાં આવે છે. એ રીતે સમ્યક્ દર્શનની પ્રાપ્તિ પણ અપૂર્વ છે; એ પણ જીવે કોઈવાર પ્રાપ્ત કર્યું નથી. જે ભગવાનને યથાર્થ ઓળખે તે પોતાના આત્માને યથાર્થ ઓળખે છે—એવો સંબંધ છે. ભગવાનને જે દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાયપણે ઓળખે તે પોતાને ઓળખે અને જે પોતાને ઓળખે તે ભગવાનને ઓળખે. માટે, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયનો સ્વભાવ શો છે, તેને પર સાથે શો સંબંધ છે તે સમજી, બંને દ્રવ્યો જુદેજુદાં છે એમ યથાર્થ રીતે ખ્યાલમાં લઈ પર સાથેની એકત્વબુદ્ધિ તોડવી. વિભાવભાવો પણ આત્માનો સ્વભાવ નથી, એમનાથી પણ પોતે જુદો છે. ગુણોના ભેદ અને પર્યાયોના ભેદ એ પણ ચૈતન્યનું અખંડ સ્વરૂપ નથી. બધી રીતે ચૈતન્યને—શુદ્ધાત્માને ન્યારો ગ્રહણ કરવો—જુદો પ્રતીત કરવો. એમ કરીને, એનો જ વારંવાર અભ્યાસ કરી, એમાં લીનતા કરવી. આમ કરવાથી સ્વાનુભૂતિ પ્રગટ થયા વિના રહેતી જ નથી. ૨.

● આત્માનો સ્વભાવ તો અનાદિ-અનંત સદા શુદ્ધ પરિપૂર્ણ છે. સ્વાનુભૂતિ પ્રાપ્ત કરનારને તે સ્વભાવનો અંશ પ્રગટ થાય છે, પરંતુ તેને તે અંશથી શાંતિ—તૃપ્તિ—સંતોષ થઈ જતો નથી. તેને ભાવના તો સદાય પૂર્ણ વીતરાગતાની રહે છે. પુરુષાર્થની મંદતાને લીધે પોતે ભલે માત્ર સમ્યગ્દૃષ્ટિ જ હો, ગૃહસ્થદશામાં હો, તોપણ તેને ભાવના તો એવી જ રહે છે કે ક્યારે હું મુનિદશા પ્રાપ્ત કરું, ક્યારે હું પૂર્ણ વીતરાગતારૂપે પરિણમી જાઉં. તેને સદા નિર્વિકલ્પ સ્વાનુભૂતિ, આત્મામાં પ્રચુર લીનતા ને પૂર્ણ વીતરાગતાની ભાવના રહે છે. એક

અંશથી તેને સંતોષ થતો નથી.—આવું હોવા છતાં તેને અંશે શાંતિ અને તૃપ્તિ તો અવશ્ય થાય છે, કેમકે અનાદિ કાળથી જે વિભાવમાં એકત્વબુદ્ધિ હતી, આકુળતા હતી, તે છૂટતાં કોઈ અપૂર્વ પરિણતિ પ્રગટ થઈ, જેનાથી અપૂર્વ શાંતિ, અપૂર્વ આનંદ અનુભવમાં આવ્યો, અંતરમાં લોકોત્તર માર્ગ પ્રગટ્યો, આત્માનું અપૂર્વ તેમ જ અલૌકિક પરિણમન થયું તેનો આનંદ થાય છે. આ રીતે, તેને અપૂર્વ શાંતિ ને આનંદ પણ હોય છે અને પૂર્ણ આનંદમય વીતરાગ દશાની ભાવના પણ રહે છે. ૩.

● અહીં (સુવર્ણપુરીમાં) ગુરુદેવ બિરાજતા હતા અને નિરંતર તેમની ચૈતન્યરસઝરતી અમૃતવાણી વરસતી હતી. ધન્ય એવી આ નગરી! ધન્ય! તે કાળ! ગુરુદેવ પરમપુરુષ હતા, મહા શક્તિશાળી હતા. ભરતક્ષેત્રમાં આ કાળે ગુરુદેવની વાણી સર્વોત્કૃષ્ટ અતિશયતાવાળી હતી, પંચમકાળમાં ભરતના જીવોનાં ચૈતન્યને જગાડનારી હતી. ગુરુદેવ જગતથી જુદાં જ પડે—એમની મુદ્રા પણ જુદી પડે અને વાણી પણ જુદી પડે. એમની મુદ્રા જોતાં માણસો 'આ તો ધર્મપુરુષ છે' એમ છક થઈ જતા; અહો! આ તો ચૈતન્યની અતિશયતા બતાવનારી મુદ્રા! તેઓ તો ચૈતન્યરત્નને ઓળખાવનાર પરમ પુરુષ હતા. વ્યાખ્યાન વાંચતા હોય ત્યારે જુદાં જ લાગે. તેમનાં ચરણોથી ભરતક્ષેત્ર શોભતું હતું. તેઓ ચૈતન્યદેવનો માર્ગ બતાવતા હતા. 'ચૈતન્યને ઓળખો........ઓળખો!' એવી ગર્જના કરતાં; 'જ્ઞાયકદેવ, ભગવાન આત્મા...... ભગવાન આત્મા'નો પોકાર કરતાં; બધાને 'ભગવાન' કહીને બોલાવતા. પોતે તો ભગવાનસ્વરૂપે હતા, અલ્પ કાળમાં ભગવાન થઈ જવાના. ગુરુદેવના ચૈતન્યની શોભાની તો શી વાત! એમનાં પુણ્યની પણ શોભા કોઈ જુદી! એવા, બાહ્ય–અંતર પુણ્ય ને પવિત્રતાની મૂર્તિ હતાં. ભરતક્ષેત્રનાં ભાગ્ય કે ગુરુદેવ અહીં જન્મ્યા. ૪.

● કોઈ કોઈ મુનિશ્વરોને એવી લબ્ધિ પ્રગટ થઈ જાય છે કે તેઓ અંતર્મુહૂર્તમાં અગિયાર અંગ ને ચૌદ પૂર્વનું અનુપ્રેક્ષણ કરી લે છે! પરંતુ મુનિરાજના હૃદયમાં તેનો પણ મહિમા તો નથી જ. લૌકિકદૃષ્ટિએ તેમને કેવી અદ્ભુત લબ્ધિ છે! સંપૂર્ણ બાર અંગનું અંતર્મુહૂર્તમાં મનથી તો અનુપ્રેક્ષણ કરે છે, પરંતુ તદુપરાંત વચનથી પણ સ્વાધ્યાય કરી લે છે. તેમને અંદરમાં સહજ કોઈ એવી શક્તિ ઊઘડી જાય છે કે તેઓ અંતર્મુહૂર્તમાં પૂરેપૂરાં બાર અંગ ફેરવી જાય. આ પ્રકારે બાર અંગનું જ્ઞાન અને તદ્વિષયક લબ્ધિ હોવા છતાં પણ મુનિઓને બાર અંગના જ્ઞાનની અને લબ્ધિની કાંઈ અધિકતા લાગતી નથી. અંતરમાં અપૂર્ણ જ્ઞાન રુચતું જ નથી. એ તો ક્રમિક જ્ઞાન છે. ક્રમ પડે એવા જ્ઞાનનો મહિમા જ શો?

સહજજ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન તો એક સમયમાં સંપૂર્ણ લોકાલોકને, ત્યાં ગયા વિના, વિચાર કર્યા વિના, અંદર જ લીન રહેતાં, અંતરમાં જ કેલિ કરતાં-કરતાં, જાણી લે છે. ૫.

● ચોથા ગુણસ્થાનથી જ સાધકોને નિર્વિકલ્પતત્ત્વમાં નિર્વિકલ્પપણે સદાને માટે જામી જવાની ભાવના હોય છે. તેમને દ્રવ્યદૃષ્ટિને મુખ્ય રાખીને તત્ત્વસંબંધી—દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ આદિના અનેક વિચાર અંતરમાં આવે તો છે, પરંતુ તેઓ આકુળતારૂપ હોવાથી અંદરમાં ગોઠતા નથી અને શુભભાવમિશ્રિત ક્ષાયોપશમિક અપૂર્ણ જ્ઞાનરૂપ હોવાથી તેમનામાં અધિકતા પણ લાગતી નથી. સહજતત્ત્વમાં સહજપણે જામી જવું છે, બાકી બધું કૃત્રિમ છે—એવી ભાવના ચોથા ગુણસ્થાનથી જ હોય છે; પરંતુ પુરુષાર્થની મંદતા હોવાથી સ્વરૂપમાં લીનતા વિશેષ નહિ હોવાને લીધે, શ્રુતનું ચિંતવન, દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા ઈત્યાદિ શુભભાવ આવ્યા વિના રહેતા નથી. ૬.

● અંદરમાં શુદ્ધાત્મામાં જ બધું ભર્યું પડ્યું છે. તું પણ પ્રમાદ છોડી ત્યાં દૃષ્ટિ કર. એને માટે ઝાઝા જ્ઞાનની જરૂરત નથી, રુચિ પલટાવી દે. શ્રુતનું અધિક જ્ઞાન હોય તો તે કાંઈ નુકશાનકારક નથી, અંદર નિર્મળતાનું કારણ બને છે; પરંતુ જો વિશેષ જ્ઞાન ન હોય અને પ્રયોજનભૂત જ્ઞાન હોય તો પણ આત્માનું કાર્ય તો થઈ શકે છે. તેથી પ્રયોજનભૂત તત્ત્વ જે નિજ શુદ્ધાત્મા તેને જાણવાનો પ્રયત્ન કરવો. અધિક શાસ્ત્રજ્ઞાન હોય તો ઠીક, પરંતુ કસવાળું તત્ત્વ તો એક શુદ્ધાત્મા જ છે, તો શુદ્ધાત્માને જ ગ્રહણ કરવો. ૭.

● અહો! આજે ભગવાન પધાર્યા. એવા મંગળ મુહૂર્તે શ્રી સીમંધર ભગવાન પધાર્યા કે એમની પાછળ ક્રમશઃ આખા સૌરાષ્ટ્રમાં જિનેન્દ્રવૃંદ ઊતરી પડ્યા; ગામેગામ ભગવાન પધાર્યા. અહો! જગતમાં સર્વોત્કૃષ્ટ જિનેન્દ્રદેવ છે. આપણે ત્યાં ભગવાન પધાર્યા, દર્શન કરવાનું સૌભાગ્ય મળ્યું, તેની શી વાત! વિદેહના વિહરમાન ભગવાન, જાણે સાક્ષાત્ ભગવાન, આપણે આંગણે પધાર્યા! શ્રી સીમંધર ભગવાનનો જ્યારે મંદિરના દ્વારમાં પ્રવેશ થયો, ત્યારે ગુરુદેવે અતિશય ભક્તિભાવથી 'પધારો ભગવાન! પધારો'—એમ સ્વાગત કરીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા હતા. પૂજ્ય ગુરુદેવે આશ્ચર્યમુગ્ધ થઈ ભગવાનનાં દર્શન કર્યા, ત્યારે એમની આંખોમાંથી આનંદના આંસુ વહેવા લાગ્યાં હતાં. અહા! જગતમાં સર્વોત્કૃષ્ટ ભગવાન જ છે. ૮.

● જગતમાં તીર્થંકર ભગવાન સર્વોત્તમ વિભૂતિ છે. આપણને તો આ ભવિષ્યના તીર્થંકર ભગવાન મળી ગયા. વર્તમાન ભગવાનની જેમ જ તેમની વાણીના શ્રવણનું સૌભાગ્ય મળ્યું. ગુરુદેવે વર્ષો સુધી વાણી વરસાવી. આ ભરતક્ષેત્રમાં દિવ્યધ્વનિની જેમ જ ગુરુદેવની ધ્વનિ ગાજતી હતી, તેના શ્રવણ જેવું બીજું સૌભાગ્ય ક્યું? ગુરુદેવે બધાને દ્રવ્યદૃષ્ટિનો અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય તરફ ઝૂકવાનો ઉપદેશ આપ્યો. તું પણ આ તરફ ઝૂકી જા, નિધાન તારી પાસે જ છે, ક્યાંય ગોતવા જવું પડે એમ નથી. ૯.

● સમયસારમાં બધો—આખો માર્ગ આવી ગયો. 'આત્મા પરદ્રવ્યનો કર્તા નથી, એક દ્રવ્યની બે ક્રિયા નથી, બે દ્રવ્યની એક ક્રિયા નથી.' ગુરુદેવે આ વારંવાર સ્પષ્ટ કરીને બતાવ્યું છે, બે દ્રવ્યોની સ્વતંત્રતા બતાવી છે. બીજાનું કાંઈ કરી શકતો નથી, તેથી કર્તાબુદ્ધિ છોડી દે અને જેનાથી—જેનો આશ્રય કરવાથી અનેક જાતની શુદ્ધ પર્યાય પ્રગટ થાય એવા નિજ શુદ્ધ આત્માને ગ્રહણ કર. તેને ગ્રહણ કરવાથી શરૂઆતથી માંડીને પૂર્ણતા સુધીની અનેક જાતની નવીન શુદ્ધ પર્યાય પ્રગટ થાય ને તે કરવા જેવું છે; તેમાં તને સુખ થશે—આનંદ થશે, તૃપ્તિ થશે. તેમાં જ સુખ માન-આનંદ માન, બસ! તેમાં જ તૃપ્તિ થઈ જશે, પછી ક્યાંય બહાર જવાનું મન નહિ થાય. વિકલ્પ તૂટીને એવી તૃપ્તિ આવશે કે બહારનું તારું બધું ઊડી જશે. માટે, તેને—નિજ શુદ્ધ આત્માને ગ્રહણ કર, દેવ-શાસ્ત્ર-ગુરુને ને જ્ઞાયકને હૃદયમાં રાખ, અંદરમાં ચૈતન્યની ધારા પ્રગટ કર. જીવનમાં તે જ કરવા જેવું છે. ૧૦.

● પાણી સ્વભાવે નિર્મળ હોવા છતાં પણ કાદવના સંયોગે મલિન દેખાય છે, તોપણ તેનો સ્વભાવ તો નિર્મળ જ છે; તેવી રીતે ચૈતન્યનો સ્વભાવ નિર્મળ જ્ઞાન તેમ જ આનંદથી પરિપૂર્ણ છે, પરંતુ જીવની દૃષ્ટિ બહારમાં હોવાથી તે, મલિનતા તેમ જ દુઃખનો અનુભવ કરે છે. જો ચૈતન્ય તરફ દૃષ્ટિ કરે, ચૈતન્યને ઓળખે, તેના ઊંડાણમાં જઈને તેનો સ્વભાવ સમજે તો તેમાંથી નિર્મળતા, શીતળતા અને આનંદ પ્રગટ થાય છે. ચૈતન્યદ્રવ્ય અનંત અનંત શક્તિઓથી ભરેલું છે, તેમાં અનંત ગુણો ભરેલા છે. ચૈતન્ય કોઈ અનુપમતત્ત્વ છે. તે તરફ દૃષ્ટિ કરવાથી, તેમાં લીનતા કરવાથી આ વિકલ્પો તૂટીને જે સ્વાનુભૂતિ થાય છે તે સ્વાનુભૂતિ જ મુક્તિનો માર્ગ છે. ૧૧.

● અહીંના (સુવર્ણપુરીનાં) સ્થાન-સ્થાનમાં, વસ્તુ-વસ્તુમાં, રજકણ-રજકણમાં ગુરુદેવનાં સ્મરણો છે. જેના ઉપર નજર પડે, તેના આશ્રયે ગુરુદેવ સ્મરણમાં આવે છે. 'હમણાં અહીં ગુરુદેવ સીમંધરનાથના દર્શન કરવા પધારશે, હમણાં અહીં ગુરુદેવ વ્યાખ્યાનની પાટ પર બિરાજશે ને અમૃતવાણી છૂટશે, હમણાં ગુરુદેવ આહાર લેવા પધારશે, હમણાં અહીં ગુરુદેવ એકાંતમાં બેસી નિજ સ્વાધ્યાય—મનનમાં લીન થશે' એમ સર્વત્ર ગુરુદેવના ભણકાર વાગે છે. ગુરુદેવ ભુલાતા નથી. એ પાવનમૂર્તિ નજરે તર્યા કરે છે. ગુરુદેવનાં એ સ્મરણો દ્વારા ગુરુદેવનાં પવિત્ર જીવન અને ઉપદેશને દૃષ્ટિ સમક્ષ રાખીને, આપણે તેઓશ્રીએ ચીંધેલા માર્ગે ચાલીએ, તેઓશ્રીની ગેરહાજરીમાં પણ પુરુષાર્થ વધારતા જઈએ—એ જ કર્તવ્ય છે. ૧૨.

● પ્રથમ ભેદજ્ઞાનના અભ્યાસરૂપ દશા પ્રગટ થતાં સ્વાનુભૂતિ થાય છે. વિકલ્પનો આશ્રય નહિ પરંતુ ચૈતન્યનો આશ્રય લેવો જોઈએ. ચૈતન્યનો આધાર—અવલંબન લેવાથી

વિકલ્પ છૂટી જાય છે. નિરાલંબન થવાથી વિકલ્પ છૂટી જાય છે. ચૈતન્યનો આધાર લેવાથી વિકલ્પ તૂટીને અંદરથી સ્વાનુભૂતિ થાય છે. ચૈતન્યના આલંબનરૂપ, માત્ર ચૈતન્યમાં લીનતારૂપ, ચૈતન્ય તરફ ઝૂકતી—એવી પરિણતિ કરવાથી તે પ્રગટ થાય છે. માત્ર વિચાર કર્યા કરવાથી નહિ, પરંતુ વિચાર કરી, તેનો પુરુષાર્થ કરીને અંદરમાં જો પરિણતિ પ્રગટ કરે તો તેમાંથી કોઈ અપૂર્વ દશાની પ્રાપ્તિ થાય છે. આ કરવા જેવું છે અને તે જ મુક્તિનો માર્ગ છે. ગુરુદેવે એ જ માર્ગ બતાવ્યો છે. ૧૩.

● ચૈતન્યનો સ્વભાવ એવો છે કે પરિણતિ એકવાર સ્વભાવ તરફ ગઈ તો પછી તે, સ્વભાવ તરફ વળ્યા કરે છે. મુનિરાજને તો પરિણતિની એવી દોડ થઈ જાય છે કે ક્ષણે-ક્ષણે તે અંદરમાં જ દોડી જાય છે. તેમને પરિણતિ બહાર ક્યાંય ટકતી નથી, એક ક્ષણભર ટકીને અંદરમાં મળી જાય છે. સ્વભાવ જ એવો છે કે પરિણતિ જો સ્વ-તરફ વળી તો સ્વ-તરફ જ વળ્યા કરે છે. માટે, એવી સ્વાનુભૂતિ પ્રગટ કરવી, ચૈતન્ય—જ્ઞાયકની ઓળખાણ કરવી, જ્ઞાયકને સ્વભાવમાંથી ઓળખવો. જેનો જે સ્વભાવ હોય છે તેમાંથી જ પર્યાય પ્રગટ થાય છે, બીજામાંથી આવતી નથી. ૧૪.

● ચૈતન્યની કોઈ અદ્‌ભુતતા ને અનુપમતા બતાવવાવાળા એક ગુરુદેવ જ હતા. ગુરુદેવ સ્વર્ગપુરીમાં બિરાજે છે. આ ભરતક્ષેત્રમાં ગુરુદેવ 'ભગવાન..ભગવાન' કરતાં હતા; તેમને તો ભગવાન મળી ગયા. ગુરુદેવે જે બતાવ્યું તેનો પ્રયત્ન કરવો જોઈએ. કરવાનું તો પોતાને છે. ગુરુદેવે જે કહ્યું છે તે જ કરવાનું છે. આપણે તો તેમની આગળ શીખ્યાં છીએ, એક ગુરુદેવે જ બધું શીખડાવ્યું છે. અંતરમાં આત્મા 'છે' તે કેમ પ્રાપ્ત થાય? કેવળજ્ઞાન કેમ થાય?—બધો માર્ગ તેમણે સ્પષ્ટ કર્યો; અપૂર્વ માર્ગ તેમણે પ્રગટ કર્યો. ગુરુદેવની વાણી જ એવી હતી કે પુરુષાર્થ ઊપડે ને આત્માની પ્રાપ્તિ થાય. ગુરુદેવની અપાર કૃપા હતી. તેમણે ભવનો અભાવ કરાવ્યો. ૧૫.

● પુરુષાર્થ કરવાની કળ અંદર સૂઝી જાય તો માર્ગ મળ્યે જ છૂટકો. કળ એટલે પોતાનો જે સ્વભાવ છે તેને ઓળખીને અંતરમાં પોતે પોતાને ગ્રહણ કરવું તે. પોતે જ પોતાને પકડી શકે, બીજો કોણ પકડાવે? અનેક જાતની વિભાવપર્યાયો વચ્ચે રહેનારો આત્મા શાશ્વત છે, તેને સૂક્ષ્મ થઈને જો. શાસ્ત્રમાં આવે છેને કે પ્રજ્ઞાછીણી વડે પોતે પોતાને પરથી ને રાગાદિ વિભાવથી જુદો પાડે. પોતે સૂક્ષ્મ દૃષ્ટિ કરે, પોતે પોતાને જુએ, ધીરો થઈ પોતે પોતાની પરિણતિને પોતા તરફ દોડાવે. એવું કોઈ જ્ઞાન ને વિરક્તિ પ્રગટ થાય કે જેથી પોતે પોતાને ગ્રહણ કરે. એવી જાતની દૃષ્ટિ, એવી જાતનું જ્ઞાન અને એવી જાતની વિરક્તિ પ્રગટ કરે કે જેથી પરિણતિનો વેગ પોતા તરફ વળીને પોતે પોતાને ગ્રહણ કરે. કળ પોતે જ પોતાને

અંદરથી સુઝાડી શકે એમ છે. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે ચાલવાથી અંદર જ્ઞાન ને આનંદ વગેરે બધું પ્રગટ થાય છે. ૧૬.

● જેને આત્માની જિજ્ઞાસા જાગે, પિપાસા લાગે, બહારનું બધું દુઃખમય લાગે તેને, જો તે અંતરમાં ખોજ કરે તો, આત્માનો મહિમા આવે. જેને સંસારમાં તન્મયતા છે તેને આત્માનો મહિમા આવતો નથી. જેને બહારમાં—વિભાવમાં દુઃખ લાગે તે વિચાર કરે કે આ તો બધું દુઃખ છે. હું તો અંદર એવું કોઈ પ્રગટ અનુપમતત્ત્વ છું કે જેમાં પરિપૂર્ણ સુખ છે. જેને જિજ્ઞાસા જાગે તે પોતાના આત્માનો ગુણવૈભવ જોવાનો પ્રયત્ન કરે, અને તો તેને તેનો મહિમા આવે. 'આત્માનો વૈભવ કેવો છે? કોણ બતાવે? કેમ પ્રગટ થાય?'—એમ જેને જિજ્ઞાસા હોય તે ખોજ કરે છે. ૧૭.

● આત્મા શક્તિએ પરિપૂર્ણ ભગવાન છે. શક્તિએ જે પૂર્ણ હોય એમાંથી જ પર્યાયમાં પૂર્ણતા પ્રગટે. જો સ્વભાવ પૂર્ણ ન હોય તો પર્યાયમાં પૂર્ણતા આવે ક્યાંથી? દ્રવ્યનું મૂળ શાશ્વત સ્વરૂપ એવું છે કે જેને કોઈ હીનાધિક કરી શકતું નથી, કોઈ પરદ્રવ્ય તેને હાનિ, ઘસારો કે વિઘ્ન કરી શકતું નથી, તેના સ્વભાવને કોઈ ખંડિત કરી શકતું નથી. એનું નામ જ સ્વતઃસિદ્ધ દ્રવ્યસ્વભાવ કહેવાય. તે સ્વતઃસિદ્ધ પૂર્ણ દ્રવ્યસ્વભાવ ભલે દેખાતો નથી, પણ એમાં પૂર્ણતા છે તો જ પર્યાયમાં પૂર્ણ પ્રગટે છે. જેમાં છે તેમાંથી જ પ્રગટે છે. પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થાય તે પૂર્ણ સ્વભાવમાંથી જ થાય છે. પૂર્ણ હોય તો જ એમાંથી પૂર્ણતા આવે છે. માટે, સ્વભાવ ઓળખીને પ્રતીતિ કરવી કે 'હું પૂર્ણ જ છું.' પોતાની પૂર્ણ શક્તિનો ખ્યાલ બરાબર આવી શકે છે. અપૂર્ણતા હોય તેમાંથી પૂર્ણતા ન આવે, પૂર્ણતામાંથી જ પૂર્ણતા આવે. મૂળ તત્ત્વ પરિપૂર્ણ છે. કેવળજ્ઞાનપર્યાય ભલે વ્યક્તિરૂપે પૂર્ણ પ્રગટ થાય, પણ શક્તિરૂપે—સ્વભાવે તો અંદર દ્રવ્ય જ પરિપૂર્ણ બિરાજમાન છે. તારી દૃષ્ટિ પૂર્ણ સ્વભાવ પર કર તો તેમાંથી પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થશે. ૧૮.

● ગુરુદેવે ચૈતન્યનો ડંકો વગાડી આખા ભારતને હલમલાવી દીધું, મુમુક્ષુઓનાં કાળજાં હલમલાવી તેમને અન્તર્દૃષ્ટિ કરવા પ્રેર્યા. ગુરુદેવ કહેતા : 'અનંત શક્તિથી ભરપૂર જે આ આત્મા તેને જે ગ્રહણ કરે તેને શુદ્ધિ અને શુદ્ધિની વૃદ્ધિ પ્રગટ થયા વિના રહે જ નહિ.' એક શુદ્ધાત્માને ગ્રહણ કર. ગુરુદેવ જેવા 'ગુરુ' મળ્યા અને ભગવાન જ્ઞાયકદેવ આંગણે પધાર્યા. પછી તો શુદ્ધ પર્યાય જ પ્રગટ કરવાની હોયને? બીજું તો જીવને અનંત કાળમાં શું નથી મળ્યું? બધું મળી ચૂક્યું છે. બધું શ્રુત, પરિચિત ને અનુભૂત છે. એક ચૈતન્યના એકત્વની વાત સુલભ નથી, બીજું બધું સુલભ છે. જન્મમરણ કરતાં-કરતાં વિભાવ સુલભ થઈ પડ્યો છે ને 'એકત્વ' સ્વભાવ છે પોતાનો, તોપણ તે દુર્લભ થઈ પડ્યો છે. ગુરુદેવના પ્રતાપે

સ્વભાવની વાર્તા ને સ્વભાવની અનુભૂતિ સુલભ થઈ છે. સ્વભાવની અનુભૂતિ કરવી તે પોતાના હાથની—પુરુષાર્થની વાત છે. ૧૯.

● સ્વાનુભૂતિ તે જ મોક્ષમાર્ગ છે. જ્ઞાયકની અનુભૂતિની બીજ ઊગે તો અવશ્ય પૂનમ થાય જ. ગુરુદેવના પ્રતાપે ચારે બાજુ 'અનુભૂતિ કરો, અનુભૂતિ કરો' એમ થઈ ગયું છે. પહેલાં તો બધા ક્રિયાકાંડમાં પડ્યા હતા. અત્યારે આવા વિષમ કાળે આવા ગુરુ મળ્યા ને તેમણે બાહ્ય ક્રિયા નહિ, પણ અંતર અનુભૂતિની ક્રિયાનું રહસ્ય બતાવ્યું. જીવ અનંત કાળમાં બધું કરી ચૂક્યો છે—ત્યાગ કર્યો, અથાગ વૈરાગ્ય લહ્યો, પણ મુક્તિનો માર્ગ ન મળ્યો. તે અંતરનો માર્ગ મેળવવા અંતરમાં જ્ઞાયકની સમીપતા કર, જ્ઞાતાધારાની ઉગ્રતા કર, દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કર. એકવાર વિભાવને પીઠ દીધી તે દીધી. વિભાવને શ્રદ્ધામાં પૂરેપૂરી તિલાંજલી દઈ દ્રવ્યનું પૂરેપૂરું જોર લાવ. થોડી પણ કચાશ હશે તો અંદર નિર્વિકલ્પતા પ્રગટ નહિ થાય. વિભાવ અંદર જરાય પાલવે એવો નથી. વિભાવ સાથે અંશે પણ એકત્વ તને અંદર જતાં રોકશે. તારાં નયનની આળસે તું રોકાયો છે. હરિ અર્થાત્ પરમાત્મા પોતાની પાસે જ છે, પોતે જ છે. જ્ઞાન ને આનંદથી ભરેલો ચૈતન્યદેવ અખૂટ ભંડાર છે, રત્નોથી ભરેલો પર્વત છે, અનુપમ છે. તારે જે જોઈતું હશે તે બધું એમાંથી જ મળશે. જ્ઞાન પણ એમાંથી ને આનંદ પણ એમાંથી જ પ્રગટશે. તે જ્ઞાનાદિ બહાર આવશે તો તને પોતાને આશ્ચર્ય થશે કે અહો, આવું જ્ઞાન! આવો આનંદ! ૨૦.

● આત્મા કામધેનુ છે, કલ્પવૃક્ષ છે, એમાંથી જ્યારે જે જોઈએ તે મળી રહેશે. તું જે ઇચ્છશે તે અંદરમાંથી મળશે. સ્વભાવમાંથી મનોવાંછિત ફળ મળશે. એક ઉપયોગને અંદર મૂકતાં તો કેટલુંય ફાલી નીકળશે. એક ચૈતન્ય ઉપર દૃષ્ટિ મૂક તો એના ફળ એવાં પાંગરી જશે કે અંદરથી સહજ જ્ઞાન આવશે, આનંદ આવશે, એમાં ગોખવું કે ધારવું નહિ પડે, કોઈ પણ જાતની આકુળતા વગર નિરાકુળપણે આવ્યા જ કરશે. એનો એક અંશ પણ અનંતુ લઈને આવશે. પૂર્ણતા થાય એની શી વાત! તને આશ્ચર્ય થશે કે એક અંશમાં આટલું તો તો પૂર્ણતામાં કેટલું!

તે અંશ સહજ અનંત લઈને જ આવશે. સ્વભાવમાં છે તે ક્યાં જાય? એને કોણ લઈ જાય? એને વિઘ્ન કરનાર કોણ છે? એને રોકનાર કોણ છે? કોઈ રોકનાર નથી; રોકાય તો પોતાના પુરુષાર્થની નબળાઈથી જ. એક અંશ અનંતુ લઈને જ આવે. સર્વગુણાંશ તે સમકિત. એક અંશના વેદનમાં અનંતી શક્તિનું વેદન છે. ૨૧.

● જેમ દરિયો અંદરથી ઊછળે તો તે પાણીને કોણ રોકી શકે? બહારનાં પાણી ભેગાં કરતાં દરિયો ન ભરાય. અંદરથી દરિયો જે ઊછળે તે ઊછાળો જુદો જ હોય, તેમ

ધારણાજ્ઞાનથી પાર ન આવે, બહારનો ક્ષયોપશમ ગમે તેટલો ભેગો કરે, પણ તે કામ ન આવે. માટે, તું અંદરમાં ભેદજ્ઞાનનો સમ્યક્ પ્રયાસ કર. એક દ્રવ્યદૃષ્ટિનો દોર મુખ્ય રાખજે. એક દ્રવ્યને ગ્રહણ કર્યા પછી દ્રવ્ય તારી સાથે જ રહેવાનું છે, તું પોતે જ દ્રવ્ય છો. ૨૨.

● દ્રવ્યદૃષ્ટિ કરીને સમ્યક્ પર્યાય પ્રગટ થઈ તો પૂર્ણ શુદ્ધતા પ્રગટ્યે જ છૂટકો, શુદ્ધતાનો સાગર અંદરથી એકદમ ઊછળશે, દરેક ગુણ સાગરની માફક ઊછળશે. એક અંશ અનંતુ લઈને આવે, પછી આગળ વધતાં મુનિદશા ને એમ કરતાં-કરતાં કેવળજ્ઞાન; ત્યાં તો અનંત-અનંત ગુણો શુદ્ધતાથી ભરેલા ઊછળશે. મુનિદશામાં તો અનંત પ્રગટે પણ કેવળજ્ઞાન થતાં તો એનાથી અનંત-અનંતગણું ઊછળશે; કારણ કે એ વીતરાગદશા છે. વીતરાગદશા થયા પછી શુદ્ધતા પૂરેપૂરી ઊછળશે. માટે, નિરંતર શુદ્ધતાથી ભરેલો હું જ્ઞાયક છું, શુભાશુભભાવરૂપ હું નથી, જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણોથી ભરેલો હું ભગવાન છું—એવા વિકલ્પોને નહિ, પણ જાણનારના મૂળ અસ્તિત્વને ગ્રહણ કર. દ્રવ્યને ગ્રહણ કર, એમાં બધું આવી જશે. ૨૩.

● ગુરુદેવનું દ્રવ્ય જ અલૌકિક હતું. તેમની વાણી પણ અલૌકિક હતી કે અંદર આત્માની રુચિ જગાડે. તેમની વાણીનાં ઊંડાણ ને રણકાર કાંઈક જુદાં જ હતાં. વાણી સાંભળતા અપૂર્વતા લાગે ને 'જડ-ચૈતન્ય જુદાં છે' તેવો ભાસ થઈ જાય એવી વાણી હતી. 'અરે જીવો! તમે દેહમાં બિરાજમાન ભગવાન આત્મા છો કે જે અનંત ગુણોનો મહાસાગર છે, મન-વચન-કાયાથી જુદો છે ને વિભાવથી પણ પેલે પાર છે, તે પ્રત્યક્ષ અનુભવગોચર ભગવાનને તમે અનુભવો, તમને પરમાનંદ થશે.'—આવી ગુરુદેવની અનુભવયુક્ત જોરદાર વાણી શ્રોતાઓને આશ્ચર્યચકિત કરતી. ઘણી પ્રબળ વાણી! સંસારના ઝેર ઉતારી નાંખે; વિષય-કષાયને પાતળા કરી નાખે; પાપનો રસ તો નીતરી જ જાય, પરંતુ પુણ્યનો રસ પણ ન રહે; શુદ્ધ પરિણતિની અને શુદ્ધ જ્ઞાયક આત્માની લગની લગાડે એવી મંગળમય વાણી ગુરુદેવની હતી. ૨૪.

● અનંત ગુણોની પૂર્ણ શુદ્ધતારૂપ આત્મપર્યાયમાં જે અનંત જ્ઞાન છે તે બધાને પહોંચી વળનારું છે. અનંત દ્રવ્યોના ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય, ભૂત-વર્તમાન-ભાવીની પર્યાયોના અનંત અવિભાગપ્રતિચ્છેદરૂપ અંશો વગેરે બધું જેમાં દેખાય એવું દિવ્ય જ્ઞાન–બધાને પહોંચી વળનારું જ્ઞાન તારામાં ઊછળશે. ત્યાં અનંત આનંદનો સાગર, બળનો સાગર, શાંતિ–સમાધિનો સાગર, પ્રભુતા, વિભુતા આદિ અનંત શક્તિઓ કે જેનો કોઈ પાર નથી તે શક્તિઓ ઊછળશે. શક્તિરૂપે તો પૂરેપૂરો પડેલો જ છે; મતિ-શ્રુતનો વ્યાપાર જ્યાં સ્વરૂપસન્મુખ થશે ને સમસ્ત વિકલ્પ તૂટશે ત્યાં કેવળજ્ઞાનરૂપે પૂર્ણ ઊછળી જશે. ૨૫.

● સમયસારમાં આવે છે : જ્ઞાન મનને આનંદરૂપ કરતું પ્રગટ થાય છે. તેને રમવાનું

સ્થાન—ક્રીડાવન તો આત્મા જ છે. અનંતા જ્ઞેયો ઝળકે તોપણ જ્ઞાન તો પોતાના સ્વરૂપમાં જ રહે છે. આત્મા અનંત કાળથી જ્ઞેયો પ્રત્યે એકત્વબુદ્ધિ કરતો હતો, જે જે જ્ઞેય જણાય તેની સાથે તન્મય થઈને અનંતા કર્મો બાંધતો હતો, ભ્રમને લીધે કોઈ જ્ઞેય સારું ને કોઈ જ્ઞેય ખરાબ એમ ઈષ્ટાનિષ્ટબુદ્ધિ કરી આકુળતા ને ખેદ કરતો હતો. હવે જ્યારે તેને જ્ઞાનમય પરિણમન થયું, ત્યારે અનિચ્છક ભાવરૂપ પરિણમવા લાગ્યો. આ પરજ્ઞેય મારું સ્વરૂપ નથી, મારે તે કાંઈ જોઈતું જ નથી—એમ જ્ઞેય—પરપદાર્થ પ્રત્યે રાગ-દ્વેષ કરતો નથી. મારા આત્મામાં અનંતી રીદ્ધિ-સિદ્ધિઓ ભરી પડી છે અને મનને આનંદરૂપ કરતો અદ્‌ભુત જ્ઞાનપ્રકાશ મને અંતરમાં પ્રગટ થયો છે, તેથી મારી બધી ઈચ્છાઓ તૂટી ગઈ છે. મારે કાંઈ જોઈતું નથી, હું તો જ્ઞાયક જ છું—એમ નિસ્પૃહપણે પરિણમે છે. ૨૬.

● હજુ ચોથા ગુણસ્થાનમાં હોય, છતાં જ્ઞાનીને એવા નિઃસ્પૃહ પરિણામ વર્તતા હોય છે કે દૃષ્ટિ અપેક્ષાએ હું મનથી, વચનથી કે કાયાથી રાગનો કર્તા, કારયિતા કે અનુમંતા નથી—એમ નવ-નવ કોટિએ મેં વિભાવને તિલાંજલી આપી છે. મારી દૃષ્ટિ પરપદાર્થથી વિરામ પામી ગઈ છે, ભલે હજી અસ્થિરતા ઊભી છે. નવ-નવ કોટિએ ત્યાગ તો ચારિત્ર પ્રગટે ત્યારે થાય છે, પણ આ તો દૃષ્ટિ અપેક્ષાએ અંતરના જોરની વાત છે. જ્ઞાનીની દૃષ્ટિ પરદ્રવ્ય ઉપરથી ઊઠી ગઈ છે. જ્ઞેયોનું જ્ઞાન તે તો આત્માનો સહજ સ્વભાવ છે, પણ જ્ઞેયોને તન્મયપણે ગ્રહણ કરવાની બુદ્ધિ ખસી ગઈ છે. આત્માને રમવાનું નંદનવન તો નિજ આત્મા જ છે, તે એને રમવા માટે મળી ગયું છે. ૨૭.

● જ્ઞાયકનું સહજ સ્વરૂપ જ એવું છે કે જેમ-જેમ પર તરફનો ઝુકાવ છોડી અંતરમાં વિજ્ઞાનઘન થતો જાય છે, તેમ-તેમ જ્ઞાન નિર્મળ થતું જાય છે. કોઈને અંદર જ્ઞાનની ઋદ્ધિઓ પ્રગટતાં બાહ્ય જ્ઞાન પણ વધતું જાય છે, પણ જ્ઞાની કહે છે કે જ્ઞેયો જણાય તો ભલે જણાય પણ હવે હું તેમની સાથે એકત્વબુદ્ધિ કરવાનો નથી, હું તો મારા આત્મામાં જ રહેનારો છું. મારું નિવાસસ્થાન જે મારો આત્મા તેને છોડીને હવે હું ક્યાંય બહાર જવાનો નથી. કોઈ કોઈ સાધકને આગળ વધતાં-વધતાં અનેક જાતની મતિ-શ્રુતની લબ્ધિઓ પ્રગટે, અવધિ ને મનઃપર્યયજ્ઞાન પ્રગટે, કેવળજ્ઞાનમાં તો લોકાલોક ઝળકે, છતાં આત્મા તો આત્મામાં જ રહે છે. ૨૮.

● પોતાના સ્વરૂપધામમાં રહેનાર એવા મને જગતના કોઈ ભાવોની ઈચ્છા નથી. એક ચૈતન્યસ્વભાવને ગ્રહણ કરતાં મારી બધી ઈચ્છાઓ તૂટી ગઈ છે. બહારમાં પુણ્યના—વૈભવના ઢગલાઓ દેખાય, પણ મને એની ઈચ્છા નથી. જાતજાતનાં બહારનાં જ્ઞેયો છે, પણ મને તેમનું આશ્ચર્ય નથી. અનંત કાળથી પુણ્યના ઠાઠનું આશ્ચર્ય લાગતું તે, ભ્રાંતિને લીધે મારી ભૂલ હતી,

જે ભૂલને કારણે પરિભ્રમણ થયું અને ત્યાં આકુળતા ને ખેદ વધ્યાં. હવે તો આ પુણ્યના વિલાસને છોડી હું મારા ચૈતન્યનિવાસમાં વસું છું. ૨૯.

● અનેક જાતના પુણ્યના ઠાઠ, પાપનાં સ્થાનો, સમાધિસુખને પામેલા કેવળજ્ઞાનીઓ, કૃતકૃત્ય સિદ્ધભગવંતો આદિ બધું જ્ઞાનમાં જણાય, પણ મને કોઈનું આશ્ચર્ય નથી. જે જે ભાવ જાણવામાં આવે તેનો હું જ્ઞાતા જ છું. જ્ઞાયકસ્વભાવને ઊર્ધ્વ રાખીને જ્ઞેયોને જાણું છું. જ્ઞાયકના અસ્તિત્વને ગ્રહણ કરીને, જ્ઞાયકના જ્ઞાયકરૂપ પરિણમનને હાજર રાખીને માત્ર જાણું છું. 'આ જ્ઞાયકરૂપે રહેલો તે જ હું છું' એમ મને—સાધકને વિભાવ હોવા છતાં વિભાવનું ભેદજ્ઞાન વર્તે છે. સાધકદશા હોવાથી, આ વિભાવભાવનો મારામાં ઉદ્‌ભવ થવા છતાં પણ, તે મારો સ્વભાવ નથી. જ્ઞાયકમય પરિણમન હોવાથી અમુક અંશે શાંતિ વેદાય છે તેનો પણ જ્ઞાતા છું અને અમુક અંશે આકુળતા છે તેનો પણ જ્ઞાતા છું. ૩૦.

● જ્ઞાનીને ગમે તેવા પ્રસંગમાં જ્ઞાયકતા છૂટતી નથી. પુણ્ય-પાપના ભાવમાં તે જ્ઞાયક જ છે. ગમે તેવા ઊંચા શુભભાવો હોય, પંચપરમેષ્ઠીની પૂજા-ભક્તિના ભાવોમાં ઘણો રસ દેખાતો હોય કે ગુણભેદના વિચાર કરતો હોય, તોપણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે, ક્યાંય એકત્વબુદ્ધિ નથી. ૩૧.

● જ્ઞાનીને નિર્વિકલ્પદશામાં તો કોઈ જુદો જ અદ્‌ભુત આનંદ હોય છે, પરંતુ સવિકલ્પદશામાં આવતાં પણ જ્ઞાયકતાની શાંતિનું વેદન કોઈ જુદું જ હોય છે. જે વખતે વિભાવ થાય છે તે જ વખતે—તે જ ક્ષણે જ્ઞાયકપણાને પ્રસિદ્ધ કરતો તે જ્ઞાતાપરિણતિએ પરિણમે છે. ઉપયોગ બહાર આવતાં નિર્વિકલ્પતા નથી, પણ શાંતિનું વેદન તો હોય જ છે. સાક્ષી થયો ને શાંતિ ન વેદાય એમ ન બને અને શાંતિ વેદાય પણ સાક્ષી ન થયો હોય એમ પણ ન બને. એકત્વબુદ્ધિ તૂટતાં જ્ઞાનીને કોઈ જુદી જ શાંતિનું વેદન થાય છે. જો શાંતિરૂપ વેદન ન હોય તો વિભાવ સાથે એકત્વબુદ્ધિ પડી જ છે. જુદાં થયેલાને જુદાંપણાની—સાક્ષીપણાની શાંતિનું અમુક અંશે વેદન આવે તો જ જ્ઞાયકતા પરિણમી છે. ઘણા માણસો કહે છે કે અમે શાંતિ રાખીએ છીએ, પણ તે સાચી શાંતિ નથી; જ્ઞાયક જ્ઞાયકરૂપે પરિણમીને જે શાન્તિ પ્રગટે તે કોઈ જુદાં પ્રકારની હોય છે. જ્ઞાયક જ્ઞાયકરૂપે રહી, વિભાવથી જુદો પડી, જે સ્વાભાવિક અનાકુળતા પ્રગટે તેનું નામ શાંતિ. જ્ઞાતાપણે પરિણમવાથી જે ભેદજ્ઞાનની ધારા ચાલે તેની સાથે પરિણમતી શીતળતા—શાંતિ તે જ સાચી શાંતિ છે. ધન્ય તે જ્ઞાનીની અનિચ્છક શાંત દશા! ૩૨.

● આવા વિષમકાળમાં આવા મહાપુરુષનો યોગ મળવો અતિ-અતિ દુર્લભ છે. એમનાં દર્શન ને વાણી કેટલા દુર્લભ છે તે અત્યારે સૌ ભક્તોને વેદનપૂર્વક સ્પષ્ટ સમજાય છે. પુણ્યના

થોક ઊછળ્યા વિના આવા મહાપુરુષનો યોગ આ કાળે ક્યાંથી હોય? ભારતનાં મહાભાગ્ય હતાં કે ગુરુદેવનો અહીં જન્મ થયો, આટલાં વર્ષો સુધી બધાને અપૂર્વ લાભ મળ્યો. એમનાં પગલાં પડે ત્યાં મંગળ-મંગળ થઈ જાય! આખી નગરી ફરી જાય! મુંબઈનગરીમાં પંદર-પંદર, વીસ-વીસ હજાર માણસોની વચ્ચે વ્યાખ્યાન આપે, બધા એકીટશે ટગર-ટગર જોઈ રહે અને અદ્‌ભુત શાંતિ જાળવીને પ્રેમપૂર્વક ગુરુદેવની જ્ઞાનવૈરાગ્યપૂર્ણ અમૃતવાણી ઝીલે. સૌ ભલે પોતાની શક્તિ પ્રમાણે વત્તું-ઓછું સમજે, પણ સામાન્ય રીતે બધા એવી છાપ લઈને જાય કે ખરેખર આ કોઈ ધર્મપુરુષ છે.

ગુરુદેવે ભારતને ઘણું આપ્યું છે. ૪૫-૪૫ વર્ષ સુધી શ્રુતના ધોધ વરસાવ્યા છે. ભારત ઉપર તેમનો અપાર ઉપકાર છે. ૩૩.

● તું નિરાલંબન ચાલે ચાલતાં શીખ. તે માટે જિનેન્દ્રકથિત વસ્તુસ્વરૂપની તું સમજણ કર. તે સમજણમાં વ્યવહારે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ નિમિત્ત હોય છે. દેવ-શાસ્ત્ર-ગુરુ માર્ગ બતાવવામાં મહા નિમિત્ત છે. તું તારું ઉપાદાન અંદરથી તૈયાર કર, ત્યાં નિમિત્ત તો તૈયાર હોય જ છે. તારું ઉપાદાન તૈયાર કરવું તે તારા હાથની વાત છે, તેમાં તને કોઈ રોકનાર નથી. શાસ્ત્રમાં આવે છેને, વિભાવમાં જોડાવામાં પણ તું સ્વતંત્ર છે અને સ્વભાવનાં કાર્યો કરવામાં પણ તું સ્વતંત્ર છે. પર્યાયદૃષ્ટિ તું સ્વતંત્રપણે કરે છે અને દ્રવ્યદૃષ્ટિ કરવામાં પણ તું સ્વતંત્ર છે. પં. બનારસીદાસજીના ઉપાદાન-નિમિત્તના દોહરામાં આવે છે, 'એક ચક્રસો રથ ચલે રવિકો યહી સ્વભાવ.' તું અકારણપારિણામિક દ્રવ્ય છો. તારું ઉપાદાન તૈયાર કર. તું સ્વયં સ્વતંત્રપણે પરિણમતો પદાર્થ છો. ૩૪.

● જેમને સ્વભાવનો અંશ પ્રગટ થયો છે એવા સમ્યક્ત્વપરિણત જીવ પણ, પોતાને પ્રગટ થયેલી જ્ઞાતાધારાની સાથે જ્ઞાયકમાં લીનતાની તરતમ્યતા પ્રમાણે, અવારનવાર ચૈતન્યમાં ચાલ્યા જાય છે. જેમ મુનિરાજ અંતરમાં ક્યાં વિચરતા હોય છે તે કળવું મુશ્કેલ હોય છે, તેમ જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવનું પણ અંતઃપરિણમન કળવું મુશ્કેલ છે. તેમની અંતઃપરિણતિ અંતરમાં ક્યાં વિચરી રહી હોય છે તે તો જે જાણતા હોય તે જ જાણે! ૩૫.

● આ જે બાહ્યલોક છે, વિભાવનો લોક છે, તેમાં તો બધી ધમાલ, ધમાલ ને ધમાલ જ જોવા મળે છે, ક્યાંય શાંતિ નથી. અંતરનો લોક—ચૈતન્યલોક અદ્‌ભુત છે, તેમાં બધું સરસ જોવાનું છે, ત્યાં સર્વત્ર શાંતિ છે.

બાહ્યદૃષ્ટિ અને બહારમાં જતી વૃત્તિ તે વિભાવનો લોક છે. સમસ્ત વિભાવરહિત, અનંત ગુણોથી ગૂંથાયેલું જે અભેદ દ્રવ્ય તે દ્રવ્યરૂપ ચૈતન્યલોક છે અને તેમાં દૃષ્ટિ જતાં જે

નિર્મળ પરિણતિ પ્રગટ થાય તે પર્યાયરૂપ ચૈતન્યલોક છે. પંચપરમેષ્ઠીભગવંતોનો વાસ ચૈતન્યલોકમાં છે. અર્હંત અને સિદ્ધપરમેષ્ઠીનો ચૈતન્યલોકમાં પૂર્ણ વસવાટ છે તથા આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપરમેષ્ઠીનો ચૈતન્યલોકમાં ઘણો-ઘણો વસવાટ હોવા છતાં તે વસવાટ અપૂર્ણ છે, જેને પૂર્ણ કરવા તેઓ ઉગ્ર સાધનાકરી રહ્યા છે. સમ્યગ્દૃષ્ટિનો પણ ચૈતન્યલોકમાં અપૂર્ણ વસવાટ છે, જેને પૂર્ણ કરવા તેઓ સાધના કરી રહ્યા છે. સર્વ સાધકોનો ચૈતન્યલોક એક જ જાતનો છે. તું પણ ચૈતન્યલોકમાં વસવાનો પુરુષાર્થ કર. ત્યાં વસવાથી તું પંચપરમેષ્ઠીમાં ભળી જઈશ. ૩૬.

● જ્યાં અર્હંત ભગવાન સમવસરણમાં બિરાજતા હોય અને જ્યાં આચાર્ય આદિ પરમેષ્ઠીઓ બિરાજતા હોય, ત્યાં તેમની સાથે રહેવાનો યોગ કે જે મહા ભાગ્યથી પ્રાપ્ત થાય છે, તે વસવાટની અહીં વાત નથી. અહીં તો અંતરના વસવાટની વાત છે. તું અંતરનો એવો વસવાટ કર કે જે પંચપરમેષ્ઠીના વસવાટની જાતનો હોય. અંદરના જે ક્ષેત્રમાં પંચ પરમેષ્ઠીભગવંતો વસી રહ્યા છે તે ક્ષેત્રમાં તારો વસવાટ કર.

બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપમાં વસવાની પ્રશસ્ત ભાવના જ્ઞાનીને પણ હોય, પરંતુ તે બહારનો લોક છે. તે પ્રશસ્તભાવ આવતા હોવા છતાં જ્ઞાનીને ચૈતન્યલોકમાં વસવાનો પ્રયત્ન ચાલુ હોય છે. શુદ્ધાત્મપરિણતિરૂપ—શુદ્ધાત્માનુભૂતિરૂપ લોક તે જ ખરો અંતરનો ચૈતન્યલોક છે, તેમાં તું વસવાટ કર. પંચપરમેષ્ઠીભગવંતોનો વસવાટ છે ત્યાં તું વસી જા, તને શાશ્વત પરિપૂર્ણ સુખ પ્રાપ્ત થશે. સર્વ દુઃખોનો અત્યંત નાશ કરવા માટે ચૈતન્યલોકમાં વસવાટની વિધિ બતાવનાર ગુરુદેવ સદા જયવંત વર્તો! ૩૭.

● કુદરતમાં કેવો સુમેળ છે! જગતમાં જ્ઞાયકદેવ અકૃત્રિમ સ્વયંસિદ્ધ શાશ્વત છે. જ્ઞાયકદેવને પ્રગટ કરનાર સાક્ષાત્ ચૈતન્યરત્નાકર એવા તીર્થંકરભગવંતો પ્રવાહરૂપે નિત્ય બિરાજમાન છે, જગતમાં તેમનો કદી વિરહ હોતો નથી. ચૈતન્યરત્નાકર તીર્થંકરભગવંતોના પ્રતીકરૂપ અકૃત્રિમ સ્વયંસિદ્ધ રત્નનિર્મિત જિનબિંબો પણ લોકમાં શાશ્વતરૂપે બિરાજમાન છે. જગતમાં ઉપર, નીચે અને મધ્યલોકમાં—વૈમાનિક સ્વર્ગ, ભવનવાસીનાં ભવન, જ્યોતિષ્ક અને વ્યંતરનાં સ્થાનોમાં અસંખ્યાત રત્નમય જિનમંદિરો અને જિનપ્રતિમાઓ છે. મંદિર પણ રત્નોનાં અને ભગવાન પણ રત્નોના! પ્રતિમાઓ કેટલીક તો ૫૦૦ ધનુષ્યપ્રમાણ અને મંદિરો તો એથી પણ ઘણા ઊંચા! અકૃત્રિમ, અતિમનોજ્ઞ, આબેહૂબ જિનેન્દ્રભગવાન સદૃશ પ્રતિમાઓ! જાણે હમણાં દિવ્યધ્વનિ છૂટી કે છૂટશે! ૩૮.

● અંતરમાં જોવાનો પ્રયત્ન કરે તો અંદરથી બધું પ્રગટે. જેને જિજ્ઞાસા હોય તે અંતરમાં ગયા વગર રહે જ નહિ. આ શરીરાદિ બાહ્ય વસ્તુ છે, વિભાવપર્યાય પણ પોતાનો સ્વભાવ

નથી. અંતરમાં એક ચૈતન્યદ્રવ્ય શાશ્વત છે, જેમાં શાશ્વત સુખ છે. જેમાં સુખ હોય એમાંથી જ તે પ્રગટ થાય છે. સુખ વગેરે અંદર તત્ત્વમાંથી જ આવે છે, બહારથી કાંઈ આવતું નથી. આનંદગુણ આત્માનો છે, તેથી આત્મા પર દૃષ્ટિ કરવાથી તે પ્રગટ થાય છે. જે જેમાં હોય તે તેમાંથી જ આવે છે, બહારથી કાંઈ આવતું નથી. જેનો જે સ્વભાવ હોય તે, એમાં જ પરિણમન કરવાથી, એમાં જવાથી, પ્રગટ થાય છે. માટે, અંતરમાં જઈ શુદ્ધાત્માને ઓળખવાનો ને એને પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો. તેની દૃષ્ટિ, જ્ઞાન ને તે બાજુ લીનતા કરવાથી તે પ્રગટ થાય. ૩૯.

● આ શરીર આત્માનું નથી, તે જડ છે, પરદ્રવ્ય છે, ચૈતન્યનું સ્વરૂપ નથી; તોપણ (અજ્ઞાની) પર્યાયમાં તેને પોતાનું માની રહ્યો છે, વિભાવને પોતાના માની રહ્યો છે. શુભભાવ મારો, પૂજા કરું, ભક્તિ કરું, સ્વાધ્યાય કરું, મનન કરું—એમ તેમને એકાકારપણે પોતાનાં માની રહ્યો છે, પણ તે તો શુભરાગ છે, તેનાથી તો પુણ્યબંધ થાય છે. તારો ભગવાન આત્મા તો તેનાથી પણ ન્યારો ને ન્યારો જ છે. ન્યારા આત્માને ઓળખ! નિર્વિકલ્પતત્ત્વને ઓળખ! તે કરવા જેવું છે, તેનાથી ભવનો અભાવ થશે. ૪૦.

● ચૈતન્યદ્રવ્ય મિથ્યાત્વને લઈને વિપરીત પરિણમ્યું છે, પણ સ્વભાવે દર્શન-જ્ઞાન-સંયમની મૂર્તિ છે, તે પોતાનું આચરણ છોડીને વસ્તુતઃ પરમાં ગયું નથી. સંયમમય એનો સ્વભાવ છે. પર્યાયમાં ઊંધું થઈ ગયું છે, તોપણ તે છે તો જ્ઞાનમૂર્તિ, દર્શનમૂર્તિ, સંયમમૂર્તિ. જ્યાં વિકલ્પોની આકુળતા નથી એવું નિરાકુળ આનંદમૂર્તિ ચૈતન્ય—જ્ઞાનની મુદ્રા, સંયમની મુદ્રા, આનંદની મુદ્રા એવી આશ્ચર્યકારી અનુપમ મુદ્રાવાળું ચૈતન્ય અનંત કાળથી બહારમાં અટવાઈ ગયેલ છે. ગુરુદેવ કહેતા હતા કે ભાઈ! તું પાછો વળ, પાછો વળ, તારા ઘરમાં જા, તારા ઘરમાં જા. તારા ઘરમાં જ બધી રિદ્ધિસિદ્ધિ ભરેલી છે. બહારમાં ક્યાં ગોતે છે? જ્યાં અનંતા ગુણોથી ભરપૂર ચૈતન્યપ્રભુનો દરબાર છે ત્યાં તારા ઘરમાં જાને! તે ગુણમૂર્તિ ચૈતન્યપ્રભુને જે ઓળખે તે ધન્ય છે. ૪૧.

● ચૈતન્યદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો બધી પર્યાયો (યથાસંભવ) શુદ્ધ પરિણમે, આખી દિશા બદલાઈ જાય. વિભાવની દિશા પર તરફ છે. દ્રવ્યસ્વભાવ તરફ દૃષ્ટિ જતાં પર્યાયમાં આખી દિશા બદલાય છે—શુદ્ધતારૂપ પરિણમન થાય છે. જેમ પશ્ચિમમાંથી પૂર્વ તરફ મુખ ફેરવે, તેમ દ્રવ્ય તરફ મુખ ફેરવતાં પર્યાયને પીઠ દેવાણી, દૃષ્ટિ ગઈ ભગવાન તરફ, નયન ભગવાનને નીરખવા લાગ્યાં, હાથ તે તરફ જોડાવા માંડ્યા, સાધકનાં પગલાં તે તરફ ભરાવા માંડ્યાં. એવા મંગલમય ભગવાનના દર્શનથી પર્યાયમાં મંગલ પ્રભા પ્રસરી. અંતરમાં એવા જ્ઞાયકદેવને બતાવનાર ગુરુદેવ પોતે મંગલમય હતા. એમની મંગલ પ્રભાથી ભરતક્ષેત્ર શોભાયમાન હતું. હજુ પણ એમની મંગલ પ્રભા છવાયેલી છે. ૪૨.

● જ્ઞાયક આખો અદ્‌ભુત મહિમાથી ભરેલો છે, તેમનામાં અદ્‌ભુતતા ભરેલી છે. બીજી બધી અદ્‌ભુતતા છોડીને એક જ્ઞાયકની અદ્‌ભુતતા ગ્રહણ કર, તે જ જીવનની સફળતા છે અને તે જ કરવા જેવું છે, બાકી બધું તેની આગળ તુચ્છ છે. વિશેષતા ચૈતન્યદ્રવ્યની જ છે. સાધકને દેવ-શાસ્ત્ર-ગુરુસંબંધી શુભભાવ અને ચૈતન્ય આત્માસંબંધી 'હું શુદ્ધ છું, અશુદ્ધ છું, જ્ઞાન છું, દર્શન છું, ચારિત્ર છું'—એ બધાં વિકલ્પ વચમાં આવે, છતાં નિર્વિકલ્પદશા આવે ત્યારે વિકલ્પ પણ છૂટી જાય છે, એકલી નિર્વિકલ્પદશા પ્રગટ થાય છે. નિર્વિકલ્પદશા વખતે પોતાની તે જાતની પરિણતી દોડતી પ્રગટ થાય છે, તેમાં પરનો કોઈ આશ્રય હોતો નથી. પોતાની સહજપરિણતિની દશા પ્રગટ થઈ છે. એ સહજસ્વરૂપ આત્મા, તેનું સહજજ્ઞાન, તેનું સહજદર્શન ને તેની સહજચારિત્રપરિણતિ સહજદશાએ પ્રાપ્ત થાય છે, તેની દોડ જ તે તરફ થઈ જાય છે. તેને ચૈતન્ય વગર ચેન પડતું નથી, તેથી તેની તરફ જ તેની દોડ થઈ જાય છે, તે જ જીવનનું કર્તવ્ય છે. ૪૩.

● અહીંયા (આત્મામાં) જેણે જ્ઞાયકની ધારા પ્રગટાવી, તેને જ્ઞાયકધારા થતાં કર્તવ્યબુદ્ધિ છૂટી જાય છે, એકલી જ્ઞાયકતા રહે છે, એને અંશે મુક્તદશા થાય છે, અંશે નિર્મળતાની દશા અને શાંતિ પ્રગટ થાય છે. તેને વિકલ્પ તરફની દૃષ્ટિ ઉઠાવીને નિર્વિકલ્પદશા થાય છે ત્યાં તેની—ચૈતન્યની આખી દશા જ જુદી થઈ જાય છે. તે તો ચેતન—પોતે પોતાના ઉત્પાદ—વ્યયમાં રમનારો, આનંદ આદિ અનંત ગુણમાં ઝૂલનારો, અનંત ગુણ—પર્યાયમાં રહેનારો ચૈતન્યનું કોઈ અદ્‌ભુત સ્વરૂપ પ્રગટ કરે છે. જ્ઞાતાધારાની ઉગ્રતા થતાં વિકલ્પ છૂટી જાય છે અને નિર્વિકલ્પદશા પ્રગટ થાય છે. જ્ઞાનીઓ એવી જ્ઞાતાધારાએ રહે છે. ૪૪.

● આત્મકલ્યાણ કરી લેવાની ભાવનાવાળો આત્માર્થી જીવ દૃઢ તત્ત્વનિર્ણયપૂર્વક સ્વ-પરના ભેદનો અથવા જ્ઞાતાના ગ્રહણનો અભ્યાસ કરીને, તે અભ્યાસની ઉગ્રતા વડે, વિકલ્પ તૂટતાં, આનંદઝરતી નિર્વિકલ્પ સ્વાનુભૂતિને અવશ્ય પ્રાપ્ત કરી લે છે, તેના માટે આત્માર્થીએ એવો પ્રયાસ કરવા જેવો છે. એવો પ્રયત્ન કરનાર, આત્મકલ્યાણની લગનીવાળા આત્માર્થી જીવને વિભાવમાં બિલકુલ શાંતિ લાગતી નથી, શાંતિ એક માત્ર આત્મામાં જ ભાસે છે—એક માત્ર આત્મામાં જ તેને સર્વસ્વ લાગે છે. જો આત્મામાં જ શાંતિ લાગે, સર્વસ્વ લાગે, તો જ તેનો ઉગ્ર પ્રયત્ન થાય. ૪૫.

● અનાદિથી અપરિચિત એવા તે એક જ્ઞાયકભાવને મારાથી કઈ રીતે પહોંચી શકાશે? —એવા ઢીલા વિચાર ન કર. ભલે અનાદિથી અપરિચિત હોય, પણ તે એક જ્ઞાયકભાવ છે તો તારો પોતાનો સ્વભાવને! માટે તે સરળ છે, સુગમ છે. અનંત કાળથી તેનું લક્ષ કર્યું નથી, તેથી દુષ્કર લાગે છે, દુષ્કર છે નહિ.

હતાશ ન થા. તું આત્મસિંહ છો. ગુરુદેવ પુરુષાર્થી જીવનું કેવું વર્ણન કરતા હતાં! —

'જે દિશે સિંહ સંચરે, રજું લાગી તરણા;
તે ખડ ઊભાં સૂકશે, નહિ ચાવે તેને હરણા.'

—તું તે પુરુષાર્થી સિંહની જાતનો છો. અરે! તું ભગવાન છો. માટે પ્રયત્ન કર. જરૂર સાધ્યસિદ્ધિ થશે. આ કાંઈ માથા પર બોજો થઈ જાય એવું નથી. અહા! કેવો સુંદર માર્ગ! કેવો ચૈતન્યનો માર્ગ! કેવો ભગવાનનો માર્ગ! ગુરુદેવે કેવો માર્ગ બતાવ્યો! ૪૬.

● ગુરુદેવ અદ્‌ભુત પ્રતાપી પુરુષ હતા, ભારતના ઝળહળતા સૂર્ય હતા, આપણા તારણહાર હતા. તારણહાર ચાલ્યા ગયા. ભક્તોને તારણહારના વસમા વિરહ પડ્યા. ભક્તોને તો એવા જ ભાવો હોયને કે તારણહાર ગુરુદેવ શાશ્વત બિરાજમાન રહે! પરંતુ કુદરતના ક્રમ પ્રમાણે ગુરુદેવ દ્રવ્ય-અપેક્ષાએ શાશ્વત રહી, પર્યાય-અપેક્ષાએ દેવપર્યાય ધારણ કરી, આપણાથી ઘણા દૂર ક્ષેત્રે બિરાજી ગયા. આપણને તારણહારનાં પાવન દર્શન–સત્સંગાદિ અપ્રાપ્ય થઈ ગયાં. શું થાય? હવે, એ ઉપકારમૂર્તિને પરમ ભક્તિપૂર્વક હૃદયમાં બિરાજમાન કરી, તેમની આજ્ઞાને સદાય આગળ ને આગળ રાખી, તેમની આજ્ઞાનુસાર જીવન જીવવું એ જ સૌનું કર્તવ્ય છે. એમ કરવાથી શીઘ્ર આ બળબળતા સંસારના ભયંકર દુઃખોથી છૂટી શાશ્વતસુખમય અવિચળ ધામમાં આપણે અવશ્ય પહોંચી જઈશું. ૪૭.

● વિકલ્પ તોડીને અંદર સ્વાનુભૂતિ કેમ પ્રગટ થાય તે પ્રયત્ન કર્તવ્ય છે. અંતરમાં ભેદજ્ઞાન થાય તો જ મુક્તિની શરૂઆત થાય. જે મોક્ષે ગયા છે તે ભેદજ્ઞાનથી જ ગયા છે. ભેદજ્ઞાનના અભાવે જીવ રખડ્યો છે. તું તારા ચૈતન્યમાં પુરુષાર્થ કર તો અંદર ભેદજ્ઞાનની ધારા ચાલે. તેમાં જ્ઞાયકની–જ્ઞાતાપણાની સ્વાનુભૂતિ થાય, તેમાં આગળ વધતાં-વધતાં પછી તેની અમુક ભૂમિકાએ મુનિદશા આવે, ત્યાં ક્ષણે-ક્ષણે અંતર સ્વાનુભૂતિમાં જાય, બહાર આવે ત્યાં શુભ વિકલ્પો—પંચપરમેષ્ઠીભગવંતના, શાસ્ત્ર લખવાના આવે, વળી પાછા અંદરમાં જાય; —એમ અંતરમાં અંતર્મુહૂર્તે ને અંતર્મુહૂર્તે નિર્વિકલ્પ સ્વાનુભૂતિનો અનુભવ કરે, તેમ કરતાં-કરતાં કેવળજ્ઞાન પામે, પછી સાદિ અનંત એમ ને એમ રહે. 'સાદિ–અનંત અનંત સમાધિ સુખમાં.......' ૪૮.

● ઊંચામાં ઊંચા શુભ ભાવ આવે ખરા, પણ તે તારી જાતના નથી, વિભાવની જાતના છે, તું તેને તારાથી જુદાં જાણ. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, દર્શનસ્વરૂપ છે, ચારિત્રસ્વરૂપ છે—એવા વિકલ્પના ભેદ પડે તે શુભભાવ છે, પણ તે વચ્ચે આવ્યા વિના રહેતા નથી. તું તારી શ્રદ્ધા જુદી કર. 'હું તો એક, અનંત સ્વભાવથી ભરેલું, ચૈતન્યતત્ત્વ છું' એમ એક અભેદ તત્ત્વ ઉપર દૃષ્ટિ કર; પછી તે તત્ત્વમાંથી જે પ્રગટશે તે અનંતુ પ્રગટશે કે જેમાં અનંત શક્તિ—જ્ઞાન, દર્શન,

આનંદ આદિની અનંતતા ભરેલી છે. અનંત કાળ જ્ઞાનરૂપે, આનંદરૂપે પર્યાય પરિણમે તોપણ કોઈ દિવસ ખૂટે જ નહિ એવી અંદર આત્મામાં અનહદ શક્તિ ભરેલી છે. ૪૯.

● ચૈતન્યના તળ પર પહોંચવાથી તેની પૂર્ણતા કેવી હોય છે, સાધક કેવો હોય છે, તેના આદિ-મધ્ય-અંત કેવાં હોય છે—બધો પત્તો લાગી જાય છે. મૂળને ઓળખ્યા વિના, તેની સાધકતા કેવા પ્રકારની હોય છે તે પણ ખબર ન પડે. 'તળ'માં પહોંચી જા તો બધું ઓળખાઈ જશે. પાંદડાં પર પાણી નાખવાથી નહિ, પણ મૂળમાં પાણી સીંચવાથી આંબો ફળે છે, તે નથી જોયું? તો અહીં ઉપર–ઉપર શુભભાવનાં પાણી નાખવાથી શું વળશે? મૂળમાં જ્ઞાયકના આલંબનરૂપ પાણી સીંચને! ૫૦.

● નિવૃત્તસ્વરૂપ આત્માની ઓળખાણ કરવામાં જ શાંતિ છે, બાકી બધું ધમાલ.. ધમાલ.. ધમાલ છે.

ચૈતન્યસ્વભાવ નિવૃત્તસ્વરૂપ જ છે. સ્વભાવમાં પ્રવૃત્તિ ને વિભાવથી વ્યાવૃત્તિ તે જ નિવૃત્તિ. પરભાવની પ્રવૃત્તિમાં જોડાવું તે સ્વભાવ નથી, વિભાવ છે, ખેદરૂપ તેમ જ આકુળતારૂપ છે. પોતાનો સ્વભાવ જે સહજ છે, તે ખેદમય હોતો નથી. પોતાનો સહજ સ્વભાવ જે અનાદિ-અનંત છે, પરમ-પારિણામિકભાવમય છે, તેમાંથી સ્વભાવપરિણતિ પ્રગટ થાય છે. તે સહજસ્વભાવ આનંદરૂપ જ છે.

નિવૃત્તિના પંથે જવું તે મુક્તિનો માર્ગ છે, તેમાંથી શાંતિની ધારા પ્રગટ થાય છે. નિવૃત્તિનો અર્થ શૂન્યતા નથી. આત્મા અંતરમાં તો આનંદમુદ્રિત સ્વસંવેદનસામર્થ્યથી ભરપૂર છે, તે સ્વભાવને પ્રગટ કર. તે આશ્ચર્યરૂપ છે, અનુપમ છે. ગુરુદેવ તે બતાવતા હતા. ૫૧.

● આત્મામાં જ્ઞાન, આનંદ આદિ અનંતા ગુણો ભરેલાં છે. તે જગતથી જુદું, અનુપમ ને આશ્ચર્યકારી તત્ત્વ છે. એને ઓળખીને સ્વાનુભૂતિ કરવી તે જ મુક્તિનો મારગ છે. ક્ષણિક પર્યાયો છે તેમાં પણ અટકવા જેવું નથી. અનાદિ-અનંત શાશ્વત ચૈતન્યદ્રવ્ય કે જે પારિણામિકભાવસ્વરૂપ છે તેને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ દઈને અને બીજા બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને આત્માની અંતરદૃષ્ટિ પ્રગટ કરવી. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય તરફ જવું, પરિણતિને તેના તરફ લેવી, મતિ અને શ્રુતનો ઉપયોગ જે બહાર જાય છે તેને અંતરમાં લાવવો, તે જ કરવાનું છે. આત્મા તરફ પરિણતિને દોડાવવી, વારંવાર એ જ કરવાનું છે. એમ કરતાં, વચ્ચે શુભભાવ આવે ખરા, પણ એ તો પુણ્યબંધનું કારણ છે, આત્મા તો એ બધાથી જુદો છે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે શુભભાવ થાય તેનાથી પણ આત્મા જુદો છે—એમ બધાથી નિરાળા એવા ચૈતન્યતત્ત્વની શ્રદ્ધા કરવી. પહેલાં શ્રદ્ધા થાય અને પછી જેવી શ્રદ્ધા-પ્રતીતિ થાય એવો જ તેનો પુરુષાર્થ થાય. રુચિ અનુયાયી વીર્ય. જેની જેવી રુચિ અને શ્રદ્ધા હોય તેવો જ તેનો પુરુષાર્થ કામ કરે છે. ૫૨.

● અનંતા જ્ઞેયો જ્ઞાનમાં ઝળકે તોય મને એમાં આશ્ચર્ય નથી, આશ્ચર્યકારી મહિમાવંત તો મારો આત્મા છે, તે આત્મામાં મેં દૃષ્ટિ સ્થાપી છે. દૃષ્ટિ-અપેક્ષાએ ક્રોધ-માન-માયા-લોભ તથા મન-વચન-કાયા આદિના બધા વિકલ્પોનો મારામાં અભાવ છે. પરિણતિમાં પુરુષાર્થ ઊપડતાં—ઉપયોગ પોતા તરફ વળતાં સ્વાનુભૂતિ થાય છે, ત્યાં જ આત્માની વિશ્રાન્તિ છે. અનંત કાળના થાકનો વિરામ ત્યાં જ છે. હવે તો મારે બીજું કાંઈ જોઈતું નથી, એક આત્મા જ જોઈએ છે. અનંત કાળથી જ્ઞેયોમાં એકત્વબુદ્ધિપૂર્વક તેમને ગ્રહવાની જે ભૂલ કરતો હતો તે હવે મેં છોડી દીધી છે. વિભાવથી જુદો પડતાં હું પાંચ ઇન્દ્રિયોથી ભિન્ન સ્વયં જ્ઞાતા થઈ ગયો છું. સ્વપરને જાણવું તે તો મારો સ્વભાવ છે. હું આનંદસાગરમાં રહેનારો, ચૈતન્યનગરમાં વસનારો છું, મને જ્ઞેયોનું આશ્ચર્ય નથી. આખો લોકાલોક જણાય તોપણ મને તેનું આશ્ચર્ય નથી. હું પોતે જ આશ્ચર્યકારી મહિમાવંત પરમપદાર્થ છું. ૫૩.

● વિભાવને હું કરું છું—એવી કર્તાબુદ્ધિ અનાદિની છે. કર્તાબુદ્ધિ તોડીને જ્ઞાતાબુદ્ધિ કર્યા પછી પણ અસ્થિરતા રહે છે, પરંતુ સ્વભાવની ધારા જેમ ઉગ્ર થતી જાય છે તેમ વિભાવ પણ અલ્પ-અલ્પ થતો જાય છે. સ્વભાવની ધારા પ્રગટ કર. વીતરાગ દશા પ્રાપ્ત કર, તો સ્વભાવની ધારામાં વિભાવ બધો ક્ષય થઈને કેવળજ્ઞાન થશે. મુનિ તો વારંવાર ચેતન.. ચેતન.. ચેતનદેવનાં દર્શન કરે છે ને વારંવાર સ્વાનુભૂતિનો સ્વાદ લે છે. ૫૪.

● સાધક જીવને જિનેન્દ્રદેવ પ્રત્યે એવો ભક્તિભાવ આવે છે કે—હે જિનેન્દ્રદેવ! આપના પ્રતાપથી જ મારા અંતરમાં જ્ઞાયકદેવ પધાર્યા છે. સાથે-સાથે સાધકનું પરિણમન 'જ્ઞાયકદેવ' પ્રત્યે પણ નિરંતર ઢળેલું હોય છે જે જાણે કે એમ કહી રહ્યું છે કે—'પધારો, જ્ઞાયકદેવ! પધારો, મારા અંતરના મહેલમાં બિરાજો. અનંત અનંત શક્તિઓથી પરિપૂર્ણ હે જ્ઞાયકદેવ! આપનો હું ક્યા પ્રકારે આદર કરું? આપને હું કઈ રીતથી વંદન કરું? આપનું હું કઈ વિધિથી પૂજન કરું?' અહીં, આદરણીય—વંદનીય—પૂજનીય પણ પોતે અને આદર કરનાર—વંદન કરનાર—પૂજન કરનાર પણ પોતે જ છે; બધું એકમાં જ છે, ભિન્ન-ભિન્ન નથી. ૫૫.

● જિનેન્દ્રભક્તિ તો શું, પણ ગમે તે કાર્ય કરતાં, સાધકની દૃષ્ટિ જ્ઞાયકદેવ પર જ પડી હોય છે. દૃષ્ટિ જ્ઞાયકદેવમાં જામી તે જામી! ત્યાંથી પાછી ફરતી જ નથી! બહારના નેત્ર ભલે જિનેન્દ્રપર એકાગ્ર હોય, પણ અંતરનાં નેત્ર તો ત્યારે પણ નિજજ્ઞાયકદેવ ઉપરથી ખસતાં નથી. જ્ઞાયકદેવનાં દર્શન થતાં અનંત ગુણોમાં અંશે શુદ્ધિની પર્યાય પ્રગટ થઈ. હવે પૂર્ણતા લીધા વિના અંતરના નૈન ત્યાંથી પાછા ફરે જ નહિ. દ્રવ્યદૃષ્ટિ જ્યાં ચોંટી ત્યાંથી તે પાછી ફરતી નથી. અંતરમાં પૂર્ણતા કર્યે જ છૂટકો. જેમ ભગવાનનાં દર્શન થતાં નેત્ર ત્યાં થંભી જાય

છે, તેમ જ્ઞાયકદેવનાં દર્શન થતાં અંતરનાં નેત્ર—દૃષ્ટિ ત્યાં ચોંટી જાય છે. દૃષ્ટિ જામતાં જ્ઞાન પણ ત્યાં કથંચિત્ જામી ગયું. પછી ઉપયોગ અંદર અને બહાર એમ કરતાં-કરતાં અંદરમાં પૂરો જતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અહો! જ્ઞાયકદેવનો અને જિનેન્દ્રદેવનો અપાર મહિમા છે. ૫૬.

● આ જે અદ્ભુત ચૈતન્યદેવ છે તે કાંઈ ખાલી નથી, તે તો અનંત ગુણરત્નોથી ભરપૂર ચમકતું તત્ત્વ છે. બાહ્ય દૃષ્ટિવાળાઓએ તો આ સાંભળ્યું પણ નથી. બહારના ક્રિયાકાંડ ભલે કરે પણ એ તો ફોતરાં ખાંડવા જેવું છે, કસ તો અંદરમાં છે. બહારના પ્રયત્નથી શું વળે? અનંત ગુણરત્નોથી તું ઠસોઠસ ભરેલો છે, તે ગુણરત્નોથી ચમકતા પદાર્થ પર દૃષ્ટિ દે તો તે પાવન પુરાણપુરુષ પ્રગટ થશે. આત્મા ભગવત્સ્વરૂપ છે, પવિત્ર છે, નિર્વિકલ્પતત્ત્વ છે. અનંત ગુણરત્નોથી ચમકતો, ભરપૂર આ આત્મા, વિકલ્પોથી નહિ પણ નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં જ જણાય છે. સ્વયં જ્ઞાનમાં જણાય, વેદનમાં અનુભવાય, અનંત ગુણરત્નાકરમાં સ્વયં ડૂબી જાય તો અનંત સુખનો અનુભવ કરે એવો છે. એને ક્યા શબ્દોમાં કહેવાય? કોઈ પુરુષ રત્નનો મહેલ જોઈને આવ્યો હોય અને પછી વાત કરે તો શું કહે? તે રત્નનો મહેલ તો ધૂળ છે, તેના માટે તો ઉપમા પણ હોય છે, પણ આને માટે શી ઉપમા હોઈ શકે? તેનું વર્ણન શું કરાય? આ તો અનુપમ તત્ત્વ છે! ૫૭.

● પૂજ્ય ગુરુદેવે બધાને દ્રવ્યની જે સ્વતંત્રતા બતાવી છે તે તો કોઈ અલૌકિક છે. ગુરુદેવે દરેક દ્રવ્યની સ્વતંત્રતા દૃષ્ટાંતો આપી આપીને સમજાવી છે. દ્રવ્ય-ગુણ-પર્યાય બધું સ્વતંત્ર છે. સૌ દ્રવ્ય સ્વતંત્ર છે—ચૈતન્યનું ચૈતન્યમાં ને જડનું જડમાં. જડ સ્વતંત્ર છે, ચૈતન્ય સ્વતંત્ર છે. વિભાવરૂપ પર્યાય પણ આત્માનો સ્વભાવ નથી. મુક્તિનો માર્ગ અંતરમાં છે, બહાર નથી. તેનો અંશ પણ અંદરમાં છે ને પૂર્ણતા પણ અંદરમાં છે. આવો માર્ગ બતાવનારા આ પંચમકાળમાં—વિષમ કાળમાં એક ગુરુદેવ જ હતા. એક ગુરુદેવનો આવા કાળમાં જન્મ થયો તો કેટલાયને રુચિ ઉત્પન્ન થઈ. બધા ક્રિયામાં ને શુભભાવમાં ધર્મ માનતા હતા, માર્ગ કોઈ જાણતું નહોતું. અભ્યંતરનો માર્ગ ગુરુદેવે બતાવ્યો. ૫૮.

● પુદ્ગલનાં દ્રવ્ય-ગુણ-પર્યાય પુદ્ગલમાં ને તારા દ્રવ્ય-ગુણ-પર્યાય તારામાં; તું તેને કરી શકતો નથી ને તે તને કંઈ કરી શકતું નથી. પરદ્રવ્યનાં ને પોતાના દ્રવ્ય-કાળ-ભાવ જુદાં છે, બધું જુદું છે. પોતાનું અસ્તિત્વ પોતામાં છે ને બીજાનું અસ્તિત્વ બીજામાં છે. પોતાના ચૈતન્ય-અસ્તિત્વને ગ્રહણ કરવું, તેમાં જ વાસ કરવાનો પ્રયત્ન કરવો, તે જ કરવા જેવું છે. આ પર તરફના વાસમાં તને જે સુખ લાગે છે તે સુખબુદ્ધિ તોડીને ચૈતન્યમાં વાસ કરવો, અંદર તળિયે જઈને સુખનિધાન એવા પોતાના આત્માને ઓળખવો. ૫૯.

● મોક્ષમાર્ગમાં સાધ્યસાધકદભાવના ભેદ વચ્ચે આવે છે, પણ તેમાંથી 'એક'ને જ સાધવાનો છે. દૃષ્ટિ એક આત્મા ઉપર જ છે. એકને સાધતાં અંતરમાં અનંત ગુણ સધાઈ જાય છે, બધાને જુદાં-જુદાં સાધવા પડતા નથી. જીવને એમ થાય કે અનંતને કઈ રીતે પહોંચી વળીશ? પરંતુ તે અનંતને પહોંચવું પડતું નથી. 'એક'ને પહોંચી જા તો બધાને પહોંચી વળાશે. બધો ભંડાર એક શુદ્ધાત્મામાં જ ભરેલો છે. બસ, તે 'એક'ને પહોંચી જા. એક ચૈતન્યદેવની જે દિવ્યતાપૂર્ણ શક્તિ તેને ઓળખી લે, તેની દૃષ્ટિ કર, તે તરફ પરિણતિ કર, તેમાં જ દર્શન-જ્ઞાન-ચારિત્રની સાધના થશે, તેમાં જ તપની આરાધના થશે. ૬૦.

● આત્મામાં વિવિધ સ્વભાવો છે, તેમાંથી વિવિધ—અનેક પ્રકારની પર્યાયો તેમ જ નિર્મળતાઓ પ્રગટે છે. જો સ્વભાવ પ્રગટ કરે તો તેને ક્રમશઃ તે નિર્મળતાઓ પ્રગટ થતી જાય છે અને મુનિદશા આવીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અનંત ગુણોથી ખીલેલો ચૈતન્યનો જે ભાગ છે તે જ તેને રહેવાનું સ્થાન છે, તે જ તેને વિહાર કરવાનું સ્થાન છે. બાકી બધું બાહ્ય છે, તેને સુખનું—આનંદનું સ્થાન નથી, તોપણ તેણે આનંદ માન્યો છે તે માત્ર તેની કલ્પના છે. ૬૧.

● જ્ઞાયકને ઓળખવો, તેની મહિમા કરવી, તેનો અભ્યાસ કરવો અને તેમાં લીનતા કરવી, તે કરવાથી ચૈતન્ય પ્રગટ થયા પછી—ચૈતન્યની અદ્‌ભુત દશા પછી ભેદજ્ઞાનની ધારા સહજ વર્તે છે; તેને ગમે તે કાર્યમાં—વિકલ્પમાં આવ્યો હોય તોપણ જ્ઞાતાધારા છૂટતી નથી. જાગતાં, સૂતાં, સપનામાં, ખાતાં-પીતાં તેને જ્ઞાયકની ધારા છૂટતી નથી અને નિર્વિકલ્પદશા તરફ તેની પરિણતિ, તેની દશા પ્રમાણે સહજ રહે છે. મુનિઓની દશા તો વારંવાર તેમાં જાય છે. એવું ચૈતન્યનું સ્વરૂપ, એવી ચૈતન્ય તરફની દિશા, જગતથી તેની કોઈ જુદી જ દુનિયા! ચૈતન્યની દુનિયા! તે જ પ્રગટ કરવા જેવી છે, તે જ જીવનનું કર્તવ્ય છે, તે જ ગુરુદેવે બતાવ્યું છે. આ ભરતક્ષેત્રની અંદર આ વાત કોઈ જાણતું ન હતું. બધા ક્રિયાકાંડમાં પડેલા હતા. શુભભાવના કારણરૂપ ક્રિયા અને શુભભાવથી ધર્મ થાય—એમ માનનારા હતા. ૬૨.

● પોતે પોતામાં રહેનારો પૂર્ણસ્વભાવથી શાશ્વતો ચૈતન્ય પદાર્થ છે, પણ તેની દૃષ્ટિ વિભાવમાં ગઈ છે, તેથી તેના જ્ઞાનની શક્તિઓ તેમ જ અન્ય શક્તિઓ ઓછી અથવા વિકારી થઈ ગઈ છે, માટે પ્રગટતા નથી. સ્વભાવ તો પૂર્ણ છે, પર્યાયની શક્તિ ઓછી થઈ છે. માટે સ્વભાવથી પરિપૂર્ણ એવો જે આત્મા, તેના તરફ દૃષ્ટિ કરવી, તેનું જ્ઞાન કરવું અને તેના તરફ લીનતા કરવી એ જ જીવનમાં કરવા જેવું છે. ૬૩.

● અનાદિ કાળથી જીવ પોતે બહાર ભટકી રહ્યો છે. બહારથી સુખ મળે છે, બધુંય બહારથી મળે છે એમ માની-માનીને બહારમાં ભટકે છે, પરંતુ સુખ તો આત્મામાં જ ભરેલું છે. જ્ઞાન પણ આત્મામાં જ છે. એવા અનંત ગુણો આત્મામાં છે કે જેમની પર્યાયો અનંત કાળ

સુધી તેમાં પરિણમ્યા કરે તોપણ તે અનંત અગાધતાથી ભરપૂર સમુદ્ર પરિપૂર્ણ નિયત રહે છે. આ આત્મા એક સ્વતઃસિદ્ધ સહજ વસ્તુ છે, તેથી તેનો સ્વભાવ અનંત અનંતતાથી ભરપૂર છે. તેમાં અનંત શક્તિવાળા અનંત ગુણો છે. દરેક ગુણની અનંત શકતિ, તેમાં અનંત કાળ સુધી પરિણમન થતું રહે તોપણ પરિપૂર્ણ નિયત રહે છે. ૬૪.

● 'એક'ની સાધનામાં બધું આવી જાય છે. એક ચૈતન્યદેવ જાગૃત થયો તો તેની પાછળ બધી શક્તિઓ જાગી ઊઠે છે. વાહ! અનંત ગુણોથી ગૂંથાયેલો ચૈતન્યદેવ જાગૃત થતાં બધા ગુણોમાં જાગૃતિ આવી ગઈ.

જ્ઞાનની એક સમયની પર્યાય ચૈતન્યના અનંત અવિભાગ અંશોનું જ્ઞાન કરે, સમગ્ર લોકાલોકને જાણે, ભૂત-વર્તમાન-ભવિષ્ય—ત્રણે કાળ તેમ જ સમસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધાંને જાણે; —આ સાંભળીને કોઈને એમ લાગે કે આ બધાને કેમ પહોંચી વળાય? પણ તેમને ક્યાં પહોંચવું છે? તેમને ક્યાં જોવા જાવું છે? તારે તો એક અંતરમાં સ્થિર થવાનું છે. તું દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર ને તેમાં સ્થિર થઈ જા. તું તને પહોંચી જા તો સર્વત્ર પહોંચી વળાશે. ૬૫.

● આત્માને—એકત્વવિભક્ત શુદ્ધાત્માને ગ્રહણ કરવાનો અભ્યાસ કરવો. દરેક કાર્યમાં શુદ્ધાત્મા જે રીતે ગ્રહાય તે રીતનો ઉદ્યમ રાખવો. છ દ્રવ્યમાં એક શુદ્ધાત્મા, નવ તત્ત્વમાં પણ એક શુદ્ધાત્મા ગ્રહવાયોગ્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પણ આલંબનભૂત એક શુદ્ધાત્મા જ છે. બસ, એક શુદ્ધાત્માને ગ્રહણ કરવો. એ શુદ્ધાત્મા પરથી ને વિભાવથી વિભક્ત છે અને ભેદભાવોથી પણ ન્યારો છે, તોપણ આત્મામાં વચ્ચે સાધકદશાની પર્યાયો ચાલ્યા વગર રહેતી નથી, એવું જ્ઞાન કરવું. એ શુદ્ધાત્માને યથાર્થ ગ્રહણ કરી, એની પ્રતીતિ અને એમાં લીનતા કરવાથી સ્વાનુભૂતિ પ્રગટ થાય છે અને એ સ્વાનુભૂતિ જ આત્માએ જીવનમાં પ્રાપ્ત કરવા યોગ્ય છે. ૬૬.

● શાસ્ત્રોમાં ભરેલાં ગહન ભાવો ખોલવાની ગુરુદેવમાં અજબ શક્તિ હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતા ગંભીર ભાવો સાંભળતાં ઘણી વાર એમ થતું કે 'આ તે શું શ્રુતસાગર ઊછળ્યો છે? આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે?' ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા?—જાણે કે સાંભળ્યા જ કરીએ. તેમના જેવું, આત્માને સ્પર્શીને નીકળતું એક વાક્ય પણ કોઈ બોલી શકતું નથી. અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદાં જ હતા. પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભૂકા ઉડાડી દે એવી દૈવી વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઉતરીને જીવંત રહી. ૬૭.

● ભવનો અભાવ તો એક ચૈતન્ય તરફ દૃષ્ટિ કરવાથી થાય છે. ગુરુદેવે કહ્યું છે કે શુભા-

શુભભાવોમાંથી દૃષ્ટિ ઉઠાવી લે; તેમના પ્રત્યેની એકત્વબુદ્ધિ તોડીને ચૈતન્ય તરફ દૃષ્ટિ કરવાથી ભવનો અભાવ થાય છે. અનાદિ કાળથી પર તરફ દૃષ્ટિ હોવાથી—બાહ્યદૃષ્ટિ હોવાથી જીવને બધું બહારનું જ દેખાય છે, ચૈતન્યની નિર્મળતા તેમ જ શુદ્ધતાનો ખ્યાલ આવતો નથી. ૬૮.

● શુભાશુભભાવમાં આકુળતા છે. ચૈતન્ય તરફ જાય તો જીવને શાંતિ અને આનંદ છે. ત્યાં અનંત જ્ઞાન તેમ જ અનંત આનંદ ભરેલો છે. તે આનંદ અંદરમાંથી પ્રગટ થયા જ કરે છે. જો સ્વમાં દૃષ્ટિ કરે, જ્ઞાન કરે અને લીનતા કરે તો તે પ્રગટ થયા વિના રહેતો જ નથી. શુભાશુભભાવનો આશ્રય છોડી ચૈતન્યનો આશ્રય લેવો તે જ ગુરુદેવે બતાવ્યું છે. ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે કે સ્વાનુભૂતિનો માર્ગ જ મુક્તિનો માર્ગ છે અને તે જ સુખનો ઉપાય છે. બસ, આ જ એક કરવા જેવું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું. ગુરુદેવે જે બતાવ્યું છે તે જ કરવા જેવું છે. ગુરુદેવે આ મુમુક્ષુસમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે. દેવ-શાસ્ત્ર-ગુરુના મહિમાપૂર્વક ચૈતન્યની પરિણતિ અંદરથી પ્રગટ કરવી જોઈએ. અંદરમાં પુરુષાર્થ—માત્ર વિચારરૂપ નહિ, પરંતુ અંદરથી જે પ્રગટ થાય તે કરવા જેવો છે. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયકનો પુરુષાર્થ અને તેની સ્વાનુભૂતિ જ પ્રગટ કરવા જેવું છે. ૬૯.

● મુક્તિનો માર્ગ એક છે. બધું કરીને કરવાનું તો એક જ છે—શાશ્વત શુદ્ધ આત્માનું આલંબન એટલે કે તેની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા. તેના માટે આત્માની ઓળખાણ કરવી જોઈએ. જ્યાં સુધી પોતે અંતરંગ પરિણમનપૂર્વક તેની ઓળખાણ ન કરી શકે, ત્યાં સુધી તેને તેના માટે તત્ત્વવિચાર વગેરેનો પ્રયત્ન થયા વિના રહે નહિ, પરંતુ કરવા જેવું તો એક જ છે—એક શાશ્વત શુદ્ધ આત્માનું આલંબન. ગુરુદેવે આત્મકલ્યાણનો આ જ માર્ગ બતાવ્યો છે. ૭૦.

● આહા! મુનિરાજની મનની નિરાલંબ ગતિ! તેઓ બહારથી જંગલમાં બેઠા દેખાય, પણ અંતરમાં તો ક્યાંય વિચારતા હોય છે. ઘડીએ-ઘડીએ સ્વરૂપમાં ઊંડે ક્યાંય ઊતરી જાય છે. ક્ષણે-ક્ષણે સ્વરૂપ તરફ—આનંદના ધામમાં નિર્વિકલ્પ દશાના આનંદવેદનમાં, ઢળી જાય છે. ઉપયોગ બહાર આવે છે, પણ એકદમ નિરાલંબન થઈ ક્ષણમાં અંદર ઊતરી જાય છે. ૭૧.

● જ્ઞાન, દર્શન ને આનંદ આદિ અનંત-અનંત શક્તિઓથી ભરેલો આ આત્મા અનાદિ કાળથી તે-રૂપ જ છે—એવો ને એવો જ છે. તે આત્માને ઓળખવો એ જ જીવનનું ધ્યેય હોવું જોઈએ. ભેદજ્ઞાનની ધારા કેમ પ્રગટે અને આત્મા કેમ ગ્રહણ થાય, એની ક્ષણે-ક્ષણે અંતરમાં લગની લાગવી જોઈએ, તે જ કરવા જેવું છે. ૭૨.

● શ્રુતના તળને શોધીને આત્માના તળને—જ્ઞાયકભાવને શોધી લે. આત્માના તળનો પત્તો લાગતાં શ્રુતનું તળ એમાં આવી ગયું. આત્માના તળનો—જ્ઞાયકભાવનો આશ્રય મુખ્ય જ છે, તે થતાં બેડો પાર છે. તેમાંથી જ બધું પ્રગટ થશે. અનંતકાળથી તે આશ્રય જ બાકી રહી ગયો છે. ૭૩.

● અહો! અનંત ગુણોથી ગૂંથાયેલો તું એક છો, તે એકને તું પહોંચી જા. તે એકના અવલંબનથી સ્વભાવપરિણતિ થઈ કે આખું ચક્ર સ્વભાવ તરફ વળી ગયું. તારી દૃષ્ટિ સ્વભાવ તરફ વળી તો બધા ગુણોનું સ્વભાવપરિણમન શરૂ થઈ ગયું. પછી તો તેમાં લીનતા કરતાં-કરતાં પૂર્ણતા સુધી પહોંચી જઈશ. ૭૪.

● દ્રવ્ય—મૂળ વસ્તુ જ એને કહેવાય કે જે સ્વભાવે પરિપૂર્ણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્ય વિઘ્ન, હાનિ કે નાશ કરી શકે નહિ. ૭૫.

● પોતાનો પૂર્ણ દ્રવ્યસ્વભાવ અરૂપી હોવા છતાં પોતે તેને જાણી તો શકે છે, પણ પોતે તે માટે પ્રયત્ન કરતો નથી, તેથી તેને જાણતો નથી. તે પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા થઈ શકે છે અને સ્વાનુભૂતિમાં પણ તે આવે છે. સ્વભાવ તો સદા છે, તે કાંઈ હાનિ નથી પામ્યો. સ્વભાવને પોતે જાણી શકે છે, પોતે તેને અનુભૂતિમાં લઈ શકે છે, વિશેષ લીનતા કરવાથી તે વિશેષ પ્રગટ થાય છે અને કેવળજ્ઞાન થતાં તે પૂર્ણ પ્રગટ થઈ શકે છે. ગુરુદેવે આ માર્ગ બતાવ્યો છે. એમનો આપણા ઉપર અનંત-અનંત ઉપકાર છે. ૭૬.

● ગુરુદેવનો તો પરમ ઉપકાર છે. પર ને વિભાવ સાથેની એકત્વબુદ્ધિ તોડીને અંદર ચૈતન્ય તરફ સન્મુખતા કરી તેની સાથે એકત્વ કરે તો વસ્તુસ્વરૂપ યથાર્થ સમજાય. એકત્વ માટે તેનો નિરંતર અભ્યાસ, લગની અને વારંવાર પ્રયત્ન કરવો જોઈએ. ગુરુદેવે તો ચારે પડખેથી માર્ગ બતાવ્યો છે, એટલો ચોખ્ખો કરીને બતાવ્યો છે કે ક્યાંય ભૂલ રહી ન જાય, પણ પુરુષાર્થ કરવાનો તો પોતાને છે. ૭૭.

● હું જ્ઞાયક છું.. જ્ઞાયક છું—એમ જ્ઞાતાપણાની ધારાનો અભ્યાસ કરવો. યથાર્થ તો પછી થાય છે, પણ પહેલાં એનો અભ્યાસ થાય છે. એનો અભ્યાસ વારંવાર કરે તો તે પ્રગટ થયા વિના રહે નહિ. કરવાનું એ એક જ છે. અનાદિ કાળમાં જીવે એક સમ્યગ્દર્શન કર્યું નથી, બહારનું બીજું બધું કર્યું છે. અહા! સમ્યગ્દર્શન એ કોઈ અપૂર્વ ચીજ છે. ૭૮.

● જ્ઞાનીની દૃષ્ટિ અદ્‌ભૂત મહિમાવંત દ્રવ્યસ્વભાવ ઉપર પડી હોવાથી તેને જગતનું કાંઈ જોઈતું નથી. તેને બધી ઈચ્છાઓ તૂટી ગઈ છે. જગતના વિવિધ પદાર્થો ભલે જણાય, પણ 'હું તો જ્ઞાતા જ છું' એવા ભાવે પરિણમતો તે જ્ઞેયોને એકત્વપૂર્વક ગ્રહણ કરતો નથી, જુદો જ વર્તે છે. ૭૯.

● કરુણાસાગર ગુરુદેવ કરુણાથી કહેતા હતા કે ભાઈ! કરવાનું તો તારે જ છેને? તારા ઉપાદાનને તૈયાર કરી, ગુણોનો ભંડાર જે જ્ઞાયકદેવ તેના શરણે જા. તેના શરણે જતાં તારા અનાદિ કાળના મિથ્યાત્વાદિ દોષો સહેજે ટળી જશે. દોષો ટાળવાનો એ જ એક ઉપાય

છે. એક જ્ઞાયકભાવનો આશ્રય થતાં જ એકીસાથે બધા દોષોનો યથાસંભવ આંશિક નાશ થાય છે. માટે, તું ગમે તમે કરીને જ્ઞાયકનો આશ્રય લે. ૮૦.

● અહો! મુનિરાજની દશાની તો શી વાત કરવી? આત્મદ્રવ્ય સ્વભાવે 'સ્વયંભૂ' ભગવાન છે. મુનિરાજ (યથાયોગ્ય) નિરાલંબનપણે પરિણમતા થકા પર્યાયમાં (યથાયોગ્ય) સ્વયંભૂ થઈ ગયા છે. તારું સ્વરૂપ પણ સ્વયંભૂ છે. તેથી તું નિરાલંબી પુરુષાર્થ કર. તું આત્મા તરફની રુચિ પ્રગટ કર તો તારા સમ્યક્ પુરુષાર્થની ગતિ ઊપડશે. ૮૧.

● આત્મા એવી અનંતતાથી ભરેલો છે કે અનંત કાળ પરિણમે તોપણ પરિપૂર્ણ અનંત રહે. તેને મૂળ સ્વભાવમાંથી ઓળખ. આ બધો માર્ગ ગુરુદેવે ખોલી-ખોલીને બતાવ્યો છે. આ કાળમાં માર્ગ સમજવો બહુ મુશ્કેલ છે. કોઈ ક્યાંય અટકી જાય ને કોઈ ક્યાંય અટકી જાય. ૮૨.

● ગુરુદેવે તો માર્ગ બતાવ્યો છે. આત્માનું હિત કરવા માટે તે માર્ગે ચાલવાનું છે. જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ એક જ્ઞાયક—આત્મા છે, તેને ઓળખવો. આ બીજું બધું જગતમાં કોઈ સર્વોત્કૃષ્ટ નથી, પોતાનો આત્મા જ એક સર્વોત્કૃષ્ટ છે. તેને માટે થઈને દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા તેમ જ એક જ્ઞાયક.. જ્ઞાયક.. આત્માનું રટણ અને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી, તેની ઉગ્રતા કરવી—જ્ઞાતાપણાની ઉગ્રતા કરવી. ૮૩.

● ભગવાનની રત્નનિર્મિત પ્રતિમાઓ પણ આશ્ચર્યકારી છે, તો તું તો સ્વયં અનાદિ-અનંત શાશ્વત ચૈતન્યરત્નાકર! દિવ્યધ્વનિમાં આ ચૈતન્યરત્નાકરની વાતો ઘણી આવે છે, તેમને સાંભળીને જીવ તેને દેખવા તરફ વળે છે—એવી ઉપાદાન-નિમિત્તની સંધિ છે. અનાદિ કાળથી રખડતા જીવને પ્રથમ દેશનાલબ્ધિ થાય છે—ભલે પછી ભગવાનની વાણી હોય કે ગુરુદેવની વાણી હોય, તેને સાંભળીને જીવ પોતા તરફ વળે છે. ૮૪.

● ગુરુદેવે કહ્યું છે કે 'કરવાનું તો પોતાને જ છે.' સાકરનો સ્વભાવ જુદો છે ને કાળીજીરીનો સ્વભાવ જુદો છે, તેમ જ્ઞાન જ્ઞાનસ્વભાવે ને જડ જડસ્વભાવે હોય છે, બંને જુદેજુદાં છે. વિભાવપર્યાય પણ આકુળતારૂપ છે, આત્માનો સ્વભાવ નથી. આત્મા નિરાકુળ છે, તેનું સ્વરૂપ વિભાવથી જુદું જ્ઞાનમય છે. શાસ્ત્રમાં આવે છેને કે સુવર્ણમાંથી સુવર્ણની પર્યાય થાય છે, તેમ જ્ઞાનમાંથી જ્ઞાનની પર્યાય થાય છે. શુદ્ધાત્માને સમજવાનો મંત્ર મળ્યો છે તે પૂજ્ય ગુરુદેવ પાસેથી મળ્યો છે. કરવાનું તો પોતાને જ છે, બીજો કોઈ કરી દેતો નથી. ગુરુદેવે જે બતાવ્યું છે તે-રૂપે પોતે પરિણમન કરે તો પ્રગટ થાય. માત્ર ઉપર-ઉપરથી થતું નથી, પણ અંતરના ઊંડાણમાં જઈને પ્રયત્ન કરે તો જ પ્રગટ થાય. જ્યાં તત્ત્વ છે ત્યાં જ દૃષ્ટિ દે, ત્યાં જ પરિણતિને દોડાવે, ત્યાં જ થંભે, ત્યાં જ લીન થાય, એનું જ જ્ઞાન કરે, એનું જ

ધ્યાન કરે, તો પ્રગટ થાય. જેને બહારનો રસ લાગ્યો હોય તે તેનું—બહારનું કેટલું મંથન કરે?—તેમ અંતરમાં જઈને પ્રયત્ન કરે તો પ્રગટ થાય. ૮૫.

● અહો! જેમની મુદ્રા શાંત સુધારસનું સરોવર છે એવા પ્રભુ! આપને નીરખતાં મને તૃપ્તિ જ થતી નથી, મારા નયન પાછાં ફરતાં જ નથી. જગતમાં જો કાંઈ જોવાલાયક હોય તો તે સર્વોત્કૃષ્ટ નિજ જ્ઞાયકદેવ અને સર્વોત્કૃષ્ટ જિનેન્દ્રદેવ છે. જગતમાં બીજું કાંઈ પણ આશ્ચર્યજનક નથી. પ્રભુ! મારા નયનો આપના દર્શનથી સફળ થયાં. હું આપને એકીટશે જોયા જ કરું. ૮૬.

● જિનપ્રતિમાનાં દર્શન કરતાં 'હું ભગવાનસદશ જ છું' એવી ભાવના આવે, આત્મા ને પરમાત્મામાં ભેદ ન રહે તો નિદ્ધત અને નિકાચિત કર્મ પણ તૂટી જાય છે, પણ વિના સમજે નહિ. આ તો અંતરંગ સમજપૂર્વકની વાત છે. ૮૭.

● સ્ફટિકની જેમ આત્મા સ્વભાવે નિર્મળ છે. જેમ લાલ—પીળાં ફૂલને લઈને સ્ફટિક લાલ—પીળો દેખાય છે પણ સ્વભાવે એવો નથી, તેમ મૂળ દ્રવ્યસ્વભાવે આત્મા શુદ્ધ છે, પણ પર્યાયમાં જે વિભાવ છે તેના ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને અંતરદૃષ્ટિ કરવી. ૮૮.

● પહેલાંમાં પહેલાં ચૈતન્યને ઓળખવો, ચૈતન્યમાં જ વિશ્વાસ કરવો અને પછી ચૈતન્યમાં જ ઠરવું.. તો ચૈતન્ય પ્રગટે, તેની શક્તિ પ્રગટે. પ્રગટ કરવામાં પોતાની તૈયારી—ઉગ્ર પુરુષાર્થ વારંવાર કરે, જ્ઞાયકનો જ અભ્યાસ, જ્ઞાયકનું જ મંથન, તેનું જ ચિંતવન કરે તો પ્રગટ થાય. પૂજ્ય ગુરુદેવે માર્ગ બતાવ્યો છે, ચારે પડખેથી સ્પષ્ટ કર્યું છે. ૮૯.

● અનાદિકાળથી પોતે પોતાનું સ્વરૂપ છોડ્યું નથી, પણ ભ્રાંતિને લીધે 'છોડી દીધું છે' એમ ભાસ્યું છે. અનાદિકાળથી દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલું છે, જ્ઞાયકસ્વરૂપ જ છે, આનંદસ્વરૂપ જ છે. અનંત ચમત્કારિક શક્તિ તેમાં ભરેલી છે. ૯૦.

● અહો! આચાર્યદેવની તો શી વાત કરવી! એકત્વ-વિભક્તસ્વરૂપ સ્વાનુભવમુદ્રિત નિજ વૈભવ વડે સુંદર રીતે દર્શાવ્યું છે. આત્માને સ્વરૂપથી એકત્વમય તથા પર ને વિભાવથી વિભક્ત જાણવો તે જ મુક્તિનો માર્ગ છે. સ્વરૂપથી એકત્વમય ને વિભાવથી વિભક્ત એવા નિજ આત્માને ઓળખવાનો જીવે કદી પ્રયત્ન કર્યો નથી. આત્મા જ સર્વસ્વ છે. જગતમાં આશ્ચર્યભૂત એક આત્મા જ છે, બીજી કોઈ વસ્તુ આશ્ચર્યભૂત નથી; માટે એક આત્માને જ ગ્રહણ કરવો. એને જ ગ્રહણ કરવાનો અભ્યાસ તે જ જીવનનું કર્તવ્ય છે. ૯૧.

● પ્રશ્ન :—નિર્વિકલ્પ દશા થતાં વેદન શાનું હોય? દ્રવ્યનું કે પર્યાયનું?

● પૂજ્ય બહેનશ્રી :—દૃષ્ટિ તો ધ્રુવસ્વભાવની જ હોય છે, વેદાય છે આનંદાદિ પર્યાય.

સ્વભાવે દ્રવ્ય તો અનાદિ-અનંત છે જે ફરતું નથી; તેના ઉપર દૃષ્ટિ કરવાથી, તેનું ધ્યાન કરવાથી, પોતાની વિભૂતિનો પ્રગટ અનુભવ થાય છે. ૯૨.

● ગુરુદેવની બીજ (જન્મજયંતી—વૈશાખ સુદ બીજ) ગઈને! એટલે બીજના જ ભણકારા વાગે છે. ગુરુદેવનો જન્મ બીજના દિવસે થયો. બીજ પછી પૂનમ થાય જ, તેમ ગુરુદેવે અંદરમાં સમ્યક્ત્વની બીજ ઉગાડી છે તો આત્મા પૂર્ણસ્વરૂપ થશે જ. આમ પૂર્ણ શક્તિના લક્ષે ને આમ પૂર્ણવીતરાગતા પ્રગટ કરવાના લક્ષે—આમ દ્રવ્યના લક્ષે ને આમ પૂર્ણતાને પહોંચવાના લક્ષે પૂર્ણ પર્યાયરૂપ પૂનમ પ્રગટ થાય છે. ૯૩.

● ગુરુદેવ તો સહજ પ્રતાપી પુરુષ હતા. તેમના પ્રતાપે ચારે બાજુ સ્વાનુભૂતિના મીઠા સૂર વાગતા હોય છે. અહીં ચારે બાજુ ગુરુદેવની શીતળ છાયા છવાઈ ગઈ છે. અહીં તો ભગવાનની, જિનેન્દ્ર મંદિરોની ને ગુરુદેવની જ મંગળ છાયામાં રહેવાય છે. જગતમાં આવા ગુરુદેવનું સાન્નિધ્ય મળવું મુશ્કેલ છે. ગુરુદેવ જ્યાં વિચર્યા તે ભૂમિ મળવી મુશ્કેલ છે. ગુરુદેવનું સાન્નિધ્ય અને એમની મંગળ પ્રભા જ્યાં પથરાઈ હોય એ મળવું મુશ્કેલ છે. ૯૪.

● સંક્ષેપમાં, કરવાનું તો એક જ છે—જ્ઞાયકતત્ત્વનો આશ્રય. પૂજ્ય ગુરુદેવે એ જ બતાવ્યું છે, તે જ સારભૂત છે, બાકી બધું નિઃસાર છે. જ્ઞાયકતત્ત્વ કહો, શુદ્ધાત્મદ્રવ્ય કહો, પરમ પારિણામિકભાવ કહો—બધું એક જ છે. તેનો જ આશ્રય, તેની જ દૃષ્ટિ-જ્ઞાન-રમણતા કરવા જેવી છે, તેનાથી જ સ્વાનુભૂતિથી મુક્તિ સુધીની બધી શુદ્ધપર્યાયો પ્રગટે છે અને શાશ્વત પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય છે. સમ્યક્ માર્ગદર્શક કૃપાળુ ગુરુદેવનો અપાર ઉપકાર છે. ૯૫.

● રાત ને દિવસ તેની (—આત્માની) ધગશ લાગે, તેની લગની લાગે, તો ભેદજ્ઞાનની ધારા અંદર ચાલે—હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો ને જુદો હું જ્ઞાયક છું. ગોખવા પૂરતું નહિ પણ સ્વભાવને ઓળખીને અંદર ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરે, તેનું જ્ઞાન કરે ને તેમાં લીનતા કરે, તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય, તે માર્ગ બધો પૂજ્ય ગુરુદેવે ખુલ્લો કર્યો છે. ૯૬.

● જ્યાં સુધી અનુભૂતિ ન થાય ત્યાં સુધી તેની શ્રદ્ધા કરે, મહિમા લાવે, તોપણ સારું છે. અનુભૂતિની ભાવના કર. અનુભૂતિ થઈ જાય તે તો ઘણું સુંદર છે, પણ તેના કાંઠે આવી જાય તે પણ સારું છે, તેની સમીપતા થઈ જાય તો પણ રૂડું છે. વિભાવ ને સંયોગની સમીપતા છોડીને, જ્ઞાયકની સમીપતા થઈ જાય તો પણ સારું છે. જ્ઞાયકની સાક્ષાત્ અનુભૂતિ તો લોકોત્તર ચીજ છે. ૯૭.

● દ્રવ્ય પર દૃષ્ટિ કરવી તે જ કરવાનું છે. તેના ઉપર દૃષ્ટિ કરવાથી, વારંવાર તે તરફનો અભ્યાસ કરવાથી અને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવાથી વિકલ્પથી ખસીને જે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે તે મુક્તિનો મારગ છે, એમ ગુરુદેવે બતાવ્યું છે. ૯૮.

● અનંતગુણોથી ભરપૂર આત્મા જો પોતે ભેદજ્ઞાન કરે કે આ જે પર છે તે ‘હું’ નથી, વિભાવ મારું સ્વરૂપ નથી, હું તેમનાથી અત્યંત ભિન્ન શાશ્વત ચૈતન્યપદાર્થ છું—આવા ભેદજ્ઞાનપૂર્વક જો તે શાશ્વત દ્રવ્યની દૃષ્ટિ કરે, તેનું જ્ઞાન કરે, તેમાં લીનતા કરે તો તે પ્રગટ થયા વિના રહે નહિ. ૯૯.

● ‘સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ.’ એક સમ્યક્ત્વ પ્રગટ થતાં જ સ્વરૂપાચરણ ચારિત્રાદિ બધા ગુણોના યથાસંભવ અંશ પ્રગટ થાય છે; તેથી સમ્યક્ત્વરૂપ પરિણમતાં જ તારી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધના શરૂ થશે અને તારો આત્મા દિવ્યતાથી—શુદ્ધતાથી ખીલી ઉઠશે. અહા! એવી સાધના કરનારા મુનિરાજોની તો શી વાત? ક્ષણે-ક્ષણે અંદરમાં જાય છે, સ્વરૂપની સાધના કરે છે. એમની શક્તિ તો કોઈ જુદી છે! ૧૦૦.

● બધું—માતાપિતાદિને છોડીને તમે (બ્રહ્મચારિણી બહેનોએ) ગુરુદેવના સાન્નિધ્યમાં નિવૃત્તિ લીધી છે, તો નિવૃત્તસ્વરૂપ આ આત્માના નિવૃત્તસ્વભાવમાં દૃષ્ટિ દઈને નિવૃત્તિપંથ ઉજાળવા યોગ્ય છે. નિવૃત્તસ્વરૂપ આ આત્માની દૃષ્ટિ કરવી તે જ મનુષ્યજીવનની સફળતા છે. વચ્ચે શુભભાવ ભલે આવે, પરંતુ દૃષ્ટિ તો નિવૃત્તસ્વભાવ ઉપર જ રાખવી. તે જ માર્ગે શુભાશુભભાવોથી ભિન્ન નિવૃત્તસ્વરૂપ નિજ આત્મામાં દૃષ્ટિ લગાવીને અંગીકૃત કરેલા નિવૃત્તિપંથને દીપાવવા જેવો છે. ૧૦૧.

● સાચો નિવૃત્તિપંથ તો ગુરુદેવે બતાવ્યો છે. તું તારી સ્વભાવક્રિયાનો કરનારો છે, તોપણ અંદરમાં સ્થિરતા પ્રાપ્ત ન થઈ શકે તો શુભભાવનાં કાર્ય થાય છે. પૂજા-ભક્તિ વગેરેના ભાવ આવે છે, તોપણ તે સર્વસ્વ નથી; સર્વસ્વ તો—સંપૂર્ણપણે આદરણીય તો ‘વીતરાગ થવું’ તે છે. શુભભાવ વ્યવહારથી આદરણીય કહેવાય છે, નિશ્ચયથી તો હેય છે. ૧૦૨.

● શ્રોતા :—મુમુક્ષુ જીવ પ્રથમ શું કરે?

પૂજ્ય બહેનશ્રી :—પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાય બધાને ઓળખે. ચૈતન્યદ્રવ્યના સામાન્ય સ્વભાવને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ કરીને, તેનો અભ્યાસ કરતાં-કરતાં ચૈતન્યમાં ઠરી જાય તો તેમાં વિભૂતિ છે તે પ્રગટ થાય છે. ચૈતન્યના અસલી સ્વભાવની લગની લાગે તો પ્રતીતિ થાય; તેમાં ઠરે તો તેનો અનુભવ થાય છે. ૧૦૩.

● વિકલ્પ તોડીને અંદર સ્વાનુભૂતિ કેમ પ્રગટ થાય તે પ્રયત્ન કર્તવ્ય છે. અંતરમાં ભેદજ્ઞાન થાય તો જ મુક્તિની શરૂઆત થાય. જે મોક્ષે ગયા છે તે ભેદજ્ઞાનથી જ ગયા છે. ભેદજ્ઞાનના અભાવે જીવ રખડ્યો છે. તું તારા ચૈતન્યમાં પુરુષાર્થ કરે તો અંદર ભેદજ્ઞાનની ધારા ચાલે. ૧૦૪.

● તું નિરાલંબન ચાલે ચાલતાં શીખ. તે માટે જિનેન્દ્રકથિત વસ્તુસ્વરૂપની તું સમજણ

કર. તે સમજણમાં વ્યવહારે સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુ નિમિત્ત હોય છે. દેવ-શાસ્ત્ર-ગુરુ માર્ગ બતાવવામાં મહાનિમિત્ત છે. તું તારું ઉપાદાન અંદરથી તૈયાર કર, ત્યાં નિમિત્ત તો તૈયાર હોય જ છે. ૧૦૫.


● આત્મા તો અનુપમ પદાર્થ છે. શ્રી સમયસારમાં કહ્યું છે કે 'अनेकान्तमयीमूर्ति र्नित्यमेव प्रकाशताम् ।' એટલે કે અનેકાન્તમય મૂર્તિ—જિનવાણી સદાય પ્રકાશમાન રહો. શા માટે? કે તે અનંત ધર્મોવાળા મહાન આત્મપદાર્થના તત્ત્વને પ્રસિદ્ધ કરે છે. આવો જ્ઞાન-આનંદ વગેરે અનંત ધર્મોવાળો આત્મા કોઈ અપૂર્વ મહિમાવંત મહાપદાર્થ છે. તેને ઓળખવાનો સતત ઉગ્ર પ્રયત્ન કરવામાં આવે તો તે અવશ્ય પ્રગટ થાય છે. તેના ત્રિકાળી સ્વભાવને ઓળખી તેનું અવલંબન લેતાં, જે જાતનો તેનો શાશ્વત સ્વભાવ છે તે જાતની શુદ્ધ સ્વભાવપર્યાય પ્રગટ થાય છે. શાશ્વત સ્વભાવના અવલંબને સ્વભાવપર્યાય પ્રગટ થાય છે, વિભાવના આલંબને વિભાવ-પર્યાય થાય છે. તેથી, આત્માર્થીએ સ્વભાવની દૃષ્ટિ-જ્ઞાન-રમણતા કરવા જેવી છે. ૧૦૬.

● ગુરુદેવે કહ્યું છે કે એક જ્ઞાયકને ઓળખો, બસ. બીજું બધું ચૈતન્યથી જુદું છે. આ શરીર જુદું, વિભાવ પર્યાય આત્માનો સ્વભાવ નથી. બધું તેનાથી જુદું છે. એક ચૈતન્યદેવ જ્ઞાયક તે અનાદિ-અનંત શાશ્વતો છે. અનંતા દ્રવ્યોની સાથે રહે તો પણ તે એવો ને એવો છે. આના દ્રવ્ય-ગુણ તેમાં જાતાં નથી, તેનાં દ્રવ્ય-ગુણ-પર્યાય આમાં આવતાં નથી, સૌનાં પોતપોતામાં જ રહે છે. એવા અનંતા દ્રવ્યોની પાસે રહે તોપણ પોતે તો એવો ને એવો, તેનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ—બધાં એના એનામાં, બીજાનાં બીજામાં છે. તેનો સ્વભાવ છૂટીને કોઈ વાર પરદ્રવ્યરૂપે થતો નથી, તેના ગુણો પરરૂપે થતાં નથી, પર્યાયો પણ પરરૂપે થતી નથી. ૧૦૭.

● હું શું બોલું? ગુરુદેવે ઘણું સંભળાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે. આ ભરતક્ષેત્રે બધું—ચૈતન્યનું સ્વરૂપ સમજાવ્યું હોય તો ગુરુદેવે ! ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે જ બધાએ ચાલવાનું છે. આ પંચમકાળની અંદર—આ વિષમ કાળની અંદર ગુરુદેવનો જે જન્મ થયો તે મહાભાગ્યની વાત હતી. ગુરુદેવે અહીંયા પધારીને 'ચૈતન્ય કોઈ અપૂર્વ છે' એમ તેની અપૂર્વતા બતાવી અને અંતર્દૃષ્ટિ કરવા સમજાવ્યું તે, ગુરુદેવનો પરમ ઉપકાર છે. ૧૦૮.

● ગુરુદેવ પાસેથી જે સાંભળ્યું છે તે ઓગાળવું. ધ્યેય એક શુદ્ધાત્માનું જ રાખવું. તેના જ માટે વાંચન, વિચાર કરવા જેવાં છે. શુદ્ધાત્માને ઓળખી, તેને અવલંબી, તદ્રૂપ પરિણતિ કરવાનું ગુરુદેવ કહેતા હતા. જીવ અનાદિ કાળથી શુભાશુભભાવ કરતો આવ્યો છે. હવે તો શુદ્ધાત્માને ગ્રહણ કર. અનંત જીવોએ તે શુદ્ધાત્માના માર્ગે ચાલી સ્વાનુભૂતિને સાધીને અંતર સમાધિને સાધી છે. તું પણ તે જ માર્ગે ચાલ—આ, ગુરુદેવની શીખ હતી. ૧૦૯.

*


શ્રીમદ્ રાજચંદ્ર

# શ્રીમદ્ રાજચંદ્રનાં વચનામૃત

આ જે વચનો લખ્યાં છે, તે સર્વ મુમુક્ષુને પરમ બંધવરૂપ છે, પરમ રક્ષકરૂપ છે; અને તેને સમ્યક્ પ્રકારે વિચાર્યેથી પરમપદને આપે એવા છે; એમાં નિર્ગ્રંથ પ્રવચનની સમસ્ત દ્વાદશાંગી, ષટ્દર્શનનું સર્વોત્તમ તત્ત્વ અને જ્ઞાનીના બોધનું બીજ સંક્ષેપે કહ્યું છે; માટે ફરી ફરીને તેને સંભારજો, વિચારજો, સમજજો, સમજવા પ્રયત્ન કરજો; એને બાધ કરે એવા બીજા પ્રકારોમાં ઉદાસીન રહેજો; એમાં જ વૃત્તિનો લય કરજો. એ તમને અને કોઈ પણ મુમુક્ષુને ગુપ્ત રીતે કહેવાનો અમારો મંત્ર છે. એમાં 'સત્' જ કહ્યું છે. એ સમજવા માટે ઘણો જ વખત ગાળજો. —શ્રીમદ્ રાજચંદ્ર

● દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંત ગણી ચિંતા આત્માની રાખ, કારણ અનંત ભવ એક ભવમાં ટાળવા છે. ૧.

● હે નાથ! સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો વખતે સમ્મત કરત, પણ જગતની મોહિની સમ્મત થતી નથી. ૨.

● પૂર્વના અશુભકર્મ ઉદય આવ્યે વેદતાં જો શોચ કરો છો તો હવે એ પણ ધ્યાન રાખો કે નવાં બાંધતા પરિણામે તેવાં તો બંધાતાં નથી? ૩.

● 'અનંતકાળ થયાં જીવને પરિભ્રમણ કરતાં છતાં તેની નિવૃત્તિ કેમ થતી નથી અને તે શું કરવાથી થાય?' આ વાક્યમાં અનેક અર્થ સમાયેલ છે. તેને વિચાર્યા વિના કે દૃઢ વિશ્વાસથી ઝૂર્યા વિના માર્ગના અંશનું અલ્પ ભાન થતું નથી. બીજા બધાં વિકલ્પો દૂર કરી આ એક ઉપર લખેલું સત્પુરુષોનું વચનામૃત વારંવાર વિચારી લેશો. ૪.

● પોતે પોતાનો વૈરી, તે આ કેવી ખરી વાત છે! ૫.

● ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે. ૬.

● દેહધારીને વિટંબના એ તો એક ધર્મ છે. ત્યાં ખેદ કરીને આત્મવિસ્મરણ શું કરવું? નિરુપાયતા આગળ સહનશીલતા જ સુખદાયક છે. ૭.

● અનાદિકાળનું પરિભ્રમણ હવે સમાપ્તતાને પામે એવી જિજ્ઞાસા, એ પણ એક

કલ્યાણ જ છે. કોઈ એવો યથાયોગ્ય સમય આવી રહેશે કે જ્યારે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થઈ રહેશે. ૮.

● પાત્રતા પ્રાપ્તિનો પ્રયાસ અધિક કરો. ૯.

● હે કર્મ! તને નિશ્ચય આજ્ઞા કરું છું કે નીતિ અને નેકી ઉપર મને પગ મુકાવીશ નહીં. ૧૦.

● ઉદાસીનતા એ અધ્યાત્મની જનની છે. ૧૧.

● નાના પ્રકારનો મોહ પાતળો થવાથી આત્માની દૃષ્ટિ પોતાના ગુણથી ઉત્પન્ન થતાં સુખમાં જાય છે, અને પછી તે મેળવવા પ્રયત્ન કરે છે. એ જ દૃષ્ટિ તેને તેની સિદ્ધિ આપે છે. ૧૨.

● દૃષ્ટિ એવી સ્વચ્છ કરો કે જેમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ પણ દેખાઈ શકે અને દેખાયાથી ક્ષય થઈ શકે. ૧૩.

● અરે! હે દુષ્ટાત્મા! પૂર્વે ત્યાં બરાબર સન્મતિ ન રાખી અને કર્મબંધ કર્યા તો હવે તું જ તેના ફળ ભોગવે છે. તું કાં તો ઝેર પી અને કાં તો ઉપાય તત્કાળ કર. ૧૪.

● સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે? ૧૫.

● બે અક્ષરમાં માર્ગ કહ્યો છે, અને અનાદિકાળથી એટલું બધું કર્યા છતાં શા માટે પ્રાપ્ત થયો નથી? તેથી તે વિચારો. ૧૬.

● 'અનંત કાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે' આ એક અવાચ્ય, અદ્ભુત વિચારણાનું સ્થળ છે. જ્યાં મતિની ગતિ નથી, ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય? ૧૭.

● સત્સંગ એ મોટામાં મોટું સાધન છે. ૧૮.

● જે છૂટવા માટે જ જીવે છે તે બંધનમાં આવતો નથી. આ વાક્ય નિઃશંક અનુભવનું છે. ૧૯.

● સર્વ પ્રકારની ક્રિયાનો, યોગનો, જાપનો, તપનો અને તે સિવાયના પ્રકારનો લક્ષ એવો રાખજો કે આત્માને છોડવા માટે સર્વે છે, બંધન માટે નથી. જેથી બંધન થાય એ બધાં ત્યાગવાયોગ્ય છે. ૨૦.

● ઉપાધિમાં પણ નિવૃત્તિનો લક્ષ રાખવાનું સ્મરણ રાખજો. ૨૧.

● જોકે જ્ઞાની ભક્તિ ઈચ્છતા નથી, પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના ઉપદેશ પરિણમતો નથી અને મનન તથા નિદિધ્યાસન આદિનો હેતુ થતો નથી. માટે, મુમુક્ષુએ જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્તવ્ય છે એમ સત્પુરુષોએ કહ્યું છે. ૨૨.

● હું કર્તા, હું મનુષ્ય, હું સુખી, હું દુઃખી—એ વગેરે પ્રકારથી રહેલું દેહાભિમાન, તે જેનું ગળી ગયું છે અને સર્વોત્તમ પદરૂપ પરમાત્માને જેણે જાણ્યો છે, તેનું મન જ્યાં જાય છે ત્યાં તેને સમાધિ જ છે. ૨૩.

● પગલે-પગલે ભયવાળી અજ્ઞાન ભૂમિકામાં જીવ વગર વિચાર્યે કોટ્યવધિ યોજનો ચાલ્યા કરે છે; ત્યાં જોગ્યતાનો અવકાશ ક્યાંથી હોય? ૨૪.

● યોગ્યતા, જ્ઞાનપ્રાપ્તિ માટે બહુ બળવાન કારણ છે. ૨૫.

● સુદૃઢ સ્વભાવથી આત્માર્થનો પ્રયત્ન કરવું. આત્મકલ્યાણ પ્રાપ્ત થવામાં ઘણું કરીને વારંવાર પ્રબળ પરિષહો આવવાનો સ્વભાવ છે, પણ જો તે પરિષહ શાંત ચિત્તથી વેદવામાં આવે છે, તો દીર્ઘ કાળે થઈ શકવા યોગ્ય એવું કલ્યાણ બહુ અલ્પકાળમાં સાધ્ય છે. ૨૬.

● તમે સૌ એવા શુદ્ધ આચરણથી વર્તજો કે વિષમ દૃષ્ટિએ જોનાર માણસોમાંથી ઘણાને પોતાની તે દૃષ્ટિનો કાળ જતાં પશ્ચાતાપ કરવાનો વખત આવે. ૨૭.

● યમ અંતકાળે પ્રાણીઓને દુઃખદાયક નહીં લાગતો હોય, પણ અમને સંગ દુઃખદાયક લાગે છે. ૨૮.

● 'સત્' એ કંઈ દૂર નથી, પણ દૂર લાગે છે અને એ જ જીવનો મોહ છે. ૨૯.

● માર્ગ સરળ છે, પ્રાપ્તિ દુર્લભ છે. ૩૦.

● પરમાનંદ હરિને ક્ષણ પણ ન વિસરવા એ અમારી સર્વ કૃતિ, વૃત્તિ અને લેખનો હેતુ છે. ૩૧.

● સ્વરૂપચિંતન-ભક્તિ સર્વ કાળે સેવ્ય છે. ૩૨.

● તૃષાતુરને પાવાની મહેનત કરજો, અતૃષાતુરને તૃષાતુર થવાની જિજ્ઞાસા પેદા કરજો, જેને તે પેદા ન થાય તેવું હોય, તેને માટે ઉદાસીન રહેજો. ૩૩.

● જ્ઞાન તે જ કે અભિપ્રાય એક જ હોય, થોડો અથવા ઘણો પ્રકાશ, પણ પ્રકાશ એક જ. ૩૪.

● શાસ્ત્રાદિકના જ્ઞાનથી નિવેડો નથી, પણ અનુભવજ્ઞાનથી નિવેડો છે. ૩૫.

● એવો એક જ પદાર્થ પરિચય કરવાયોગ્ય છે કે જેથી અનંત પ્રકારના પરિચય નિવૃત્ત થાય છે; તે કયો? અને કેવા પ્રકારે? તેનો વિચાર મુમુક્ષુઓ કરે છે. ૩૬.

● જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કાંઈ આચરે નહીં, પણ રૂડું હોય તે જ આચરે. ૩૭.

● ઉદયને અબંધ પરિણામે ભોગવાય તો જ ઉત્તમ છે. ૩૮.

● ગમે તે ક્રિયા જપ, તપ કે શાસ્ત્રવાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે, તે એ કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું; અને એ એક જ લક્ષ ઉપર પ્રવૃત્તિ કરવાથી જીવને પોતાને શું કરવું યોગ્ય છે અને શું કરવું અયોગ્ય છે તે સમજાય છે, સમજાતું જાય છે. ૩૯.

● જગત આત્મરૂપ માનવામાં આવે, જે થાય તે યોગ્ય જ માનવામાં આવે, પરના દોષ જોવામાં ન આવે, પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે, તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે, બીજી રીતે નહીં. ૪૦.

● મનથી કરેલો નિશ્ચય સાક્ષાત્ નિશ્ચય માનશો નહીં. જ્ઞાનીથી થયેલો નિશ્ચય જાણીને પ્રવર્તવામાં કલ્યાણ છે. ૪૧.

● સ્વરૂપ સહજમાં છે. જ્ઞાનીના ચરણ સેવન વિના અનંત કાળ સુધી પણ પ્રાપ્ત ન થાય એવું વિકટ પણ છે. ૪૨.

● બીજા કામમાં પ્રવર્તતાં પણ અન્યત્વભાવનાએ વર્તવાનો અભ્યાસ રાખવો યોગ્ય છે. ૪૩.

● પ્રમાદમાં વૈરાગ્યની તીવ્રતા, મુમુક્ષુતા મંદ કરવાયોગ્ય નથી—એવો નિશ્ચય રાખવો યોગ્ય છે. ૪૪.

● જિંદગી અલ્પ છે અને જંજાળ અનંત છે, સંખ્યાત ધન છે અને તૃષ્ણા અનંત છે, ત્યાં સ્વરૂપસ્મૃતિ સંભવે નહીં; પણ જ્યાં જંજાળ અલ્પ છે અને જિંદગી અપ્રમત્ત છે, તેમ જ તૃષ્ણા અલ્પ છે અથવા નથી અને સર્વ સિદ્ધિ છે, ત્યાં સ્વરૂપસ્મૃતિ પૂર્ણ થવી સંભવે છે. અમૂલ્ય એવું જ્ઞાનજીવન પ્રપંચે આવરેલું વહ્યું જાય છે. ઉદય બળવાન છે! ૪૫.

● લૌકિકદૃષ્ટિએ તમે અને અમે પ્રવર્તશું તો પછી અલૌકિકદૃષ્ટિએ કોણ પ્રવર્તશે? ૪૬.

● સમ્યક્‌પ્રકારે જ્ઞાનીને વિષે અખંડ વિશ્વાસ રાખવાનું ફળ નિશ્ચયે મુક્તપણું છે. ૪૭.

● 'માગી ખાઈને ગુજરાન ચલાવશું, પણ ખેદ નહિ પામીએ; જ્ઞાનના અનંત આનંદ આગળ તે દુઃખ તૃણ માત્ર છે' આ ભાવાર્થનું જે વચન લખ્યું છે, તે વચનને અમારો નમસ્કાર હો! એવું જે વચન તે ખરી યોગ્યતા વિના નીકળવું સંભવિત નથી. ૪૮.

● ચોતરફ ઉપાધિની જ્વાળા પ્રજ્વલતી હોય તે પ્રસંગમાં સમાધિ રહેવી તે પરમ દુષ્કર છે, અને એ વાત તો પરમ જ્ઞાની વિના થવી વિકટ છે, અમને પણ આશ્ચર્ય થઈ આવે છે, તથાપિ એમ પ્રાયે વર્ત્યા જ કરે છે, એવો અનુભવ છે. ૪૯.

● .....કોઈ પણ કામના પ્રસંગમાં વધારે શોચમાં પડવાનો અભ્યાસ ઓછો કરજો; એમ કરવું અથવા થવું એ જ્ઞાનીની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર છે. ૫૦.

● સાંસારિક ઉપાધિ અમને પણ ઓછી નથી, તથાપિ તેમાં સ્વપણું રહ્યું નહીં હોવાથી તેથી ગભરાટ ઉત્પન્ન થતો નથી. ૫૧.

● પરમાર્થ પ્રાપ્ત થવા વિષે કોઈ પણ પ્રકારનું આકુળ-વ્યાકુળપણું રાખવું—થવું તેને દર્શનપરિષહ કહ્યો છે. એ પરિષહ ઉત્પન્ન થાય તે તો સુખકારક છે, પણ જો ધીરજથી તે વેદાય તો તેમાંથી દર્શનની ઉત્પત્તિ થવાનો સંભવ થાય છે. ૫૨.

● આ લોકસ્થિતિ જ એવી છે કે તેમાં સત્યનું ભાવન કરવું પરમ વિકટ છે. રચના બધી અસત્યના આગ્રહની ભાવના કરાવવાવાળી છે. ૫૩.

● લોકસ્થિતિ આશ્ચર્યકારક છે. ૫૪.

● ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે એવા આ સંસારી પ્રસંગ અને પ્રકારોમાં જ્યાં સુધી જીવને વહાલપ વર્તે છે, ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે અને સત્સંગનું માહાત્મ્ય પણ તથારૂપપણે ભાસ્યમાન થવું અસંભવિત છે. જ્યાં સુધી તે સંસારગત વહાલપ અસંસારગત વહાલને પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી ખચિત કરી અપ્રમત્તપણે વારંવાર પુરુષાર્થનો સ્વીકાર યોગ્ય છે. આ વાત ત્રણે કાળને વિષે અવિસંવાદ જાણી નિષ્કામપણે લખી છે. ૫૫.

● આરંભ અને પરિગ્રહનો જેમ-જેમ મોહ મટે છે, જેમ-જેમ તેને વિષેથી પોતાપણાનું અભિમાન મંદપણાને પામે છે, તેમ-તેમ મુમુક્ષુતા વર્ધમાન થયા કરે છે. અનંત કાળના પરિચયવાળું એ અભિમાન પ્રાયે એકદમ નિવૃત્ત થતું નથી. તેટલા માટે, તન-મન-ધનાદિ જે કંઈ પોતાપણે વર્તતા હોય છે, તે જ્ઞાની પ્રત્યે અર્પણ કરવામાં આવે છે; પ્રાયે જ્ઞાની કંઈ તેને ગ્રહણ કરતાં નથી, પણ તેમાંથી પોતાપણું મટાડવાનું જ ઉપદેશે છે અને કરવાયોગ્ય પણ તેમ જ છે કે આરંભ-પરિગ્રહને વારંવારના પ્રસંગે વિચારી-વિચારીને પોતાના થતાં અટકાવવા, ત્યારે મુમુક્ષુતા નિર્મળ હોય છે. ૫૬.

● જે વાસ્તવ્ય જ્ઞાનીને ઓળખે છે, તે માનાદિને ઈચ્છે નહિ, એવો અમારો અંતરંગ અભિપ્રાય વર્તે છે. ૫૭.

● કોઈનો દોષ નથી, અમે કર્મ બાંધ્યા માટે અમારો દોષ છે. ૫૮.

● જે જ્ઞાને કરીને ભવાંત થાય છે, તે જ્ઞાન પ્રાપ્ત થવું જીવને ઘણું દુર્લભ છે. તથાપિ તે જ્ઞાન સ્વરૂપે તો અત્યંત સુગમ છે એમ જાણીએ છીએ. તે જ્ઞાન સુગમપણે પ્રાપ્ત થવામાં જે દશા જોઈએ છે, તે દશા પ્રાપ્ત થવી ઘણી-ઘણી કઠણ છે અને એ પ્રાપ્ત થવામાં જે બે કારણ તે મળ્યા વિના જીવને અનંતકાળ થયા રખડવું પડ્યું છે, જે બે કારણ મળ્યે મોક્ષ છે. ૫૯.

● જગતના અભિપ્રાય પ્રત્યે જોઈને જીવ પદાર્થનો બોધ પામ્યો છે, જ્ઞાનીના અભિપ્રાય પ્રત્યે જોઈને પામ્યો નથી. જે જીવ જ્ઞાનીના અભિપ્રાયથી બોધ પામ્યો છે તે જીવને સમ્યગ્દર્શન થાય છે. ૬૦.

● જે જીવિતવ્યમાં ક્ષણિકપણું છે, તે જીવિતવ્યમાં જ્ઞાનીઓએ નિત્યપણું પ્રાપ્ત કર્યું છે, એ અચરજની વાત છે. ૬૧.

● જેને બોધબીજની ઉત્પત્તિ હોય છે, તેને સ્વરૂપસુખથી કરીને પરિતૃપ્તપણું વર્તે છે અને વિષય પ્રત્યે અપ્રયત્ન દશા વર્તે છે.

જો જીવને પરિતૃપ્તપણું વર્ત્યા કરતું ન હોય તો અખંડ એવો આત્મબોધ તેને સમજવો નહીં. ૬૨.

● અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી, તે પ્રાપ્તપણાને વિષે અમુક કાળ વ્યતીત થાય તો હાનિ નથી. માત્ર અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી તેને વિષે ભ્રાંતિ થાય, ભુલ થાય તે હાનિ છે. જો પરમ એવું જ્ઞાનીનું સ્વરૂપ ભાસ્યમાન થયું છે તો પછી તેના માર્ગને વિષે અનુક્રમે જીવનું પ્રવેશપણું થાય એ સરળ પ્રકારે સમજાય એવી વાર્તા છે. ૬૩.

● સર્વ પ્રકારે ઉપાધિયોગ તો નિવૃત્ત કરવાયોગ્ય છે; તથાપિ જો તે ઉપાધિયોગ સત્સંગાદિકને અર્થે જ ઈચ્છવામાં આવતો હોય, તેમ જ પાછી ચિત્તસ્થિતિ સંભવપણે રહેતી હોય તો તે ઉપાધિયોગમાં પ્રવર્તવું શ્રેયસ્કર છે. ૬૪.

● કોઈ પણ પ્રકારે ભવિષ્યનો સાંસારિક વિચાર છોડી વર્તમાનમાં સમપણે પ્રવર્તવાનો દૃઢ નિશ્ચય કરવો એ તમને યોગ્ય છે. ભવિષ્યમાં જે થવાયોગ્ય હશે તે થશે, તે અનિવાર્ય છે —એમ ગણી પરમાર્થ—પુરુષાર્થ ભણી સન્મુખ થવું યોગ્ય છે. ૬૫.

● જિનાગમ છે તે ઉપશમસ્વરૂપ છે. ઉપશમસ્વરૂપ એવા પુરુષોએ ઉપશમને અર્થે તે પ્રરૂપ્યાં છે—ઉપદેશ્યા છે. તે ઉપશમ આત્માર્થે છે, અન્ય કોઈ પ્રયોજન અર્થે નથી. આત્માર્થમાં જો તેનું આરાધન કરવામાં અમને તો નિઃસંદેહ યથાર્થ લાગે છે. ૬૬.

● એક મોટી નિશ્ચયની વાર્તા તો મુમુક્ષુ જીવે એ જ કરવી યોગ્ય છે કે સત્સંગ જેવું કલ્યાણનું કોઈ બળવાન કારણ નથી અને તે સત્સંગમાં નિરંતર સમય-સમય નિવાસ ઈચ્છવો,

અસત્સંગનું ક્ષણે-ક્ષણે વિપરિણામ એ શ્રેયરૂપ છે. બહુ-બહુ કરીને આ વાર્તા અનુભવમાં આણવા જેવી છે. ૬૭.

● સંસારને વિષે ઉદાસીન રહ્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. ૬૮.

● 'સત્' એક પ્રદેશ પણ અસમીપ નથી, તથાપિ તે પ્રાપ્ત થવાને વિષે અનંત અંતરાય—લોકપ્રમાણે પ્રત્યેક એવા રહ્યા છે. જીવને કર્તવ્ય એ છે કે અપ્રમત્તપણે તે 'સત્'નું શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવાનો અખંડ નિશ્ચય રાખવો. ૬૯.

● મુમુક્ષુજન સત્સંગમાં હોય તો નિરંતર ઉલ્લાસિત પરિણામમાં રહી આત્મસાધન અલ્પકાળમાં કરી શકે છે એ વાર્તા યથાર્થ છે, તેમ જ સત્સંગના અભાવમાં સમપરિણતિ રહેવી વિકટ છે; તથાપિ એમ કરવામાં જ આત્મસાધન રહ્યું હોવાથી ગમે તેવા માઠાં નિમિત્તમાં પણ જે પ્રકારે સમપરિણતિ આવે તે પ્રકારે પ્રવર્તવું એ જ યોગ્ય છે. જ્ઞાનીના આશ્રયમાં નિરંતર વાસ હોય તો સહજ સાધન વડે પણ સમપરિણામ પ્રાપ્ત હોય છે એમાં તો નિર્વિવાદતા છે, પણ જ્યારે પૂર્વકર્મના નિબંધનથી અનુકૂળ નહીં એવા નિમિત્તમાં નિવાસ પ્રાપ્ત થયો છે ત્યારે ગમે તેમ કરીને પણ તેના પ્રત્યે અદ્વેષપરિણામ રહે એમ પ્રવર્તવું એ જ અમારી વૃત્તિ છે અને એ જ શિક્ષા છે. ૭૦.

● સમયમાત્ર પણ પ્રમાદ કરવાની તીર્થંકરદેવની આજ્ઞા નથી. ૭૧.

● ઓછો પ્રમાદ થવાનો ઉપયોગ એ જીવને માર્ગના વિચારમાં સ્થિતિ કરાવે છે અને વિચાર માર્ગમાં સ્થિતિ કરાવે છે એ વાત ફરી-ફરી વિચારીને તે પ્રયત્ન ત્યાં વિયોગ પણ કોઈ પ્રકારે કરવું ઘટે છે. એ વાત ભૂલવા જોગ્ય નથી. ૭૨.

● પ્રદેશે-પ્રદેશથી જીવના ઉપયોગને આકર્ષક એવા આ સંસારને વિશે એક સમયમાત્ર પણ અવકાશ લેવાની જ્ઞાની પુરુષોએ હા કહી નથી, કેવળ તે વિષે નકાર કહ્યો છે. ૭૩.

● સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઇચ્છા થતી હોય તો તે પુરુષે જ્ઞાનીના વચન સાંભળ્યા નથી અથવા જ્ઞાનીપુરુષના દર્શન પણ તેણે કર્યા નથી, એમ તીર્થંકર કહે છે. ૭૪.

● જેની કેડનો ભંગ થયો છે તેનું પ્રાયે બધું બળ પરિક્ષીણપણાને ભજે છે. જેને જ્ઞાની પુરુષના વચનરૂપ લાકડીનો પ્રહાર થયો છે, તે પુરુષને વિષે તે પ્રકારે સંસારસંબંધી બળ હોય છે, એમ તીર્થંકર કહે છે. ૭૫.

● સર્વથી સ્મરણજોગ વાત તો ઘણી છે, તથાપિ સંસારમાં સાવ ઉદાસીનતા, પરના અલ્પગુણમાં પણ પ્રીતિ, પોતાના અલ્પદોષને વિષે પણ અત્યંત ક્લેશ, દોષના વિલયમાં અત્યંત વીર્યનું સ્ફૂરવું—એ વાતો સત્સંગમાં અખંડ એક શરણાગતપણે ધ્યાનમાં રાખવા યોગ્ય છે. જેમ

બને તેમ નિવૃત્તિકાળ, નિવૃત્તિક્ષેત્ર, નિવૃત્તિદ્રવ્ય અને નિવૃત્તિભાવને ભજજો. તીર્થંકર, ગૌતમ જેવા જ્ઞાની પુરુષને પણ સંબોધતા હતા કે સમયમાત્ર પણ પ્રમાદ યોગ્ય નથી. ૭૬.

● પરમાર્થમાર્ગનું લક્ષણ એ છે કે અપરમાર્થને ભજતાં જીવ બધા પ્રકારે કાયર થયા કરે, સુખે અથવા દુઃખે. દુઃખમાં કાયરપણું કદાપિ બીજા જીવોનું પણ સંભવે છે, પણ સંસારસુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું, તે સુખનું અણગમવાપણું, નીરસપણું પરમાર્થમાર્ગી પુરુષને હોય છે. ૭૭.

● જે વસ્તુનું માહાત્મ્ય દૃષ્ટિમાંથી ગયું તે વસ્તુને અર્થે અત્યંત ક્લેશ થતો નથી. સંસારને વિષે ભ્રાંતિપણે જાણેલું સુખ તે પરમાર્થજ્ઞાને ભ્રાંતિ જ ભાસે છે અને જેને ભ્રાંતિ ભાસી છે તેને પછી તેનું માહાત્મ્ય શું લાગે? ૭૮.

● જીવે મુખ્યમાં મુખ્ય આ વાત વિશેષ ધ્યાન આપવા જેવી છે કે સત્સંગ થયો હોય તો સત્સંગમાં સાંભળેલ શિક્ષાબોધ પરિણામ પામી, સહેજે જીવમાં ઉત્પન્ન થયેલ કદાગ્રહાદિ દોષો તો છૂટી જવા જોઈએ કે જેથી સત્સંગનું અવર્ણવાદપણું બોલવાનો પ્રસંગ બીજા જીવોને આવે નહીં. ૭૯.

● જીવનું મૂઢપણું ફરી-ફરી, ક્ષણે-ક્ષણે, પ્રસંગે-પ્રસંગે વિચારવામાં જો સચેતપણું ન રાખવામાં આવ્યું તો આવો જોગ (સત્સંગ) બન્યો તે પણ વૃથા છે. ૮૦.

● અમારા ચિત્તમાં તો એમ આવે છે કે મુમુક્ષુ જીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે. અનંતકાળથી અભ્યાસેલો એવો આ સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત પ્રતિકૂળ પ્રસંગે વિશેષ હોય છે, એ વાત નિશ્ચય કરવા યોગ્ય છે. ૮૧.

● મને એમ લાગે છે કે જીવને મૂળપણે જોતાં જો મુમુક્ષુતા આવી હોય તો નિત્યપ્રત્યે તેનું સંસારબળ ઘટ્યા કરે, સંસારમાં ધનાદિ સંપત્તિ ઘટે કે નહી તે અનિત્ય છે, પણ સંસાર પ્રત્યે જે જીવની ભાવના તે મોળી પડ્યા કરે; અનુક્રમે નાશ પામવા યોગ્ય થાય. ૮૨.

● પ્રતિકૂળ પ્રસંગ જો સમતાએ વેદવામાં આવે તો જીવને નિર્વાણ સમીપનું સાધન છે. વ્યવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્રવિચિત્રપણું છે. માત્ર કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ તેમાં દુઃખ એવી તેની સ્થિતિ છે. અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ ભાસે છે, પ્રતિકૂળ કલ્પનાએ તે પ્રતિકૂળ ભાસે છે અને જ્ઞાની પુરુષોએ તે બેય કલ્પના કરવાની ના કહી છે. ૮૩.

● જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે,

વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજમાત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો! નમસ્કાર હો!! ૮૪.

● જે મુમુક્ષુજીવ ગૃહસ્થ વ્યવહારમાં વર્તતા હોય, તેણે તો અખંડ નીતિનું મૂળ પ્રથમ આત્મામાં સ્થાપવું જોઈએ, નહીં તો ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે. ૮૫.

● આત્માને વારંવાર સંસારનું સ્વરૂપ કારાગૃહ જેવું ક્ષણેક્ષણ ભાસ્યા કરે એ મુમુક્ષુતાનું મુખ્ય લક્ષણ છે. ૮૬.

● જે વ્યવસાયે કરી જીવને ભાવનિદ્રાનું ઘટવું ન થાય તે વ્યવસાય કોઈ પ્રારબ્ધયોગે કરવો પડતો હોય તો તે ફરી-ફરી પાછા હટીને, 'મોટું ભયંકર હિંસાવાળું દુષ્ટ કામ જ આ કર્યા કરું છું' એવું ફરી-ફરી વિચારીને અને 'જીવમાં ઢીલાપણાથી જ ઘણું કરી મને આ પ્રતિબંધ છે' એમ ફરી-ફરી નિશ્ચય કરીને જેટલો બને તેટલો વ્યવસાય સંક્ષેપ કરતાં જઈ પ્રવર્તવું થાય તો બોધનું ફળવું સંભવે છે. ૮૭.

● જીવની ભૂલ જોતાં તો અનંત વિશેષ લાગે છે, પણ સર્વ ભૂલની બીજભૂત ભૂલ તે જીવે પ્રથમમાં પ્રથમ વિચારવી ઘટે છે કે જે ભૂલનો વિચાર કર્યાથી સર્વે ભૂલનો વિચાર થાય છે અને જે ભૂલના મટવાથી સર્વે ભૂલ મટે છે. કોઈ જીવ કદાપિ નાના પ્રકારની ભૂલનો વિચાર કરી તે ભૂલથી છૂટવા ઇચ્છે, તોપણ તે કર્તવ્ય છે, અને તેવી અનેક ભૂલથી છૂટવાની ઇચ્છા મૂળ ભૂલથી છૂટવાનું સહેજે કારણ થાય છે. ૮૮.

● જેમ બને તેમ જીવના પોતાના દોષ પ્રત્યે લક્ષ કરી બીજા જીવ પ્રત્યે નિર્દોષદૃષ્ટિ રાખી વર્તવું અને વૈરાગ્ય-ઉપશમનું જેમ આરાધન થાય તેમ કરવું એ પ્રથમ સ્મરણયોગ્ય વાત છે. ૮૯.

● હે જીવ! આ ક્લેશરૂપ સંસાર થકી વિરામ પામ.. વિરામ પામ! કાંઈક વિચાર કર, પ્રમાદ છોડી જાગૃત થા.. જાગૃત થા! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે. ૯૦.

● શ્રી તીર્થંકરાદિ મહાત્માઓએ એમ કહ્યું છે કે જેને વિપર્યાસ મટી દેહાદિને વિષે થયેલી આત્મબુદ્ધિ અને આત્મભાવને વિષે થયેલી દેહબુદ્ધિ તે મટી છે એટલે આત્મા આત્મપરિણામી થયો છે, તેવા જ્ઞાની પુરુષને પણ જ્યાં સુધી પ્રારબ્ધ વ્યવસાય છે ત્યાં સુધી જાગૃતિમાં રહેવું યોગ્ય છે, કેમકે અવકાશ પ્રાપ્ત થયે અનાદિ વિપર્યાસ ભયનો હેતુ ત્યાં પણ અમે જાણ્યો છે. ૯૧.

● જો જીવને આરંભ-પરિગ્રહનું પ્રવર્તન વિશેષ રહેતું હોય તો વૈરાગ્ય અને ઉપશમ હોય તો તે પણ ચાલ્યા જવા સંભવે છે, કેમકે આરંભ-પરિગ્રહ તે અવૈરાગ્ય અને અનુપશમના મૂળ છે—વૈરાગ્ય અને ઉપશમના કાળ છે. ૯૨.

● સત્સંગ છે તે કામ બાળવાનો બળવાન ઉપાય છે. સર્વ જ્ઞાની પુરુષે કામનું જીતવું તે અત્યંત દુષ્કર કહ્યું છે, તે સાવ સિદ્ધ છે; અને જેમ-જેમ જ્ઞાનીના વચનનું અવગાહન થાય છે, તેમ-તેમ કંઈક-કંઈક કરી પાછો હઠતાં અનુક્રમે જીવનું વીર્ય બળવાન થઈ કામનું સામર્થ્ય જીવથી નાશ કરાય છે. કામનું સ્વરૂપ જ જ્ઞાનીપુરુષના વચન સાંભળી જીવે જાણ્યું નથી અને જો જાણ્યું હોત તો તેને વિષે સાવ નિરસતા થઈ હોત. ૯૩.

● પાણી સ્વભાવે શીતળ છતાં કોઈ વાસણમાં નાખી નીચે અગ્નિ સળગતો રાખ્યો હોય તો તેની નિરિચ્છા હોવા છતાં તે પાણી ઉષ્ણપણું ભજે છે, તેવો આ વ્યવસાય, સમાધિએ શીતળ એવા પુરુષ પ્રત્યે ઉષ્ણપણાનો હેતુ થાય છે—એ વાત અમને તો સ્પષ્ટ લાગે છે. ૯૪.

● જીવને સત્પુરુષનો યોગ થયે તો એવી ભાવના થાય કે અત્યાર સુધી જે મારા પ્રયત્ન કલ્યાણને અર્થે હતા તે સૌ નિષ્ફળ હતા, લક્ષ વગરના બાણની પેઠે હતા, પણ હવે સત્પુરુષનો અપૂર્વ યોગ થયો છે તો મારા સર્વ સાધન સફળ થવાનો હેતુ છે. ૯૫.

● જે પ્રત્યેક-પ્રત્યેક પરમાણુઓ છે તે સૌ પોતપોતાના સ્વરૂપમાં જ રહ્યાં છે, કોઈપણ પરમાણુ પોતાનું સ્વરૂપ તજી દઈ બીજા પરમાણુપણે કોઈપણ રીતે પરિણમવા યોગ્ય નથી; માત્ર તેઓ એક જાતિ હોવાથી અને તેને વિષે સ્પર્શગુણ હોવાથી તે સ્પર્શના સમવિષમયોગે તેનું મળવું થઈ શકે છે, પણ તે મળવું કંઈ એવું નથી કે જેમાં કોઈપણ પરમાણુએ પોતાનું સ્વરૂપ તજ્યું હોય. કરોડો પ્રકારે તે અનંત પરમાણુરૂપ સોનાના ઘાટોને એક રસપણે કરો, તોપણ સૌ સૌ પરમાણુ પોતાના જ સ્વરૂપમાં રહે છે, પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ત્યજતાં નથી; કેમકે તેવું બનવાનો કોઈપણ રીતે અનુભવ થઈ શકતો નથી. ૯૬.

● પોતાને વિષે ઉત્પન્ન થયો હોય એવો મહિમાયોગ્ય ગુણ તેથી ઉત્કર્ષ પામવું ઘટતું નથી, પણ અલ્પ પણ નિજદોષ જોઈને ફરી-ફરી પશ્ચાત્તાપમાં પડવું ઘટે છે અને વિના પ્રમાદે તેથી પાછું ફરવું ઘટે છે—એ ભલામણ જ્ઞાનીપુરુષના વચનમાં સર્વત્ર રહી છે; અને તે ભાવ આવવા માટે સત્સંગ, સદ્ગુરુ અને સત્શાસ્ત્રાદિ સાધન કહ્યાં છે, જે અનન્ય નિમિત્ત છે. ૯૭.

● સ્ત્રી, પુત્ર, આરંભ, પરિગ્રહના પ્રસંગમાંથી જો નિજબુદ્ધિ છોડવાનો પ્રયાસ કરવામાં ન આવે તો સત્સંગ ફળવાન થવાનો સંભવ શી રીતે બને? જે પ્રસંગમાં મહાજ્ઞાનીપુરુષો સંભાળીને ચાલે છે, તેમાં આ જીવે તો અત્યંત-અત્યંત સંભાળથી સંક્ષેપીને ચાલવું, એ વાત ન જ ભૂલવા જેવી છે એમ નિશ્ચય કરી પ્રસંગે-પ્રસંગે, કાર્યે-કાર્યે અને પરિણામે-પરિણામે તેનો લક્ષ રાખી તેથી મોકળું થવાય તેમ જ કર્યા કરવું. ૯૮.

● મુમુક્ષુ જીવને એટલે વિચારવાન જીવને આ સંસારને વિષે અજ્ઞાન સિવાય બીજો કોઈ ભય હોય નહીં. એક અજ્ઞાનની નિવૃત્તિ ઇચ્છવી તે-રૂપ તે ઇચ્છા તે સિવાય વિચારવાન જીવને બીજી ઇચ્છા હોય નહીં. ૯૯.

● અસાર અને ક્લેશરૂપ આરંભ-પરિગ્રહના કાર્યમાં વસતાં જો આ જીવ કંઈ પણ નિર્ભય કે અજાગૃત રહે તો ઘણા વર્ષનો ઉપાસેલો વૈરાગ્ય પણ નિષ્ફળ જાય એવી દશા થઈ આવે છે, એવો નિત્યપ્રત્યે નિશ્ચય સંભારીને નિરુપાય પ્રસંગમાં કંપતા ચિત્ત જ ન છૂટ્યે પ્રવર્તવું ઘટે છે, એ વાતનો મુમુક્ષુ જીવે કાર્યે-કાર્યે, ક્ષણે-ક્ષણે અને પ્રસંગે-પ્રસંગે લક્ષ રાખ્યા વિના મુમુક્ષુતા રહેવી દુર્લભ છે; અને એવી દશા વેદ્યા વિના મુમુક્ષુપણું પણ સંભવે નહીં. મારા ચિત્તમાં મુખ્ય વિચાર હાલ એ વર્તે છે. ૧૦૦.

● જે પ્રકારે બંધનથી છૂટાય તે પ્રકારે પ્રવર્તવું, એ હિતકારી કાર્ય છે. બાહ્ય પરિચયને વિચારી-વિચારીને નિવૃત્ત કરવો એ છૂટવાનો એક પ્રકાર છે. જીવ આ વાત જેટલી વિચારશે તેટલો જ્ઞાની પુરુષનો માર્ગ સમજવાનો સમય સમીપ પ્રાપ્ત થશે. ૧૦૧.

● કોઈપણ જીવને અવિનાશી દેહની પ્રાપ્તિ થઈ એમ દીઠું નથી, જાણ્યું નથી તથા સંભવતું નથી અને મૃત્યુનું આવવું અવશ્ય છે એવો પ્રત્યક્ષ નિઃસંશય અનુભવ છે, તેમ છતાં પણ આ જીવ તે વાત ફરી-ફરી ભૂલી જાય છે એ મોટું આશ્ચર્ય છે. ૧૦૨.

● આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્ય-અધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે, તે તાદાત્મ્ય-અધ્યાસ નિવૃત્તિરૂપ ત્યાગ થવા અર્થે આ બાહ્ય પ્રસંગનો ત્યાગ પણ ઉપકારી છે—કાર્યકારી છે. બાહ્ય પ્રસંગના ત્યાગને અર્થે અંતર્ત્યાગ કહ્યો નથી. એમ છે તોપણ આ જીવે અંતર્ત્યાગને અર્થે બાહ્ય પ્રસંગની નિવૃત્તિને કંઈ પણ ઉપકારી માનવી યોગ્ય છે. ૧૦૩.

● સૌ કરતાં વિચારવા યોગ્ય વાત તો હાલ એ છે કે ઉપાધિ કરવામાં આવે અને કેવળ અસંગદશા રહે એમ બનવું અત્યંત કઠણ છે અને ઉપાધિ કરતાં આત્મપરિણામ ચંચળ ન થાય એમ બનવું અસંભવિત જેવું છે. ઉત્કૃષ્ટ જ્ઞાનીને બાદ કરતાં આપણે સૌએ તો આત્મામાં જેટલું અસંપૂર્ણ—અસમાધિપણું વર્તે છે તે અથવા વર્તી શકે તેવું હોય તે ઉચ્છેદ કરવું, એ વાત લક્ષમાં વધારે લેવાયોગ્ય છે. ૧૦૪.

● આત્મા સૌથી અત્યંત પ્રત્યક્ષ છે, એવો પરમપુરુષે કરેલો નિશ્ચય તે પણ અત્યંત પ્રત્યક્ષ છે. ૧૦૫.

● સર્વ કરતાં જેમાં અધિક સ્નેહ રહ્યા કરે છે એવી આ કાયા તે રોગ, જરાદિથી

સ્વાત્માને જ દુઃખરૂપ થઈ પડે છે; તો પછી તેથી દૂર એવાં ધનાદિથી જીવને તથારૂપ સુખવૃત્તિ થાય એમ માનતાં વિચારવાનની બુદ્ધિ જરૂર ક્ષોભ પામવી જોઈએ અને કોઈ બીજા વિચારમાં જવી જોઈએ એવો જ્ઞાનીપુરુષોએ નિર્ણય કર્યો છે તે યથાતથ્ય છે. ૧૦૬.

● સહજસ્વરૂપથી જીવ રહિત નથી, પણ તે સહજસ્વરૂપનું માત્ર ભાન જીવને નથી. જે થવું તે જ સહજસ્વરૂપે સ્થિતિ છે. ૧૦૭.

● વાયુ ફેર હોવાથી વહાણનું બીજી તરફ ખેંચાવું થાય છે, તથાપિ વહાણ ચલાવનાર જેમ પહોંચવા યોગ્ય માર્ગ ભણી તે વહાણને રાખવાના પ્રયત્નમાં જ વર્તે છે; તેમ જ્ઞાનીપુરુષ મન-વચનાદિ યોગને નિજભાવમાં સ્થિતિ થવા ભણી જ પ્રવર્તાવે છે, તથાપિ ઉદય-વાયુયોગે યત્કિંચિત્ દશા ફેર થાય છે, તોપણ પરિણામ પ્રયત્ન સ્વધર્મને વિશેષ જ છે. ૧૦૮.

● વિચારવાનને દેહ છૂટવા સંબંધી હર્ષ-વિષાદ ઘટે નહીં. આત્મપરિણામનું વિભાવપણું તે જ હાનિ અને તે જ મુખ્ય મરણ છે. સ્વભાવસન્મુખતા તથા તેની દૃઢ ઈચ્છા પણ તે હર્ષવિષાદને ટાળે છે. ૧૦૯.

● અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ જાણી, નિર્વાણનો મુખ્ય હેતુ એવો સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવો યોગ્ય છે; જેથી સર્વ સાધન સુલભ થાય છે, એવો અમારો આત્મસાક્ષાત્કાર છે.

તે સત્સંગ પ્રાપ્ત થયે જો આ જીવને કલ્યાણ પ્રાપ્ત ન થાય તો અવશ્ય આ જીવનો જ વાંક છે; કેમકે તે સત્સંગના અપૂર્વ, અલભ્ય, અત્યંત દુર્લભ એવા યોગમાં પણ તેણે તે સત્સંગના યોગને બાધ કરનાર એવાં માઠાં કારણોનો ત્યાગ ન કર્યો! ૧૧૦.

● સત્સંગનું એટલે સત્પુરુષનું ઓળખાણ થયે પણ તે યોગ નિરંતર રહેતો ન હોય તો સત્સંગથી પ્રાપ્ત થયો છે એવો જે ઉપદેશ છે તે પ્રત્યક્ષ સત્પુરુષતુલ્ય જાણી વિચારવો તથા આરાધવો કે જે આરાધનાથી જીવને અપૂર્વ એવું સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. ૧૧૧.

● સત્સમાગમ અને સત્શાસ્ત્રના લાભને ઈચ્છતા એવા મુમુક્ષુઓને આરંભ-પરિગ્રહ અને રસસ્વાદાદિ પ્રતિબંધ સંક્ષેપ કરવાયોગ્ય છે—એમ શ્રી જિનાદિ મહાપુરુષોએ કહ્યું છે. જ્યાં સુધી પોતાના દોષ વિચારી સંક્ષેપ કરવાને પ્રવૃત્તિમાન ન થવાય ત્યાં સુધી સત્પુરુષનો કહેલો માર્ગ પરિણામ પામવો કઠણ છે—આ વાત પર મુમુક્ષુ જીવે વિશેષ વિચાર કરવો ઘટે છે. ૧૧૨.

● સત્સંગના અયોગે તથાપ્રકારના નિમિત્તથી દૂર રહેવું ઘટે છે. ક્ષણે-ક્ષણે, પ્રસંગે-પ્રસંગે અને નિમિત્તે-નિમિત્તે સ્વદશા પ્રત્યે ઉપયોગ દેવો ઘટે છે. ૧૧૩.

● જન્મથી જેને મતિ, શ્રુત અને અવધિ—એ ત્રણ જ્ઞાન હતાં, અને આત્મોપયોગી એવી વૈરાગ્યદશા હતી, અલ્પકાળમાં ભોગકર્મ ક્ષીણ કરી સંયમને ગ્રહણ કરતાં મનઃપર્યય નામનું જ્ઞાન પામ્યા હતાં એવા શ્રીમદ્ મહાવીરસ્વામી, તે છતાં પણ બાર વર્ષ અને સાડા છ માસ સુધી મૌનપણે વિચર્યા. આ પ્રકારનું તેમનું પ્રવર્તન તે ઉપદેશમાર્ગ પ્રવર્તાવતાં કોઈપણ જીવે અત્યંતપણે વિચારી પ્રવર્તવાયોગ્ય છે, એવી અખંડ શિક્ષા પ્રતિબોધે છે. તેમ જ જિન જેવાએ જે પ્રતિબંધની નિવૃત્તિ માટે પ્રયત્ન કર્યું, તે પ્રતિબંધમાં અજાગૃત રહેવાયોગ્ય કોઈ જીવ ન હોય તેમ જણાવ્યું છે, તથા અનંત આત્માર્થનો તે પ્રવર્તનથી પ્રકાશ કર્યો છે કે જેવા પ્રકાર પ્રત્યે વિચારનું સ્થિરપણું વર્તે છે, વર્તાવું ઘટે છે. ૧૧૪.

● હે મુમુક્ષુ! એક આત્માને જાણતાં સમસ્ત લોકાલોકને જાણીશ અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે; માટે આત્માથી જુદાં એવા બીજા ભાવો જાણવાની વારંવારની ઇચ્છાથી તું નિવર્ત અને એક નિજસ્વરૂપને વિષે દૃષ્ટિ દે કે જે દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે. તત્વસ્વરૂપ એવા સત્શાસ્ત્રમાં કહેલા માર્ગનું પણ આ તત્ત્વ છે—એમ તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું છે, તથાપિ ઉપયોગપૂર્વક તે સમજાવું દુર્લભ છે. એ માર્ગ જુદો છે અને તેનું સ્વરૂપ જુદું છે, જેમ માત્ર કથન જ્ઞાનીઓ કહે છે તેમ નથી; માટે ઠેકાણે-ઠેકાણે જઈને કાં પૂછે છે? કેમકે તે અપૂર્વ ભાવનો અર્થ ઠેકાણે-ઠેકાણેથી પ્રાપ્ત થવા યોગ્ય નથી. ૧૧૫.

● નિમિત્તે કરીને જેને હર્ષ થાય છે, નિમિત્તે કરીને જેને શોક થાય છે, નિમિત્તે કરીને જેને ઇન્દ્રિયજન્ય વિષય પ્રત્યે આકર્ષણ થાય છે, નિમિત્તે કરીને જેને ઇન્દ્રિયને પ્રતિકૂળ એવા પ્રકારોને વિષે દ્વેષ થાય છે, નિમિત્તે કરીને જેને ઉત્કર્ષ આવે છે, નિમિત્તે કરીને જેને કષાય ઉદ્ભવે છે, એવા જીવને જેટલો બને તેટલો તે તે નિમિત્તવાસી જીવોનો સંગ ત્યાગવો ઘટે છે અને નિત્ય પ્રત્યે સત્સંગ કરવો ઘટે છે. ૧૧૬.

● અનાદિથી વિપરીત અભ્યાસ છે, તેથી વૈરાગ્ય–ઉપશમાદિ ભાવોની પરિણતિ એકદમ ન થઈ શકે કિંવા થવી કઠિન પડે, તથાપિ નિરંતર તે ભાવો પ્રત્યે લક્ષ રાખ્યે અવશ્ય સિદ્ધિ થાય છે. સત્સમાગમનો યોગ ન હોય ત્યારે તે ભાવો જે પ્રકારે વર્ધમાન થાય તે પ્રકારના દ્રવ્ય-ક્ષેત્રાદિ ઉપાસવાં, સત્શાસ્ત્રનો પરિચય કરવો યોગ્ય છે. સૌ કાર્યની પ્રથમ ભૂમિકા વિકટ હોય છે, તો અનંતકાળથી અનભ્યસ્ત એવી મુમુક્ષુતા માટે તેમ હોય એમાં કંઈ આશ્ચર્ય નથી. ૧૧૭.

● 'દેખતભૂલી ટળે તો સર્વ દુઃખનો ક્ષય થાય' એવો સ્પષ્ટ અનુભવ થાય છે, તેમ છતાં તે જ દેખતભૂલીના પ્રવાહમાં જ જીવ વહ્યો જાય છે, એવા જીવોને આ જગતને વિષે કોઈ એવો આધાર છે કે જે આધારથી, આશ્રયથી તે પ્રવાહમાં ન વહે? ૧૧૮.

● અગમ અગોચર નિર્વાણમાર્ગ છે, એમાં સંશય નથી. પોતાની શક્તિએ, સદ્ગુરુના આશ્રય વિના, તે માર્ગ શોધવો અશક્ય છે એમ વારંવાર દેખાય છે, એટલું જ નહિ પણ શ્રી સદ્ગુરુચરણના આશ્રયે કરી બોધબીજની પ્રાપ્તિ થઈ હોય એવા પુરુષને પણ સદ્ગુરુના સમાગમનું આરાધન નિત્ય કર્તવ્ય છે. જગતના પ્રસંગ જોતાં એમ જણાય છે કે તેવા સમાગમ અને આશ્રય વિના નિરાલંબ બોધ સ્થિર રહેવો વિકટ છે. ૧૧૯.

● દૃશ્યને અદૃશ્ય કર્યું અને અદૃશ્યને દૃશ્ય કર્યું એવું જ્ઞાનીપુરુષોનું આશ્ચર્યકારક અનંત ઐશ્વર્ય વીર્ય વાણીથી કહી શકાવું યોગ્ય નથી. ૧૨૦.

● ગયેલી એક પળ પણ પાછી મળતી નથી અને તે અમૂલ્ય છે, તો પછી આખી આયુષ્યસ્થિતિ!

એક પળનો હીન ઉપયોગ તે એક અમૂલ્ય કૌસ્તુભ ખોવા કરતાં પણ વિશેષ હાનિકારક છે, તો તેવી સાઠ પળની એક ઘડીનો હીન ઉપયોગ કરવાથી કેટલી હાનિ થવી જોઈએ? એમ જ એક દિન, એક પક્ષ, એક માસ, એક વર્ષ અને અનુક્રમે આખી આયુષ્યસ્થિતિનો હીન ઉપયોગ એ કેટલી હાનિ અને કેટલા અશ્રેયનું કારણ થાય એ વિચાર શુક્લ હૃદયથી તરત આવી શકશે. સુખ અને આનંદ એ સર્વ પ્રાણી, સર્વ જીવ, સર્વ સત્વ અને સર્વ જંતુને નિરંતર પ્રિય છે, છતાં દુઃખ ભોગવે છે, એનું શું કારણ હોવું જોઈએ?—અજ્ઞાન અને તે વડે જિંદગીનો હીન ઉપયોગ. હીન ઉપયોગ થતો અટકાવવા પ્રત્યેક પ્રાણીની ઇચ્છા હોવી જોઈએ, પરંતુ તે કયા સાધન વડે? ૧૨૧.

● સર્વ પ્રકારના ભયને રહેવાના સ્થાનકરૂપ એવા આ સંસારને વિષે માત્ર એક વૈરાગ્ય જ અભય છે. એ નિશ્ચયમાં ત્રણે કાળને વિષે શંકા થવાયોગ્ય નથી. ૧૨૨.

● ઉત્કૃષ્ટ સંપત્તિનાં ઠેકાણાં જે ચક્રવર્ત્યાદિ પદ તે સર્વ અનિત્ય દેખી વિચારવાન પુરુષો તેને છોડીને ચાલી નીકળ્યા છે અથવા પ્રારબ્ધોદયે વાસ થયો, તોપણ અમૂર્છિતપણે અને ઉદાસીનપણે તેને પ્રારબ્ધોદય સમજીને વર્ત્યા છે અને ત્યાગનો લક્ષ રાખ્યો છે. ૧૨૩.

● અંતર્મુખદૃષ્ટિ જે પુરુષોની થઈ છે, તે પુરુષોને પણ સતત જાગૃતિરૂપ ભલામણ શ્રી વીતરાગે કહી છે, કેમકે અનંતકાળના અધ્યાસવાળા પદાર્થોનો સંગ છે, તે કંઈ પણ દૃષ્ટિને આકર્ષે એવો ભય રાખવા યોગ્ય છે. આવી ભૂમિકામાં આ પ્રકારે ભલામણ ઘટે છે, એમ છે તો પછી વિચારદશા જેની છે એવા મુમુક્ષુ જીવે સતત જાગૃતિ રાખવી ઘટે એમ કહેવામાં ન આવ્યું હોય, તોપણ સ્પષ્ટ સમજી શકાય એમ છે કે મુમુક્ષુ જીવે જે જે પ્રકારે પર—અધ્યાય થવા યોગ્ય પદાર્થાદિનો ત્યાગ થાય, તે તે પ્રકારે અવશ્ય કરવો ઘટે. જોકે આરંભપરિગ્રહનો ત્યાગ એ સ્થૂળ દેખાય છે તથા અંતર્મુખવૃત્તિનો હેતુ હોવાથી વારંવાર તેનો ત્યાગ ઉપદેશ્યો છે. ૧૨૪.

● જે-જે સમજ્યા તેણે તેણે મારું-તારું એ આદિ અહંત્વ, મમત્વ શમાવી દીધું; કેમકે કોઈપણ નિજસ્વભાવ તેવો દીઠો નહી અને નિજસ્વભાવ તો અચિંત્ય અવ્યાબાધસ્વરૂપ, કેવળ ન્યારો જોયો એટલે તેમાં જ સમાવેશ પામી ગયા.

આત્મા સિવાય અન્યમાં સ્વમાન્યતા હતી તે ટાળી પરમાર્થે મૌન થયા; વાણીએ કરી 'આ આનું છે' એ આદિ કહેવાનું બનવારૂપ વ્યવહાર, વચનાદિ યોગ સુધી ક્વચિત્ રહ્યો, તથાપિ આત્માથી 'આ મારું છે' એ વિકલ્પ કેવળ શમાઈ ગયો; જેમ છે તેમ અચિંત્ય સ્વાનુભવગોચર પદમાં લીનતા થઈ. ૧૨૫.

● અનંત જ્ઞાનીપુરુષે અનુભવ કરેલો એવો શાશ્વત સુગમ મોક્ષમાર્ગ જીવને લક્ષમાં નથી આવતો, એથી ઉત્પન્ન થયેલું ખેદસહિત આશ્ચર્ય તે પણ અત્રે શમાવીએ છીએ. સત્સંગ, સદ્વિચારથી શમાવા સુધીના સર્વ પદ અત્યંત સાચાં છે, સુગમ છે, સુગોચર છે, સહજ છે અને નિઃસંદેહ છે. ૧૨૬.

● આત્માર્થ સિવાય શાસ્ત્રની જે જે પ્રકારે જીવે માન્યતા કરી કૃતાર્થતા માની છે તે સર્વ 'શાસ્ત્રીય અભિનિવેશ' છે. સ્વચ્છંદતા ટળી નથી અને સત્સમાગમનો યોગ પ્રાપ્ત થયો છે, તે યોગે પણ સ્વચ્છંદના નિર્વાહને અર્થે શાસ્ત્રના કોઈ એક વચનને બહુવચન જેવું જણાવી, છે મુખ્ય સાધન એવા સત્સમાગમ તેના સમાન કે તેથી વિશેષ ભાર શાસ્ત્ર પ્રત્યે મૂકે છે, તે જીવને પણ 'અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ' છે. આત્મા સમજવા અર્થે શાસ્ત્રો ઉપકારી છે અને તે પણ સ્વચ્છંદરહિત પુરુષને; એટલો લક્ષ રાખી સત્શાસ્ત્ર વિચારાય તો તે 'શાસ્ત્રીય અભિનિવેશ' ગણવા યોગ્ય નથી. ૧૨૭.

● અસંગ એવું આત્મસ્વરૂપ સત્સંગને યોગે સૌથી સુલભપણે જણાવાયોગ્ય છે, એમાં સંશય નથી. સત્સંગનું માહાત્મ્ય સર્વ જ્ઞાનીપુરુષોએ અતિશય કરી કહ્યું છે, તે યથાર્થ છે. એમાં વિચારવાનને કોઈ રીતે વિકલ્પ થવાયોગ્ય નથી. ૧૨૮.

● જ્ઞાનીની વાણી પૂર્વાપર અવિરોધ, આત્માર્થ ઉપદેશક, અપૂર્વ અર્થનું નિરૂપણ કરનાર હોય છે અને અનુભવ સહિતપણું હોવાથી આત્માને સતત જાગૃત કરનાર હોય છે. શુષ્કજ્ઞાનીની વાણીમાં તથારૂપ ગુણો હોતા નથી. સર્વથી ઉત્કૃષ્ટ ગુણ જે પૂર્વાપર અવિરોધપણું તે શુષ્કજ્ઞાનીની વાણીને વિષે વર્તવાયોગ્ય નથી. કેમકે યથાસ્થિત પદાર્થ-દર્શન તેને હોતું નથી અને તેથી, ઠામ-ઠામ કલ્પનાથી યુક્ત તેની વાણી હોય છે. ૧૨૯.

● પૂર્વકાળે જ્ઞાની થઈ ગયા હોય અને માત્ર તેની મુખવાણી રહી હોય તોપણ વર્તમાનકાળે જ્ઞાનીપુરુષ એમ જાણી શકે કે આ વાણી જ્ઞાનીપુરુષની છે; કેમકે રાત્રિ-દિવસના ભેદની પેઠે અજ્ઞાની-જ્ઞાનીની વાણીને વિષે આશય ભેદ હોય છે અને આત્મદશાના તારતમ્ય

પ્રમાણે આશયવાળી વાણી નીકળે છે, તે આશય, વાણીપરથી 'વર્તમાન જ્ઞાની પુરુષ'ને સ્વાભાવિક દૃષ્ટિગત થાય છે અને કહેનાર પુરુષની દશાનું તારતમ્ય લક્ષગત થાય છે. અત્રે જે 'વર્તમાન જ્ઞાની' શબ્દ લખ્યો છે, તે કોઈ વિશેષ પ્રજ્ઞાવંત, પ્રગટ બોધબીજસહિત પુરુષ શબ્દના અર્થમાં લખ્યો છે. જ્ઞાનીના વચનોની પરીક્ષા સર્વ જીવને સુલભ હોત તો નિર્વાણ પણ સુલભ જ હોત. ૧૩૦.

● વર્તમાને વિદ્યમાન વીરને ભૂલી જઈ, ભૂતકાળની ભ્રમણામાં વીરને શોધવા માટે અથડાતા જીવોને શ્રી મહાવીરનું દર્શન ક્યાંથી થાય?

ઓ દુષમકાળના દુર્ભાગી જીવો! ભૂતકાળની ભ્રમણાને છોડીને વર્તમાને વિદ્યમાન એવા મહાવીરને શરણે આવો એટલે તમારું શ્રેય જ છે.

સંસારના તાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઇચ્છતા પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવોની ત્રિવિધ તાપાગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ.

મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવાને માટે અમે કલ્પવૃક્ષ જ છીએ. વધારે શું કહેવું? આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રીરામ અથવા શ્રી મહાવીર જ છીએ. કેમકે અમે પરમાત્માસ્વરૂપ થયા છીએ.

આ અંતર અનુભવ પરમાત્મપણાની માન્યતાના અભિમાનથી ઉદ્ભલેવો લખ્યો નથી, પણ કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે. ૧૩૧.

● આ જીવને દેહસંબંધ હોઈને મૃત્યુ ન હોત તો આ સંસાર સિવાય બીજે તેની વૃત્તિ જોડવાનો અભિપ્રાય થાત નહીં. મુખ્ય કરીને મૃત્યુને ભયે પરમાર્થરૂપ બીજે સ્થાન કે વૃત્તિ પ્રેરી છે, તે પણ કોઈક વિરલા જીવને પ્રેરિત થઈ છે. ઘણા જીવોને તો બાહ્ય નિમિત્તથી મૃત્યુભય -પરથી બાહ્ય ક્ષણિક વૈરાગ્ય પ્રાપ્ત થઈ વિશેષ કાર્યકારી થયા વિના નાશ પામે છે; માત્ર કોઈક વિચારવાન અથવા સુલભબોધી કે હળુકર્મી જીવને તે ભયપરથી અવિનાશી નિઃશ્રેયસ પદ પ્રત્યે વૃત્તિ થાય છે. ૧૩૨.

● હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈપણ મારા નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું—એમ આત્મભાવના કરતાં રાગ-દ્વેષનો ક્ષય થાય. ૧૩૩.

● જેને મૃત્યુની સાથે મિત્રતા હોય અથવા જે મૃત્યુથી ભાગી છૂટી શકે તેમ હોય અથવા 'હું નહીં જ મરું' એમ જેને નિશ્ચય હોય તે ભલે સુખે સૂએ. ૧૩૪.

● જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે. પરમાવગાઢ દશા પામ્યા પહેલાં તે માર્ગે પડવાનાં ઘણાં સ્થાનક છે. સંદેહ, વિકલ્પ, સ્વચ્છંદતા, અતિપરિણામીપણું એ આદિ કારણો વારંવાર જીવને તે માર્ગે પડવાના હેતુઓ થાય છે અથવા ઊર્ધ્વભૂમિકા પ્રાપ્ત થવા દેતાં નથી. ૧૩૫.

● શરીર કોનું છે?—મોહનું છે; માટે અસંગભાવના રાખવી યોગ્ય છે. ૧૩૬.

● વિચારવાન પુરુષો તો કૈવલ્યદશા થતાં સુધી મૃત્યુને નિત્ય સમીપ જ સમજીને પ્રવર્તે છે. ૧૩૭.

● અનેકાંતિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી. ૧૩૮.

● લૌકિકદૃષ્ટિ અને અલૌકિક (લોકોત્તર) દૃષ્ટિમાં મોટો ભેદ છે અથવા એક-બીજી દૃષ્ટિ પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળી છે. લૌકિકદૃષ્ટિમાં વ્યવહાર (સાંસારિક કારણો)નું મુખ્યપણું છે અને અલૌકિકદૃષ્ટિમાં પરમાર્થનું મુખ્યપણું છે. માટે, અલૌકિકદૃષ્ટિને લૌકિકદૃષ્ટિના ફળ સાથે પ્રાયે મેળવવી યોગ્ય નહીં. ૧૩૯.

● આત્મા છે. આત્મા અત્યંત પ્રગટ છે. કેમકે સ્વસંવેદન પ્રગટ અનુભવમાં છે. ૧૪૦.

● ઘણે સ્થળે વિચારવાન પુરુષોએ એમ કહ્યું છે કે જ્ઞાન થયે કામ, ક્રોધ, તૃષ્ણાદિ ભાવ નિર્મળ થાય, તે સત્ય છે, તથાપિ તે વચનોનો એવો પરમાર્થ નથી કે જ્ઞાન થયા પ્રથમ તે મોળા ન પડે કે ઓછાં ન થાય. મૂળસહિત છેદ તો જ્ઞાને કરીને જ થાય, પણ કષાયાદિનું મોળાપણું કે ઓછાપણું ન થાય ત્યાં સુધી જ્ઞાન ઘણું કરીને ઉત્પન્ન જ ન થાય. જ્ઞાન પ્રાપ્ત થવામાં વિચાર મુખ્ય સાધન છે અને તે વિચારને વૈરાગ્ય તથા ઉપશમ બે મુખ્ય આધાર છે, એમ જાણી તેનો નિરંતર લક્ષ રાખી તેવી પરિણતિ કરવી ઘટે. ૧૪૧.

● માંડ-માંડ આજીવિકા ચાલતી હોય તોપણ મુમુક્ષુને તે ઘણું છે, કેમકે વિશેષનો કંઈ અવશ્ય ઉપયોગ નથી, એમ જ્યાં સુધી નિશ્ચયમાં ન આણવામાં આવે ત્યાં સુધી તૃષ્ણા નાના પ્રકારે આવરણ કર્યા કરે. લૌકિક વિશેષતામાં કંઈ સારભૂતતા નથી, એમ નિશ્ચય કરવામાં આવે તો માંડ આજીવિકા જેટલું મળતું હોય તોપણ તૃપ્તિ રહે. માંડ આજીવિકા જેટલું મળતું ન હોય તોપણ મુમુક્ષુ જીવ આર્ત્તધ્યાન ઘણું કરીને થવા ન દે અથવા થયે તે પર વિશેષ ખેદ કરે અને આજીવિકામાં ત્રુટતું યથાધન ઉપાર્જન કરવાની મંદ કલ્પના કરે—એ આદિ પ્રકારે વર્તતા તૃષ્ણાનો પરાભવ થવાયોગ્ય દેખાય છે. ૧૪૨.

● જ્યાં સુધી ઓછી ઉપાધિવાળા ક્ષેત્રે આજીવિકા ચાલતી હોય ત્યાં સુધી વિશેષ મેળવવાની કલ્પનાએ મુમુક્ષુએ કોઈ એક વિશેષ અલૌકિક હેતુ વિના વધારે ઉપાધિવાળાં ક્ષેત્રે

જવું ન ઘટે કેમકે તેથી ઘણી સદ્વૃત્તિઓ મોળી પડી જાય છે અથવા વર્ધમાન થતી નથી. ૧૪૩.

● અનિયમિત અને અલ્પ આયુષ્યવાળા આ દેહે આત્માર્થને લક્ષ સૌથી પ્રથમ કર્તવ્ય છે. ૧૪૪.

● જેણે-જેણે સદ્‌ગુરુને વિષે તથા તેમની દશાને વિષે વિશેષપણું દીઠું છે, તેને-તેને ઘણું કરીને અહંભાવ તથારૂપ પ્રસંગો જેવા પ્રસંગોમાં ઉદય થતો નથી અથવા તરત શમાય છે. તે અહંભાવને જો આગળથી ઝેર જેવો પ્રતીત કર્યો હોય, તો પૂર્વાપર તેનો સંભવ ઓછો થાય. કંઈક અંતરમાં ચાતુર્યાદિ ભાવે મીઠાશ સૂક્ષ્મપરિણતિએ પણ રાખી હોય, તો તે પૂર્વાપર વિશેષતા પામે છે; પણ ઝેર જ છે, નિશ્ચય ઝેર જ છે, પ્રગટ કાળકૂટ ઝેર છે, એમાં કોઈ રીતે સંશય નથી અને સંશય પામે તો તે સંશય માનવો નથી, તે સંશયને અજ્ઞાન જ જાણવું છે. —એવી તીવ્ર ખારાશ કરી મુકી હોય તો તે અહંભાવ ઘણું કરી બળ કરી શકતો નથી. વખતે તે અહંભાવે રોકવાથી નિરહંમભાવ થઈ તેનો પાછો અહંભાવ થઈ આવવાનું બને છે, તે પણ આગળ ઝેર, ઝેર અને ઝેર માની રાખી વર્તાયું હોય તો આત્માર્થને બાધ ન થાય. (વાંચનકારને અનુલક્ષીને આ સાવધાની આપી છે.) ૧૪૫.

● સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો જેનો દૃઢ નિશ્ચય વર્તે છે અને જે તે નિશ્ચયને આરાધે છે તેને જ જ્ઞાન સમ્યક્‌પરિણામી થાય છે, એ વાત આત્માર્થી જીવે અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય છે. અમે જે આ વચન લખ્યા છે તેના સર્વ જ્ઞાની પુરુષો સાક્ષી છે. ૧૪૬.

● અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ આપવાયોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ 'એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો' એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ. ૧૪૭.

● જે જ્ઞાન મહા નિર્જરાનો હેતુ થાય છે તે જ્ઞાન અનધિકારી જીવના હાથમાં જવાથી તેને અહિતકારી થઈ ઘણું કરીને પરિણમે છે. ૧૪૮.

● શરીરને વિશે વેદનીયનું અશાતાપણે પરિણમવું થયું હોય તે વખતે શરીરનો વિપરિણામી સ્વભાવ વિચારી તે શરીર અને શરીરને સંબંધે પ્રાપ્ત થયેલા સ્ત્રી-પુત્રાદિ પ્રત્યેનો મોહ વિચારવાન પુરુષો છોડી દે છે અથવા તે મોહને મંદ કરવામાં પ્રવર્તે છે. ૧૪૯.

● લોકની દૃષ્ટિને જ્યાં સુધી આ જીવ વમે નહીં તથા તેમાંથી અંતર્વૃત્તિ છૂટી ન જાય ત્યાં સુધી જ્ઞાનીની દૃષ્ટિનું વાસ્તવિક માહાત્મ્ય લક્ષગત ન થઈ શકે એમાં સંશય નથી. ૧૫૦.

● જ્ઞાનીઓએ મનુષ્યપણું ચિંતામણિરત્નતુલ્ય કહ્યું છે, તે વિચારો તો પ્રત્યક્ષ જણાય તેવું છે. વિશેષ વિચારતાં તો તે મનુષ્યપણાનો એક સમય પણ ચિંતામણિરત્નથી પરમ

માહાત્મ્યવાન અને મૂલ્યવાન દેખાય છે અને જો દેહાર્થમાં જ તે મનુષ્યપણું વ્યતીત થયું તો તો એક ફૂટી બદામની કિંમતનું નથી, એમ નિઃસંદેહ દેખાય છે. ૧૫૧.

● જો સફળતાનો માર્ગ સમજાય તો આ મનુષ્યદેહનો એક સમય પણ સર્વોત્કૃષ્ટ ચિંતામણિ છે, એમાં સંશય નથી. ૧૫૨.

● લૌકિક કારણોમાં અધિક હર્ષ-વિષાદ મુમુક્ષુ જીવ કરે નહીં. ૧૫૩.

● દેહનું અને પ્રારબ્ધોદય જ્યાં સુધી બળવાન હોય ત્યાં સધી દેહસંબંધી કુટુંબ કે જેનું ભરણપોષણ કરવાનો સંબંધ છૂટે તેવો ન હોય અર્થાત્ આગારવાસપર્યંત જેનું ભરણપોષણ કરવું ઘટતું હોય તેનું ભરણપોષણ માત્ર મળતું હોય તો તેમાં સંતોષ પામીને મુમુક્ષુ જીવ આત્મહિતનો જ વિચાર કરે તથા પુરુષાર્થ કરે. દેહ અને દેહસંબંધી કુટુંબના માહાત્મ્યાદિ અર્થે પરિગ્રહાદિની પરિણામ પૂર્વક સ્મૃતિ પણ ન થવા દે, કેમકે તે પરિગ્રહાદિની પ્રાપ્તિ આદિ કાર્ય એવાં છે કે આત્મહિતનો અવસર જ ઘણું કરીને પ્રાપ્ત થવા ન દે. ૧૫૪.

● આયુષ્ય અલ્પ અને અનિયત પ્રવૃત્તિ, અસીમ બળવાન અસત્સંગ, પૂર્વનું ઘણું કરીને અનારાધકપણું, બળવીર્યની હીનતા—એવાં કારણોથી રહિત કોઈક જ જીવ હશે, એવા આ કાળને વિષે પૂર્વે ક્યારે પણ નહીં જાણેલો, નહીં પ્રતીત કરેલો, નહીં આરાધેલો તથા નહીં સ્વભાવસિદ્ધ થયેલો એવો "માર્ગ" પ્રાપ્ત કરવો દુષ્કર હોય એમાં આશ્ચર્ય નથી! તથાપિ જેણે તે પ્રાપ્ત કરવા સિવાય બીજો કોઈ લક્ષ રાખ્યો જ નથી, તે આ કાળને વિષે પણ અવશ્ય તે માર્ગને પામે છે. ૧૫૫.

● સર્વ દેહધારી જીવો મરણ પાસે શરણરહિત છે. માત્ર તે દેહનું સ્વરૂપ પ્રથમથી યથાર્થ જાણી તેનું મમત્વ છેદીને નિજસ્થિરતાને અથવા જ્ઞાનીના માર્ગની યથાર્થપ્રતીતિને પામ્યા છે, તે જ જીવ તે મરણકાળે શરણસહિત છતાં ઘણું કરીને ફરી દેહ ધારણ કરતાં નથી અથવા મરણકાળે દેહના મમત્વભાવનું અલ્પત્વ હોવાથી પણ નિર્ભય વર્તે છે. દેહ છૂટવાનો કાળ અનિયત હોવાથી વિચારવાન પુરુષો અપ્રમાદપણે પ્રથમથી જ તેનું મમત્વ નિવૃત્ત કરવાનો અવિરુદ્ધ ઉપાય સાધે છે; અને એ જ તમારે, અમારે, સૌએ લક્ષ રાખવાયોગ્ય છે. પ્રીતિબંધનથી ખેદ થવાયોગ્ય છે, તથાપિ એમાં બીજો કોઈ ઉપાય નહીં હોવાથી તે ખેદને વૈરાગ્યસ્વરૂપમાં પરિણમન કરવો એ જ વિચારવાનને કર્તવ્ય છે. ૧૫૬.

● લૌકદૃષ્ટિમાં જે જે વાતો કે વસ્તુઓ મોટાઈવાળી મનાય છે, તે તે વાતો અને વસ્તુઓ—શોભાયમાન ગૃહાદિ આરંભ, અલંકારાદિ પરિગ્રહ, લોકદૃષ્ટિનું વિચક્ષણપણું, લોકમાન્ય ધર્મશ્રદ્ધાવાનપણું—પ્રત્યક્ષ ઝેરનું ગ્રહણ છે, એમ યથાર્થ જણાયા વિના ધારો છો તે વૃત્તિનો લક્ષ ન થાય. પ્રથમ તે વાતો અને વસ્તુઓ પ્રત્યે ઝેરદૃષ્ટિ આવવી કઠણ દેખી કાયર ન થતાં પુરુષાર્થ કરવો યોગ્ય છે. ૧૫૭.

● મુમુક્ષુએ 'પૂર્વોપાર્જિત શુભાશુભકર્માનુસાર આજીવિકાદિ પ્રાપ્ત થશે' એમ વિચારી માત્ર નિમિત્તરૂપ પ્રયત્ન કરવું ઘટે, પણ ભયાકુળ થઈ ચિંતા કે ન્યાય-ત્યાગ કરવા ન ઘટે, કેમકે પ્રાપ્તિ શુભાશુભ પ્રારબ્ધાનુસાર છે. પ્રયત્ન વ્યાવહારિક નિમિત્ત છે, એટલે કરવું ઘટે, પણ ચિંતા તો આત્મગુણરોધક છે. ૧૫૮.

● ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વ્રત, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તપ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ નિયમ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ લબ્ધિ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઐશ્વર્ય, એ જેમાં સહેજે સમાય છે એવા નિરપેક્ષ અવિષમ ઉપકારને નમસ્કાર! એ જ ધ્યાન! ૧૫૯.

● રાગદ્વેષના પ્રત્યક્ષ બળવાન નિમિત્તો પ્રાપ્ત થયે પણ જેનો આત્મભાવ કિંચિત્‌માત્ર પણ ક્ષોભ પામતો નથી, તે જ્ઞાનીના જ્ઞાનનો વિચાર કરતાં પણ મહાનિર્જરા થાય, એમાં સંશય નથી. ૧૬૦.

● આરંભ અને પરિગ્રહનો ઇચ્છાપૂર્વક પ્રસંગ હોય તો આત્મલાભને વિશેષ ઘાતક છે, અને વારંવાર અસ્થિર, અપ્રશસ્ત પરિણામનો હેતુ છે, એમાં તો સંશય નથી; પણ જ્યાં અનિચ્છાથી ઉદયના કોઈ એક યોગથી પ્રસંગ વર્તતો હોય ત્યાં પણ આત્મભાવના ઉત્કૃષ્ટપણાને બાધ કરનાર તથા આત્મસ્થિરતાને અંતરાય કરનાર, તે આરંભ-પરિગ્રહનો પ્રસંગ પ્રાયે થાય છે. માટે, પરમ કૃપાળુ જ્ઞાનીપુરુષોએ ત્યાગમાર્ગ ઉપદેશ્યો છે, તે મુમુક્ષુ જીવે દેશે અને સર્વથા અનુસરવાયોગ્ય છે. ૧૬૧.

● કોઈ પુરુષ પોતે વિશેષ સદાચારમાં તથા સંયમમાં પ્રવર્તે છે, તેના સમાગમમાં આવવા ઇચ્છતા જીવોને તે પદ્ધતિના અવલોકનથી જેવો સદાચાર તથા સંયમનો લાભ થાય છે તેવો લાભ વિસ્તારવાળા ઉપદેશથી પણ ઘણું કરીને થતો નથી, તે લક્ષ રાખવાયોગ્ય છે. ૧૬૨.

● 'મોહનીય'નું સ્વરૂપ આ જીવે વારંવાર અત્યંત વિચારવા જેવું છે. મોહનીયે મહા મુનીશ્વરોને પણ પળમાં તેના પાશમાં ફસાવી અત્યંત રિદ્ધિસિદ્ધિથી વિમુક્ત કરી દીધા છે, શાશ્વત સુખ છીનવી ક્ષણભંગુરતામાં લલચાવી રખડાવ્યા છે.

નિર્વિકલ્પ સ્થિતિ લાવવી, આત્મસ્વભાવમાં રમણતા કરવી, માત્ર દ્રષ્ટાભાવે રહેવું, એવો જ્ઞાનીનો ઠામ-ઠામ બોધ છે; તે બોધ યથાર્થ પ્રાપ્ત થયે આ જીવનું કલ્યાણ થાય. ૧૬૩.

● શ્રુત અલ્પ રહ્યા છતાં, મતમતાંતર ઘણાં છતાં, સમાધાનના કેટલાંક સાધનો પરોક્ષ છતાં, મહાત્માપુરુષોનું ક્વચિતત્વ છતાં, હે આર્યજનો! સમ્યગ્દર્શન, શ્રુતનું રહસ્ય એવો પરમપદનો પંથ, આત્માનુભવના હેતુ, સમ્યક્ ચારિત્ર અને વિશુદ્ધ આત્મધ્યાન આજે પણ વિદ્યમાન છે, એ પરમ હર્ષનું કારણ છે. ૧૬૪.

● સર્વ જીવને હિતકારી એવી જ્ઞાનીપુરુષની વાણીને કંઈ પણ એકાંત દૃષ્ટિ ગ્રહણ કરીને અહિતકારી અર્થમાં ઉતારવી નહીં, એ ઉપયોગ નિરંતર સ્મરણમાં રાખવાયોગ્ય છે. ૧૬૫.

● અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે, તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે. ૧૬૬.

● પરમયોગી એવા શ્રી ઋષિભદેવાદિ પુરુષો પણ જે દેહને રાખી શક્યા નથી, તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે તે એ કે તેનો સંબંધ વર્તે ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી, બીજા સર્વ ભાવ પ્રત્યેથી વ્યાવૃત્ત (છૂટા) થવું કે જેથી ફરી જન્મમરણનો ફેરો ન રહે. તે દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું, યથાર્થ સમરસપણું રહે છે, તેટલું મોક્ષપદ નજીક છે એમ પરમ જ્ઞાનીપુરુષનો નિશ્ચય છે. ૧૬૭.

● સર્વ જીવ પ્રત્યે, સર્વ ભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગદશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે. આત્મા શુદ્ધ ચૈતન્ય જન્મ-જરા-મરણરહિત અસંગસ્વરૂપ છે, એમાં સર્વ જ્ઞાન સમાય છે, તેની પ્રતીતિમાં સર્વ સમ્યગ્દર્શન સમાય છે. આત્માને અસંગસ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્ ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ અને વીતરાગદશા છે. જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે, એ કેવળ નિઃસંદેહ છે.. કેવળ નિઃસંદેહ છે! ૧૬૮.

● લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવકાંટો છે, તે જિંદગી ગમે તેવી શ્રીમંતતા, સત્તા કે કુટુંબ-પરિવારાદિ યોગવાળી હોય, તોપણ તે દુઃખનો જ હેતુ છે. આત્મશાંતિ જે જિંદગીનો ધ્રુવકાંટો છે, તે જિંદગી ગમે તેવી એકાકી અને નિર્ધન, નિર્વસ્ત્ર હોય, તોપણ પરમસમાધિનું સ્થાન છે. ૧૬૯.

● કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ સર્વ દુઃખક્ષયનો ઉપાય છે, પણ તે કોઈક જીવને સમજાય છે. મહત્ પુણ્યના યોગથી, વિશુદ્ધ મતિથી, તીવ્ર વૈરાગ્યથી અને સત્પુરુષના સમાગમથી તે ઉપાય સમજાવાયોગ્ય છે, તે સમજવાનો અવસર એક માત્ર આ મનુષ્યદેહ છે, તે પણ અનિયમિત કાળના ભયથી ગૃહીત છે; ત્યાં પ્રમાદ થાય છે એ ખેદ અને આશ્ચર્ય છે! ૧૭૦.

● લોકદૃષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિને પશ્ચિમ-પૂર્વ જેટલો તફાવત છે. જ્ઞાનીની દૃષ્ટિ પ્રથમ નિરાલંબન છે, રુચિ ઉત્પન્ન કરતી નથી, જીવની પ્રકૃતિને મળતી આવતી નથી, તેથી જીવ તે દૃષ્ટિમાં રુચિવાન થતો નથી; પણ જે જીવોએ પરિષહ વેઠીને થોડા કાળ સુધી તે દૃષ્ટિનું

આરાધન કર્યું છે, તે સર્વ દુઃખના ક્ષયરૂપ નિર્વાણને પામ્યા છે, તેના ઉપાયને પામ્યા છે. ૧૭૧.

● મુમુક્ષુપણું જેમ દૃઢ થાય તેમ કરો, હારવાનો અથવા નિરાશ થવાનો કાંઈ હેતુ નથી. દુર્લભ યોગ જીવને પ્રાપ્ત થયો તો પછી થોડોક પ્રમાદ છોડી દેવામાં જીવે મુંઝાવા જેવું અથવા નિરાશ થવા જેવું કાંઈ જ નથી. ૧૭૨.

● સર્વ જગતના જીવ કંઈને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે અને મેળવવામાં સુખ માને છે; પણ અહો! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્ માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે. ૧૭૩.

● દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધસ્પૃષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે. ૧૭૪.

● દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતાં નથી, તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે એમ સમજો. એ જ દૃષ્ટિ કર્તવ્ય છે. ૧૭૫.

● મારી ચિત્તવૃત્તિ એટલી શાંત થઈ જાઓ કે કોઈ વૃદ્ધ મૃગ જેના માથામાં ખૂજલી આવતી હોય તે શરીરને જડપદાર્થ જાણી પોતાનું માથું ખૂજલી મટાડવા આ શરીરને ઘસે! ૧૭૬.

● જેમ બને તેમ વીતરાગશ્રુતનું અનુપ્રેક્ષણ (ચિંતવન) વિશેષ કર્તવ્ય છે 'પ્રમાદ પરમ રિપુ છે' એ વચન જેને સમ્યક્ નિશ્ચિત થયું છે તે પુરુષો કૃતકૃત્ય થતાં સુધી નિર્ભયપણે વર્તવાનું સ્વપ્ન પણ ઇચ્છતા નથી. ૧૭૭.

● જિજ્ઞાસાબળ, વિચારબળ, વૈરાગ્યબળ, ધ્યાનબળ અને જ્ઞાનબળ વર્ધમાન થવાને અર્થે આત્માર્થી જીવને તથારૂપ જ્ઞાની પુરુષનો સમાગમ વિશેષ કરી ઉપાસવાયોગ્ય છે. તેમાં પણ વર્તમાનકાળના જીવોને તે બળની દૃઢ છાપ પડી જવાને અર્થે ઘણા અંતરાયો જોવામાં આવે છે, જેથી તથારૂપ શુદ્ધ જિજ્ઞાસુવૃત્તિએ દીર્ઘકાળપર્યંત સત્સમાગમ ઉપાસવાની આવશ્યકતા રહે છે. સત્સમાગમના અભાવે વીતરાગશ્રુત—પરમશાંતરસ પ્રતિપાદક વીતરાગ વચનોની અનુપ્રેક્ષા વારંવાર કર્તવ્ય છે. ચિત્તસ્થૈર્ય માટે તે પરમ ઔષધ છે. ૧૭૮.

● આત્માર્થીએ બોધ ક્યારે પરિણમી શકે છે એ ભાવ સ્થિરચિતે વિચારવા યોગ્ય છે, જે મૂળભૂત છે.

અમુક અસદ્વૃત્તિઓનો પ્રથમ અવશ્ય કરી નિરોધ કરવો યોગ્ય છે. જે નિરોધના હેતુને દૃઢતાથી અનુસરવું જ જોઈએ, તેમાં પ્રમાદ યોગ્ય નથી. ૧૭૯.

● હે આર્ય! દ્રવ્યાનુયોગનું ફળ સર્વભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. તે આ પુરુષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહીં. વધારે શું? સમાધિનું રહસ્ય એ જ છે, સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય એ જ છે. ૧૮૦.

● જેમ-જેમ ઇન્દ્રિયનિગ્રહ, જેમ-જેમ નિવૃત્તિયોગ, તેમ-તેમ તે સત્સમાગમ અને સત્શાસ્ત્ર અધિક-અધિક ઉપકારી થાય છે. ૧૮૧.

● શાતા-અશાતાનો ઉદય કે અનુભવ પ્રાપ્ત થવાનાં મૂળ કારણોને ગવેષતા એવા તે મહત્ પુરુષોને એવી વિલક્ષણ સાનંદાશ્ચર્યવૃત્તિ ઉદ્ભવતી કે શાતા કરતાં અશાતાનો ઉદય સંપ્રાપ્ત થયે અને તેમાં પણ તીવ્રપણે તે ઉદય સંપ્રાપ્ત થયે તેમનું વીર્ય વિશેષણે જાગૃત થતું, ઉલ્લાસ પામતું અને તે સમય કલ્યાણકારી અધિકપણે સમજાતો. ૧૮૨.

● 'તથારૂપ મહાત્માના એક આર્ય વચનનું સમ્યક્ પ્રકારે અવધારણ થવાથી યાવત્ મોક્ષ થાય' એમ શ્રીમાન તીર્થંકરે કહ્યું છે, તે યથાર્થ છે. આ જીવમાં તથારૂપ યોગ્યતા જોઈએ. ૧૮૩.

● ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર પણ વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત છતાં, જો જન્મમરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંતવાર ધિક્કાર હો! ૧૮૪.

● ચિંતિત જેનાથી પ્રાપ્ત થાય તે મણિને ચિંતામણિ કહ્યો છે; એ જ આ મનુષ્યદેહ છે કે જે દેહમાં, યોગમાં આત્યંતિક એવા સર્વ દુઃખના ક્ષયની ચિંતિતા ધારી તો પાર પડે છે.

અચિંત્ય જેનું માહાત્મ્ય છે એવું સત્સંગરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે જીવ દરિદ્ર રહે એમ બને તો આ જગતને વિષે તે અગિયારમું આશ્ચર્ય જ છે. ૧૮૫.

● જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી એ જ અદ્ભુત આશ્ચર્ય છે. ૧૮૬.

● જ્ઞાનીઓ જગતને તૃણવત્ ગણે છે, એ તેઓના જ્ઞાનનો મહિમા સમજવો. ૧૮૭.

● ઇન્દ્રિયના વિષયરૂપી ક્ષેત્રની બે તસુ જમીન જીતવાને આત્મા અસમર્થપણું બતાવે છે અને આખી પૃથ્વી જીતવમાં સમર્થપણું ધારે છે, એ કેવું આશ્ચર્યરૂપ છે! ૧૮૮.

● અજ્ઞાનીઓ 'આજે કેવળજ્ઞાન નથી, મોક્ષ નથી' એવી હીનપુરુષાર્થની વાતો કરે છે.

જ્ઞાનીનું વચન પુરુષાર્થ પ્રેરે તેવું હોય. અજ્ઞાની શિથિલ છે, તેથી એવા હીનપુરુષાર્થના વચનો કહે છે. પંચમકાળની ભવસ્થિતિની, દેહદુર્બળતાની કે આયુષ્યની વાત ક્યારેય પણ મનમાં લાવવી નહીં; અને કેમ થાય એવી વાણી પણ સાંભળવી નહીં. ૧૮૯.

● નિર્ધન કોણ?—ધન માગે, ઈચ્છે તે નિર્ધન; જે ન માગે તે ધનવાન છે. જેને વિશેષ લક્ષ્મીની તૃષ્ણા તેની દુઃખધા, બળતરા છે, તેને જરાપણ સુખ નથી. લોક જાણે છે કે શ્રીમંત સુખી છે. વસ્તુતઃ તેને રોમે-રોમે બળતરા છે. માટે, તૃષ્ણા ઘટાડવી. ૧૯૦.

● પાંચ કારણો મળે ત્યારે મુક્ત થાય. તે પાંચે કારણો પુરુષાર્થમાં રહ્યા છે. અનંતા ચોથા આરા મળે, પણ પોતે જો પુરુષાર્થ કરે તો જ મુક્તિ પ્રાપ્ત થાય. જીવે અનંતકાળથી પુરુષાર્થ કર્યો નથી, બધાં ખોટા આલંબનો લઈ માર્ગ આડાં વિઘ્નો નાખ્યાં છે. કલ્યાણવૃત્તિ ઉગે ત્યારે ભવસ્થિતિ પાકી જાણવી. શૂરાતન હોય તો વર્ષનું કામ બે ઘડીમાં કરી શકાય. ૧૯૧.

● ખારી જમીન હોય ને તેમાં વરસાદ પડે તો શું કામ આવે? તેમ જ્યાં સુધી ઉપદેશવાત આત્મામાં પરિણમે નહીં તેવી સ્થિતિ હોય ત્યાં સુધી તે શું કામની? જ્યાં સુધી ઉપદેશવાત આત્મામાં પરિણમે નહીં ત્યાં સુધી ફરી-ફરી સાંભળવી, વિચારવી, તેનો કેડો મુકવો નહીં, કાયર થવું નહી; કાયર થાય તો આત્મા ઊંચો આવે નહીં. જ્ઞાનનો અભ્યાસ જેમ બને તેમ વધારવો, અભ્યાસ રાખવો, તેમાં કુટિલતા કે અહંકાર રાખવા નહીં. ૧૯૨.

● દૃષ્ટિવિષ ગયા પછી ગમે તે શાસ્ત્ર, ગમે તે અક્ષર, ગમે તે વચન, ગમે તે સ્થળ પ્રાયે અહિતનું કારણ થતું નથી. ૧૯૩.

● બુદ્ધિ-બળથી નિશ્ચય કરેલો સિદ્ધાંત તેથી વિશેષ બુદ્ધિબળ અથવા તર્કથી વખતે ફરી શકે છે; પરંતુ જે વસ્તુ અનુભવગમ્ય (અનુભવસિદ્ધ) થઈ છે તે ત્રણે કાળમાં ફરી શકતી નથી. ૧૯૪.

● "અમે સમજ્યા છીએ, શાંત છીએ" એમ કહે છે તે તો ઠગાયા છે. ૧૯૫.

● અશાતાના ઉદયમાં જ્ઞાનની કસોટી થાય છે. ૧૯૬.

● પરિણામની ધારા એ 'થરમોમિટર' સમાન છે. ૧૯૭.

● જે દૃઢ નિશ્ચય કરે કે ગમે તે કરું—ઝેર પીઉં, પર્વતપરથી પડું, કૂવામાં પડું—પણ કલ્યાણ થાય તે જ કરું, એનું જાણપણું સાચું, તે જ તરવાનો કામી કહેવાય. ૧૯૮.

*

